
# રામાયણ

## રહસ્યોની ખોજ

રામ મિર્યાલા



# જૈન રામાયણ અને અન્ય રામાયણો

જો કે અન્ય રામાયણો અને આ જૈન રામાયણો વચ્ચે ઘણું ઘણું અંતર છે, અન્ય રામાયણોમાં ઘણે ઠેકાણે રાવણને રાક્ષસ, અધમ તથા હીન તરીકે ચિતરવામાં આવે છે. તદુપરાંત પરસ્ત્રીલંપટ, દુષ્ટ અને નરાધમ રૂપે પણ રાવણની પ્રસિદ્ધિ ઈતર કથાઓમાં સ્થળે સ્થળે કરવામાં આવી છે.



પણ વાસ્તવિક સ્થિતિ તદ્દન જુદી છે. તે ગ્રંથકારો પણ પોતાના ગ્રંથોમાં એ વાતને તો કબૂલે છે કે 'રાવણે મહાસતી સીતાજી પર ક્યારેય બળાત્કાર કર્યો જ નથી.' જૈન રામાયણમાં તો એવો સ્પષ્ટ રીતે ઉલ્લેખ છે કે, રાવણ-દશમુખ સદાચારી તથા પરસ્ત્રીવિમુખ શીલવાન મહાપુરુષ હતા. નલકૂબરની પત્ની ઉપરંભા જ્યારે રાવણના રૂપગુણથી આકર્ષાઈ રાવણ તરફ કામ રાગભરી પ્રીતિ અને આકર્ષણ ધરાવે છે ને તે માટે અજેય એવી નલકૂબરની નગરીના દ્વારો ઉઘાડી આપવા માટે વિદ્યાદાન કરવાનું પ્રલોભન આપે છે : ને તેનો જે વખતે બિભિષણ સ્વીકાર કરે છે. ત્યારે રાવણ વિભીષણ પર આક્રોશ વ્યક્ત કરે છે. આ જ ઘટના રાવણની સદાચારીતાનો પરિચય કરાવે છે.

# જૈન રામાયણ

## રજોહરણની ખાણ

### રામ નિર્વાણ



7

**પ્રવચનકાર**

વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ

શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

**સંપાદક**

પ્રસિદ્ધ પ્રવચનકાર પૂ. આચાર્યદેવ

શ્રીમદ્ વિજય **શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી** મહારાજ



........પ્રવચનકાર........

પરમારાધ્યપાદ

પરમગુરુદેવ-પરમોપાસ્ય

**શ્રી આત્મ-કમલ-વીર-દાન-પ્રેમસૂરીશ્વર-**

પટ્ટધરરત્ન, ગુણરત્નરત્નાકર,

જૈનશાસનજ્યોતિર્ધર, તપાગચ્છાધિપતિ,

વ્યાખ્યાનવાચસ્પતિ, પ્રવચનગારુડી,

પરમગુરુદેવ આચાર્યદેવેશ શ્રીમદ્

**વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

........સંપાદક.......

સિંહગર્જનાના સ્વામી, આચાર્યદેવેશ શ્રીમદ્

વિજય **મુક્તિચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના

પટ્ટવિભૂષક, પ્રશમરસપયોનિધિ, આચાર્યદેવ શ્રીમદ્

વિજય **જયકુંજરસૂરીશ્વરજી** મહારાજાના

પટ્ટાલંકાર, પ્રભાવક પ્રવચનકાર, આચાર્યદેવ શ્રીમદ્

વિજય **મુક્તિપ્રભસૂરીશ્વરજી** મહારાજાના

પટ્ટધરરત્ન, પ્રસિદ્ધપ્રવચનકાર આચાર્યદેવ શ્રીમદ્

**વિજય શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મહારાજ**

# જૈન રામાયણ : રજોહરણની ખાણ-૭

## રામ નિર્વાણ

વ્યાખ્યાન વાચસ્પતિ ગ્રંથમાળા-૧૪


**પ્રકાશન** : વિ.સં. ૨૦૬૭

**નકલ** : ૩૦૦૦


**મૂલ્ય** : ૭૫/-

**ભાગ ૧ થી ૭** : ૫૦૦/- (સંપૂર્ણ સેટ)

**પ્રાપ્તિસ્થાન** : શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ
એ/૧, ઘનશ્યામ પાર્ક ફ્લેટ, ૧૭, આનંદનગર
સોસાયટી, પાલડી ભઠ્ઠા, અમદાવાદ.
ફોન : ૨૬૬૦૫૮૬૪
Email : muktikiran99@yahoo.com

**પ્રકાશક** : મુદ્રક : શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન, અમદાવાદ.

જૈન રામાયણ : રજોહરણની ખાણ : પ્રવચનકાર મહર્ષિદેવ



જૈનશાસન જ્યોતિર્ધર વ્યાખ્યાનવાચસ્પતિ
તપાગચ્છાધિપતિ પૂ.આચાર્યદેવ શ્રીમદ્
વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

મહાગ્રંથ પ્રકાશન - સુકૃતના સહભાગી



# શ્રાદ્ધવર્ય શ્રી લાલચંદજી છગનલાલજી

પિંડવાડા, જી. સિરોહી

શ્રીપાલનગર, વાલકેશ્વર, મુંબઈ.



# ઋણ સ્વીકાર

૯૬ વર્ષના દીર્ઘ આયુષ્યમાં ૭૯ વર્ષનો નિર્મળ ચારિત્ર પર્યાય અને ૫૬ વર્ષનો આરાધના-રક્ષા-પ્રભાવના સભર આચાર્યપદ પર્યાય ધરનાર પરમગુરુદેવ પૂ. આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના પાર્થીવ દેહના અંતિમ સંસ્કારથી પવિત્ર-ભૂમિ પર નિર્મિત **'સ્મૃતિમંદિર'**ની પાવન પ્રતિષ્ઠાના ઉપલક્ષ્યમાં **'સ્મૃતિમંદિર પ્રકાશન'**ની સ્થાપના થઈ ત્યારથી પ્રકાશન કાર્યની પા પા પગલી ભરતાં અમે આજે એક ભગીરથ કાર્ય કરવા સમર્થ બની રહ્યાં છીએ. તે દેવ-ગુરુની અસીમકૃપાનું પરિણામ છે.

**'જૈન રામાયણ : રજોહરણની ખાણ'** ૭ ભાગમાં પ્રકાશન કરવાનો વિચાર થયો ત્યારથી એક મોટું ટેન્શન હતું. પણ **'કૃપા'** શું કામ કરે છે તેનો અમે અનુભવ કરી શક્યા છીએ.

વ્યાખ્યાન વાચસ્પતિ પરમારાધ્યપાદ પરમગુરુદેવશ્રી જેવા સમર્થ મહાપુરુષની ભલભલાનાં હૈયાને હચમચાવી દેતી ધર્મદેશનાને સાક્ષાત્ સાંભળતા હોઈએ તેવા આ પ્રવચનોનું પ્રકાશન તેઓશ્રીની મહતીકૃપા સાથે, સિંહગર્જનાના સ્વામી પૂ.આ.શ્રી **વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા,** સમર્પણમૂર્તિ પૂ.આ.શ્રી **વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા** પ્રશમરસપયોનિધિ પૂજ્ય આચાર્ય શ્રી **વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજા**, પ્રવચનપ્રભાવક પૂ.આ.શ્રી **વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા**ની અને અમારા માર્ગદર્શક **પૂ.આ.શ્રી શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મહારાજા**ની પણ અસીમ કૃપાનું ફળ છે.

સમર્થ સાહિત્યકાર પૂ. આચાર્યદેવશ્રી **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ** 'પ્રસ્તાવના' લખી આપીને અમારા આ કાર્યને ખૂબ જ ગૌરવ બક્ષ્યું છે.

પિંડવાડાના વતની હાલ મુંબઈ વસતા **શ્રેષ્ઠિવર્ય શ્રી લાલચંદભાઈ છગનલાલ પરિવારે** આ સાહિત્ય પ્રકાશનનો અનેરો લાભ લઈને અમારા ઉલ્લાસમાં અભિવૃદ્ધિ કરી છે. અમે તેઓના ખૂબ ખૂબ ઋણી છીએ.

**-સ્મૃતિમંદિર પ્રકાશન**

# સંપાદકની કલમે

## સ્મૃતિના સથવારે

**'જૈન રામાયણ'**ના પ્રવચનો દ્વારા જૈન જૈનેતર જગતને જૈન રામાયણનો નોખો-સાવ અનોખો પરિચય કરાવનારા વ્યાખ્યાન વાચસ્પતિ પ્રવચનગારુડી સ્વર્ગીય પરમગુરુદેવ પૂ.આચાર્યદેવેશ **શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના અપાર ઉપકારોને કોઈ શબ્દોમાં ય વર્ણવી શકાય તેમ નથી, જન્મથી-ગળથૂથીમાંથી મળેલા તેઓશ્રીને સાધુ જીવનમાં સતત સાંભળવાનો અને માણવાનો અવસર સંસારી પિતાજી **શ્રીયુત્ ચન્દ્રકાન્તભાઈ લક્ષ્મીચંદ દોશી** (પછીથી મુનિરાજશ્રી **ચારિત્રસુન્દરવિજયજી મ.**)ની ભાવનાથી અને પરમતારક ગુરુદેવો સિંહગર્જનાના સ્વામી સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી **વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**, પૂર્વદેશ કલ્યાણકભૂમિતીર્થોદ્ધારક પૂ. આચાર્યદેવશ્રી **વિજયજયકુંજરસૂરીશ્વરજી મહારાજા** અને પ્રવચન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રી **વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા**ની આશીર્વાદપૂર્ણ ઉદારતાથી મળી શક્યો, તેથી જ પ્રભુશાસનના મર્મને પામવાનું યત્કિંચિત્ સામર્થ્ય પ્રગટ્યું અને એક મહાગંભીર સાગરને અવગાહવા જેવા આ સંપાદનના કાર્યને કરવા ઉલ્લસિત બની શક્યો છું.

પરમશ્રદ્ધેય ગચ્છાધિપતિ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી **વિજયહેમભૂષણસૂરીશ્વરજી મહારાજા**ની તારક નિશ્રામાં વિ.સં. ૨૦૬૨-૬૩ના ચોમાસામાં શ્રીપાલનગરની સ્થિરતા દરમ્યાન આ સંપાદન માટે તેઓશ્રીની અનુમતિ મળી તથા જૈન પ્રવચન પ્રચારક ટ્રસ્ટના ટ્રસ્ટીવર્ય **સુશ્રાવક શ્રી કાન્તિલાલ ચુનીલાલે** પણ આ કાર્ય માટે "પૂજ્યપાદશ્રીના પ્રવચનગ્રંથો કે પ્રવચનોને આપ બધા તૈયાર કરો કે સંપાદન કરો તે ખૂબ જરુરી છે" આવી ભાવનાના શબ્દો દ્વારા આવકાર્યું તેથી સરળ ગતિએ સંપાદન શક્ય બની શક્યું.

જો કે મુંબઈથી અમદાવાદ-રાજસ્થાન અને દિલ્હીનાં વિહારો ફરી દિલ્હીથી અમદાવાદ-મુંબઈના વિહારો અને અનેકવિધ ધર્મઉત્સવો આદિની વ્યાક્ષિપ્તતાને કારણે સંપાદન કાર્ય ખૂબ જ મંદ ગતિએ થયું, છતાંય નિશ્રાવર્તી મુનિગણ આદિનો આ કાર્યમાં રહેલો સહકાર અવિસ્મરણીય રહ્યો છે.

મારા પરમોપાસ્ય, સિદ્ધહસ્તલેખક પૂ. આચાર્યદેવ શ્રી **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**એ પોતાની આગવી શૈલીમાં પ્રસ્તાવના લખી આપીને મારા આ કાર્યને ખૂબ જ હળવું બનાવ્યું છે. તેમ છતાંય મતિઅલ્પતા અને કાર્ય-અદક્ષતાને કારણે આવા ભગીરથ કાર્યમાં સ્વર્ગીય પરમગુરુદેવશ્રીના આશય વિરુદ્ધ કે શાસ્ત્ર વિરુદ્ધ કાંઈપણ કાર્ય બન્યું હોય તો ત્રિવિધે ક્ષમાયાચના પૂર્વક વાચકવર્ગને એટલું જ ભારપૂર્વક જણાવીશ કે **"સ્વાદુઃ સ્વાદુઃ પુરઃ પુરઃ"** ની નીતિને ધ્યાનમાં રાખીને જેમ-જેમ વાંચતા જશો તેમ-તેમ જૈનરામાયણનો અદ્‌ભુત રસાસ્વાદ માણવા દ્વારા અપૂર્વ ભાવાનુભૂતિ અને વર્ણનાતીત આનંદની અનુભૂતિ થશે એ નિઃશંક છે

## સંપાદન શૈલી



શ્રી વીરશાસન કાર્યાલય દ્વારા વિ.સં. ૧૯૮૯ થી **'જૈન રામાયણ'** ૭ ભાગમાં પ્રકાશિત થયા પછીની આવૃત્તિઓમાં મહદ્અંશે સંસ્કૃત શ્લોકો કાઢી નાંખવામાં આવેલાં હતાં. અહીં ફરી એ શ્લોકોને તે-તે સ્થળે ગોઠવી દીધા છે અને વાચકવર્ગની વાંચનમાં એક રસધારા ટકી રહે તે માટે એક દિવસના પ્રવચન પછી બીજા દિવસના પ્રવચનમાં ઉપદેશ આદિ રૂપે નવી-નવી આવતી વાતોને યથાવત્ જાળવી રાખીને જે પુનરાવર્તન જેવું જણાતું હતું, તે દૂર કર્યું છે અને તે વખતની જુની ભાષાને થોડી મઠારી છે.

કલિકાલસર્વજ્ઞ પરમોપકારી આચાર્યદેવ શ્રીમદ્ **હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા રચિત ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર**ના ૭મા પર્વના ૧૦ સર્ગના આધારે આ પ્રવચનો મુખ્યતયા થયા હોવાથી પૂર્વે તે-તે સર્ગ અને પ્રવચનોના ક્રમાંક મૂકાયાં હતા તે પણ દૂર કરીને અખંડ-પ્રવચનો અહીં અવતરિત કરાયા છે.

આ નવી શૈલીમાં **'જૈનરામાયણ : રજોહરણની ખાણ'** એવું ગ્રંથનું નામ રાખીને સાતે ભાગોમાં મુખ્ય વિષયને ધ્યાનમાં રાખી દરેક ભાગનું નામકરણ નીચે મુજબ કર્યું છે.

| ભાગ | સર્ગ | નામ |
|---|---|---|
| ૧. | ૧-૨-૩ | રાક્ષસવંશ અને વાનરવંશ. |
| ૨. | ૪ | રામ-લક્ષ્મણને સીતા |
| ૩. | ૫-૬ | સીતા અપહરણ |
| ૪. | ૭-૮/૧ | લંકાવિજય |
| ૫. | ૮/૨ | ઓશીયાળી અયોધ્યા |
| ૬. | ૮ | સીતાને કલંક |
| ૭. | ૯-૧૦ | રામ નિર્વાણ |

આ મુખ્ય વિષયોને સુચવનારા નામાભિધાન છે. ઠેર-ઠેર અવાંતર-વિષયો-પ્રસંગો અને સાંપ્રત સમસ્યાઓના પ્રત્યાઘાતોમાં પ્રવચનકારમહર્ષિનું હૃદય વાંચવા મળે છે.

## ભાગ-૭

**'જૈન રામાયણ : રજોહરણની ખાણ'** ગ્રન્થરત્નનો આ સાતમો અને છેલ્લો ભાગ છે. **'રામનિર્વાણ'** એવું એનું યથાર્થ નામ રખાયું છે. ત્રિષષ્ઠિ ૭મા પર્વના નવમા દશમા સર્ગના આ પ્રવચનોનો આમાં સમાવેશ કરી રામાયણ પૂર્ણ કરવામાં આવ્યું છે.

'સીતાશુદ્ધિ-વ્રતગ્રહણ' નામે નવમો સર્ગ નામથી જ સમજાઈ જાય તેવો છે. આવેલા કલંકની શુદ્ધિ માટે તેઓએ દિવ્ય કર્યું અને પછી વ્રતગ્રહણ કર્યું એટલે દીક્ષા સ્વીકારી એ વાત આમાં વર્ણવાઈ છે.

**"વાંચનાર જો તત્ત્વસ્વરુપનો જ્ઞાતા હોય, હિતાહિતના માર્ગને જાણનાર હોય, સ્વ-પરના સાચા ઉપકારની ભાવનાથી ઓતપ્રોત હોય, સદ્‌બુદ્ધિનો સ્વામી હોય અને જો સદ્‌ભાવ સંપન્ન શ્રદ્ધાળુ હોય, તો સમાન્ય કથાઓને પણ તેઓ સ્વ-પરને માટે મહાઉપકારક બનાવી શકે છે."** પ્રવચનકાર મહર્ષિદેવના આ શબ્દો તેઓશ્રી **'મુનિશ્રી રામવિજયજી'** હતાં ત્યારથી વક્તા તરીકેની યથાર્થતાનાં સૂચક છે. એ તેઓશ્રીએ આ 'જૈન રામાયણ' વિષયક પ્રવચનોનાં શ્રોતાઓએ તો ચોક્કસ અનુભવ્યું જ હશે પણ આજે એનું વાંચન કરનાર આપણે પણ અનુભવી શકીએ છીએ.

'વનમાં ત્યજાયેલાં શ્રીમતી સીતાદેવી વિવેક અને સામર્થ્યના બળે અદીનભાવે રહ્યાં,' પોતાના કર્મદોષની જ નિન્દા કરતાં રહ્યાં આ વાત ઉપરથી થયેલું કૃતજ્ઞ-કૃતઘ્નતા ના લાભહાનિ, બુદ્ધિની સાર્થકતા માટે તત્ત્વવિચારણાની આવશ્યકતા, શ્રી અરિહંતદેવો અને ગુરુના ઉપકારો આદિનું વર્ણન મનનીય છે.

શ્રી નમસ્કારમાં પરાયણ અને ચાર શરણનો સ્વીકાર કરનારા મહાસતી બંધુતુલ્ય શ્રી વજ્રજંઘરાજાનું આશ્વાસન પામ્યાં. પુંડરિક પુરમાં પહોંચ્યો, ત્યારે

અયોધ્યામાં શ્રી સીતાદેવીનો સંદેશ કૃતાન્તવદન સેનાનીના મુખે સાંભળી મૂર્છિત અને વિલાપાકુલ શ્રી રામચન્દ્રજીને શ્રી લક્ષ્મણજીનું સૂચન મળતાં સ્વયં શોધ કરવા નીકળવું નિરાશા મળતા દુર્દશાનો અનુભવ કરવો આદિ પુણ્ય-પાપના અસ્તિત્વ અને અસરને કબૂલાવનારી વાતો શાંતચિત્તે પઠનીય છે.

છેવટે, લવણ-અંકુશ પુત્રોનો જન્મ, સિદ્ધપુત્ર દ્વારા તેઓનું અધ્યયન, નારદજીના મુખે માતાના ત્યાગની વાત સાંભળી પિતાને અને કાકાને જોવાની ઇચ્છા, યુદ્ધની તત્પરતા, યુદ્ધ માટેનું પ્રયાણ, રામ-લક્ષ્મણને પણ શંકામાં મૂકી દે તેવું યુદ્ધ ખેલવું, રહસ્યનો સ્ફોટ, પિતા પુત્રનું મિલન અને સીતાજીએ દિવ્ય કરવું અને દીક્ષા ગ્રહણ કરવી આદિ વિસ્તારથી વર્ણવાયેલી વાતોમાં ઘણી-ઘણી રહસ્યપૂર્ણ વાતોના ખુલાસા મળી રહે છે.

'રામનિર્વાણ' નામના દસમા સર્ગ આધારિત પ્રવચનોમાં રોષમાં આવેલા શ્રી રામચન્દ્રજીને સીતાત્યાગ અને સીતાએ કરેલા ત્યાગનું રહસ્ય સમજાવતી હિતશિક્ષા શ્રી લક્ષ્મણજીએ આપી છે ત્યાંથી કેવળીની પર્ષદામાં જવું, શ્રી રામચન્દ્રજીનો પ્રશ્ન-કેવલીનો ઉત્તર, સીતાહરણ-રાવણ-વધ અને રામ પ્રત્યેના રાગ આદિના શ્રી બિભીષણે કરેલા પ્રશ્નના ઉત્તરમાંથી કેવળજ્ઞાની દ્વારા કરાયેલા પૂર્વભવના સંબંધોની સવિગત ચર્ચા સંસારના તાદૃશ સ્વરુપને રજૂ કરનારી છે, ઘણા અજ્ઞાત રહસ્યોને પ્રગટ કરનારી છે.

છેવટે શ્રી સીતાજીનું અચ્યુતેન્દ્રપણે ઉત્પન્ન થવું, રામ-લક્ષ્મણના પ્રેમની પરીક્ષા, વિરક્ત રામની દીક્ષા, સીતેન્દ્રનો ધ્યાનમગ્ન રામમુનિને ઉપસર્ગ, કેવળ પ્રાપ્તિ અને રામમુનિના નિર્વાણની વાત વર્ણવાઈ છે.

આમ **કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના ત્રિષષ્ઠિ સાતમા પર્વના આધારે થયેલા આ પ્રવચનોએ આપણા જેવા કૈંકની કાયાપલટ કરી છે કરી રહ્યાં છે અને કરતાં રહેશે. એટલે '**તત્ત્વસભર ધર્મ કથાનુયોગના મહાગ્રંથ**' તરીકે આદરપાત્ર બનેલાં આ પ્રવચનોને સહારે ચિરકાળ પર્યંત ભવ્યજીવો એ પ્રવચનકાર મહર્ષિદેવને પૂજતાં રહેશે એ નિઃસંશય છે.

સદ્‌ગુરુચરણ સેવાહેવાકી

**આચાર્ય વિજય શ્રેયાંસપ્રભસૂરિ**

**દ્વિ.વૈશાખ વદ-૧૧, વિ.સં.૨૦૬૬,**
**સિદ્ધાંતમહોદધિ સ્વ.પરમગુરુવર સ્વર્ગતિથિ.**
**થરા**



## જૈન રામાયણ : રજોહરણની ખાણ

## ભાગ-૧ થી ૭

સંપૂર્ણ ગ્રન્થરત્નનો લાભ લેનાર ધર્મપરાયણ જીવનના શ્રેષ્ઠ નિર્માતા

## શ્રી લાલચંદજી છગનલાલજીના

# જીવનની આછી ઝલક

નરવીરો શૂરવીરો અને ધર્મવીરોથી શોભાયમાન રાજસ્થાનની ધીંગીધરા પર આવેલ **સિરોહી** જિલ્લાના **પિંડવાડામાં પૂ. પિતાશ્રી છગનલાલજી**ના કુળમાં પૂ. માતુશ્રી **છોગીબેન**ની કૂખે વિ.સં. ૧૯૭૨માં મહા સુદ ૩ના તેઓશ્રીનો જન્મ થયો.

વર્ધમાન જૈન યુવક મંડળની સ્થાપના (પિંડવાડા) દ્વારા સંઘના અનેક કાર્યોમાં સાથ આપતા રહ્યા.

પિંડવાડાના પનોતા પુત્ર, પ્રેમના ઘૂઘવતા સાગરસમા સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ના પરમ કૃપાપાત્ર બની ત્રીશ-ત્રીશ વર્ષો સુધી અખંડપણે કર્મ સાહિત્યના પ્રકાશનાદિમાં કાર્યરત રહેવા દ્વારા અપૂર્વ જ્ઞાનોપાસના અને ભારતીય પ્રાચ્ય તત્ત્વ પ્રકાશન સમિતિની સ્થાપના કરાવી.

જેસલમેર-અમરસાગર-લોદ્રવપુર-ભીલડીયાજી-અજારી (પિંડવાડા)-આયડ (ઉદયપુર) આદિ અનેક મહાતીર્થોના જીર્ણોદ્ધારના કાર્યની સાથે મેવાડના અગણિત મંદિરોના પુનરુદ્ધારમાં અમૂલ્ય ફાળો આપ્યો.

સુવિશુદ્ધ સંયમમહાનિધિ, વાત્સલ્યવારિધિ સ્વ. પૂજ્યપાદ આચાર્દેવ શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ની પરમ પાવનકારી નિશ્રામાં પિંડવાડામાં ઐતિહાસિક અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ તથા વ્યાખ્યાન વાચસ્પતિ પરમોકારી સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ની તથા અન્ય **ગુરુભગવંતો**ની નિશ્રામાં અગ્રેસર રહી વિશ્વ વિખ્યાત આબુ દેલવાડા-બ્રાહ્મણવાડા-ઉદવાડા-પૂના-વાંસદા આદિ અનેક સ્થાનોમાં ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠાદિના પ્રસંગોની ઉજવણી કરી કરાવી.

હસ્તગિરિ મહાતીર્થ, સહસાવન ગિરનાર, શ્રીપાલનગર મુંબઈ, જી.આઈ.ડી.સી. વાપી, ચંદાવરકરલેન બોરીવલી મુંબઈ આદિમાં નૂતન દેરીઓ-જિનાલયોના નિર્માણમાં અનુમોદનીય સહયોગ આપ્યો.

સહસાવન ગિરનાર, દેલવાડા આબુ, શ્રીપાલનગર મુંબઈ, જી.આઈ.ડી.સી. વાપી જેવા વિશ્વપ્રસિદ્ધ સ્થાનોમાં કાયમી ધજા ચઢાવવાના, મૂલનાયક તથા અન્ય જિનબિંબો ભરાવવાના તથા પ્રતિષ્ઠાદિના લાભોમાં સ્વદ્રવ્યની ન્યોછાવરી કરી.

શંખેશ્વર-બ્રાહ્મણવાડામાં નવપદજીની ઓળીની આરાધના કરાવવા જેવા અનેક સુકૃતોની સમારાધના, મુકપશુઓની સુરક્ષા કાજે શિબિર-કેમ્પ અનુકંપાના કાર્યો તથા સામાજિક ક્ષેત્રોમાં અગ્રેસર રહી તન-મન-ધનથી વિવિધ સેવાઓ આપી છે.

ઉભય ગુરુદેવોના કાળધર્મ બાદ તપસ્વીસમ્રાટ્ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરાજતિલકસૂરીશ્વરજી મહારાજા** તથા ગચ્છસમ્રાટ્ પૂ. આચાર્યદેવશ્રીમદ્ **વિજયમહોદયસૂરીશ્વરજી મહારાજા**ની પણ એવી જ કૃપા મેળવીને શાસન પ્રભાવક અનેક કાર્યોમાં અગ્રેસર રહી, આ ઉભયની નિશ્રામાં જ સમાધિ પામીને સ્વર્ગવાસી બન્યા.

*આપની શ્રુતભક્તિની અમે*

## પુનઃપુનઃ અનુમોદના

*કરીએ છીએ.*

**- શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન**



# ભાગ-૭

## રામ નિર્વાણ


૧. કથાનુયોગની મહત્તા આપત્તિમાં અદીનતા
૨. શ્રી અરિહંતો આપણા અનંતકાળનાં અજ્ઞાનને ટાળનારા
૩. પુણ્ય પાપના અસ્તિત્વ અને પ્રભાવનું દર્શન
૪. સાચા સેવકનો આદર્શ સીતાજીનો સંદેશ
૫. પરાક્રમી પુત્રો લવણ-અંકુશ
૬. મહાસતી સીતાજીનું દિવ્ય અને દીક્ષા
૭. શ્રી રામચન્દ્રજીનો રોષ અને શ્રી લક્ષ્મણજીની હિતશિક્ષા
૮. ધર્મદેશના અને પૂર્વભવોની વાતો
૯. મુનિને વેગવતીનું કલંકદાન
૧૦. સાધ્વી સીતાજીનું દર્શન, ચિન્તા, વન્દન
૧૧. શ્રી લક્ષ્મણજીનું મૃત્યુ રામનો ઉન્માદ અને પ્રતિબોધ
૧૨. શ્રી રામચન્દ્રજીનો સંસાર ત્યાગ સાધના અને નિર્વાણ

# ક્રમનિર્દેશ


(૧) કથાનુયોગની મહત્તા, આપત્તિમાં અદીનતા ૧
★ કથા વાંચનાર અને સાંભળનાર બંને યોગ્ય જોઈએ ૪
★ મહાસતી સીતાજીનું વનમાં પરિભ્રમણ ૫
★ આપત્તિમાં 'અદીનતા' એ પણ ઉત્તમ કોટિનો સદાચાર છે. ૬
★ દૂધ ચોખા કરતા સૂકો રોટલો સારો ૭
★ વિવેક અને સામર્થ્ય વિના આપત્તિમાં અદીનતા આવે અગર ટકે નહીં ૮
★ આત્મનિંદા એ વિવેકને આધીન છે ૧૦
★ ખામી જોતાં શીખો ૧૦
★ ખામી સાંભળવાની શક્તિ કેળવો ! ૧૧
★ શ્રી ભરતચક્રવર્તીની પણ શું સાંભળવાની વ્યવસ્થા ? ૧૨
★ ખામી સંભળાવનાર રાખો ૧૩
★ પાપ વિના દુઃખ સંભવે જ નહીં ૧૪
★ કૃતજ્ઞ બનવાથી થતા લાભો અને કૃતઘ્ન બનવાથી થતા નુકશાનો ૧૫
★ દુઃખ આવ્યે તેમાં નિમિત્તભૂત બનનારાઓની નિન્દા કરવાથી હાનિ જ થાય છે ૧૮
★ સાંભળો ને સમજણપૂર્વક વિચારો ! ૨૧
★ બુદ્ધિની સાર્થકતા શામાં ? ૨૨
★ તત્વવિચારણા માટે આજે કેટલો સમય જાય છે ? ૨૩
(૨) શ્રી અરિહન્તો આપણા અનન્તકાળનાં અજ્ઞાનને ટાળનારા ૨૫
★ માર્ગ રુચે તો... ૨૯
★ સદ્‌ગુરુનો પણ ઉપકાર અનન્ય છે ૩૦
★ દુશ્મન મટી મિત્ર બનો ૩૨
★ આપણને દુષ્કર્મ તરફ રોષ છે ? ૩૩
★ સેના જોવા છતાં ભય નહીં ૩૫
★ જીવન કે મૃત્યુ કેવું ઇચ્છાય ? ૩૫
★ શ્રીમતી સીતાજી નમસ્કારમાં પરાયણ ૩૭
★ સૈનિકોને ડર લાગવો ૩૮
★ સ્વર ઉપરથી નિશ્ચય ૩૯
★ દયા વિનાનો માનવ, માનવ જ નથી ૩૯
★ રાજાજીનું શ્રીમતી સીતાજી પ્રત્યે કથન ૪૧
★ ગુણાનુરાગમાંથી ઉત્પન્ન થતો રોષ પ્રશસ્ત છે ૪૧
★ કષાયમાં પણ ભેદ ૪૨
★ ઉપાશ્રયોમાં તો ધર્મ સિવાય કાંઈ જ ન થાય ૪૩
★ ઉપાશ્રયનો દુરુપયોગ અટકાવવો જોઈએ ૪૪
★ દુનિયામાં દુષ્ટાત્માનો તોટો નથી ૪૫
★ રાજાના મંત્રીનો ખુલાસો ૪૫
★ શ્રીમતી સીતાજીએ પોતાનો વૃત્તાંત કહ્યો ૪૬
★ એકધર્મી તરીકેનું બંધુત્વ ૪૬
★ ધર્મની પ્રીતિ વિના સાચું સાધર્મિક વાત્સલ્ય નહિ ૪૭
★ વજ્રજંઘની વિનંતી ૪૮
★ રાજા વજ્રજંઘની નિર્વિકારતા ૫૧
★ શ્રીમતી સીતાજી પુંડરીકપુરમાં ૫૧
★ સમ્યગ્દૃષ્ટિને પુણ્યપાપ બેય ભોગવતા આવડે ૫૨
(૩) પુણ્ય પાપનાં અસ્તિત્વ અને પ્રભાવનું દર્શન ૫૩
★ લોકૈષણાને આધીન બનીને ૫૫
★ આ પ્રસંગ આત્માને પાપભીરુ બનાવે તેવો છે ૬૦
★ પાપભીરુતા વિના પુણ્યાનુબંધી પુણ્યની વિવેકપૂર્વકની ઇચ્છા ન થાય ૬૧
★ આપત્તિને પણ સંપત્તિ બનાવનારા ૬૧
★ કૃતાન્તવદન અયોધ્યામાં આવીને શ્રી રામચન્દ્રજીને સમાચાર આપે છે ૬૩
★ સ્વામીના હિતની કાળજી એ જ સાચા સેવકનો આદર્શ ૬૪
★ સેનાપતિ કૃતાન્તવદને સંભળાવેલો શ્રીમતી સીતાજીનો સંદેશ ૬૬
★ કહેનારના આશયને પિછાનતા શીખો ! ૬૭
★ અન્યાયનો પોકાર ૬૮
★ શ્રીમતી સીતાજીએ પોતાના ભાગ્યદોષનો કરેલો સ્વીકાર ૬૯
★ મહાસતીની વિનંતી ૬૯
(૪) સાચા સેવકનો આદર્શ સીતાજીનો સંદેશ ૭૧
★ સતી જીવનનો આદર્શ સમજવા માટે આ ઉદાહરણ અનુપમ છે ૭૩
★ શ્રી રામચન્દ્રજીનો શ્રીમતી સીતાજીના માટે વિલાપ ૭૫
★ અવસરના જાણ શ્રી લક્ષ્મણજીનું સૂચન ૭૬
★ શ્રી રામચન્દ્રજીની સ્વયં શોધ અને નિરાશા ૭૭
★ લોકની ગતિ પવન જેવી છે ૭૯

★ લોકહેરીને ત્યજીને બુદ્ધિને વિવેકમય રાખવી ! ૭૯

★ રાગના યોગે શ્રી રામચન્દ્રજીની દુર્દશા ૮૧

★ લોકપ્રિયતાને ધ્યેય ન બનાવવું જોઈએ ! ૮૨

★ શ્રીમતી સીતાજીના બે પુત્રો તેમના જન્મ અને નામકરણના મહોત્સવો ૮૨

★ કલાગ્રહણને યોગ્ય વય ૮૪

★ સિદ્ધાર્થ સિદ્ધપુત્રનું આગમન ૮૪

★ સુંદર સામગ્રીનો ઉપયોગ કેવો સરસ કરવો જોઈએ ? અને હાલ કેવો થાય છે ? ૮૫

★ પરભવ ક્યારે યાદ આવે છે ? ૮૬

★ સિદ્ધપુત્રનું આશ્વાસન અને અધ્યાપન ૮૮

★ લવણ અને અંકુશના લગ્નનો પ્રસંગ ૮૯

★ શ્રી નારદજી અને લવ-કુશ ૯૨

★ લવણ અને અંકુશે પરાક્રમો કરીને પ્રાપ્ત કરેલા વિજયો ૯૪

★ ધન્યવાદ અને આશિષ ૯૫

★ શ્રી રામચન્દ્રજી સાથેના યુદ્ધની તત્પરતા ૯૫

★ માતાની હિતશીખ અને પુત્રોનો ઉત્તર ૯૬

★ યુદ્ધ માટે લવ-અંકુશનું પ્રયાણ ૯૬

★ શ્રી રામ-લક્ષ્મણને આશ્ચર્ય ૯૭

★ ભામંડલ સાથે શ્રીમતી સીતાજી યુદ્ધભૂમિમાં ૯૮

★ ભામંડલની સમજાવટ સામે પણ લવણ-અંકુશનો મક્કમ જવાબ ૯૯

★ સુગ્રીવ આદિ શ્રીમતી સીતાજીની પાસે ૧૦૦

**(૫) પરાક્રમી પુત્રો લવણ અને અંકુશ ૧૦૧**

★ લવણ અંકુશનું ગજબનાક પરાક્રમ ૧૦૩

★ શ્રી રામચન્દ્રજીની સ્નેહાર્દ્રતા અને લવ-કુશનો પડકાર ૧૦૪

★ યુદ્ધમાં શ્રી રામચન્દ્રજીને પ્રાપ્ત થયેલી નિરાશા ૧૦૫

★ શ્રી લક્ષ્મણજીનું ચક્રરત્ન પણ નિષ્ફળ બને છે ૧૦૭

★ શ્રી રામ-લક્ષ્મણને શંકા ૧૦૮

★ નારદજીને આવીને ઓળખાણ આપી ૧૦૯

★ શ્રી રામચન્દ્રજીને મૂર્છા અને સંજ્ઞાની પ્રાપ્તિ ૧૧૦

★ પુત્રોની સામે જવું ૧૧૧

★ અવસરે ગુરુ પણ શિષ્યને સન્માને ૧૧૧

★ પિતા-પુત્રનું સ્નેહભર્યું મિલન ૧૧૨

★ રાગનો આવેશ ન આવે માટે સાવધ રહો ! ૧૧૩

★ વિનય અને આલિંગન ૧૧૪

★ શ્રીમતી સીતાજી પાછા પુંડરીકપુરમાં ૧૧૪

★ શ્રી વજ્રજંઘની ઓળખાણ ૧૧૪

★ અયોધ્યામાં પ્રવેશ અને ઉત્સવ ૧૧૫

★ શ્રીમતી સીતાજીને તેડી લાવવા વિનંતી ૧૧૫

★ શ્રી રામચન્દ્રજીનો ઉત્તર ૧૧૫

★ દિવ્ય માટે તૈયારી ૧૧૬

★ સુગ્રીવ શ્રીમતી સીતાજીને તેડવા જાય છે ને શ્રીમતી સીતાજી આવવાની ના પાડે છે ૧૧૭

**(૬) મહાસતી સીતાજીનું દિવ્ય અને દીક્ષા ૧૧૯**

★ દિવ્ય માટેની શ્રીમતી સીતાજીની તત્પરતા ૧૨૧

★ શ્રી લક્ષ્મણજીની વિનંતી સામે પણ મહાસતી સીતાજીની મક્કમતા ૧૨૨

★ શ્રી રામચન્દ્રજીનું ન્યાયનિષ્ઠુર કથન ૧૨૨

★ શ્રીમતી સીતાજીનો ઉપહાસ ૧૨૩

★ શિક્ષા કરનારનો હેતુ દોષનાશ અને હિતરક્ષાનો હોવો જોઈએ ૧૨૪

★ શ્રી રામચન્દ્રજીનો ખુલાસો ૧૨૫

★ પાંચમાંથી કોઈપણ દિવ્ય કરવાની તૈયારી ૧૨૬

★ દિવ્ય માટે લોકોનો નિષેધ ૧૨૬

★ લોકવાદથી દોરાવાનું નહીં પણ લોકવાદને દોરવાનો ૧૨૭

★ શ્રી રામચન્દ્રજીનું સૂચન ૧૨૭

★ વિચારવાની જરુર ૧૨૮

★ રૂબરૂમાં પ્રશંસા ને પાછળ નિન્દા કરનારા ૧૨૯

★ ધર્મના આરાધકોએ ખૂબ જ સાવધ બનવું ૧૨૯

★ લોકપ્રિયતા એટલે શિષ્ટજનપ્રિયતા ૧૩૦

★ જમાનાને ઓળખો ! ધર્મને અનુસરો ! ૧૩૧

★ વિચક્ષણ બનો ૧૩૩

★ મહાસતી શ્રીમતી સીતાજીને અગ્નિ પ્રવેશની અનુમતિ ૧૩૪

★ જયભૂષણ વિદ્યાધરનો દીક્ષા સ્વીકાર ૧૩૫

★ નિમિત્તયોગે વિચારણાથી વૈરાગ્ય ૧૩૫

★ કિરણમંડલા રાક્ષસીનો ઉપસર્ગ અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ ૧૩૬

★ કેવલજ્ઞાનીનો ઉત્સવ શ્રીમતી સીતાજીને દિવ્યમાં સહાય ૧૩૭

★ વિકરાળ અગ્નિ જોઈને વિચારણા ૧૩૮

★ જાહેરાતપૂર્વક અગ્નિમાં ઝંપાપાત ૧૩૮

★ જ્વાળાઓના સ્થાને સ્વચ્છ જળની વાવ ૧૩૯

★ લવણ-અંકુશ માતાના ખોળે ૧૪૧

★ ઉત્કર્ષમાં ઉન્માદ નહીં અપકર્ષમાં દીનતા નહીં ૧૪૧

★ શ્રી રામચન્દ્રજીનું નિમંત્રણ ૧૪૨

★ શ્રીમતી સીતાજીનો વિવેકમય ઉત્તર ૧૪૩

★ શ્રીમતી સીતાજીની દીક્ષા ૧૪૪

**(૭) શ્રી રામચન્દ્રજીનો રોષ અને શ્રી લક્ષ્મણજીની હિતશિક્ષા ૧૪૫**

★ રામાયણ એટલે રજોહરણની ખાણ ૧૪૭

★ શ્રી રામચન્દ્રજીનો રોષ ૧૪૮

★ લબ્ધિ છતાં ઉપયોગશૂન્યતા ૧૫૧

★ શ્રી લક્ષ્મણજીની હિતશિક્ષા ૧૫૨
★ આપે ન્યાયનિષ્ઠાથી તો શ્રીમતી સીતાજીએ સ્વાર્થનિષ્ઠાથી ત્યાગ કર્યો ૧૫૩
★ વડિલબંધુની સેવા મળે ૧૫૪
★ આજે આવી સલાહ આપનારા કેટલા ? ૧૫૫
★ સાચી અને હિતકર સલાહ કોણ આપી શકે ? ૧૫૬
★ વિષય-કષાયની આધીનતા હોળીઓ સળગાવે છે ૧૫૭
★ સંસારમાં સ્વાર્થઘાતક ઘણા છે અને સ્વાર્થનિષ્ઠ થોડાક જ છે ૧૫૮
★ મોક્ષની તીવ્ર અભિલાષા પ્રગટ્યા વિના સાચા રૂપની સ્વાર્થનિષ્ઠા આવે નહીં ૧૫૯
★ શ્રીરામચન્દ્રજી આદિ શ્રી જયભૂષણ કેવળજ્ઞાનીની પાસે ૧૬૧
★ શ્રી જૈન શાસનમાં દેશના મુક્તિમાર્ગની જ હોય ૧૬૧
★ શ્રી જયભૂષણ કેવળજ્ઞાનીને શ્રી રામચન્દ્રજીનો પ્રશ્ન ૧૬૨
★ શ્રી રામચન્દ્રજીની તદ્ભવ મુક્તિગામિતા ૧૬૩
★ મોક્ષરુચિ અને આત્મનિરીક્ષણ ૧૬૪
★ શ્રી બિભીષણે પૂછેલો પ્રશ્ન ૧૬૪
★ વસુદત્ત અને શ્રીકાન્તે કરેલો પરસ્પરનો વિનાશ ૧૬૫
★ વિષય-કષાયોની આધીનતા જ સઘળા અનર્થોનું મૂળ છે ૧૬૬
★ શું ઝઘડાઓ ધર્મના નામે થાય છે ? ૧૬૭
★ અદાલતોમાં ચાલતા કેસોમાં ધર્મના નામે જન્મેલા ઝઘડા કેટલા ? ૧૬૮
(૮) ધર્મદેશના અને પૂર્વભવોની વાતો ૧૭૧
★ ધર્મના પ્રતાપે જ જગતમાં શાંતિ છે ૧૭૩
★ અધર્મને ધર્મ માની કજીયા થતા હોય તો શું કરવું જોઈએ ? ૧૭૪
★ વસુદત્ત અને શ્રીકાન્ત વિધ્યાટવીમાં મૃગ થયા ૧૭૫
★ સુસાધુઓની પાસે ધનદત્તે કરેલી યાચના અને આજના કેટલાકોની યાચના ૧૭૬
★ ધનદત્તને મુનિવરનો સદુપદેશ ૧૭૮
★ શ્રાવકધર્મની આરાધના કરીને ધનદત્ત દેવપણે ઉત્પન્ન થયા ૧૮૦
★ શ્રી રામચન્દ્રજીના જીવે સુગ્રીવના જીવ-બળદ ઉપર કરેલો ઉપકાર ૧૮૧
★ શ્રી નવકાર મંત્રનો મહિમા પાર વિનાનો છે ૧૮૨
★ અન્તિમ અવસ્થાવાળા પ્રત્યે તો અવશ્ય કૃપાભાવવાળા બનવું જોઈએ ૧૮૩
★ વૃષભધ્વજ રાજકુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું ૧૮૫
★ વૃષભધ્વજની યોગ્યતા ૧૮૬
★ ઉપકારીને શોધવા પ્રયત્ન ૧૮૬
★ શ્રી નવકાર મહામંત્ર ફળે કોને ? ૧૮૭
★ પદ્મરુચિનો મિલાપ ૧૮૮
★ કૃતઘ્નતાને ટાળીને કૃતજ્ઞ બનો ૧૮૯
★ આપણે એ સ્થિતિમાં મૂકાઈએ તો શું કરીએ ? ૧૯૦
★ પદ્મરુચિ અને વૃષભધ્વજ રામ અને સુગ્રીવ ૧૯૧
★ સુંદર સામગ્રીઓનો પૂરેપૂરો લાભ લેવો જોઈએ ૧૯૩
★ કિંમતી હીરા કરતાં પણ કિંમતી ક્ષણ ૧૯૪
★ એકવાર ગાડું ચીલે ચઢી જવું જોઈએ ૧૯૫
(૯) મુનિને વેગવતીનું કલંકદાન ૧૯૭
★ ઘોષિતનો પણ ઢેડ-ફજેતો કરવાથી ઘણી ઘણી હાનીઓ થાય છે ૧૯૯
★ પાપી આત્માઓ પ્રત્યે દયાભાવ હોવો જોઈએ ૨૦૧
★ ધર્મ પામવાને લાયક આત્મા પણ દેવ-ગુરુ-ધર્મની નિન્દા ન સાંભળી શકે ૨૦૨
★ ગુણ દુર્ગુણની વાત કેવી રીતે ઝીલાય છે ? ૨૦૩
★ સજ્જનોની નિન્દામાં લોકોને વધારે રસ હોય છે ૨૦૩
★ વેગવતીનું જૂઠ્ઠી પણ વાતથી લોકોએ નિર્દોષ મુનિવરને રંજાડ્યા ૨૦૫
★ નિર્દોષ શ્રી સુદર્શન મુનિવરે કરેલો અભિગ્રહ ૨૦૬
★ ધર્મી ગણાતા જીવોની જોખમદારી ઘણી છે ૨૦૭
★ વેગવતીએ પોતાના અપરાધની ક્ષમા માંગી ૨૦૮
★ વેગવતી માટે મિથ્યાદૃષ્ટિ રાજાની માંગણી અને સમ્યગ્દૃષ્ટિ શ્રીભૂતિનો ઈન્કાર ૨૦૯
★ સમ્યગ્ધર્મ પ્રત્યે આદરવાળા માતા-પિતાની ફરજ શી ? ૨૧૦
★ શ્રી ભૂતિની હત્યા, વેગવતી ઉપર બળાત્કાર અને વેગવતીનો શ્રાપ ૨૧૨
★ વેગવતીએ દીક્ષા ગ્રહણ કરી ૨૧૩
★ વેગવતીનો જીવ શ્રીમતી સીતા તરીકે ૨૧૪
★ શંભુ રાજા શ્રી રાવણ તરીકે ૨૧૪
★ શ્રીકાન્તના જીવ સંબંધી મતભેદ અને સ્પષ્ટતા ૨૧૭
★ બિભીષણ કોણ ? ૨૧૮
★ શ્રી લક્ષ્મણજી કોણ ? ૨૧૯
★ અનંગસુંદરી વિશલ્યા તરીકે ૨૧૯
★ ગુણધર ભામંડલ તરીકે ૨૨૦

★ લવણ, અંકુશ અને સિદ્ધપુત્ર સિદ્ધાર્થના પૂર્વભવોનો સંબંધ ૨૨૦
★ કૃતાન્તવદને દીક્ષા ગ્રહણ કરી ૨૨૨
★ આપણી દશાનો વિચાર અવશ્ય કરવો જોઈએ ૨૨૨
★ સુંદર ભાવજીવન પામવાની તાલાવેલી જોઈએ ૨૨૩
**(૧૦) સાધ્વી સીતાજીનું દર્શન-વન્દન અને ચિન્તા ૨૨૫**
★ શ્રી રામને શંકા અને સમાધાન ૨૨૭
★ કૃતાન્તવદન દેવલોકમાં અને શ્રીમતી સીતાજી અચ્યુતેન્દ્ર તરીકે ૨૨૯
★ શ્રી લક્ષ્મણજીના પુત્રોના સંયમ સ્વીકાર ૨૨૯
★ ભામંડલની સુંદર ભાવના અને તેનું મૃત્યુ ૨૩૨
★ શ્રી હનુમાને દીક્ષા લીધી, અને સિદ્ધિપદને પામ્યા ૨૩૩
★ મૃત્યુ ક્યાં ? અને ક્યારે આવે ? તે નિશ્ચિત નથી ૨૩૩
★ મૃત્યુ મોં ફાડીને બેઠું છે, માટે ધર્મ કરી લઉં એવો વિચાર કેટલાને આવે છે ? ૨૩૪
★ શાશ્વત ઉદયની સાધના માટે દીક્ષા પરમ સાધન છે ૨૩૬
★ શ્રી રામચન્દ્રજીને હાસ્ય અને ઈન્દ્રોનો ઉચ્ચાર ૨૩૭
★ દેવો સ્નેહની પરીક્ષા કરવા આવે છે ૨૩૮
★ દેવોને થયેલો પશ્ચાત્તાપ ૨૩૯
**(૧૧) શ્રી લક્ષ્મણજીનું મૃત્યુ રામનો ઉન્માદ અને પ્રતિબોધ ૨૪૧**
★ અયોધ્યામાં છવાયેલું શોકનું સામ્રાજ્ય ૨૪૩
★ લવણ-અંકુશે અતિ ભયભીત બનીને દીક્ષાની અનુમતિ માંગી ૨૪૪
★ લવણ-અંકુશે દીક્ષા લીધી, ને મુક્તિપદ પામ્યા ૨૪૬
★ શ્રી રામચન્દ્રજીની સ્નેહોન્મત્તતા ૨૪૭
★ ઈન્દ્રજિતના પુત્રોએ દીક્ષા લીધી ૨૪૯
★ જટાયુદેવે કરેલી મહેનત અને તેમાં પ્રાપ્ત થયેલી નિષ્ફળતા ૨૫૦
★ સેનાપતિ કૃતાન્તવદન પ્રતિ બોધ કરે છે ૨૫૧
**(૧૨) શ્રી રામચન્દ્રજીનો સંસારત્યાગ સાધના અને નિર્વાણ ૨૫૩**
★ ચોથા પુરુષાર્થ માટે તત્પર શ્રીરામ ૨૫૫
★ પુણ્યશાળી આત્માના ત્યાગની અસર ૨૫૬
★ આજ્ઞા મુજબનો એકલવિહાર અને અવધિજ્ઞાન ૨૫૬
★ અવધિજ્ઞાની રામર્ષિએ કરેલી વિચારણા ૨૫૭
★ નગરક્ષોભ અને શ્રી રામર્ષિનો અભિગ્રહ ૨૬૦
★ શ્રી રામચન્દ્ર મહર્ષિએ અરણ્યમાં રહીને કરેલી અનુપમ આરાધના ૨૬૨
★ સીતેન્દ્રનો ઉપસર્ગ અને રામચન્દ્ર મહર્ષિને કેવળજ્ઞાનની પ્રાપ્તિ ૨૬૪
★ સમ્યગ્દૃષ્ટિ અને પાપ ૨૬૭
★ સીતેન્દ્રનો પ્રશ્ન અને શ્રી રામચન્દ્ર મહર્ષિએ કરેલો ખુલાસો ૨૬૯
★ શ્રી લક્ષ્મણજી અને શ્રી રાવણના ભાવિ ભવો ૨૭૦
★ સીતેન્દ્ર ચોથી નરકમાં જઈને શું જુવે છે ? ૨૭૧
★ નરકના અસ્તિત્વને નહિ માનનારાઓને લાભ કશોય નહીં અને નુકશાન પારાવાર ૨૭૨
★ નરકમાં સીતેન્દ્રે આપેલો ઉપદેશ અને તેનું શુભ પરિણામ ૨૭૫
★ સીતેન્દ્ર પોતાના કલ્પમાં ૨૭૬
★ શ્રી રામચન્દ્ર-મહર્ષિ મુક્તિપદ પામ્યા ૨૭૬





# કથાનુયોગની મહત્તા
# આપત્તિમાં અદીનતા

## ૧

જૈનશાસનમાં કથાનુયોગ ઘણો વિશાળ છે. એટલું જ નહીં, વળી અદ્‌ભૂત પણ છે. સદ્‌બુદ્ધિના સ્વામી વક્તા તેને સ્વ-પર માટે ઉપયોકારક બનાવે છે. ખાસ કરીને બાલ જીવો માટે વિશેષ ઉપકારક બને છે, તેના માધ્યમથી દ્રવ્યાનુયોગને પણ સારી રીતે ખીલવી શકાય છે.

તે માટે વક્તા જેમ પ્રાજ્ઞ જોઈએ તેમ શ્રોતા પણ શ્રદ્ધાળુ હોવા જરુરી છે. એથી જ જૈનશાસનમાં લાયકાત મહત્ત્વની છે, લાયકાતની બેદરકારી તો પરિણામે કલ્યાણની બેદરકારી પણ બની રહે છે.


જંગલમાં તરછોડાયેલા મહાસતીનું વનભ્રમણ અને તેઓની અદીનતા એક ઉંચો આદર્શ છે. પ્રસંગસર આપત્તિમાં અદીનતા નામના સદાચારનું અહીં વર્ણન થયું છે.

વિવેક અને સામર્થ્યના પ્રભાવથી તેઓએ દાખવેલી અદીનતા એ શીખવે છે કે પોતાની ખામી જોતાં અને સાંભળતાં શીખો. ચક્રવર્તી ભરત મહારાજાની પોતાની ખામી સાંભળવા માટેની યોજના આ પ્રસંગના વર્ણનમાં પ્રાણ પૂરે છે.

-શ્રી

# કથાનુયોગની મહત્તા આપત્તિમાં અદીનતા

- કથા વાંચનાર અને સાંભળનાર બંને યોગ્ય જોઈએ
- મહાસતી સીતાજીનું વનમાં પરિભ્રમણ
- આપત્તિમાં 'અદીનતા' એ પણ ઉત્તમ કોટિનો સદાચાર છે.
- દૂધ ચોખા કરતા સૂકો રોટલો સારો
- વિવેક અને સામર્થ્ય વિના આપત્તિમાં અદીનતા આવે અગર ટકે નહીં
- આત્મનિંદા એ વિવેકને આધીન છે
- ખામી જોતાં શીખો
- ખામી સાંભળવાની શક્તિ કેળવો !
- શ્રી ભરતચક્રવર્તીની પણ શું સાંભળવાની વ્યવસ્થા?
- ખામી સંભળાવનાર રાખો
- પાપ વિના દુઃખ સંભવે જ નહીં
- કૃતજ્ઞ બનવાથી થતા લાભો અને કૃતઘ્ન બનવાથી થતા નુકશાનો
- દુઃખ આવ્યે તેમાં નિમિત્તભૂત બનનારાઓની નિન્દા કરવાથી હાનિ જ થાય છે
- સાંભળો ને સમજણપૂર્વક વિચારો
- બુદ્ધિની સાર્થકતા શામાં ?
- તત્વવિચારણા માટે આજે કેટલો સમય જાય છે ?



# ૧

## કથાનુયોગની મહત્તા આપત્તિમાં અદીનતા

શ્રીમતી સીતાજીએ કેવી રીતે પોતાની શુદ્ધતા સાબિત કરી અને કેવી રીતે વ્રત ગ્રહણ કર્યું તેનું વર્ણન હવે શરુ થાય છે. અને તે પૂર્વે અયોધ્યા પહોંચેલા કૃતાન્ત વદનના મુખે શ્રી સીતાદેવીનો સંદેશ સાંભળીને રામચન્દ્રજીનો પશ્ચાત્તાપ આદિ વાતો હવે આવે છે.

કથાઓ જીવનવૃત્તાન્તો જો વાંચતાં ને વિચારતાં આવડે, તો એમાંથી પણ ઉત્તમકોટિની પ્રેરણાઓ આપી અને મેળવી શકાય છે. વાંચનાર જો તત્ત્વસ્વરૂપનો જ્ઞાતા હોય, હિતાહિતના માર્ગનો જાણનાર હોય, સ્વ-પરના સાચા ઉપકારની ભાવનાથી ઓતપ્રોત હોય, સદ્‌બુદ્ધિનો સ્વામી હોય અને શ્રોતા જો સદ્‌ભાવનાસંપન્ન શ્રદ્ધાળુ હોય, તો સામાન્ય કથાઓને પણ તેઓ સ્વ-પરને માટે મહાઉપકારક બનાવી શકે છે. ખાસ કરીને બાળ જીવોને માટે, કથાઓ દ્વારા ઉપદેશ આપવાની પદ્ધતિ, વિશેષ ઉપકારક બને છે. કેટલીકવાર કહેવા યોગ્ય વસ્તુ કથા સાથે કહેવાય તો શ્રોતાઓના અન્તરમાં તો ઘણી જ સહેલાઈથી પ્રવેશ પામી જાય છે. કથાઓમાં તાત્ત્વિક વાતો નથી આવતી એમ નહિ. તત્ત્વના સ્વરુપનો વર્તનરૂપે સાક્ષાત્કાર કથાઓમાં થઇ શકે છે. તત્ત્વસ્વરૂપના વિવિધ પ્રકારોને, કથા દ્વારા પ્રત્યક્ષ જેવા

રૂપે રજૂ કરી શકાય છે. કથાનુયોગ દ્વારા દ્રવ્યાનુયોગને પણ જેટલો ખીલવવો હોય તેટલો ખીલવી શકાય છે. સદ્‌બુદ્ધિસંપન્ન વક્તા શ્રોતાઓની ગ્રહણ કરવાની શક્તિ આદિને જોઈને, કથાના પ્રસંગમાં પણ ઝીણવટભર્યું તત્ત્વવર્ણન કરી શકે છે.

**કથા વાંચનાર અને સાંભળનાર બંને યોગ્ય જોઈએ**

**સભા :** વ્યાખ્યાન આપનાર ઉપર એનો ઘણો આધાર રહ્યો.

**દરેક વસ્તુ માટે લાયકાત, એ અનિવાર્ય વસ્તુ છે.** વક્તામાં યે લાયકાત જોઈએ અને શ્રોતામાં ય લાયકાત જોઈએ. ઉત્તમમાં ઉત્તમ વસ્તુ પણ નાલાયકને માટે નિરર્થક અગર તો નુકશાનકારક પણ નિવડે. ઉત્તમ કોટિની લાયકાતના યોગે આત્મા ખરાબ સાધન દ્વારા પણ ઉત્તમ પરિણામને નિપજાવી શકે છે અને કારમી અયોગ્યતા હોય, તો ઉત્તમ સાધન દ્વારા પણ આત્મા અધમ પરિણામને નિપજાવનારો બને. માત્ર વ્યાખ્યાન દેનાર જ લાયક જોઈએ એમ નહિ. વ્યાખ્યાન સાંભળનાર પણ લાયક જોઈએ. સાંભળનાર અયોગ્ય હોય, તો લાયક પણ વ્યાખ્યાનકાર કરે શું ? એ કહે કાંઈ અને પેલો પકડે કાંઈ ! વક્તા અને શ્રોતા બન્ને લાયક હોય, તો બેયનું ય કામ થઈ જાય. સારા શ્રોતાઓ તો વક્તાની શક્તિને પણ ખીલવનારા હોય છે. એવા પણ શ્રોતાઓ હોય છે, કે જેઓને ઉપદેશ આપતાં વક્તાનો ઉલ્લાસ વધતો જ જાય અને એથી નવી નવી લાગતી વસ્તુઓ નીકળ્યે જાય. એવી જ રીતે વક્તાની શક્તિને બુઠ્ઠી બનાવી દેનારા શ્રોતાઓ પણ હોય છે. એ વાત સાચી છે કે, શ્રોતાઓની જેમ વક્તાઓમાં યોગ્ય અને અયોગ્ય હોઈ શકે છે. કેટલાક વક્તાઓ પણ એવા હોય છે, કે જેઓ મિથ્યાત્વાદિને કારણે હેયને ઉપાદેય અને ઉપાદેયને હેય આદિ રૂપે પણ વર્ણવનારા બની જાય છે. શ્રી જિનપ્રવચનની કુશળતાને અને બીજી પણ જરૂરી લાયકાતને નહિ પામેલા વક્તાઓ, શ્રોતાઓના હિતને હણનારા બને, તે સ્વાભાવિક જ

છે. શ્રોતાઓ વિચક્ષણ હોય તો એમ પણ બને કે, પેલાના ઉંધા પ્રતિપાદનની તેમના ઉપર ખરાબ અસર ન થાય. આમ છતાંપણ, પેલાને તો નુકશાન થાય જ છે. આથી સ્પષ્ટ છે કે, ભવભીરૂ આત્માઓએ લાયકાતને વિષે તો સૌથી પહેલાં જ પ્રયત્નશીલ બનવું જોઈએ. લાયકાતની બેદરકારી, એ તો કલ્યાણની જ બેદરકારી છે.

## મહાસતી સીતાજીનું વનમાં પરિભ્રમણ

પરમ ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા, હવે આગળ ફરમાવે છે કે

*"अथ सीता भयोद्भ्रांता, बभ्रामेतस्ततो वने ।*
*आत्मानमेव निन्दन्ती, पूर्वदुष्कर्मदूषितम् ॥१॥*
*"भूयो भूयश्च रुदती, स्खलंति च पदे पदे ।*
*गच्छन्ती पुरतोऽपश्यन्- महत् सैन्यं समापतत् ॥२॥*
*"मृत्युजीवितयोस्तुल्या-शया प्रेक्ष्यापि तद्बलम् ।*
*सीता तस्थावभीतैव, नमस्कारपरायणा ॥३॥*
*"तां दृष्ट्वा बिभयांचक्रुः, सैनिकाः प्रत्युतापि ते ।*
*का नाम दिव्यरूपेयं, भूस्थितेत्याभिभाषिणाः ॥४॥*

*આપણે જોઈ આવ્યા કે, શ્રી રામચન્દ્રજીની આજ્ઞાથી મહાસતી* શ્રીમતી સીતાદેવીને અરણ્યમાં ત્યજી દેવાને માટે નિકળેલા કૃતાન્તવદન નામના સેનાપતિએ, સિંહનિનાદક અરણ્યમાં આવીને શ્રીમતી સીતાજીનો ત્યાગ કર્યો. શ્રી રામચન્દ્રજીને કહેવા માટેનો શ્રીમતી સીતાજીએ કહેલો સંદેશો સાંભળી લીધા બાદ, શ્રીમતી સીતાજીને નમસ્કાર કરીને, શ્રીમતી સીતાજીના મહાસતીપણાનો વિચાર કરતો કૃતાન્તવદન, અયોધ્યાના માર્ગે વળ્યો. હવે શ્રીમતી સીતાજી એકલાં પડ્યાં. ભયંકર અરણ્યમાં એકલવાયો આદમી, બળવાન અને શસ્ત્રસહિત હોય તોય મૂંઝાય જ્યારે આ તો ગમે તેવી પણ સ્ત્રી. રાજાને ત્યાં જન્મેલી અને મહારાજાની મહારાણી બનેલી. આવાં કષ્ટોની જેને કલ્પના પણ ન હોય એવી, વળી પાછી સગર્ભા. તેમજ સ્વયં મહાસતી હોવા છતાંય કારમા કલંકનો ભોગ

બનેલી. પાસે નથી કોઈ રક્ષક કે નથી કોઈ શસ્ત્ર. આવી દશામાં શ્રીમતી સીતાજી ભય પામે, ભયથી ઉદ્‌ભ્રાન્ત બને, તે સ્વાભાવિક જ છે. એટલેજ કૃતાન્તવદનના ગયા બાદ, ભયથી ઉદ્‌ભ્રાન્ત બનેલાં શ્રીમતી સીતાજી વનમાં અહીંથી તહીં એમ ભમવા લાગ્યા. અને વનમાં ભમતા શ્રીમતી સીતાજી ડગલે ને પગલે સ્ખલના પામે છે અને વારંવાર રુદન કરે છે. આ રીતે ક્યાં જવું ? એનો નિર્ણય નહિ હોવા છતાં પણ, વિમનસ્કની જેમ શ્રીમતી સીતાજી, આગળને આગળ ચાલ્યે જાય છે.

## આપત્તિમાં 'અદીનતા' એ પણ ઉત્તમ કોટિનો સદાચાર છે

આ હાલત વિચારવા જેવી છે. એક તરફ શ્રીમતી સીતાજી કોણ ? એ વિચારો અને બીજી તરફ શ્રીમતી સીતાજીની વર્તમાન દશાનો વિચાર કરો. આવા આત્માને શિરે પણ આવી આપત્તિ આવી અને તમે નિર્ભય છો ? તમને ખાત્રી છે કે, તમારે શિરે આપત્તિ નહિ જ આવે ? આપત્તિમાં અદીનતા, એ પણ એક સદાચાર છે પણ વાત એ છે કે, આપત્તિની વેળાએ અદીનતા જાળવી કોણ શકે ? આપત્તિમાં અદીનતાની વાતો કરવી એ જેટલું સહેલું છે, તેટલું જ આપત્તિમાં અદીન બન્યા રહેવું એ મુશ્કેલ છે. એને માટે પૂર્વ તૈયારી પણ હોવી જોઈએ. અનુકૂળ સામગ્રીની વેળાએ આત્માને એવો તો કસીને તૈયાર કરવો જોઈએ, કે જેથી પ્રતિકૂળ સામગ્રીની વેળાએ ગભરામણ કે વલોપાત થાય નહિ. કર્માધીન પ્રાણીઓને શિરે આફત આવવી, એ નવાઈની વસ્તુ જ નથી. સંસારમાં ડગલે ને પગલે આપત્તિ તો બેઠેલી જ છે. પુણ્યનો ઉદય હોય ત્યાં સુધી વાત જુદી છે, પણ કોઈ પુણ્ય એવું હોતું જ નથી, કે જેનો અન્ત જ ન હોય. એક દિવસ તમારા પુણ્યોદયનો અન્ત આવશે, એમ તો લાગે છે ને ?

**સભા** : અમારા પુણ્યની તો વાત જ કરવા જેવી નથી.

**પૂજ્યશ્રી** : કેમ ?

**સભા** : પુણ્ય પણ નિર્મળ ક્યાં છે ? વળી એક જીન્દગીમાં ય

અનેક જીન્દગીઓ ભોગવવા જેવું થાય છે. આજે શ્રીમંતને કાલે ગરીબ.

**પૂજ્યશ્રી** : આટલું જાણો છો. તે છતાં બેફિકર કેટલા છો ? વારંવાર શ્રીમંત અને ગરીબ બનનારાઓ પણ. શ્રીમંત બને ત્યારે ઘમંડથી બચતા રહે છે ? આ ચાર દિનની ચાંદની છે, એવો વિચાર કરે છે ખરા ? પુણ્યોદયે સમૃદ્ધિ મળી ગઈ હોય, તો તે જાય તે પહેલાં જ તેનો બને તેટલો વધુ સદુપયોગ કરી લેવો એવું મન થાય છે ? જીંદગીમાં અનેકવાર બેહાલ થઈ જનારાઓ પણ. સારા હાલનો સદુપયોગ કરી લેતા નથી. એ શું તેમની આત્મા તરફની બેદરકારી નથી ? સંપત્તિ આવતાં ઉન્મત્ત બનવું અને જતાં લાચારી સેવવી. એ ધર્માત્માને ન છાજે. એ તો સંપત્તિ આવવાથી ઉન્મત્ત ન બને અને જવાથી લાચાર ન બને. ધર્મી તો બન્ને ય પ્રકારની સ્થિતિમાં પુણ્ય પાપના ઉદયને સમજે. અને એવો જ આત્મા આપત્તિમાં અદીનતા ગુણનો અને સંપત્તિમાં સવિશેષ નમ્રતા ગુણનો સ્વામી બની શકે. સંપત્તિમાં જે ગર્વને આધીન બને, તેને આપત્તિમાં દીન બનતાં પણ વાર લાગે નહિ. સંપત્તિમાં ગર્વ કરનારો, આપત્તિમાં ભયંકર પાપાચરણોને આચરવાને તત્પર બની જાય. એય સુશક્ય છે. 'સંપત્તિ, એ મારાં પૂર્વનાં સત્કર્મોનું ફળ છે' એમ સમજીને સંપત્તિની વેળાએ સત્કર્મોમાં વિશેષે પ્રવૃત્તિ કરવી અને 'આપત્તિ, એ મારાં દુષ્કર્મોનું ફળ છે' એમ સમજીને આપત્તિની વેળાએ પણ દુષ્કર્મોના ત્યાગમાં જ પ્રયત્નશીલ બનવું. આપત્તિ વહેલી કે મોડી પણ આવવાની છે, એમ જાણવા છતાં આપત્તિ માટે તૈયાર ન બનવું, એ ડહાપણ છે ? ડાહ્યા માણસે તો એવી તૈયાર કરી જ લેવી જોઈએ. કે જેથી કોઈપણ સંયોગોમાં આત્મા દીન બને નહિ ગમે તેવી સારી સ્થિતિમાં પણ ભાનભૂલો બને નહિ.

### દૂધ-ચોખા, કરતા સુકો રોટલો સારો

**સભા :** આપત્તિથી બચવા માટે તૈયારીઓ નથી કરાતી એમ તો નહિ, પણ આજની તૈયારીઓ જુદી જાતની છે !

**પૂજ્યશ્રી** : કઈ જાતિની તૈયારીઓ થાય છે ?

**સભા** : આપ જાણતા જ હશો. લગભગ બધા સટોડીયા એવી તૈયારી રાખે છે.

**પૂજ્યશ્રી** : અવસરે પોતાના દૂધ-ચોખા સલામત રહે અને બીજાઓને ઠંડે કલેજે રોવડાવી શકાય. ઘર ને ઘરનો ઘણો ખરો માલ બૈરીના નામે અને વહેપાર પોતાના નામે, એમને ?

**સભા** : આપના ધ્યાન બહાર નથી.

**પૂજ્યશ્રી** : ખરેખર, એ તૈયારી તો આપત્તિની જ જનેતા છે. બીજાને નવડાવી પોતાના સુખને સલામત રાખવાની ભાવનાવાળાઓ, સુખને સલામત રાખી શક્તા નથી. તેઓ દુ:ખને જ સલામત બનાવવાનો ધંધો કરી રહ્યા છે. એ જાતની પાપ-ભાવનામાં રમનારાઓ પૂર્વના પાપાનુબન્ધી પુણ્યના યોગે થોડો કાળ મજા માણી લે એ બને, પણ તેમનું ભવિષ્ય ભૂંડું બન્યાં વિના રહે નહિ ! આ તો ભયંકર જાતિની અનીતિ છે. પણ આજે અનીતિ એટલી બધી વ્યાપક બની ગઈ છે કે, એની અરેરાટી પણ નાશ પામતી જાય છે. એવા દૂધ-ચોખા કરતાં ન્યાયના યોગે મેળવેલો સૂકો રોટલો પણ લાખ દરજ્જે સારો છે, એમ કલ્યાણના અર્થી આત્માઓએ સમજવું જોઈએ.

## વિવેક અને સામર્થ્ય વિના આપત્તિમાં અદીનતા આવે અગર ટકે નહિ

બીજી વાત એ પણ છે કે, સંપત્તિની રક્ષાને માટે ગમે તેટલા પ્રયત્નો કરો, તે છતાં પણ પુણ્ય ક્ષીણ થયે તે તમારી પાસે રહેવાની નથી. પુણ્ય ક્ષીણ થતાં ગમે તેવી અને ગમે તેટલી પણ સંપત્તિ, આંખના પલકારામાં ચાલી જશે. કોટ્યાધિપતિઓ અને મહારાજ્યના માલિકો પણ પાપના ઉદયે જોત-જોતામાં કંગાળ બની જાય છે. ગમે તેવી સત્તા ને ગમે તેટલી સંપત્તિ, પાપના ઉદયને રોકી શકે એમ લાગે છે ?

**સભા** : એ ન બને.

**પૂજ્યશ્રી** : તો પછી, જે આપત્તિ પાપના ઉદયે આવવાની છે, તેનાથી બચવા માટે સંપત્તિ મેળવવામાં અને તેનું રક્ષણ આદિ કર્યા કરવામાં જ મશગુલ બન્યા રહેવું, એ ડહાપણ છે કે ગાંડપણ ? આપત્તિથી બચવા ઈચ્છનારાઓએ તો, પાપથી જ બચતા રહેવાનો પ્રયત્ન કર્યા કરવો જોઈએ. જ્યાં પાપ નહિ, ત્યાં આપત્તિ નહિ. આ તો *નવા પાપ*ની વાત થઈ, પણ જે પાપોને પૂર્વે ઉપાર્જી ચૂક્યા છો, તેનું શું ? પાપનો ઉદય આવે તે સમયે આત્મા દીન બને નહિ અને પાપના ઉદયને એવી રીતે વેઠે કે-ઉદયમાં આવેલું પાપ સ્વયં જવા સાથે બીજા પણ અનેક પાપોને ઘસડી જાય, એને માટે તૈયાર બનવાની વાત ચાલે છે. તમારા જીવનમાં એવી તૈયારી છે ?

**સભા** : એવી તૈયારી તો નથી.

**પૂજ્યશ્રી** : નથી, તો તેનું કારણ શું ? શું પાપ-પુણ્યને માનતા નથી? આશ્રવ, સંવર ને નિર્જરાને માનતા નથી ?

**સભા** : માનીએ છીએ.

**પૂજ્યશ્રી** : તો પછી કોના બળે તમે આટલા બધા નિર્ભય છો? શ્રીમતી સીતાજી એટલે જનક રાજાની પુત્રી, ભામંડલ જેવાની બેન અને શ્રીરામચન્દ્રજી જેવાની પત્ની, છતાં શ્રીમતી સીતાજી કઈ હાલતને પામ્યાં ? જે પાપે શ્રીમતી સીતાજીને ન છોડયાં, તે પાપ તમને છોડી દેશે, એમ? એવું કાંઈ ધારતા-કરતાં નહિ. શ્રી તીર્થંકરદેવના આત્માઓને પણ પાપે નથી છોડ્યા, માટે પાપ કરતાં ચેતો, બચો અને આત્માને તપ આદિમાં યોજી એવો તૈયાર કરો, કે જેથી અવસરે દિવસો સુધી ભૂખ-તરસને પણ સહી શકાય અને ટાઢ-તડકા આદિને પણ સહી શકાય. વિવેકી બનો અને સહવાનું સામર્થ્ય કેળવો. એ વિના આપત્તિમાં અદીનતા રૂપ સદાચારનો સાચો અમલ શક્ય નહિ જ બને.

## આત્મનિંદા એ વિવેકને આધીન છે

અહીં મહાસતી શ્રીમતી સીતાજી વનમાં ભયભીત બનીને અહીંથી તહીં એમ ભમી રહ્યાં છે. વનમાં ભમતાં શ્રીમતી સીતાજી પગલે પગલે સ્ખલના પામે છે અને વારંવાર રડે છે. છતાં એમની એ વખતની પણ મનોવૃત્તિ કઈ જાતિની છે. એ જાણો છો ? એ સૂચવવાને માટે કલિકાલસર્વજ્ઞ. આચાર્યભગવાન્ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ ફરમાવ્યું છે કે.

*"આત્માનમેવ નિન્દન્તિ, પૂર્વદુષ્કર્મદુષિતમ્ ।"*

'એવી રીતે ભયંકર વનમાં ભમતાં એવા પણ શ્રીમતી સીતાજી. પૂર્વના દુષ્કર્મથી દૂષિત એવા પોતાના આત્માને જ નિન્દિ રહ્યાં છે.' સદ્‌વિવેકનો જ આ પ્રભાવ છે. વિચાર કરો કે. શ્રીમતી સીતાજીએ આ ભવમાં એવું કોઈ જ કૃત્ય કર્યું છે. કે જેના યોગે આવી આપત્તિ આવે ? નહિ જ. તે છતાં પણ આપણે જોયું કે. આપત્તિ આવી છે અને શ્રીમતી સીતાજી એમાં પોતાની જ ખામી જોઈ રહ્યાં છે. એમના હૈયામાં પૂરેપૂરી ખાત્રી છે કે, દુષ્કર્મથી જે દુષિત હોય છે. તેને જ દુઃખ આવે છે. જેણે પોતાના આત્માને કોઈપણકાળે દુષ્કર્મથી દુષિત ન બનાવ્યો હોય. તેના ઉપર આપત્તિ આવે, એ સંભવિત જ નથી. આવા સંકટના સમયે પણ બીજા કોઈને દોષ દેવો નહિ અને પોતાના આત્માની જ નિન્દા કરવી. એ વિવેકને જ આભારી છે. જેના હૈયામાં વિવેક-દીપક પ્રગટ્યો નથી. તેના હૈયામાં તો આવા સંકટના સમયે એવા એવા વિચારો આવે કે ન પૂછો વાત.

## ખામી જોતાં શીખો

મિથ્યાત્વના ઉદયથી આત્મા દોષને દોષ રૂપે જોઈ શકતો નથી. એવા પણ આત્માઓ હોય છે કે, પોતાનું એક સામાન્ય પણ કામ બગડે, તો તેમા પણ સેંકડોને ગાળો દઈ દે. ફલાણાએ બગાડ્યું. ફલાણો વચ્ચે આવ્યો. ફલાણાએ મદદ ન કરી અને એમ કેટલાયને દોષ દે ! પોતાનો દોષ તો જુએ જ નહિ. એવા આદમીને ધર્મના નિન્દક બનતાં પણ વાર લાગે નહિ. કહેશે કે, 'ધર્મ ઘણો કર્યો. પણ છેવટે દશા તો આજ થઈને? પણ એ ન વિચારે કે, 'આ ફળ ધર્મનું છે કે તે

પૂર્વે કરેલા પાપનું ?' એવાઓના ધર્મમાંય પ્રાય ભલીવાર હોય નહિ. ધર્મકરણીને વિધિ મુજબ કરવાની મનોવૃત્તિ એવાઓમાં હોય, એ ભાગ્યે જ બને. ધર્મકર્મ કરતી વેળાએ પણ એવાઓનાં હૈયામાં પાપી વાસના હોય, તો નવાઈ પામવા જેવું નહિ. છતાં કહેશે, 'ધર્મ ઘણો કર્યો, પણ ફળ્યો નહિ !' ધર્મકરણી પણ ધર્મનું જ અપમાન થાય એવી રીતે કરવી અને ફળ સારું જોઈએ તો મળે ક્યાંથી ? ધર્મ ધર્મરુપે થાય તો ફળે કે ધર્મનું અપમાન કરો છતાં સારૂં ફળ મળે ? પણ આ જાતિના વિચારો તો તેઓને જ સૂઝે, કે જેઓમાં પોતાની ખામી જોવા સાંભળવાની લાયકાત હોય. કારમી ખામીવાળાઓ પોતાની ખામીને સાંભળી પણ શકતા નથી. એવાઓ તો, હિતબુદ્ધિએ કોઈ ખામી બતાવે, તોય તેને દુશ્મન માને. એવાઓએ ખાસ યાદ રાખવું જોઈએ કે,

**'રીસ કરે શીખામણ દેતાં, તસ ભાગ્ય દશા પરવારીજી'**

આમ કેમ કહેવું પડ્યું ? કારણ એ જ કે જે પોતાની ખામીને સાંભળી પણ ન શકે અને હિતશિક્ષા દેનારાનો ઉપકાર માનવાને બદલે જે રીસ કરે, તેનું ભલું ન જ થાય એ નિશ્ચિત વાત છે.

### ખામી સાંભળવાની શક્તિ કેળવો !

જેનામાં પોતાની ખામી સાંભળી લેવા જેટલી પણ તાકાત નથી, તેનું કલ્યાણ થાય શી રીતે ? તમે અહીં વ્યાખ્યાન સાંભળવા આવો છો કે વખાણ ? અહીં જીવાજીવાદિના સ્વરૂપની વ્યાખ્યા થાય, તે તમને ગમે કે તમારાં વખાણ થાય, એ તમને ગમે ? અહીં આવવાનો હેતુ શો ? ખામી ટાળવાનો કે પ્રશંસા સાંભળવાનો?

**સભા** : ખામી ટાળવાનો.

**પૂજ્યશ્રી** : તમે તમારામાં રહેલી ખામીઓ દૂર થાય એ હેતુથી અહીં આવો અને અમે તમારાં વખાણ કર્યા કરીએ એ કેમ બને ? અમારે તમને ખામીઓ બતાવવી જોઈએ કે નહિ ? અમુક અમુક ખામીઓ છે અને તે અમુક અમુક રીતે ટળે તેમ છે, એમ અમારે કહેવું જોઈએ કે નહિ? જેના સહવાસથી અને જ્યાં જવાથી તમારી ખામીઓ ઘટવાને બદલે વધે તેમ હોય, તેની પણ તમને ઓળખાણ તો આપવી જોઈએ ને ? એ નિન્દા કહેવાય ?

**સભા** : નહિં જ.

**પૂજ્યશ્રી** : છતાં આજ શું ચાલી રહ્યું છે ?

**સભા** : એવા પણ નીકળે.

**પૂજ્યશ્રી** : એવાઓના કુતર્કોની જાળમાં ફસાઈને તમે તમારૂં હિત ન હારી જાઓ, એ માટે જ આ કહેવાય છે. આજે કુતર્કવાદ પણ બહુ વધ્યો છે. આજના યુગમાં જેણે આત્મહિત સાધવું હોય, તેણે ખૂબ સાવધ બન્યાં રહેવાની જરૂર છે. વાતાવરણ એવું છે કે, સામાન્ય આત્માઓને ફસાઈ જતાં વાર લાગે નહિ. તદ્દન જુઠ્ઠી પણ વાત, એવી રીતે ગોઠવીને આજે મૂકાય છે, કે જેથી ભલભલા પણ વિચારમાં પડી જાય. આવા સમયમાં જે સાવધ ન રહે, તેને સન્માર્ગને પામવાની અને સન્માર્ગને આરાધવાની સામગ્રીથી દૂર થઈ જતાં વાર લાગે નહિ.

### શ્રી ભરતચક્રવર્તીની પણ 'શું સાંભળવાની વ્યવસ્થા ?'

કલ્યાણ ચાહતા હો, તો ખામી સાંભળવાને સદા તૈયાર રહો. જાતે ખામી જોતાં શીખો અને જે કોઈ યોગ્ય લાગે તેને વિનંતિ કરો કે, 'જ્યારે જ્યારે મારામાં ખામી દેખો ! ત્યારે ત્યારે વગર સંકોચે કહેજો. સુધરશે તો તરત સુધારીશ. તરત સુધરે તેમ નહિ હોય, તો સુધારવાનો પ્રયત્ન કરીશ. તમે ખામી બતાવશો, એથી મને ખોટું નહિ લાગે, પણ આનંદ થશે, હું સમજીશ કે, તમે મારા ઉપર ઉપકાર કર્યો.' આવી વિનંતિ, યોગ્ય આત્માઓ જ કરી શકે છે. ભરત ચક્રવર્તીએ કઈ ગોઠવણ કરી હતી ? એ શું અવિવેકી હતા ? નહિ જ. એ ગોઠવણ પણ સૂચવે છે કે, એ વિવેકી હતા. પોતે છ ખંડના સ્વામી છે, છતાં સાધર્મિકો પાસેથી શું સાંભળવાને ઈચ્છે છે ? એ જ કે, 'આપ જીતાએલા છો !' ષટ્‌ખંડના માલિકને 'આપ વિજેતા છો એમ સાંભળવાનું મન થાય કે 'આપ પરાજિત છો' એમ સાંભળવાનું મન થાય ? દુનિયા તો એને વિજેતા જ માને. દુનિયાની દૃષ્ટિએ એ મોટામાં મોટો વિજેતા છે. એથી વધારે દુન્યવી વિજય કદિ જ કોઈએ સાધ્યો નથી. અને સાધી શકશે પણ નહીં. આ દુનિયામાં જો મોટામાં મોટો દુન્યવી વિજય હોય, તો તે છ ખંડનો વિજય છે. એવા વિજયને પ્રાપ્ત

કરી ચૂકેલા શ્રી ભરત ચક્રવર્તી, ભરસભામાં એ વાતને ઉલ્લાસભેર સાંભળે છે કે, 'આપ જીતાએલા છો !' એમને એમ તો એવું કહેવાની કોણ હિંમત કરે ? ચક્રવર્તીને એવી વાતો સંભળાવવી, એ રમત વાત નથી. એને જોતાં તો પ્રબળમાં પ્રબળ દુશ્મન પણ થરથરે. પણ શ્રી ભરત ચક્રવર્તીને લાગ્યું કે, 'સૌ કોઈ મને વિજેતા કહેનાર હશે, તો મારૂ થશે શું ? એ વાત તો ભાન ભૂલાવનારી છે. મારે તો એવી ગોઠવણ કરવી જોઇએ, કે જેથી, હું વિષયો અને કષાયોથી જીતાએલો છું એ વાત મારા ધ્યાન બહાર જાય નહિ.' આથી તેમણે પોતાની ખામી સંભળાવનારની ગોઠવણ કરી મુકુટબદ્ધ રાજાઓ પણ જે સમયે સેવામાં હાજર હોય. તેવા સમયે ભરસભામાં આવીને મને કહેવું કે, 'તમે જીતાએલા છો !' જીતાએલા છો એટલું જ નહિ, પણ એમેય કહેવું કે 'તમારે માથે ભય વધતો જાય છે. એથી પણ આગળ. એમ પણ કહેવું કે, 'હવે તો આત્માને હણતાં અટકો, અટકો !' એમના હૈયામાં કેટલી હદ સુધીની આત્મચિન્તા હશે ? આ બધું તે સાધર્મિકોના મુખે સાંભળવાનું, કે જેમના ખાનપાન આદિની સઘળી જ વ્યવસ્થા પોતે કરે છે ! પોતે છ ખંડના સ્વામી, કહેવા માટેનું સ્થાન તે કે જયાં સંખ્યાબંધ મુકુટબદ્ધ રાજાઓ પણ સેવામાં હાજર છે અને કહેવાની વાત એ કે 'આપ જીતાએલા છો, ભીતિ વધ્યે જાય છે, હણો નહિ, હણો નહિ !' આ જેવી તેવી વાત છે ?

## ખામી સંભળાવનાર રાખો

શ્રી ભરત ચક્રવર્તી જેવા પોતાની ખામી સાંભળવાને માટે આટલા ઉત્સુક અને તમે ? તમને તમારો નોકર તમારી ખામી બતાવે તો ? તમે જેને તમારાથી ઉતરતા દરજાનો માનતા હો, તે તમને તમારી ખામી બતાવે તો ? તમે જેને કાંઈક ખટાવતા હો, તે તમને તમારી ખામી બતાવે તો ? એને આંખમાં ઘાલીને એનું અહિત ન કરો, તો એટલા તમે સારા ગણાઓ, એમજ ને ? જે માણસો સદ્ગુરૂ દ્વારા દેખાડાતી ખામીઓને પણ સહી શકતા ન હોય, તે માણસો આશ્રિતો આદિ જો ખામી કહે, તો તો તેનું અપમાન ને અહિત જ કરવા તૈયાર થાય, એમાં નવાઈ શી છે ? જેનામાં આત્માના હિતાહિતનો વિચાર

કરવાની અને આત્મહિતની દૃષ્ટિએ ખામી બતાવવાની તાકાત હોય, એવા આદમીને તો એવો અપનાવી લેવો જોઈએ, એવો નિર્ભય બનાવી દેવો જોઈએ અને એવો તો ઉત્સાહિત બનાવી દેવો જોઈએ, કે જેથી એ સૂતો સૂતો પણ આપણા હિતની જ ચિન્તા કર્યા કરે. સદ્ગુરૂઓ તો છે જ, પણ સુખી માણસોએ પોતાના ભલાને માટે આવા વધુ નહિ તો એકાદ આદમીને તો જરૂર શોધી લેવો જોઈએ. એથી, પુણ્યોદયે પ્રાપ્ત સામગ્રીનો દુરૂપયોગ થતો અટકશે અને સદુપયોગ થશે. એવા આદમીની પસંદગી કરતાં વિચાર કરજો. તમારી સાહાબીથી અંજાઈ ન જાય કે તમે એને જે કાંઈ આપો એથી લોભાઈ ન જાય, એવો એ જોઈએ. તમારે એને વધુમાં વધુ આપવાનું, પણ વધુ લેવાને માટે એ તમારો ભાટ ન બની જાય એટલી એનામાં લાયકાત હોવી જ જોઈએ. પૈસાદારને મોઢે વખાણનારા તો આ જમાનામાં ડગલે ને પગલે મળી રહે છે, પણ ખોટ છે, ખામી બતાવનારની. અને તેમાં દોષ પૈસાદારોના ઘમંડનો પણ છે. ઘમંડ ન હોય, પ્રશંસાની તેવી ચાહના ન હોય, તે છતાં પણ ખામી બતાવનારને અપનાવવા તૈયાર થવું એ સહેલું નથી. ભરત મહારાજા ચક્રવર્તી હતા અને છતાં પણ એ માટે તૈયાર હતા, કારણકે, એ પોતાની ખામીને સમજતા હતા. એટલું જ નહિ, પણ તેને સુધારવાને ય ઈચ્છતા હતા.

### પાપ વિના દુઃખ સંભવે જ નહિ.

અહીં તો મહાસતી શ્રીમતી સીતાજી, પૂર્વના દુષ્કર્મથી દુષિત એવા પોતાના આત્માને નિન્દિ રહ્યાં છે. એ ધારે તો આ સંકટ માટે બીજાને દોષ દઈ શકે તેમ નથી ?

**સભા** : પોતે નિર્દોષ છે, એટલે બીજાઓને દોષ દઈ શકે તેમ તો છે જ.

**પૂજ્યશ્રી** : છતાં, એ બીજાઓની નિન્દા નથી કરતાં, પણ પોતાના આત્માની જ નિન્દા કરે છે કારણકે, એ જેમ નિર્દોષ છે, તેમ વિવેકી પણ છે. શ્રીમતી સીતાજી પોતાના આત્માની ખામી સમજી શકે છે. કલંક આવ્યું તે પોતાને શિરે જ કેમ આવ્યું ? શ્રી રામચન્દ્રજીની

પત્નીઓ ચાર. છતાં ત્રણને શિરે કલંક નહિ અને મારે શિરે કલંક કેમ? શ્રી રામચન્દ્રજી જેવા ગંભીર અને વિવેકી સ્વામીને પણ મારો ત્યાગ કરવાનો વિચાર કેમ આવ્યો ? શ્રીમતી સીતાજી સમજે છે કે, આ સંકટ મારા આત્માએ જ ઉભું કરેલું છે. હું નિર્દોષ તો આ ભવમાં, પણ પૂર્વે દોષ કર્યા હશે તેનું શું ? જો અશુભ કર્મનો ઉદય ન હોય, તો એક વાળ પણ વાંકો કરવાની ઈન્દ્રની પણ તાકાત નથી. જો વગર પાપે જ કોઈ કોઈને પીડી શકતું હોય તો લુંટારાઓ શ્રીમાન્‌ને શ્રીમાન્ રહેવા દેત નહિ. અને દુર્જનો સાધુને સાધુ રહેવા દેત નહિ. નબળો શેઠાઈ કરે અને સબળો હુકમ ઉઠાવે. સંસારમાં દેખાઈ રહેલ આ બધી વિચિત્રતા ખરેખર પૂર્વકૃત પુણ્ય-પાપ વિના શક્ય નથી. શ્રીમતી સીતાજી સમજે છે કે, આમ થવામાં નિમિત્ત ગમે તે હોય, બીજાઓની આમાં ભૂલ છે, એની ના નહિ, પણ આ બધાયને ઉત્પન્ન કરનારી જે મૂળ વસ્તુ છે. તે તો, મારા આત્માનું પૂર્વકૃત દુષ્કર્મ જ કારણરૂપ છે. જો એ મારૂં પોતાનું દુષ્કર્મ ન હોત. તો કોઈ જ મને આવા સંકટમાં મૂકી શકત નહિ. એમ શ્રીમતી સીતાજી જાણે છે અને માટે જ શ્રીમતી સીતાજી બીજા કોઈને નહિ નિંદતા, પોતાના આત્માને નિંદે છે.

### કૃતજ્ઞ બનવાથી થતા લાભો અને કૃતઘ્ન બનવાથી થતા નુકશાનો

આપણા જીવનમાં જો કાંઈ સારૂં થાય તો કોઈનો પણ ગુણ માનવો નહિ. અને ખરાબ થાય તો દેવાય તેટલો બીજાને દોષ દેવો. એ અજ્ઞાન લોકની ખાસિયત છે. સજ્જનો સારામાં સૌના ગુણોને યાદ કરે અને ભૂંડું થાય તો કેવળ પોતાનો જ દોષ માને, જ્યારે દુર્જન લોકો સારામાં કોઈનો ય ગુણ ગણે નહિ, પોતાની આવડતને આગળ કરે, ને મનમાં ફુલાય. અને જો ખરાબ થાય તો જેને ને તેને દોષ દીધા વિના રહે નહિ. ને આમ કરી તે બિચારા અજ્ઞાની જીવો કેવળ કર્મબંધ કરીને સંસારનું પરિભ્રમણ વધારે છે.

**સભા :** જેમ ભૂંડું પોતાના પાપના ઉદય વિના થતું નથી. તેમ સારૂં પણ પોતાના પુણ્યના ઉદયથી જ થાય છે. તો પછી બીજાનો ઉપકાર માનવાની જરૂર શી ?

**પૂજ્યશ્રી :** એ વાત સાચી છે કે. પોતાના પુણ્યના ઉદય વિના બીજાઓ ગમે તેટલા પ્રયત્નો કરે, તોય આપણું સારુંથાય નહિ, પણ આપણા સારા કે ભલાને માટે સામાએ જે કાંઈ પ્રયત્નો કર્યા, તેને આપણે કેમ ભૂલી શકીએ ? સામાએ આપણું ભલું ચિન્તવ્યું, આપણું ભલું થાય એ ઈરાદે પ્રયત્ન કર્યો, અને આપણા પુણ્યોદયનો યોગ મળતા એ પ્રયત્ન સફળ થયો. પણ સામાનાં અંતરમાં આપણા ભલાની ભાવના હતી, સામાએ એ ભાવનાથી આપણા ભલાનો પ્રયત્ન કર્યો. એ આપણે જાણીએ છીએ, તે છતાં તેનો ઉપકાર ન માનીએ, તો આપણે કૃતઘ્ન જ કહેવાઈએ ને ?

કૃતજ્ઞતા એ પણ એક અનુપમ કોટિનો મહાન સદ્‌ગુણ છે. કૃતજ્ઞતા ગુણમાં એ પ્રકારની મહત્તા છે કે. એ સામાની અને આપણી પણ પરહિતની ભાવનાને વિકસિત બનાવે છે. જ્યારે કૃતઘ્ન આત્માઓ, પરહિત ચિન્તારૂપ મૈત્રીના સ્વામી. કોઈ કાળે બની શકતા નથી. પોતાની ઉપર ઉપકાર કરનારના ઉપકારને પણ જે ગણતો નથી. એ આત્મા બીજાઓ ઉપર ઉપકાર કરવાની વૃત્તિવાળો બને, એ અસંભવિત પ્રાયઃ છે.

ખરી વાત તો એ છે કે, કલ્યાણના અર્થી આત્માઓએ, 'આ સંસારમાં વિદ્યમાન એવા સર્વ આત્માઓનું ભલું જ થાઓ, પણ કોઈનું ય ભૂંડું ન થાઓ' એવા પ્રકારની ઉત્તમ ભાવના કેળવવી જોઈએ, આત્માને એવો બનાવવો જોઈએ કે, જેથી એ સૌ કોઈનાં કલ્યાણમાં જ રાચે, સૌ કોઈનાં હિતમાં જ રાચે પણ કોઈનાય ભૂંડામાં રાચે નહિ. પોતાનું ભૂંડું કરનારના પણ ભૂંડામાં તે કદિ રાચે નહિ. અજાણતાં પણ કોઈનું અહિત થઈ જાય, કે ભૂંડું થઈ જાય તો એને માટે આપણને દુઃખ થવું જોઈએ. ભૂંડું કરનારનું પણ ભલું થાઓ, એ

ભાવના હોવી જોઈએ. મારા પ્રત્યે દુશ્મનાવટ રાખનાર પણ કલ્યાણને પામે, એવી અંતરમાં મનોવૃત્તિ હોવી જોઈએ.

જીવનમાં આ ભાવનાનો શક્ય એટલો અમલ પણ હોવો જોઈએ. આ ભાવના વિના વિશિષ્ટ ધર્મને કોઈપણ આત્માર્થી આત્મા યથાર્થરૂપે કોઈ રીતે પામી કે આરાધી શકે, એ શક્ય નથી. હવે જ્યાં આપણા પ્રત્યે દુશ્મનભાવ રાખનારનાં પણ કલ્યાણની ભાવના હોવી જોઈએ, ત્યાં આપણા ભલાનું ચિન્તવન કરનાર અને આપણા ભલાને માટે પ્રયત્નશીલ બનનારનો ઉપકાર માનવાનો હોય કે નહિ ?

**સભા :** ઉપકાર માનવો જ જોઈએ.

**પૂજ્યશ્રી :** જેનામાં અંશે પણ કૃતજ્ઞતા ગુણ હોય, તે તો ભલું કરનારનો ઉપકાર માનવાનું ચૂકે જ નહિ. કૃતજ્ઞતા ગુણથી દેખીતી રીતે પણ ઘણા ફાયદા થાય છે. તમે સામાના થોડા પણ ઉપકારને પ્રધાન બનાવી તેનો ઉપકાર માનો, એથી તમારા ભલાને માટે વધુ પ્રયત્ન કરવાની વૃત્તિ સામાના અન્તરમાં ઉદ્દભવે છે, તેમજ બીજા પણ આત્માઓનું ભલું કરવાને એ ઉત્સાહિત બને છે.

આ રીતે ભલામાં સારામાં બીજાનો ઉપકાર માનવારૂપ કૃતજ્ઞતા ગુણ જેનામાં છે, તે કૃતજ્ઞ આત્મા સ્વ-પર ઉભયનો ઉપકાર સાધી શકે છે. વળી જે પોતાની ઉપર અન્ય આત્માઓએ કરેલા થોડાપણ ઉપકારને પ્રધાન બનાવી, પોતાની ઉપર ઉપકાર કરનાર અન્યનો ઉપકાર માનવા તૈયાર થાય છે, તે કૃતજ્ઞ આત્માની પરહિતની વૃત્તિ, એ કારણે પણ વિકાસ પામે છે.

બીજી તરફ કૃતઘ્ન આત્મા સામામાં રહેલી સ્વ-પરની ઉપકાર કરવાની વૃત્તિનો ઘાતક બને છે. તમારા ઉપર ઉપકાર કરનાર વિશિષ્ટ કોટિના આત્માની વાત જુદી છે, પણ જો એ સામાન્ય કોટિનો આત્મા હોય તો તમને કૃતઘ્નપણે વર્તતા જોઈને એમ વિચારે કે, 'આ દુનિયામાં કોઈનું ભલું કરવા જેવું જ નથી. ઉપકાર કરીએ તો ય આજના જીવો ઉપકારનો બદલો અપકારથી વાળે છે.' ઉપકાર

કરનારનાં હૈયામાં આવી દુર્ભાવના પેદા થવામાં તમે તેના પર આચરેલી તમારી કૃતઘ્નતા નિમિત્તરૂપ બને, તો એથી તમે જેવા તેવા પાપમાં પડતા નથી. ઊલ્ટું મહાપાપમાં પડો છો. તમને એ પણ નુકશાન થવું સંભવિત છે કે, ફરીથી કોઈ અવસર આવી લાગે, તો તમારી કૃતઘ્નતાને જાણનારો તમારા ઉપર ઉપકાર કરવાને જો તે સામાન્ય કોટિનો આત્મા હોય તો ઉત્સાહિત ન બને. આમ કૃતઘ્ન આત્માઓ પોતાનું અહિત તો સાધે જ છે. પણ સામાન્ય કોટિના પરોપકારશીલ આત્માઓનાં પણ હૃદયને પરોપકારની ભાવનામાં મન્દ બનાવવા આદિથી, બીજાઓનું પણ અહિત સાધે છે.

આ ઉપરથી તમે સમજી શક્યા હશો કે, સામાનો આપણા ભલાને માટેનો પ્રયત્ન, આપણા પુણ્યયોગે જ સફળ નિવડતો હોવા છતાં પણ, આપણે તો આપણા ઉપર ઉપકાર કરનાર આત્માના થોડામાં થોડા પણ ઉપકારને કદિયે ભૂલવો જોઈએ નહિ.

### દુઃખ આવ્યે તેમાં નિમિત્તભૂત બનનારાઓની નિન્દા કરવાથી હાનિ જ થાય છે

સભા : થોડો પણ ઉપકાર કરનારનો ઉપકાર માનવો જોઈએ, એ વાત તો બરાબર છે પણ જ્યારે આપણા પુણ્યના યોગ વિના સામાના ઉપકારના પ્રયત્નો ફળતા નથી, છતાં સામાનો ઉપકાર માનવો એ વ્યાજબી છે, ત્યારે અપકારને કરનારના અપકારને જોવો અને તેના દોષને વિચારવો એમાં વાંધો શો ?

**પૂજ્યશ્રી** : આવો પ્રશ્ન કરવાના હેતુથી જ તમે પહેલો પ્રશ્ન પૂછ્યો છે, એમ તે વખતે જ જણાઈ આવતું હતું, અને એથી એવો જ ખુલાસો કરવામાં આવ્યો છે, કે જેથી આ પ્રશ્ન ઉદ્ભવે નહિ. આમ છતાં તમે પૂછ્યું છે, તો વિસ્તારથી ખુલાસો કરી દઈએ. તમારા ઉપરના ઉપકારમાં નિમિત્ત બનનારનો તમે ઉપકાર માનો, એમાં તો આપણે વિચાર્યું કે, 'તમને પણ લાભ છે, ઉપકાર કરનારને પણ લાભ છે અને બીજા જીવોને પણ લાભ છે.'

હવે તમે કહો કે, દુઃખ આવ્યે તમારા પોતાના પૂર્વના દુષ્કર્મથી દુષિત એવા આત્માને નહિ નિન્દતાં, એ દુઃખ આવવામાં નિમિત્તભૂત બનનાર બીજા જે કોઈ હોય તેને તમે નિન્દો, એથી લાભ શો ? તમને લાભ થાય ? દુઃખમાં નિમિત્ત બનનારને લાભ થાય ? કે બીજાને લાભ થાય ? તમને, તેને કે કોઈને પણ કશો લાભ થતો હોય તો તે બતાવો !

**સભા :** ખાસ લાભ તો દેખાતો નથી.

**પૂજ્યશ્રી :** સામાન્ય લાભ દેખાતો હોય તો તે બતાવો.

**સભા :** ત્યારે પોતાના આત્માની નિન્દા કરવાથી પણ શો લાભ થઈ જવાનો ?

**પૂજ્યશ્રી :** ઘણો જ. પૂર્વના દુષ્કર્મથી દુષિત એવા પોતાના આત્માની નિન્દા કરનારનાં અંતરમાં એ ભાવના સહજ રીતે પ્રગટે છે કે, 'દુષ્કર્મ, એ ખરેખર ત્યજવા જેવી વસ્તુ છે. દુષ્કર્મ કરીએ અને દુઃખ ન ઈચ્છીએ એ કાંઈ ચાલે-કરે નહિ. દુષ્કર્મ કરીએ છીએ, તો દુઃખ મળવાનું એ નક્કી વાત છે, આથી આવા દુઃખની ભવિષ્યમાં પ્રાપ્તિ ન થાય એ માટે, મારે હવે દુષ્કર્મથી બચવું એ જ ઉત્તમ ઉપાય છે.'

પૂર્વના દુષ્કર્મથી દુષિત એવા પોતાના આત્માની નિન્દા કરનાર, જેમ દુષ્કર્મનાં આચરણથી વિમુખ બનવાની પવિત્ર ભાવનાવાળો બની શકે છે, તેમ સત્કર્મની આચરણમાં મગ્ન બનવાની ભાવનાવાળો બની શકે છે.

સુંદર ભવિતવ્યતા આદિના યોગે એ આત્મા કોઈના તરફથી આવેલા દુઃખના પ્રસંગમાં એ મુજબ સમજી શકે છે કે, 'આ સંસારમાં દુઃખનું કોઈ કારણ હોય તો તે કર્મ છે. આત્મા સાથેનો જડ કર્મોનો યોગ, એ જ સારાય દુઃખની જડ છે, આત્માના સુખને ઢાંકી દેનાર, આત્માને સાચા સુખના આસ્વાદથી વંચિત રાખનાર જો કોઈ વસ્તુ હોય, તો તે આત્માની સાથે એકમેક જેવાં બની ગયેલાં કર્મો જ છે.'

આથી દુ:ખના નાશનો અને સુખની પ્રાપ્તિનો વાસ્તવિક માર્ગ એ જ છે કે, આત્માને જડ કર્મોના યોગથી મુક્ત બનાવવાના પ્રયત્નમાં લાગી જવું. એ માટે કરવું શું પડે ? કર્મનાં આગમનનાં-આશ્રવનાં જેટલાં સ્થાનો છે, તેનો ત્યાગ કરવો પડે. કર્મોનાં આગમનને અટકાવવા રૂપ સંવરનો સત્કાર કરીને, પૂર્વનાં કર્મોને આત્માથી અલગ કરવારૂપ નિર્જરાના ઉપાસક બનવું પડે. આથી થાય શું ? પાપક્રિયા બંધ થાય, યોગો ને ઈન્દ્રિયો સંયમમાં આવી જાય અને સંયમશીલ બની તપશ્ચર્યામાં ઉજમાળ બનાય. વિચારો અને કહો કે, આત્મનિંદા કરવાથી લાભ થાય કે નહિ ?

**સભા :** અદ્‌ભુત લાભ થાય.

**પૂજ્યશ્રી :** ચોક્કસ ?

**સભા :** શંકા વિનાની વાત.

**પૂજ્યશ્રી :** આથી વિવેકપૂર્વક વિચારવાથી તમને એ સ્પષ્ટ રીતે સમજાશે કે આત્મનિંદા કરવાથી કેટલો બધો લાભ છે. માટે જ દુષ્કર્મથી દુષિત પોતાના આત્માની તો વિવેકી આત્માઓએ વારંવાર નિન્દા કરવી જ જોઈએ. દુ:ખ આવ્યે પોતાના દુષ્કર્મથી દુષિત આત્માની નિન્દા નહિ કરતાં, આપણે જો આપણી અજ્ઞાનતાના કારણે તેમાં નિમિત્તભૂત બનનારાઓની નિન્દા કરવાને મંડી પડીએ, તો આપણાં હૈયામાં વૈરની આગ સળગે, સામો આત્મા આ વાત જાણે એટલે એના હૃદયમાં પણ આપણા પ્રત્યે દ્વેષભાવ પ્રગટે અને શિષ્ટજનોને પણ આપણા માટે એમજ થાય કે, 'આ માણસ નિન્દક છે.'

માટે જ આપણે પહેલાં વાત એ કરી છે કે, દુશ્મનનું પણ ભલું થાઓ, એ ભાવના આપણાં હૈયામાં હોવી જોઈએ. દુ:ખ આવતાં તમે પૂર્વના દુષ્કર્મથી દુષિત એવા તમારા આત્માને નહિ નિન્દતાં, તેમાં નિમિત્તભૂત બનનારાઓને જો નિન્દવા મંડી પડો, તો તમારામાં

પરહિત-ચિન્તારૂપ મૈત્રી ભાવના આવે કે ટકે શી રીતે ? ઊલ્ટું સામાના અહિતની જ ભાવના આવે. એથી સ્પષ્ટ છે કે, આપણા પુણ્યના યોગે જ આપણું ભલું થતું હોવા છતાંપણ, સામાના થોડા પણ ઉપકારને પ્રધાન બનાવીને, સામાનો ઉપકાર માનવામાં જ્યારે એકાન્તે લાભ છે, ત્યારે એ વાતને બરાબર અંતરમાં વાસ્તવિક રીતે નહિ સમજતાં આપણા પર આવેલાં દુઃખમાં બાહ્ય દૃષ્ટિએ નિમિત્ત બનનારની નિન્દા કરવામાં પ્રવૃત્ત થવાથી એકાન્તે ગેરલાભ છે.

### સાંભળો ને સમજણપૂર્વક વિચારો !

આ વસ્તુને નહિ સમજનારાઓ, આ જગતના અજોડ ઉપકારી શ્રી અરિહન્ત પરમાત્માના અનંત ઉપકારોને પણ શી રીતે જાણી અને માની શકશે ? જેઓ કૃતજ્ઞ નથી, તેઓ દેવ-ગુરૂના પરમ ઉપકારને ય જાણે અને માને શી રીતે ? વિચાર કરો કે, શ્રી અરિહન્તદેવને સર્વશ્રેષ્ઠ અને અજોડ ઉપકારી તરીકે વર્ણવાય છે, તેનો હેતુ શો છે ?

**સભા** : એમણે મોક્ષમાર્ગ પ્રવર્તાવ્યો છે એથી !

**પૂજ્યશ્રી** : ગોખાઈ ગએલું, સાંભળેલું કે રૂઢ બની ગએલું નહિ બોલતાં, જે બોલો તે વિચારપૂર્વક જ બોલજો, કે જેથી નહિ સમજ્યાં હો તો સમજી લેવાની તક મળશે.

**સભા** : મેં કહ્યું તે ખોટું છે ?

**પૂજ્યશ્રી** : તમે જે કહ્યું તે ખોટું નથી, પણ તમે જે બોલ્યા તે સમેજ પૂર્વક બોલ્યા છો કે નહિ ? એ વિચારવાનું હું સૂચવી રહ્યો છું.

તમે કોઈને એમ કહો કે, 'શ્રી અરિહન્તદેવોએ મોક્ષમાર્ગ પ્રવર્તાવ્યો, એથી એ તારકો આ વિશ્વના સર્વશ્રેષ્ઠ અને અજોડ ઉપકારી છે.' હવે આ વખતે સામો જો કદાચ તમને એમ કહે કે, મોક્ષમાર્ગ એમણે ભલેને બતાવ્યો, પણ આપણે મોક્ષ ક્યારે પામવાના ? આપણે મોક્ષ તો આપણા પુરૂષાર્થથી જ પામવાના ને ? આપણે પ્રયત્ન કરીએ નહિ અને શ્રી અરિહન્તદેવો મોક્ષ દઈ દે, એ બનવાનું છે ?

અને જ્યારે આપણા પ્રયત્ન વિના મોક્ષ મળે તેમ નથી, તો પછી એ ઉપકારી શાના ? - તો તમે શો જવાબ દો ?

**સભા :** આ વાત વિચારવા જેવી છે.

**પૂજ્યશ્રી :** માટે અહીં જે કાંઈ સાંભળો, તેને વિચારતાં શીખો, વિચારો અને ન સમજાય તો પૂછો. પૂછો ને જે જવાબ સારી રીતે મળે તેના ઉપર પુનઃ પુનઃ વિચાર કરો. ફરી પૂછવાની જરૂર જણાય તો ફરીવાર પૂછો, પણ સાંભળેલી વાતને એવી દ્રઢપણે આત્મામાં સ્થિર બનાવી લો, કે જેથી ગમે તેવા કુવિકલ્પોની સામે કે કુતર્કોની સામે તમે ટકી શકો. ક્ષયોપશમની તરતમતા આદિના યોગે ઓછું-વધતું સમજાય એ બને, સમજાએલી અને દ્રઢપણે હૃદયમાં સ્થિર બનાવેલી સાચી પણ વાતની સામેના દરેક વિકલ્પોનો, સચોટ ઉત્તર આપવાની દરેકમાં શક્તિ હોય, એ બનવાજોગ નથી, પણ બને તેટલી રીતે વસ્તુને વસ્તુનાં સાચા સ્વરૂપે સમજી લેવાનો પ્રયત્ન કરવામાં ઉપેક્ષા સેવવી જોઈએ નહિ.



## બુદ્ધિની સાર્થકતા શામાં ?

આજે તત્ત્વવિચારણા નષ્ટ પ્રાયઃ થતી જાય છે, અને એથી શાસ્ત્રની સુગમ પણ વાતોમાં મૂંઝવણ ઉભી થતાં વાર લાગતી નથી. આથી ઉપકારીઓ ફરમાવે છે કે, બુદ્ધિનું ફળ તત્ત્વ વિચારણા છે. તત્ત્વનાં સ્વરૂપની વિચારણામાં બુદ્ધિનો જેટલો-સદુપયોગ કરાય, તે સાર્થક છે. પણ આજે બુદ્ધિ મળ્યાની સાર્થકતા શામાં મનાઈ રહી છે ? આજે બુદ્ધિ મળ્યાની સાર્થકતા કોઈપણ ભોગે દુન્યવી હિત સાધવામાં મનાઈ રહી છે.

'લક્ષ્મી, સત્તા, કીર્તિ અને ભોગસુખો કેમ વધારે મળે ? અને કેમ વધારે ટકે,' એની જ વિચારણામાં આજે બુદ્ધિ મળ્યાની સાર્થકતા મનાઈ રહી છે. પણ 'તત્ત્વ-વિચારણા, એ જ બુદ્ધિને સફળ બનાવનાર છે-બુદ્ધિનું વાસ્તવિક ફળ તત્ત્વવિચારણા જ છે.'- આ

વાતને યથાર્થપણે માનનારાઓની સંખ્યા કેટલી? જૂજ : અને લક્ષ્મી, સત્તા કીર્તિ તથા ભોગસુખો આદિ કેમ વધારે મળે ? અને કેમ વધારે ટકે ? એની વિચારણા આદિ પોતાને મળેથી બુદ્ધિની સફળતા માનનારા કેટલા ?

**સભા** : એ તો ગણ્યા ગણાય નહિ, અને વિણ્યા વિણાય નહિ, એટલા બધા છે.

**પૂજ્યશ્રી** : પૂર્વકાળમાં ય એવાઓ તો હતા જ, પણ તત્ત્વ વિચારકોની સંખ્યા આજના જેટલી જૂજ નહિ પણ ઘણી ઘણી વધારે હતી. પૂર્વકાળમાં આર્ય સંસ્કૃતિ જીવંત હતી, સાધુ મહાત્માઓના પરિચયના કારણે તત્ત્વ વિચારણા ઘરે ઘરે થતી હતી, પૂર્વ કાળમાં જડવાદ તરફ આટલો બધો ઝોક નહિ હતો. જડના યોગથી ઉત્પન્ન થતા ક્ષણિક અને પરિણામે દુ:ખદાયી સુખોને માટે પ્રયત્ન કરવા છતાં પણ, પૂર્વકાળમાં આત્માનો વિચાર આવતો અને એથી અનીતિ આદિનો આજના જેટલો ફેલાવો નહિ હતો. જેથી આજે ધર્મભાવનાનો હ્રાસ થતો ગયો. અને જડવાદ વધવાના કારણે નાસ્તિક્તા સ્વચ્છંદાચાર તેમજ અનૈતિકતાનું પ્રમાણ દિન-પ્રતિદિન વધતું જ ચાલ્યું છે. તત્ત્વ-વિચારણા જેમ જેમ ક્ષીણ થતી ગઈ, તેમ તેમ સદ્ભાવનાઓ અને સદાચારોનું પ્રમાણ ઘટવા માંડ્યુ, તથા દુર્ભાવનાઓ અને દુરાચારોનું પ્રમાણ વધતું ચાલ્યું.

### તત્ત્વ વિચારણા માટે આજે કેટલો સમય જાય છે ?

આજે તમારા જીવનમાં તત્ત્વવિચારણાને કેટલું સ્થાન છે ? દિવસના ચોવીસ ક્લાકમાં તત્ત્વવિચારણા માટેનો સમય કેટલો ? રોજ નહિ, તો મહિનાના ત્રીસ દિવસોમાંથી કેટલા દિવસોએ અમુક સમયને માટેય તત્ત્વવિચારણા કરવાનો નિર્ણય છે ? મહિનામાં એવો એક દિવસે ય ખરો કે નહિ ? બાર મહિનામાં પણ એવા દિવસ કેટલા ? કેમ સાવ મૌન ?

**સભા** : આમાં બોલવું શું ?

**પૂજ્યશ્રી :** લજ્જાના માર્યા નથી બોલતા કે બીજું કાંઈ કારણ છે ? તત્ત્વવિચારણા નથી કરતા, એ આપણે માટે બહુ શરમભર્યું છે. એમ લાગે છે, માટે નથી બોલતાકે નહિ બોલવામાં બીજો કોઈ આશય છે ?

**સભા :** વ્યાખ્યાન સાંભળવા આવીએ એટલું.

**પૂજ્યશ્રી :** વ્યાખ્યાન પણ દત્તચિત્તે સાંભળો છો ? વ્યાખ્યાન સાંભળતી વેળાએ પણ ચિત્તના વલોપાતને દૂર કરો છો ? ઘડીયાળ તરફ નજર કેટલીવાર જાય છે ? સુખી માણસોને પણ પેઢી કેટલીવાર યાદ આવે છે ? વ્યાખ્યાનમાં જે સંભળાવાય, તેનો વિચાર કરવો અને શક્યનો અમલ કરવો, એવી ભાવના કેટલાની ? વ્યાખ્યાન પણ જો યથાવિધિ નિયમિત સાંભળવાનો પ્રયત્ન થાય, તોય જીવનમાં ઘણો ફેર પડી જાય. વ્યાખ્યાન જેવી રીતે, સાંભળવું જોઈએ, તેવી રીતે સાંભળવાનો પ્રયાસ થાય, તો સેંકડો વ્યાખ્યાનો સાંભળવાનો દાવો કરનારા પણ કેટલાકો દયાપાત્ર જીવન જીવનારા જોવાય છે. એ બને ખરૂં ? ખરેખર, તત્ત્વવિચારણા તરફના દુર્લક્ષ્યે અનેક અનિષ્ટોને ઉત્પન્ન કરી દીધાં છે. એના જ યોગે, વારંવાર કહેવાએલી, સમજાવાએલી અને ચર્ચાએલી એવી પણ વાતો માટે, જ્યારે ને ત્યારે વિકલ્પો ઉઠે છે, અને પ્રશ્નો પૂછવામાં આવે છે.

**સભા :** આત્માના હિતની જેટલી જોઈએ તેટલી અમારામાં દરકાર નથી એથી જ આમ બને છે.

**પૂજ્યશ્રી :** આટલું પણ તમને લાગે છે, એ આનંદનો જ વિષય છે. તમે વારંવાર પૂછો એનો કંટાળો નથી, પણ તમારામાં જરૂરી દરકાર પ્રગટે એ હેતુથી જ આ કહેવાય છે. સુખી થવું હોય, તો આત્માના હિત તરફની બેદરકારી ટાળ્યા વિના ચાલે તેમ નથી, એ ચોક્કસ વાત છે.




# ૨

આપણા આત્માએ અનન્તકાળમાં નરક-નિગોદના દુઃખો અનંતીવાર વેઠ્યાં. માત્ર વેઠ્યાં, જ એટલું નહીં, પણ જ્યારે-જ્યારે તક મળી ત્યારે-ત્યારે દુઃખો ટાળવા અને સુખો મેળવવા મહેનત કરવામાં કશું બાકી રાખ્યું નથી. છતાં પૂરેપૂરા આપણા દુઃખો ટળ્યાં નહિ ને સાચા સુખો મળ્યા નહિ. આમાં આપણું અજ્ઞાન જ અપરાધી છે.

**"અનુકૂળ એવી જડવસ્તુઓના કે જડના યોગવાળી સચેતન વસ્તુઓના યોગમાં જ સુખ છે."** એવા આપણા ભ્રમને સચોટપણે સમજાવીને આત્માની સાથે એકમેક થયેલા જડકર્મોના યોગનો નાશ કરવામાં જ, આત્માને પરિપૂર્ણ અને શાશ્વત સુખની પ્રાપ્તિ છે. આવી રીતે સુખનો ભ્રમ પણ ટાળવા સાથે સુખનું સાચું સ્વરુપ અને તેને મેળવવાનો ઉપાય શ્રી અરિહંત ભગવંતોએ દર્શાવ્યો છે. જે મોક્ષમાર્ગરુપ છે, આ તેઓનો અનુપમ ઉપકાર છે. જે અહીં વિસ્તારથી વર્ણવાયો છે.

સાથે-સાથે સીતાજીના પુણ્યપ્રભાવે વજ્જંઘરાજાની અચિન્ત્ય સહાય તથા પુંડરિકપુરીમાં તેઓના ગમનનું વર્ણન અહીં કરાયું છે.

-શ્રી

## શ્રી અરિહંતો આપણા અનંતકાળના અજ્ઞાનને ટાળનારા

- માર્ગ રુચે તો...
- સદ્‌ગુરુનો પણ ઉપકાર અનન્ય છે
- દુશ્મન મટી મિત્ર બનો
- આપણને દુષ્કર્મ તરફ રોષ છે ?
- સેના જોવા છતાં ભય નહીં
- જીવન કે મૃત્યુ કેવું ઈચ્છાય?
- શ્રીમતી સીતાજી નમસ્કારમાં પરાયણ
- સૈનિકોને ડર લાગવો
- સ્વર-ઉપરથી નિશ્ચય
- દયા વિનાનો માનવ, માનવ જ નથી
- રાજાજીનું શ્રીમતી સીતાજી પ્રત્યે કથન
- ગુણાનુરાગમાંથી ઉત્પન્ન થતો રોષ પ્રશસ્ત છે.
- કષાયમાં પણ ભેદ
- ઉપાશ્રયોમાં તો ધર્મ સિવાય કાંઈ જ ન થાય
- ઉપાશ્રયનો દુરુપયોગ અટકાવવો જ જોઈએ
- દુનિયામાં દુષ્ટાત્માઓનો તોટો નથી
- રાજાના મંત્રીનો ખુલાસો
- શ્રીમતી સીતાજીએ પોતાનો વૃત્તાંત કહ્યો
- એકધર્મી તરીકેનું બન્ધુત્વ
- ધર્મની પ્રીતિ વિના સાચું સાધર્મિક વાત્સલ્ય નહિ
- વજ્રજંઘની વિનંતી
- રાજા વજ્રજંઘની નિર્વિકારતા
- શ્રીમતી સીતાજી પુંડરીકપુરમાં
- સમ્યગ્દૃષ્ટિને પુણ્ય-પાપ બે ય ભોગવતાં આવડે

# ૨

## શ્રી અરિહંતો આપણા અનંતકાળના અજ્ઞાનને ટાળનારા

હવે આપણે શ્રી અરિહંતદેવના સર્વશ્રેષ્ઠ અને અજોડ ઉપકારને લગતી અધૂરી રહેલી વાતને વિચારીએ. ઉપકારને સમજ્યા પછી ઉપકારીને સમજવા, એ બહુ સહેલું છે. મોક્ષની આકાંક્ષા જેમ જેમ તીવ્ર બને તેમ તેમ મોક્ષમાર્ગના પ્રવર્ત્તનમાં રહેલા ઉપકારને સમજી શકાય. સૌ કોઈનો આત્મા અનંતકાળથી આ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતા આપણા આત્માએ, અનંતીવાર જન્મ-જરા-મરણાદિનાં દુ:ખો ભોગવ્યાં છે. આપણા આત્માએ નરકનાં દુ:ખો પણ વેઠ્યા છે, નિગોદનાં દુ:ખો પણ વેઠ્યાં છે અને અનેકવિધ અનુકૂળતાઓના અભાવ તથા પ્રતિકૂળતાઓની પ્રાપ્તિ આદિનાં દુ:ખો પણ વેઠ્યાં છે. દુ:ખો વેઠ્યા છે એટલું જ નહિ, પણ જ્યારે જ્યારે આપણને તક મળી છે, ત્યારે ત્યારે આપણે આપણાં દુ:ખને ટાળવાના અને સુખને પ્રાપ્ત કરવાના હેતુથી પ્રયત્ન કરવામાં પણ કમીના રાખી નથી. આમ કરતાં અનંતો કાળ વહી ગયો, છતાં આપણાં દુ:ખનો પૂરેપૂરો અંત આવ્યો નહિ અને આપણને સાચા સુખની પ્રાપ્તિ થઈ નહિ. આમ થવાનું કારણ શું ? આ સ્થિતિને માટે કોઈ વધુમાં વધુ જવાબદાર હોય, તો તે આપણું

અજ્ઞાન છે. સુખ મેળવવાની ઈચ્છા ઓછી હતી કે છે ? નહિ. સુખને પમાડનારા જે કોઇ પ્રયત્ન લાગ્યા, તે સેવવામાં બેદરકારી હતી ? નહિ છતાં દુઃખ જાય નહિ ને સુખ મળે નહિ, એ શાથી ? ઈચ્છા હોય, આળસનો અભાવ હોય અને બનતી મહેનત પણ ચાલુ હોય, તે છતાં અનંતકાળ પર્યન્ત દુઃખ જાય નહિ ને સુખ મળે નહિ, તો એમાં દુઃખનાશના અને સુખપ્રાપ્તિનાં સાચા માર્ગનું અજ્ઞાન, એ જ પ્રબળ કારણ ગણાય ને ?

**સભા :** હા જી.

**પૂજ્યશ્રી :** આપણા એ અજ્ઞાનને ટાળવાનો શ્રી અરિહંતદેવોએ પરમ પરિશ્રમ કર્યો છે. 'અનુકૂળ એવી જડ વસ્તુઓના કે જડના યોગવાળી સચેતન વસ્તુઓના યોગમાં જ સુખ છે' એવા જગતના જીવોના ભ્રમને શ્રી અરિહંતદેવોએ સચોટપણે સમજાવ્યો અને ફરમાવ્યું કે, 'આત્માની સાથે એકમેકરૂપ બનેલા જડ કર્મોના યોગનો નાશ કરવામાં જ, આત્માને જડ કર્મોના યોગથી સર્વથા દૂર કરવામાં જ, પરિપૂર્ણ અને શાશ્વત સુખની પ્રાપ્તિ છે.' આવી રીતે સુખ વિષેના ભ્રમને ટાળવા સાથે અને સાચા સુખની અવસ્થાનો ખ્યાલ આપવા સાથે શ્રી અરિહંતદેવોએ આત્માને જડ કર્મોના યોગથી સર્વથા રહિત બનાવવાનો યથાસ્થિત ઉપાય પણ દર્શાવ્યો. એને જ આપણે મોક્ષમાર્ગ કહીએ છીએ. મોક્ષમાર્ગ દર્શાવ્યો એટલે શું દર્શાવ્યું ? દુઃખથી છૂટવાનો અને પરિપૂર્ણ તથા શાશ્વત સુખને પામવાનો માર્ગ દર્શાવ્યો. આપણે કોણ છીએ, આપણે શાથી દુઃખી છીએ, અનંતકાળ વહી જવા છતાંપણ આપણી સુખની ઈચ્છા ને મહેનત ફળી કેમ નહિ, દુઃખનું કારણ શું સુખનું કારણ શું તથા સુખના ઉપાયને સેવવા માટે શું કરવું જોઈએ ? આ વગેરે શ્રી અરિહંતદેવોએ જણાવ્યું. આમ અનંતકાળથી આપણે જે અજ્ઞાનમાં ફસાઈને સુખની ચાહના અને મહેનત છતાં પણ દુઃખને પામી રહ્યા હતા, તે અજ્ઞાનને જે કોઈ ટાળે તેનો ઉપકાર કેટલો ? વચનાતીત. એ તારક જેવા આપણા અજ્ઞાનને ટાળનારા જો આપણને ન મળ્યા હોત, તો આપણે કોઈ કાળે સુખ પામી શકત ? આવા તારક જેને ન મળે, તેનું દુઃખ તો અનંતકાળેય ટળે નહિ.

**સભા :** આપણું દુ:ખેય હજુ ટળ્યું તો નથી ?

**પૂજ્યશ્રી :** પણ એ તારકે બતાવેલા ઉપાયને બરાબર સેવવાથી દુ:ખ ટળશે અને સુખ મળશે, એમ તો લાગે છે ને ?

**સભા :** હા જી.

**પૂજ્યશ્રી :** જે આત્માઓને 'એ તારકે બતાવેલા ઉપાયને બરાબર સેવવાથી દુ:ખ ટળશે અને સુખ મળશે' એમ નહિ લાગતું હોય, તેઓને 'શ્રી અરિહંતદેવ, એ સર્વશ્રેષ્ઠ અને અજોડ ઉપકારી છે, એમ નહિ લાગે એ નિર્વિવાદ વાત છે. માર્ગ ઉપર રૂચિ પ્રગટ્યા વિના, માર્ગદર્શક ઉપકારક લાગે, એ સંભવિત જ નથી.

### માર્ગ રુચે તો

મોક્ષમાર્ગની રુચિ પ્રગટે તો આત્માનું કલ્યાણ થાય. જે પુણ્યાત્માઓને, અનંત ઉપકારી શ્રી અરિહંતદેવોએ પ્રકાશિત કરેલો મોક્ષમાર્ગ વાસ્તવિક રીતે, રૂચી જાય છે, તેઓના આનંદનો પાર હોતો નથી. તેઓને એમ થઈ જાય છે કે, 'જો શ્રી અરિહંતદેવોએ મોક્ષમાર્ગને પ્રકાશિત ન કર્યો હોત અને અમને જો એ તારકોએ પ્રકાશિત કરેલો મોક્ષમાર્ગ ન મળ્યો હોત, તો અમારૂં થાત શું ? અમે તો સુખની ભ્રમણામાં ને ભ્રમણામાં જ અટવાયા કરત અને એથી અનંતકાળ પર્યન્ત પણ અમારા દુ:ખનો અંત આવત નહિ. ખરેખર, અમને અનંતકાળના રૌદ્ર દુ:ખોથી ઉગારી લેનાર કોઈ હોય, તો તે શ્રી અરિહંતદેવો જ છે. એ તારકોના જેવો બીજો કોઈ ઉપકારી સંસાર સમસ્તમાં પાક્યો ય નથી અને પાકશે પણ નહિ.'

**સભા :** 'મોક્ષમાર્ગ એમણે બતાવ્યો, પણ આપણા પ્રયત્ન વિના મોક્ષ મળે તેમ તો છે જ નહિ, એટલે એમનો શો ઉપકાર ?, એવું કોઈ પૂછે તો ?

**પૂજ્યશ્રી :** આટલું સમજાવ્યા પછી આવા કોઈ પ્રશ્નને અવકાશ જ રહેતો નથી. એને કહી શકાય કે 'ભાગ્યવાન્ ! દુ:ખના માર્ગની દુ:ખના માર્ગ તરીકેની અને સુખના માર્ગની સુખના માર્ગ

તરીકેની, ઓળખ આપી, એ જ એ તારકોનો મહાન્ ઉપકાર છે. એટલી ઓળખ નહોતી, માટે તો અનંતકાળથી સુખની ઈચ્છા ને મહેનત ચાલુ હોવા છતાંપણ, દુ:ખ ગયું નહિ ને સુખ મળ્યું નહિ. એ તારકોએ દુ:ખના અને સુખના માર્ગની પિછાન કરાવી, એટલે એ મુજબ વર્તી શકાશે અને એમ વર્તવાથી અનંતકાળનું દુ:ખ ટળશે. એ તારકે દર્શાવેલા ઉપાયોને સેવવાથી એવું સુખ મળશે, કે જેમાં કશી જ કચાશ નહિ હોય અને જે પ્રાપ્ત થયા પછી અનંતકાળે પણ જશે નહિ. મોક્ષ મેળવવાને માટે મહેનત આપણે જ કરવી પડશે. એ વાત સાચી પણ  મોક્ષ મેળવ્યા વિના દુ:ખનો અંત આવવાનો નથી તથા સાચા સુખની પ્રાપ્તિ થવાની નથી તેમજ મોક્ષ મેળવવાને માટે અમૂક રીતે વર્તવાની જરૂર છે' એ વાત જો અરિહંતદેવોએ પ્રકાશિત ન કરી હોત, તો આપણું થાત શું ? જવું'તુ મદ્રાસ અને દોડતો'તો અમદાવાદ તરફ એટલે મહેનત માથે પડતી'તી અને નુકશાન વધ્યે જતું હતું. હવે જેટલું કરીશ તેટલું લાભમાં જ જશે, એ ઓછો ઉપકાર છે ?" આવી બધી હકીકત એવાને અનેક રીતે સમજાવી શકાય અને સામો કદાગ્રહી ન હોય તો તે કબૂલ કર્યા વિના પણ રહે નહિ.

**સભા :** આટલી શક્તિ જોઈએ ને ?

મહેનત કરો તો શક્તિ પ્રગટતી જાય. તત્ત્વવિચારણા કરનારા બની જાઓ તો ક્ષયોપશમ પણ વધતો જાય અને બુદ્ધિ પણ તીવ્ર બનતી જાય.

### સદ્‌ગુરૂનો પણ ઉપકાર અનન્ય છે

કૃતજ્ઞતા ગુણ પ્રગટ્યા વિના ઉપકારીના ઉપકારને જાણવા અને માનવા જોગી ઉત્તમતા પ્રગટતી નથી. શ્રી અરિહંતદેવોની ઉપકાર ભાવના કેટલી બધી ? એ તારકોના આત્માઓ અન્તિમથી ત્રીજા ભવે તો, સારાય સંસારના જીવોને સુખી બનાવવાની ઉત્કટ ભાવનાથી ઓતપ્રોત હૃદયવાળા બની જાય છે. 'સંસારના જીવો મોક્ષમાર્ગને પામ્યા નથી માટે જ દુ:ખી છે, તો હું આ સર્વ જીવોને મોક્ષમાર્ગ પમાડી દઉં' એવી ઉત્કટ ભાવનાની સિદ્ધિ માટેના એ તારકોના પ્રયત્નને

વિચારો, તોય મસ્તક ઝૂકી ગયાં વિના રહે નહિ. સારાંય સંસારના જીવોને દુ:ખથી સર્વથા મુક્ત અને પરિપૂર્ણ તથા શાશ્વત સુખમાં ઝીલતા બનાવી દેવાની એ તારકોની ભાવનામાં, આપણા પ્રત્યેની હિતભાવનાનો પણ સમાવેશ થાય છે કે નહિ ? થાય છે જ. તો આપણે એ ઉપકારને પણ કેમજ ભૂલી શકીએ ? આપણુ વાસ્તવિક કોટિનું ભલું ચિંતવનાર અને આપણે આપણું વાસ્તવિક કોટિનું ભલું કરી શકીએ એવો માર્ગ દર્શાવનાર એ તારકને આપણે અજોડ અને સર્વશ્રેષ્ઠ ઉપકારી ન માનીએ, તો આપણે કેવા કૃતઘ્ન કહેવાઈએ ? અરે, એ તારકોએ ફરમાવેલા માર્ગનું ભાન કરાવનાર સદ્‌ગુરૂઓ પણ, જેવા-તેવા ઉપકારી નથી.

**સભા** : શ્રી અરિહંતદેવ કરતાં ય શ્રી અરિહંતદેવને ઓળખાવનાર ગુરૂ પહેલા પૂજનીક ખરા ?

**પૂજ્યશ્રી** : નહિ જ, કારણકે, શ્રી અરિહંતદેવે જો મોક્ષમાર્ગ પ્રકાશિત કર્યો ન હોત, તો ગુરૂ એમને ઓળખાવત શી રીતે ? શ્રી અરિહંતદેવે તીર્થ પ્રવર્તાવ્યું ન હોત, તો ગુરૂની હયાતિ જ ક્યાંથી હોત? શ્રી સિદ્ધાત્માઓને ઓળખાવનાર શ્રી અરિહંત દેવો છે, માટે શ્રી સિદ્ધાત્માઓ કરતાં પણ શ્રી અરિહંત દેવો પ્રથમપદે પૂજનીક, પણ ગુરૂઓની વાતમાં તો, ગુરૂઓ આપણને જે ઓળખાવી શકે છે, તેમાં મૂળભૂત ઉપકાર તો શ્રી અરિહંતદેવનો જ છે.

**સભા** : છતાં એવું ય બોલાય છે.

**પૂજ્યશ્રી** : અજ્ઞાની જીવો ન બોલે તેટલું ઓછું, બાકી સદ્‌ગુરુઓનો ઉપકાર પણ જેવો-તેવો નથી, એ નિર્વિવાદ વાત છે.

**સભા** : યુગબાહુના જીવ દેવે ઉપકારી મદનરેખાને પહેલાં નમસ્કાર કર્યાની વાત આવે છે ને ? નમ્યાની વાત આવે છે ને ?

**પૂજ્યશ્રી** : સંભ્રમથી બને એ વસ્તુ જ જુદી છે, પણ જ્યાં પદ તરીકેનો વિચાર થતો હોય, ત્યાં તો પ્રથમપદે શ્રી અરિહંતદેવો, બીજા પદે શ્રી સિદ્ધાત્માઓ અને તે પછી જ શ્રી આચાર્યાદિ પૂજનીક ગણાય.

## દુશ્મન મટી મિત્ર બનો

આપણી મૂળ વાત તો એ છે કે, ભયંકર સંકટમાં આવી પડેલાં પણ શ્રીમતી સીતાજી. બીજા કોઈની પણ નિન્દા નહિ કરતાં, પોતાના દુષ્કર્મથી દુષિત એવા આત્માની જ નિન્દા કરી રહ્યાં છે. આજે કેટલીકવાર તો સામાન્ય પણ સંકટ આવતાં, અનેકોને ગાળો દેવાય છે અને અનેકો નિન્દાય છે, જ્યારે આ મહાસતી ભયંકર જંગલમાં છે, વિના દોષે સ્વામીથી તજાએલાં છે, તદ્દન ખોટા એવા કારમાં કલંકના ભોગ બનેલા છે, સગર્ભા છે, એકલાં છે ને ભયથી ઉદ્‌ભ્રાન્ત બનેલાં છે. છતાં પૂર્વના દુષ્કર્મથી દુષિત એવા પોતાના આત્માને જ નિન્દી રહ્યા છે. આ મનોદશા સમજવા જેવી છે. એની પ્રશંસા કરવા જેવી છે. એને આચરણમાં ઉતારવા મથવા જેવું છે. સમ્યગ્દૃષ્ટિ આત્માની ઉત્તમતાનો આ પણ એક સાક્ષાત્કાર છે શ્રીમતી સીતાજીના જીવનમાંથી પણ ઘણું ઘણું શીખવા જેવું છે. શ્રીમતી સીતાજીની આત્મનિન્દા દુષ્કર્મ પ્રત્યેના રોષને આભારી છે. આત્માને દુષ્કર્મથી દુષિત બનાવનાર પણ આપણે જ છીએ. અને સત્કર્મથી ભૂષિત બનાવનાર પણ આપણે જ છીએ. આત્મા જ આત્માનો મિત્ર છે અને આત્મા જ આત્માનો શત્રુ છે. સત્કર્મમાં રક્તતા, એ આત્માની મિત્રતા છે અને દુષ્કર્મમાં રક્તતા, એ આત્માની શત્રુતા છે. સત્કર્મના યોગે આત્મા પોતાનો મિત્ર બની શકે છે, અને દુષ્કર્મના યોગે આત્મા પોતાનો શત્રુ બની શકે છે. આપણે આપણા મિત્ર બનવું કે દુશ્મન બનવું, એ આપણા હાથની વાત છે. ભૂતકાળમાં તો જે બની ગયું તે ખરૂં, પણ ભવિષ્ય આપણે આધીન છે. ભૂતકાળમાં જે કાંઈ આચર્યું છે, તેનું જે કાંઈ પરિણામ આવે, તે તો હર્ષ કે શોક કર્યા વિના ભોગવી લેવું. આત્માને સમજાવવો કે, 'તારૂં કર્યું તું ન ભોગવે, તો કોણ ભોગવે ? તારાં કૃત્યોનું પરિણામ તારે જ ભોગવવાનું છે. કોઈ ઉપર ખીજાઈશ કે કોઈ ઉપર ક્રોધ કરીશ, એથી તારાં કર્મો તને નહિ છોડે. પાપ આચર્યું તેં અને ખીજાય બીજા ઉપર એમાં ડહાપણ નથી. એ તો ભવિષ્યને બગાડવાનો ધંધો છે માટે જરા સ્થિર બન, ધીરજ ધર અને ભવિષ્ય સુધરે એવો પ્રયત્ન કર. ભવિષ્ય આપણે આધીન છે. એ કદિ ન ભૂલો. ભવિષ્યને નહિ સુધારો, તો બગડવાનું નક્કી જ છે. ભવિષ્યને સુધારવું હોય તો શત્રુતાને તજો અને

મિત્રતાને ભજો. શત્રુતાનો ત્યાગ કહેવાય કોને ? દુષ્કર્મનો ત્યાગ, એ શત્રુતાનો ત્યાગ છે અને સત્કર્મનું સેવન, એ મિત્રતાનો આદર છે. સત્કર્મ પણ આત્મા કરે છે અને દુષ્કર્મ પણ આત્મા જ કરે છે. દુષ્કર્મ કરનારો આત્મા આત્માનો શત્રુ બને છે અને સત્કર્મ કરનારો આત્મા આત્માનો મિત્ર બને છે.

## આપણને દુષ્કર્મ તરફ રોષ છે ?

શ્રીમતી સીતાજી પોતાના તે આત્માને નિન્દિ રહ્યાં છે, કે જે આત્મા પૂર્વના દુષ્કર્મથી દુષિત બનેલો છે. સત્કર્મથી ભૂષિત આત્માની તો નિન્દા ન હોય પણ પ્રશંસા અને અનુમોદના હોય. ત્યારે નિન્દ્ય વસ્તુ કઈ ? દુષ્કર્મ. આત્માના મિત્ર બનવું હોય, તો દુષ્કર્મ ઉપર ઉગ્ર રોષ કેળવવો પડશે. નક્કી કરવું પડશે કે 'પ્રાણો કંઠે આવે તોય દુષ્કર્મની સામે હું જોઉં જ નહિ.' વિચારમાં, વાણીમાં કે વર્તનમાં દુષ્કર્મ ન જોઈએ. આત્માને પાયમાલ કરનાર કોઈ હોય, તો તે દુષ્કર્મ જ છે. અનંત શક્તિના સ્વામી આત્માને પામર બનાવનાર, અનંત સુખના સ્વામી આત્માને ભયંકર દુ:ખોમાં રીબાવનાર, શાશ્વત સ્વભાવના આત્માને અનંતા જન્મ-મરણો કરાવનાર અને અનંત ઐશ્વર્યના સ્વામી આત્માને તુચ્છ વૈભવ પૂંઠે પાગલ બનાવનાર કોઈ હોય, તો તે દુષ્કર્મ જ છે. દુષ્કર્મનો આપણા ઉપર કેટલો જૂલમ છે ? આ અશુચિ પદાર્થોથી ભરેલી અને ગંધાતી કોટડીમાં આત્માને પૂરી રાખનાર કોણ ? દુષ્કર્મ. આ ઓછો જૂલમ છે ? આટલો જૂલમ ગુજારનાર અને તે પણ અનંતકાળ જૂલમ ગુજારનાર દુષ્કર્મ તરફ તો આપણામાં એવો રોષ પ્રગટવો જોઈએ, કે જેની સીમા ન હોય. દુષ્કર્મ આપણા પડછાયાથી પણ કંપતું હોય, આપણને જોતાં જ ભાગવા માંડતું હોય, એવી મનોદશા આપણે કેળવવી જોઈએ આપણી મનોવૃત્તિ અને પ્રવૃત્તિ જોતાં દુષ્કર્મને એમ થઈ જવું જોઈએ કે હવે આની આંખે ચડવામાં પણ મજા નથી.

પણ પંચાત એ છે કે, આપણને દુષ્કર્મ તરફ રોષ જ ક્યાં છે ? દુષ્કર્મ તરફ તો આપણને રોષને બદલે પૂરેપૂરો રાગ છે. દુષ્કર્મને આપણે જ વળગતા જઈએ છીએ. દુષ્કર્મ આપણો પીછો છોડતું નથી એમ

નહિ, પણ આપણે જ દુષ્કર્મનો પીછો છોડતા નથી. દુષ્કર્મ તો બીચારૂં રાંકડું છે. એનું જે જોર છે, તે તો આપણો એને સાથ છે એથી ! આથી જ શ્રીમતી સીતાજી પોતાના પૂર્વના દુષ્કર્મથી દુષિત એવા આત્માને નિન્દિ રહ્યાં છે. આ નિન્દા દ્વારા શ્રીમતી સીતાજી એવું હૃદય કેળવી રહ્યાં છે કે, આત્મા દુષ્કર્મને આચરવાની હિંમત જ કરી શકે નહિ. નિન્દા, એ નિન્દ્ય કર્મ છે, અને તે છતાંપણ દુષ્કર્મથી દુષિત એવા પોતાના આત્માની નિન્દા એ સત્કર્મ છે. એ જ રીતે રોષ એ કર્મબન્ધનું કારણ છે, પણ દુષ્કર્મ તરફનો રોષ એ નિર્જરાનું કારણ છે. નિન્દા કરવી હોય, તો દુષ્કર્મથી દુષિત બનેલા પોતાના આત્માની જ નિન્દા કરો અને રોષ કરવો હોય, તો દુષ્કર્મ ઉપર જ રોષ કરો. આનાથી વિપરીત જે વર્તે તે આત્માનો મિત્ર નહિ પણ શત્રુ.

હવે શું કરવું ?

આ વસ્તુને ધ્યાનમાં રાખીને કહો કે, તમે તમારા મિત્ર છો કે દુશ્મન ?

**સભા** : મિત્ર બનવાનો પ્રયત્ન કરીએ છીએ.

**પૂજ્યશ્રી** : કેટલો ? ચોવીસ કલાકમાં તમે તમારા મિત્ર કેટલો સમય અને દુશ્મન  કેટલો સમય ?

**સભા** : મોટેભાગે તો દુશ્મન જ.

**પૂજ્યશ્રી** : આટલું સમજો છો અને નિર્દંભપણે સ્વીકારો છો, એ આનંદનો વિષય છે. પણ ભાગ્યવાન્! બહુ વિચારવા જેવું છે. આ જીવન, આ સામગ્રી, ઘડીએ ઘડીએ મળે તેમ નથી. ઉત્તમમાં ઉત્તમ વિચાર સાથે ઉત્તમમાં ઉત્તમ આચારવાળું જીવન જીવી શકાય, એવો તો એક મનુષ્યભવ જ છે. મનુષ્યભવની ઉત્કૃષ્ટતા એના જ યોગે છે. આવા ભવને પામવા છતાં, તમે મોટોભાગ જો આત્માના દુશ્મન બનીને જ વ્યતીત કરો, તો તમારી ભવિતવ્યતા કેવી ? ગતકાળની વાત છોડો. થઈ ગયું તે થઈ ગયું, પણ હવે શું કરવું છે એ નક્કી કરી લો. આત્માના મિત્રરૂપે જ બાકીની જીંદગી પસાર કરવી, એવો નિર્ણય

કરી લો. એ વિના આપત્તિઓ તમારો પીછો છોડે, એ શક્ય નથી. શ્રીમતી સીતાજીનું દૃષ્ટાંત બરાબર આંખ સામે રાખો. એમની આફતનો વિચાર કરો. શ્રી રામચંદ્રજી જેવા સ્વામીને, શ્રી લક્ષ્મણજી જેવા દિયરને અને ભામંડલ જેવા ભાઈને પામેલાં પણ શ્રીમતી સીતાજી અત્યારે ઘોર અરણ્યમાં એકલાં ભમે છે. શાથી ? એ પ્રતાપ પૂર્વના દુષ્કર્મનો છે. દુષ્કર્મના યોગે જેટલી આફત ન આવે, તેટલી જ ઓછી સમજવી.

### સેના જોવા છતાં ભય નહિ

પણ શ્રીમતી સીતાજીના દુષ્કર્મનો યોગ પૂરો થવા આવ્યો છે. પુણ્યોદય સમીપમાં છે. પુણ્યોદય થતાં અણધારી મદદ આવી મળે. પાપોદયે આફત આવતાં વાર નહિ અને પુણ્યોદયે મદદ મળતા વાર નહિ. શ્રીમતી સીતાજી તો વારંવાર રડતાં અને પગલે પગલે સ્ખલના પામતાં અરણ્યમાં આગળ ચાલ્યાં જાય છે પણ સામેથી એક મોટી સેનાને આવતી જુએ છે. એ સેનાને જોવા છતાં પણ શ્રીમતી સીતાજી ગભરાતાં નથી. એમને ભય લાગતો નથી, કારણકે, અત્યારે એ જીવિત અને મૃત્યુ બન્નેને વિષે તુલ્ય આશયવાળાં બની ગયાં છે. જીવન ઘોર કલંકનું ભોગ બની ગયું છે, દુ:ખમય બની ગયું છે અને મરણ પણ વહેલું કે મોડું આવવાનું જ છે એમ એ સમજે જ છે. આવી દશામાં શ્રીમતી સીતાજીને જીવનની ચાહના કે મૃત્યુથી ગભરામણ ન હોય, તે અતિ સ્વાભાવિક છે.

### જીવન કે મૃત્યુ કેવું ઈચ્છાય ?

સમ્યગ્દૃષ્ટિ આત્મા જો જીવિતને કે મૃત્યુને ઇચ્છે તો તે કેવા જીવિતને કે મૃત્યુને ઇચ્છે ?

**સભા :** સમ્યગ્દૃષ્ટિ આત્મા મૃત્યુને ઈચ્છે, એ સંભવિત છે ?

**પૂજ્યશ્રી :** જરૂર. એવા પણ પ્રસંગો આવી લાગે છે, કે જે સમયે સમ્યગ્દૃષ્ટિ આત્માઓને જીવન કરતાં મૃત્યુ વધારે વહાલું લાગે.

ગ્રહણ કરેલા વ્રતનો ભંગ થવાનો પ્રસંગ આવી લાગે તો સમ્યગ્દૃષ્ટિ આત્મા વ્રતભંગ કરીને જીવવા કરતાં, તે પૂર્વે મરવાનું પસંદ કરે. શાસનની અપભ્રાજના અટકાવવા આદિના કારણે પણ, સમ્યગ્દૃષ્ટિ આત્માઓ મૃત્યુને પસંદ કરે, તો નવાઈ પામવા જેવું નથી. તેવો કોઈ પ્રસંગ આવી લાગે, તો બાહ્ય દૃષ્ટિએ 'આત્મહત્યા' ગણાય એવું પણ કૃત્ય સમ્યગ્દૃષ્ટિ આત્માઓ આચરે.

જેમ વિનયરત્નના ગુરૂમહારાજ, વિનયરત્ન રાજાને હણીને ભાગી ગયો, આચાર્ય મહારાજે જાણ્યું, તેમને લાગ્યું કે, આ સંયોગમાં મારે મારા હાથે જ મારા ગળા ઉપર છૂરી ફેરવવી, એ શાસન રક્ષા માટે આવશ્યક છે અને એ મહાત્માએ તેમ કર્યું પણ ખરૂં.

આથી સ્પષ્ટ છે કે, સમ્યગ્દૃષ્ટિ આત્માઓ ગમે તેવા સંયોગોમાં પણ મરણને ન જ ઈચ્છે એમ ન કહેવાય. સુખ આવ્યે જીવિત ઈચ્છવું અને દુ:ખ આવ્યે મરણ ઈચ્છવું, એને જ્ઞાનીઓએ દોષરૂપ જણાવેલ છે, પણ તે પૌદ્‌ગલિક સુખ-દુ:ખ અંગેની વાત છે. શાસનરક્ષા અને વ્રતરક્ષા આદિને અંગે તો મરણની ઈચ્છા પણ થઈ શકે અને તેવો પ્રયત્ન પણ થઈ શકે. ઉદાહરણ તરીકે સમજો કે, સાધુપણાનાં રજોહરણ આદિ ઉપકરણોની આમ તો લેશ પણ આશાતના ન થાય, પણ શાસનને અંગે તેવો જ કોઈ પ્રસંગ આવી લાગે, તો ગીતાર્થ મહાત્મા પોતાનાં ઉપકરણોને બાળીને ભસ્મ પણ કરી નાખે.

**સભા :** હાજી. એક સાધુ મહાત્માએ શાસનની ઈજ્જત ખાતર વેષ બાળી ભભૂતી ચોપડ્યાની વાત આવે છે ખરી.

**પૂજયશ્રી** : એવા પ્રસંગે અવસર જોવાય. કેવળ ક્રિયા તરફ નહિ, પણ પરિણામ તરફ દ્રષ્ટિ રાખવી જોઈએ. આરાધના માટે જીવનની અભિલાષા પણ હોઈ શકે. સમ્યગ્દૃષ્ટિ આત્મા જીવનને ઈચ્છે, તો એવા જીવનને ઈચ્છે, કે જે આરાધનાથી પરિપૂર્ણ હોય અને મરણને ઈચ્છે, તોય એવા મરણને ઈચ્છે, જે સમાધિથી પરિપૂર્ણ હોય.

શ્રી વીતરાગ પરમાત્માની પાસે સમાધિ-મરણની પણ માંગણી કરાય છે ને ? આરાધના માટે આ ભવ શ્રેષ્ઠ છે, એટલે આરાધક આત્મા આ ભવ દ્વારા વધુમાં વધુ આરાધના કરી લેવાને ઈચ્છે, તે સ્વાભાવિક છે. પરંતુ મૃત્યુ એ એક એવી વસ્તુ છે કે, જે જન્મેલાને આવ્યા વિના રહે જ નહિ. મૃત્યુ પામેલાનો જન્મ ન હોય એ હજુ સંભવિત છે કારણકે, મૃત્યુની સાથે જે પુણ્યાત્માઓ જડ કર્મના યોગથી સર્વથા મુક્ત બની જાય છે, તેઓ જન્મને પામતા નથી, પણ જન્મ પામેલાનું મૃત્યુ, એ તો નિશ્ચિત જ છે. જેનો જન્મ થયો, તેનું મરણ થવાનું જ. એ ઈચ્છે કે ન ઈચ્છે, પણ જન્મની સાથે મૃત્યુ સંકળાયેલું જ છે. મરનારાઓમાંથી જન્મ્યા નહિ એ બન્યું, પણ જન્મેલામાંથી કોઈ મર્યું નહિ એવું બન્યુંય નથી અને બનશે પણ નહિ. આમ જ્યારે મરણ નિશ્ચિત જ છે, તો પછી એવું જ મરણ ઈચ્છવું રહ્યું, કે જે કાં તો પછીના જન્મથી સંકળાયેલું ન હોય અને કાં તો જે ભવિષ્યની સદ્ગતિનું સૂચક હોય. સમાધિ-મરણે મરનાર ક્દિપણ દુર્ગતિએ જનાર હોય નહિ. સમાધિ-મરણની સાથે જો કોઈ સંકળાયેલ હોય, તો તે સદ્ગતિ જ સંકળાયેલી હોય. આથી જ સમ્યગ્દૃષ્ટિ આત્માઓ સમાધિ-મરણની પણ માંગણી કરે છે.

## શ્રીમતી સીતાજી નમસ્કારમાં પરાયણ

શ્રીમતી સીતાજી તો અત્યારે જીવિત અને મૃત્યુ બન્નેને વિષે તુલ્ય આશયવાળાં બની ગયાં છે કારણકે આ અવસ્થા આરાધના માટે પ્રતિકૂળ છે અને તે છતાં જો આ દશામાં પણ મરણ આવે તો તેઓ સમાધિ જાળવી શકે તેમ છે. આથી તેઓ મોટી સેનાને આવતી જોવા છતાંપણ, નિર્ભીકની જેમ ઉભાં રહે છે. કેવી રીતે ઉભાં રહે છે, એ જાણો છો ? પરમઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન્, શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે શ્રીમતી સીતાજી એ વખતે નમસ્કારમાં પરાયણ બનીને ઉભાં રહે છે !

અત્યારે શ્રીમતી સીતાજી શ્રી રામચન્દ્રજીને યાદ કરતાં નથી, પણ નમસ્કાર મહામંત્રમાં પરાયણ બને છે. કારણ ? શ્રીમતી સીતાજી સમજે છે કે, આ સંસારમાં વાસ્તવિક રીતે શરણભૂત કોઈ હોય, તો તે શ્રી અરિહંત પરમાત્મા આદિ જ છે. મોટા સૈન્યને આવતું જોઈને શ્રીમતી સીતાજીને લાગે છે કે, 'મારે માટે આ આફત રૂપ છે.' પણ એ મહાસતી કોઈપણ ભોગે પોતાના શીલને દુષિત થવા દે તેમ નથી. અવસર આવ્યે મૃત્યુને ભેટે, પણ શીલને દુષિત થવા દે નહિ. એવો અવસર આવી લાગશે, એમ શ્રીમતી સીતાજીને સેના જોતાં લાગ્યું હોય એ શક્ય છે. આથી તેઓ બીજા સઘળા જ વિચારોને ત્યજીને નમસ્કાર મહામંત્રના ધ્યાનમાં લીન બની જાય છે. શ્રી અરિહંત, શ્રી સિદ્ધ, શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય અને શ્રી સાધુ એ પાંચેય પરમેષ્ઠીઓને નમસ્કાર કરવામાં જ તત્પર બની જાય છે. કલ્યાણના અર્થી આત્માઓએ હરકોઈ અવસ્થામાં શ્રી અરિહંત, શ્રી સિદ્ધ, શ્રી આચાર્યાદિ સાધુપુંગવો અને શ્રી જિનભાષિત ધર્મ એ ચારનું જ શરણ સ્વીકારવા યોગ્ય છે. આ ચારનું શરણ પામનાર સદ્ગતિને અને અન્તે મોક્ષને પણ પામનારો બની શકે છે. જ્યાં કોઈનું શરણ કામ લાગતું નથી ત્યાં પણ આ ચારનું શરણ જ કામ લાગે છે. આ ચારને શરણે જનારની આપત્તિઓ ભાગવા માંડે છે અને સંપત્તિઓ એને વિટળાઈ વળે છે. આ ચારનું શરણ સ્વીકારનારા પુણ્યાત્માઓ, પોતાની આત્મલક્ષ્મીને અલ્પકાળમાં જ પરિપૂર્ણ રીતે પ્રગટાવી શકે છે.

**સૈનિકોને ડર લાગવો**

અહીં બને છે એવું કે, જેને ડર લાગવો જોઈએ તેને ડર લાગતો નથી, પણ ઉલ્ટું જેનાથી ડર લાગવો જોઈએ તેને જ ડર લાગે છે, હજુ ડરે તો શ્રીમતી સીતાજી ડરે, પણ એ તો ડર્યા વિના જ શ્રી નમસ્કાર મહામંત્રના સ્મરણમાં લીન બનીને ઉભા છે, જ્યારે એમને સુસ્થિર

ઉભેલા જોઈને સૈનિકો ડરે છે. શ્રીમતી સીતાજી કમરૂપવાળાં નથી. શ્રીમતી સીતાજીનું રૂપ સ્વર્ગની દેવીઓના રૂપનો ખ્યાલ આપે એવું છે. એમાં પ્રસંગને અનુરૂપ ગ્લાનિ ઉમેરાઈ છે. શ્રીમતી સીતાજીને જોઈને સામેથી આવતી સેનાના સૈનિકો ડરી જાય છે. તેમને એમ થાય છે કે, 'ભૂમિ ઉપર રહેલી દિવ્ય રૂપવાળી આ સ્ત્રી કોણ હશે ?' સૈનિકો આવી અંદર-અંદર વાતો કરી રહ્યા છે.

### સ્વર ઉપરથી નિશ્ચય

એ વખતે પણ શ્રીમતી સીતાજીને રડવું આવી જાય છે. પેલી સેનાના સ્વામી રાજાના કાને શ્રીમતી સીતાજીના રુદનનો સ્વર પહોંચે છે. રાજા સ્વરનો જાણકાર છે. સ્વર ઉપરથી તે કેવી વ્યક્તિનો સ્વર છે? એ પારખવાનું રાજામાં સામર્થ્ય હતું. સતીના અને કુલટાના રુદનમાં પણ ભેદ પડે. સતી અને કુલટાનું હાસ્ય પણ જૂદું અને રુદન પણ જૂદું. એને પારખવાની તાકાત જોઈએ. રાજામાં સ્વર ઉપરથી વ્યક્તિના સ્વરૂપને પીછાનવાની તાકાત છે. રાજાને લાગે છે કે, 'આ રુદન કોઈ મહાસતીનું છે.' રુદન કરનાર મહાસતી સગર્ભા છે, એમ પણ રાજા કલ્પી શકે છે.

### દયા વિનાનો માનવ, માનવ જ નથી

રાજા જેમ જાણકાર છે, તેમ કૃપાળુ પણ છે. શ્રીમતી સીતાજીના રુદનને સાંભળતાંની સાથે જ, રાજા બોલી ઉઠે છે કે, 'આ કોઈ સગર્ભા મહાસતીનું રૂદન છે.' આ પ્રમાણે બોલીને તે રાજા, તે મહાસતીના કષ્ટને દૂર કરવાને તત્પર બને છે. તરત જ તે શ્રીમતી સીતાજીની પાસે આવે છે. દુ:ખીને દુ:ખી તરીકે જાણતાંની સાથે જ, તેના કષ્ટને દૂર કરવાની ભાવના કરૂણાશીલ આત્માઓમાં પ્રગટે જ. દુ:ખીને જોયા અને જાણ્યા બાદ, તેના દુ:ખને દૂર કરવાનો શક્ય પ્રયત્ન કરવાની જેનામાં વૃત્તિ ન પ્રગટે, તે ધર્મને લાયક નથી. એવો આદમી તો ધર્મક્રિયાઓ કરતો હોય, તો કદાચ ધર્મને જ વગોવનારો

બને. અનુકંપા, એ તો આદમીનું આભૂષણ છે. જેનામાં અનુકંપા નથી, તેનામાં બીજુ સારૂં હોય પણ શું ? દયા વિનાનો માનવી, એ સાચો માનવી જ નથી. દયા પણ કોરી હોતી નથી. જેનામાં દયા છે, તે છતી શક્તિએ દયાનો અમલ ન કરે, એ બને કેમ? મૈત્રી, પ્રમોદ, કરૂણા અને મધ્યસ્થતા એ ચાર ભાવનાઓ કહી,, એનો અર્થ શો ? પર હિતની ભાવના ભાવવાની ખરી, પણ પરહિતનો પ્રયત્ન કરવાનો નહિ, એમ? જેનામાં પરહિત ચિંતારૂપ ભાવના હોય, તે તો પરહિતની શક્ય સાધનામાં પણ ઉજમાળ જ હોય. પરહિતના પ્રયત્નથી બેદરકારમાં, પરહિતિચિન્તારૂપ મૈત્રી ભાવના હોય જ નહિ. એ જ રીતે એ કરૂણા ભાવનામાં પણ શું ? 'બિચારો દુઃખી છે' એમ કહીને ખસી જવાનું નહિ. તેનાં દુઃખને દૂર કરવાનો શક્ય પ્રયત્ન પણ કરવાનો. સાચી ભાવના જ તે કે જે શક્ય પ્રયત્નમાં પ્રેર્યા વિના રહે નહિ. શક્ય અમલ વિનાની વાંઝણી ભાવના એ વસ્તુતઃ ભાવના જ નથી. આ રાજા ખરેખર કૃપાળુ છે અને માટે જ તે, શ્રીમતી સીતાજીના રુદનને સાંભળતાની સાથે જ, શ્રીમતી સીતાજીની પાસે આવે છે.

રાજા કૃપાભાવથી પ્રેરાઈને શ્રીમતી સીતાજીની પાસે આવે છે, પણ શ્રીમતી સીતાજીને જુદી જ શંકા આવે છે. શ્રીમતી સીતાજીને લાગે છે કે, 'આ કોઈ ચોર લૂંટારા છે.' આથી સૌથી પહેલું તો પોતે એ કરે છે કે, પોતાના અંગ ઉપરનાં આભૂષણો ઉતારીને તેઓની સામે ધરે છે. શ્રીમતી સીતાજીએ કેમ આમ કર્યું હશે ? એ જ માટે કે, આભૂષણો આપ્યે પણ આ આફત જો ટળતી હોય, તો ટાળી દેવી. આભૂષણો આપીને પણ શીલ ઉપરના આક્રમણથી બચી શકાતું હોય, તો બચી જવું. શીલ ઉપરના આક્રમણને રોકવાના હેતુથી, સર્વસ્વ દઈ દેવું પડે તોય તે દેતાં સતી સ્ત્રીઓને આંચકો આવે નહિ; કારણકે , સતી સ્ત્રીઓને મન શીલ એ જ સર્વસ્વ હોય છે. શીલ ગયું તો સઘળું જ ગયું અને શીલ રહ્યું તો સઘળું જ રહ્યું એવી સતી સ્ત્રીઓની અવિચળ માન્યતા હોય છે. આ જ કારણે, મહાસતી શ્રીમતી સીતાજી આભૂષણો

દઈ દેવાથી જ શીલ ઉપરનું આક્રમણ ટળતું હોય તો તેમ કરીને પણ, પોતાના શીલ ઉપરના આક્રમણને ટાળવા ઇચ્છે છે.

### રાજાજીનું શ્રીમતી સીતાજી પ્રત્યે કથન

"XXXXXXXXXX,*મા ભૈષીસ્ત્વં મનાગપિ ।*

*તવૈવ ભૂષણાન્યેતા-ન્યંગે તિષ્ઠન્તુ હે સ્વસઃ ! ॥૧॥*"

અંગ ઉપરનાં આભૂષણો ઉતારીને, વગર માગ્યે જ સામે ધરી દેવા પાછળ રહેલા શ્રીમતી સીતાજીના હૃદયભાવ પામીને રાજા તરત જ શ્રીમતી સીતાજીને 'બેન' તરીકે સંબોધીને કહે છે કે, 'તું લેશ પણ ડરીશ નહિ'. એટલું જ નહિ. પણ રાજા કહે છે, 'હે બેન ! આ આભૂષણો તારા જ છે અને તે તારા જ અંગે રહો !'

### ગુણાનુરાગમાંથી ઉત્પન્ન થતો રોષ પ્રશસ્ત છે.

શ્રીમતી સીતાજીએ આભૂષણો આપવા માંડયાં એટલે રાજાએ આ પ્રાસ્તાવિક વાત કરી; પણ શ્રીમતી સીતાજીની આભૂષણો આપી દેવાની તૈયારી જોઈને, રાજાના હૈયામાં શ્રીમતી સીતાજી પ્રત્યેનો બહુમાનભાવ વધી ગયો. એથી રાજાના હૈયામાં આવી મહાસતીને આવા કષ્ટમાં મૂકનાર પ્રત્યે સખ્ખત તિરસ્કાર પ્રગટયો. પણ એમાં નવાઈ પામવા જેવું નથી. બહુમાનભાવનો એ નિયમ જ છે. **જેના પ્રત્યે આપણા હૈયામાં સાચો બહુમાનભાવ હોય, તેના કષ્ટને આપણે સહી શકીએ જ નહિ. એના ઉપરનું કષ્ટ પણ આપણને આપણી ઉપર આવેલા કષ્ટ જેવું લાગે. એને કષ્ટમાં મૂકનાર પ્રત્યે રોષ પ્રગટે જ.** હૈયામાં સાચો બહુમાનભાવ હોય, છતાં એ વ્યક્તિને કે વસ્તુને કષ્ટમાં મૂકનાર પ્રત્યે રોષ ન પ્રગટે એ સંભવિત જ નથી. જો એવી વ્યક્તિ કે વસ્તુને કષ્ટમાં મૂકનાર પ્રત્યે રોષ ન પ્રગટે, તો માનવું કે, આપણાં હૈયામાં સાચો બહુમાનભાવ છે જ નહિ. એ રોષ શામાંથી પ્રગટે છે ? ગુણાનુરાગમાંથી ગુણાનુરાગવાળો ગુણવાનને કષ્ટ દેનાર તરફ તિરસ્કારવાળો બન્યા વિના રહેતો જ નથી. અને તેમ

છતાંપણ સાચા ગુણાનુરાગનો એ મહિમા છે કે, એ એનું પણ ભૂંડું ઈચ્છતો નથી. ગુણવાનને કષ્ટમાં મૂકનારમાં પણ સદ્બુદ્ધિ પ્રગટો અને એથી એનું પણ કલ્યાણ થાઓ એવી ભાવના એનામાં જરૂર હોય છે. દયાભાવના યોગે એ જેમ તેવા પણ આત્માનું અકલ્યાણ ઈચ્છતો નથી, તેમ ગુણાનુરાગના યોગે એ તેના દુષ્ટ કૃત્ય બદલ તિરસ્કારભાવ પામ્યા વિના પણ રહેતો નથી. ગુણાનુરાગના યોગે જન્મેલો રોષ નિન્દનીય નથી, પણ પ્રશંસનીય જ છે એ રોષ ગુણઘાતક નથી, ગુણપ્રાપ્તિનું કારણ છે.

## કષાયમાં પણ ભેદ

આથી જ રાજા શ્રીમતી સીતાજીને પહેલાં તો એ પૂછે છે કે,

*"का त्वं कस्त्वामिहात्याक्षी-न्निर्घृणेभ्योऽपि निर्घृणः ।*
*आख्याहि मा स्म शंकिष्ठा-स्त्वत्कष्टेनास्मि कष्टितः ॥१॥*

'તું કોણ છે ? અને તે પછી પૂછે છે કે, 'તને આવી રીતે ત્યજનાર નિર્ઘૃણોમાં પણ નિર્ઘૃણ કોણ છે ?' આ શબ્દોથી રાજા એ જ સૂચવી રહ્યા છે કે, જે આદમીએ આવી મહાસતી સ્ત્રીને, આવી અવસ્થામાં, આવી ભયંકર અટવીમાં ત્યજી દીધી છે, તે નિર્દયોમાં પણ નિર્દય જ હોવો જોઈએ. કારમી નિર્દયતા વિના આવી સ્ત્રીનો આવો ત્યાગ સંભવે નહિ, એમ એ રાજા માને છે. અને એથી જ આમ બોલે છે. શ્રીમતી સીતાજીને રાજાએ એમ પણ કહ્યું છે કે, 'તું મને નિ:શંકપણે તારી હકીકત જણાવ. તારા કષ્ટથી હું કષ્ટવાળો બન્યો છું.'

વિચાર કરો કે, આવા શબ્દો ક્યારે ઉચ્ચારાય ? રાજાના હૈયામા કેટલી કરૂણા ભરી હશે ? સતીપણા માટે રાજાના હૃદયમાં કેટલા બહુમાનભાવ હશે ? રાજાને નિન્દાનો શોખ હશે, માટે શ્રીમતી સીતાજીને ત્યજનાર આદમીને નિર્દયોમાં પણ નિર્દય કહ્યો હશે, કેમ? વસ્તુને વસ્તુ રૂપે સમજતા શીખો. ભક્તિભર્યા અન્તરની પરીક્ષા ભક્તિહીનોને ક્યાંથી હોય ? ભક્તિશૂન્ય આત્માઓ ભક્તાત્માઓની ક્રિયાઓથી નારાજ થાય એમાં નવાઈ નથી, પણ આજે તો ધર્મના નામે જ ધર્મનો વિરોધ કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. કહે છે કે 'કષાય થાય ? કષાય તો ત્યાજ્ય, પણ એમ ન સમજે કે, પુદ્ગલરાગના યોગે

જન્મેલો અપ્રશસ્ત કષાય ત્યાજ્ય, પણ ગુણાનુરાગના યોગે જન્મેલો પ્રશસ્ત કષાય ત્યાજ્ય નહિ. રક્ષક પાસે ય શસ્ત્ર હોય અને ભક્ષક પાસે ય શસ્ત્ર હોય. એક રક્ષણ માટે શસ્ત્ર વાપરે છે અને બીજો ભક્ષણ માટે શસ્ત્ર વાપરે છે. બેમાં ભેદ નહિ ?

**સભા** : ભેદ તો મોટો. એક જીવાડે ને બીજો મારે.

**પૂજ્યશ્રી** : એટલું અહીં સમજો તો કેવું સારું ?

### ઉપાશ્રયોમાં તો ધર્મ સિવાય કાંઈ જ ન થાય

સ્થાન, વસ્તુ તથા ગુણને નહિ જોનાર, ગમે તે વસ્તુનો ગમે તેવો દુરૂપયોગ કરનાર, શિષ્ટજનોમાં અપ્રિય બને, તિરસ્કાર પામે, તે સ્વાભાવિક છે. ખરાબ સ્થાનનો સારો ઉપયોગ થઈ શકે, પણ સારા સ્થાનનો ખરાબ ઉપયોગ ન થઈ શકે. આજે ઉપાશ્રયમાં શું કરવાની ધમાલ મચી રહી છે, તે તમે જાણો છો. ઉપાશ્રય બંધાવનારે કયા હેતુથી બંધાવ્યો હશે ? ઉપાશ્રયમાં અર્થ-કામની મંત્રણા હોતી હશે ? અર્થ અને કામની એટલી બધી ઘેલછા વધી ગઈ છે કે, આજે એમને ધર્મનાં સ્થાનોને પણ અર્થ-કામની સાધનામાં કામે લગાડવાં છે ? ઉપાશ્રયમાં તો ધર્મક્રિયા કરવાની હોય, ધર્મની વાતચીત કરવાની હોય, ધર્મનો વિચાર કરવાનો હોય, પણ બીજી કોઈ ક્રિયા ત્યાં ન થાય. બંધાવનારે તો ધર્મક્રિયા માટે સ્થાન બંધાવ્યું, પણ આજના હક્કદારો એના ઉપર છીણી ફેરવવા તૈયાર થયા છે. દમામમાં ને દમામમાં આજે તેમને રેકર્ડ કરી લેવો છે. પછી તો કાયદાબાજ ક્યાં ઓછા છે ? પ્રસંગે પુરાવો રજૂ કરે કે અમુક સાલમાં આ જ સ્થાને અમુક ક્રિયા થઈ હતી. એવાની જાળમાં રખે ફસાતા ઔચિત્યને ત્યજવું નહિ, પણ દૃઢતાથી કહેવું કે, અહીં તો સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ આદિ ધર્મક્રિયાઓ થાય, શ્રી જિનવાણીનું શ્રવણ થાય, ધર્મના વિચારોની આપ-લે થાય, મોક્ષના ધ્યેયને સિદ્ધ કરનારી ક્રિયા અહીં થાય, પણ સંસારને વધારનારી ક્રિયા અહીં ન થાય. સ્થાનનો દુરૂપયોગ કરનારને શક્તિસંપન્ને અટકાવવો જોઈએ. ઘરમાંથી અને બજારમાંથી ધર્મની

વાત લગભગ ગઈ જ છે. હવે ઉપાશ્રયોમાંથી પણ ધર્મને કાઢવો છે ? શ્રી જિનમંદિર અને ઉપાશ્રયની પવિત્રતાનો પણ નાશ કરવો છે ? રાજકીય પ્રવૃત્તિઓ ઉપાશ્રયમાં કરવાની ઈચ્છા, એ શું સૂચવે છે ? મુંબઈમાં જગાનો તોટો છે ? ના, પણ વાત એ જ છે કે, ઉપાશ્રયમાં ય ધર્મ નહિ રહેવો જોઈએ. એમને તો બધે જ અર્થ-કામની સાધનાને ઘુસાડવી છે. ધર્મના અર્થીઓએ સાવધ બનવું જોઈએ. એવા ધર્મશત્રુઓની મુરાદો બર ન આવે,એ માટે ઘટતું બધું જ કરવું જોઈએ.

## ઉપાશ્રયનો દુરુપયોગ અટકાવવો જ જોઈએ

શ્રીમતી સીતાજીને નહિ જાણવા છતાં, આ એક મહાસતી છે. સગર્ભા છે, એમ જાણતાં રાજાને જેમ લાગ્યું કે, 'આને ત્યજનાર નિર્ઘૃણોમાં પણ નિર્ઘૃણ છે.' એ જ રીતે પવિત્ર સ્થાનોને અપવિત્ર બનાવવાનો ધર્મસ્થાનોને પાપસ્થાનો બનાવવાનો પ્રયત્ન કરનારાઓને માટે, ધર્મી આત્માઓને કેવું લાગે ? પુણ્ય ક્રિયાઓને માટે યોજાયેલાં સ્થાનોનો દુરૂપયોગ કરવાનો પાપાત્માઓને શો અધિકાર છે ?' એમ થાય ને ? ધર્મીઓને અંતરાય કરવાનો, એમને આઘાત પહોંચાડવાનો જ પાપાત્માઓનો પ્રયત્ન છે. તમારા પૂર્વજોએ તમારા ભલાને માટે જિનમંદિર અને ઉપાશ્રય આદિ બનાવેલ છે. એનો દુરૂપયોગ થતો જોઈને ધર્મીથી ઉપેક્ષા ન થાય. ધર્મસ્થાનનો દુરૂપયોગ થતો રોકવાની તમારી ફરજ છે. તમે દુરૂપયોગ અટકાવવાનો ઘટિત પ્રયત્ન કરશો, એટલે એ તમને ધર્મ ઝનૂની વગેરે કહેશે, પણ એથી ગભરાવું નહિ. એ તો ગમે તેમ કહે, કારણકે, તમારે લીધે એની ધારણા પાર પડે નહિ, એ એને લાગે તો ખરૂં ને ? એવાઓની દયા ચિન્તવવી. તમારે તો એક જ વાત રાખવી કે, 'જે કહેવું હોય તે કહો, પણ તમારાથી આ સ્થાનનો દુરૂપયોગ નહિ થઈ શકે. બંધાવનાર પુણ્યવાનોના પવિત્ર હેતુ ઉપર તમે પૂળો મૂકો, એ અમે નહિ સાંખી શકીએ. અહીં તો એ જ ક્રિયા થશે, કે જે ક્રિયા ભવનિસ્તારનું કારણ હોય. સારોય સંસાર ભવવૃદ્ધિના કારણોથી ભરપૂર છે, મન્દિર અને

ઉપાશ્રય જેવાં સ્થાનો એથી બાકાત છે, તેય તમને ખટકે છે ? તરવાનાં સ્થાનોને ડૂબવાનાં સ્થાનો બનાવવાનું નહિ બને. કરવી હોય તો અહીં ધર્મક્રિયા કરો. એ સિવાયની ક્રિયાઓ માટે તો દુનિયા આખી ખુલ્લી પડી છે.'

## દુનિયામાં દુષ્ટાત્માઓનો તોટો નથી

અહીં રાજા શ્રીમતી સીતાજીને તેમની હકીકત અને તેમને ત્યજનાર કોણ છે એ પૂછે છે. બેન કહીને સંબોધે છે, તારા કષ્ટથી હું કષ્ટવાળો બન્યો છું વિગેરે કહે છે. છતાં શ્રીમતી સીતાજી મૌન જ રહે છે. આંખનું પોપચું પણ ઉચું કરતાં નથી. કેમ? શીલની કિંમત છે માટે! આ દુનિયામાં કહે કાંઈ અને કરે કાંઈ, એવા માણસોની સંખ્યા નાનીસુની નથી. 'દુનિયાનું ગમે તે થાય, પણ મારે જોઈએ તે મને મળો' આવી ભાવનામાં પડેલા આત્માઓ મોંઢે મીઠું બોલે, નમ્રતા આદિ બતાવે, વિશ્વાસ પણ આપે અને જ્યાં જુએ કે, 'વિશ્વાસ બરાબર બેઠો છે' એટલે તક મેળવીને વિશ્વાસઘાત કરી ગળે છૂરી ફેરવે તો ય નવાઈ પામવાની જરૂર નથી. બેન કહીને આશરો આપી ભોગની માગણી કરનારા અને શક્ય હોય તો બળાત્કાર આદિ કરનારા પણ દુષ્ટાત્માઓ હોય છે, માટે શીલની કિંમત સમજનારે ખૂબજ સાવધ રહેવું જોઈએ. એ જ રીતે ધર્મની કિંમત સમજનારે પણ સાવધ રહેવું જોઈએ. પાપાત્માઓ પોતાનું ધાર્યું પાર પાડવા જુઠ્ઠાં વચનો પણ આપે ધર્મીએ એવા કાવા-દાવાથી સાવચેત રહેવું. જો કે આ પ્રસંગમાં એવું કાંઈ છે જ નહિ, કારણકે. અહીં શ્રીમતી સીતાજીને રાજા જે કાંઈ કહી રહ્યાં છે, તે નિષ્કપટભાવે જ કહી રહ્યાં છે. અહીં તો રાજા શ્રીમતી સીતાજીના દુ:ખને જ દુર કરવા ઇચ્છે છે.

## રાજાના મંત્રીનો ખુલાસો

હવે શ્રીમતી સીતાજીને મૌન રહેલાં જોઈને; રાજાનો મંત્રી ખુલાસો કરે છે. રાજાની સાથે તેમનો સુમતિ નામનો જે મંત્રી છે, તે

શ્રીમતી સીતાજીને કહે છે કે, 'ગજવાહન રાજા અને બન્ધુદેવી રાણીનાં આ વજ્રજંઘ નામે પુત્ર છે. આ વજ્રજંઘ પુંડરીકપુરના રાજા છે. શ્રી અરિહંત પરમાત્માના પરમભક્ત છે, મહાસત્ત્વશીલ છે અને પરનારી માત્રના સહોદર છે. અમે આ વનમાં હાથીઓ લેવાને માટે આવેલા હતા અને અમને જોઈતા હાથીઓ મળી જવાથી અમે પાછા ફરતા હતા. પુંડરીકપુર તરફ પાછા ફરતા આ રાજા, તમારા દુ:ખથી દુ:ખિત બનીને જ અહીં આવ્યા છે, માટે તમે તમારું જે કાંઈ દુ:ખ હોય તે આ રાજાને કહો !'

## **શ્રીમતી સીતાજીએ પોતાનો વૃત્તાન્ત કહ્યો**

સુમતિ નામના મંત્રીએ આ પ્રમાણેનો ખૂલાસો કરવાથી, શ્રીમતી સીતાજી વિશ્વાસુ બન્યા. આ કોઈ લૂંટારો નથી પણ રાજા છે, એટલું જ નહિ પણ પરનારી સહોદર એવો મહાઆર્હત છે, એમ જાણતાં શ્રીમતી સીતાજીને ખાત્રી થાય છે કે, આની સાથે વાત કરવામાં વાંધો નથી. આથી શ્રીમતી સીતાજીએ તેમની સમક્ષ અથથી ઈતિ સુધીનો પોતાનો વૃત્તાન્ત કહેવા માંડ્યો, શ્રીમતી સીતાજી પોતાનો વૃત્તાન્ત કહેતાં કહેતાં રુદન કરે છે અને રાજા-મંત્રી એ વૃત્તાન્તને સાંભળતાં સાંભળતાં રુદન કરે છે. શ્રીમતી સીતાજીની કથની પણ એવી છે કે, કઠોરનું પણ હૈયું પીગળ્યા વિના રહે નહિ.

## **એકધર્મી તરીકેનું બન્ધુત્વ**

શ્રીમતી સીતાજીએ કહેલા વૃત્તાન્તને સાંભળી લીધા બાદ, વજ્રજંઘ રાજા નિષ્કપટપણે શ્રીમતી સીતાજીને કહે છે કે, "***धर्मस्वसासि मे ।***" "તું તો મારી ધર્મની બેન છે !" કારણકે,

***"एकं धर्म प्रपन्ना हि,. सर्वे स्युर्बन्धवो मिथः ।"***

એક ધર્મને પામેલા બધા જ પરસ્પર બન્ધુઓ છે. ખરેખર, શ્રી જિનશાસનના સમાનધર્મીપણાના યોગે પ્રાપ્ત થતું બન્ધુત્વ, એ જ સાચું બન્ધુત્વ છે. એ જ બન્ધુત્વ સાર્થક છે. પેલું બન્ધુત્વ

કર્મોદયજન્ય છે અને આ બન્ધુત્વ ધર્મપ્રાપ્તિજન્ય છે. ધર્મપ્રાપ્તિજન્ય બન્ધુત્વ ધર્મની વૃદ્ધિનું જ કારણ બને. ધર્મપ્રાપ્તિજન્ય બન્ધુત્વને જે પામે, ખીલવી જાણે, તે મહાપુણ્યશાળી છે. તમે સાધર્મિક-બન્ધુઓ, સાધર્મિક-બન્ધુઓ એમ તો વારંવાર બોલો છો, પણ તમને સાધર્મિકો ખરેખર બન્ધુરૂપ લાગે છે ખરા ? એના સુખ-દુઃખની ચિન્તા તમને ખરી? મારા સાધર્મિક બન્ધુઓને ધર્મની આરાધનામાં ક્યાં ક્યાં અંતરાય નડે છે એનો તમે વિચાર કર્યો છે ખરો ? સમાનધર્મી આત્માઓને ધર્મની આરાધના કરવાની અનુકુળતા કરી આપવાનો તમે શક્ય પ્રયત્ન કર્યો છે ? તમને લાગ્યું છે કે, 'મારો કોઈપણ સાધર્મિક બન્ધુ આપત્તિમાં હોય એ મને લાંછનરૂપ છે ?' સાધર્મિકોની ભક્તિ કેવા કેવા પ્રકારે કરવી જોઈએ, એ જાણો છો ? ઉપકારી મહાપુરુષોએ એનું વર્ણન કરવામાં પણ કમીના રાખી નથી.

**ધર્મની પ્રીતિ વિના સાચું સાધર્મિક વાત્સલ્ય નહિ.**

પણ આજે ખરી ખામી તો મૂળમાં છે. ધર્મની પ્રીતિમાં જ ખામી છે. જ્યાં ધર્મની પ્રીતિમાં ખામી હોય, ત્યાં ધર્મીની પ્રીતિમાં ખામી હોય એ સહજ છે. ધર્મની પ્રીતિથી જ ધર્મીની પ્રીતિ વધે છે. આથી જ આજે સાધર્મિકોનાં દુઃખોની વાતો કરનારાઓને વાંરવાર સૂચવાય છે કે, ધર્મની પ્રીતિ પ્રગટે અને વૃદ્ધિ પામે એવા જોરદાર પ્રયત્નો કરો ! ધર્મની પ્રીતિ પ્રગટશે, એટલે સાધર્મિકોનાં દુઃખો ટાળવાને માટે રાડો નહિ પાડવી પડે. સાધર્મિકોની દયા ખાવાની આજે વાતો કરાય છે, પણ સાધર્મિકોની તો ભક્તિ જ હોય, ભક્તિપાત્ર માટે દયાની વાતો કરનારા પણ ધર્મથી દૂર છે. ધર્મને એ પામ્યા નથી, માટે જ એમને દયાની વાત કરવાનું સૂઝે છે. ધર્મની પ્રીતિવાળા બનો અને બનાવો એટલે ધર્મવૃત્તિથી જે કાર્યો થવાં જોઈએ, તે શક્તિ અને સામગ્રી મુજબ થવાનાં જ. આજે તો બીજને બાળવાનો ધંધો કરીને ફળ મેળવવાની રાડો પડાય છે. વાતો એવી કરવી છે, કે જેથી ધર્મબીજ

બળીને ખાખ થઈ જાય અને રાડો ધર્મવૃક્ષનાં ફળ મેળવવાની પાડવી છે. એનું પરિણામ શું આવે ? સાચું સાધર્મિક-વાત્સલ્ય ધર્મની પ્રીતિ વિના બને નહિ. જૈન સમાજમાં જો સાધર્મિક વાત્સલ્યને પુનઃ સજીવન બનાવવું હોય, અત્યારે જે થોડું ઘણું છે તેમાં વધારો કરવો હોય, તો ધર્મની પ્રીતિ પ્રગટે અને વધે એવા પ્રયત્નોમાં લાગી જવાની જરૂર છે. ધર્મની પ્રીતિ ઉપર દેવતા મૂકીને, ધર્મની પ્રીતિને પ્રગટાવનારાં સ્થાનોને પણ અધર્મના-પાપનાં સ્થાનો બનાવીને, સાધર્મિકોના દુઃખને દૂર કરવાનો વિચાર, એ તો ઝેર ખાઈને જીવવાની આશા કરવા જેવો વિચાર છે. શ્રી વીતરાગ દેવના ધર્મની પ્રીતિ વિના સાચું સાધર્મિક-વાત્સલ્ય સંભવે જ નહિ, એ ધ્યાનમાં લેવાની જરૂર છે. આજે સાધર્મિક વાત્સલ્યની ખામી દેવાય છે તે સામગ્રી ઓછી છે તે કારણે નહિ જ સામગ્રી ઓછી હોય તો સાધર્મિક ભક્તિની ક્રિયા ઓછી બને પણ હૈયામાં ભાવના કેવી હોય? એ ભાવનાને પ્રગટાવવાની અને ખીલવવાની જરૂર છે. ધર્મની પ્રીતિને પ્રગટાવવાની અને વૃદ્ધિ પમાડવા દશ વર્ષ સુધી પ્રયત્ન કરી જુઓ જોઈએ ! એ કરશો તો જૈન સંઘમાં કોઈ અનુપમ પરિવર્તન આવેલું તમે જોઈ શકશો. પણ એય તેનાથી જ બને કે જેનામાં સારી રીતે ધર્મપ્રીતિ પ્રગટી હોય.

### વજ્રજંઘની વિનંતી

અહીં એ પણ સમજવા જેવું ને ધ્યાનમાં લેવા જેવું છે કે. રાજા વજ્રજંઘ આ શ્રી રામચન્દ્રજી જેવા મહારાજાની પત્ની છે.' એમ સમજીને જ કૃપા કરવા ઈચ્છે છે એમ નથી. રાજા વજ્રજંઘ તો બીજી કોઈપણ વાતને આગળ નહિ કરતાં, સમાનધર્મીપણાની વાતને જ આગળ કરે છે. શ્રીમતી સીતાજી તો જૈન છે જ અને આ રાજા પોતે પણ શ્રી જૈનશાસનનો ઉપાસક છે. એટલે શ્રીમતી સીતાજીને તે ધર્મની બેન કહે છે. ધર્મની બેન કહે છે એટલું જ નહિ, પણ એ બેનનો બેનની જેમ સત્કાર કરવાને પણ રાજા તત્પર બને છે. શ્રીમતી સીતાજીને 'ધર્મની બેન' કહ્યા પછીથી, રાજા વજ્રજંઘ કહે છે કે,

"मम भामंडलस्येव, भ्रातुरेहि तदोकसि ।
स्त्रीणां पतिगृहादन्यत्, स्थानं भ्रातृनिकेतनम् ॥१॥
"रामोऽपि लोकवादेन, त्वामत्याक्षीन्न तु स्वयम् ।
पश्चात्तापेन सोऽप्यद्य, मन्ये त्वमिव कष्टभाक् ॥२॥
"गवेषयिष्यत्यचिरात्, त्वां सोऽपि विरहातुरः ।
चक्रवाक इवैकाकी ताम्यन् दशरथात्मजः ॥३॥"

'તમે મને તમારા ભાઈ ભામંડલ જેવો જ સમજો. જેમ ભામંડલ તમારા ભાઈ છે, તેમ હું પણ તમારો ભાઈ જ છું, એમ માનીને તમે મારે ઘેર ચાલો. સ્ત્રીઓને પોતાના પતિગૃહ પછીનું કોઈ સ્થાન હોય, તો તે ભ્રાતૃગૃહ જ છે' સ્ત્રીઓ બે જ ઠેકાણે શોભે કાં તો પતિગૃહમાં અને કાં તો ભ્રાતૃગૃહમાં ! સ્ત્રીઓ માટે પહેલું સ્થાન એ પતિગૃહ. એના અભાવે બીજું સ્થાન એ ભ્રાતૃગૃહ ભાઈનું ઘર શીલવતી સ્ત્રીઓ પતિગૃહ અને ભ્રાતૃગૃહ સિવાયના ગૃહમાં વસે નહિ. સ્ત્રીના શીલની રક્ષા પતિથી થાય અને પતિના અભાવમાં ભાઈથી થાય. આ સિવાયના સ્થાને અન્ય પુરૂષોની છાયામાં કે કોઈની પણ છાયા વિના, રહેનારી સ્ત્રીને ભટકેલ બનતાં વાર લાગે નહિ. આજે શીલરક્ષાની બીજી મર્યાદાઓની જેમ આ મર્યાદા પણ ભૂલાતી જાય છે. સુધારા, વિકાસ અને સ્વતંત્રતાના નામે આજે અનેકવિધ ઉત્તમ મર્યાદાઓનો વિનાશ થઈ રહ્યો છે. શીલના અર્થીઓએ આજના કહેવાતા સુધારા આદિના વ્યામોહમાં પડવા જેવું નથી. આજના સુધારા અને વિકાસ પાછળ સ્વચ્છન્દ છુપાએલો છે. એ સ્વચ્છન્દ ધીરે ધીરે સુધારક ગણાતાં કુટુંબોની સામાન્ય શાંતિમાં પણ તણખા વેરી રહ્યો છે. કેટલાંક કુટુંબો એ તણખાઓથી દાઝયાં છે અને પ્રત્યક્ષપણે ઘોર અનર્થોને અનુભવવા લાગ્યાં છે. પણ બોલી શકતાં નથી. પાછા ફરાતું નથી એટલે મહીંને મહીં રીબાયા કરે છે, ઘરની વહુઓ, દીકરીઓ અને બેનોનો વધતો જતો સ્વેચ્છાચાર, એમને પ્રિય છે એમ ન માનતા. પહેલાં એ પ્રિય હતો કારણકે, એમાં પોતાની શોભા અને એમાં ઉન્નતિ

માની હતી. હવે એ પ્રિય નથી, પણ બાજી હાથથી ગઈ છે. એવાં ગૃહો પતિગૃહો કે ભાતૃગૃહો હોય તો પણ ત્યાં શીલ જોખમમાં જ ગણાય. આમ છતાંપણ, સ્ત્રીઓ માટે પહેલું પતિગૃહ અને પછી ભાતૃગૃહ એ જ આશ્રય યોગ્ય ગણાય. હજુ મધ્યમવર્ગમાં સુધારાની બદી ઓછી પેઠી છે અને એ દરમ્યાનમાં જ આજના કહેવાતા સુધારાઓનાં અનિષ્ટો તેઓ સમજી જાય તો સારી વાત છે. કેટલાક તો આજે નબળી સ્થિતિને લીધે એમાં પડતાં રોકાયા છે; બાકી એમને આજની સુધરેલી ગણાતી પણ વસ્તુતઃ સ્વચ્છન્દી રહેણી-કરણી ગમતી નથી એમ નહિ; એટલે આજના એ સ્વચ્છન્દાચારોનો વ્યામોહ તો વધ્યે જ જાય છે. એ વ્યામોહને ટાળવાની જરૂર છે. આજના કહેવાતા સુધારાઓથી નિપજતાં અનિષ્ટોનો વિવેકપૂર્વક વિચાર કરવાની જરૂર છે.

ભામંડલના જેવા પોતાને ઘેર આવવાનું કહ્યા પછીથી, રાજા વજ્રજંઘ શ્રીમતી સીતાજીને આશ્વાસન આપતા હોય તેમ કહે છે કે, શ્રી રામચંદ્રજીએ તમારો જે ત્યાગ કર્યો છે તે કોઈ તેમની પોતાની ઇચ્છાથી કર્યો નથી, પણ લોકાપવાદથી કર્યો છે; એટલે મને તો લાગે છે કે, તે પણ અત્યારે તમારી જેમ જ પશ્ચાત્તાપના યોગે કષ્ટ ભોગવતા હશે. તમારા વિરહથી આતુર બનેલા તે પણ એકાકી ચક્રવાકની જેમ ઝૂરતા થકા, તમને થોડા જ વખતમાં શોધવાની પેરવીમાં પડશે. રાજા વજ્રજંઘની આ વાત સાચી જ છે, પણ વિચારવા જેવું એ છે કે, વિવેકી આત્માઓ દુઃખીને શાંતિ પમાડવા માટે કેવું બોલી શકે છે ? વિવેકી આત્માઓની વાણી જ જુદી હોય. વિવેકશીલ આત્માઓની વાણી સુખી ને દુઃખી બધાને શાંતિ આપનારી જ હોય, ઘુવડ જેવા આત્માઓની વાત જુદી છે. એવા પણ અયોગ્ય આત્માઓ આ દુનિયામાં વિદ્યમાન હોય છે, કે જેમને હિતકર વાત ગમે જ નહિ. બાકી ભલે વિશેષ લાયક ન હોય, પણ જો અયોગ્યતાથી બચેલ હોય, તો તેવા સર્વ આત્માઓને વિવેકી આત્માઓની વાણી દરેક અવસ્થામાં શાંતિ આપ્યા વિના રહેતી જ નથી.

## રાજા વજ્રજંઘની નિર્વિકારતા

અહીં આચાર્ય ભગવાન શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે, રાજા વજ્રજંઘ આ બધું જ નિર્વિકારપણે બોલી રહ્યા છે. રાજાના હૈયામાં લેશ પણ વિકાર નથી. મોઢેથી બેન કહેવી અને વૃત્તિ બૈરી બનાવવાની રાખવી, એવી દુષ્ટતા રાજા વજ્રજંઘમાં નથી. આજે સુધારાના પવનમાં આ જાતની દુષ્ટતા પણ પ્રસરતી જાય છે, ઘરખાનગી પાપો વધતાં જાય છે. આજની વિષયલાલસા અતિ ભયંકર છે. એ તો સાનમાં જ સમજાવાય. એનાં વિવેચનો ન હોય. વિચાર કરો કે, સામે શ્રીમતી સીતાજી જેવી સ્ત્રી છે કે જેનો રૂપમાં જોટો નથી. વળી એ પતિથી ત્યજાએલી છે, અટવીમાં છે, એકાકિની છે; અને આની પાસે રાજસત્તા છે. આવા સંયોગોમાં જે નિર્વિકાર રહી શકે, તે પુણ્યશાળી જ છે ને ?

**સભા :** પ્રભુના શાસનનો એ પ્રભાવ છે.

**પૂજ્યશ્રી** : પ્રભુશાસનને પામેલા પુણ્યાત્માઓ આનાથી પણ વધુ અનુકૂળતાઓ હોય, તે છતાંપણ પોતાના શીલને સુરક્ષિત રાખવાનો વિચાર કરે, એમાં જ પ્રભુશાસનને પામ્યાની સાર્થકતા છે. તીવ્ર પાપોદયે અમુક વસ્તુ બને એ જુદી વાત છે, પણ સામાન્ય રીતે તો એમ જ કહેવાય કે, પ્રભુશાસનને પામેલા આત્માઓ ક્રમથી ક્રમ પરનારી સહોદર તો હોય જ. વજ્રજંઘ રાજાની ઓળખ આપતાં સુમતિમંત્રીએ પણ એ વાત કહી હતી. સુશ્રાવકોના વૃત્તાન્તોમાં એ વાત તો ઠામ-ઠામ આવે છે.

## શ્રીમતી સીતાજી પુંડરીકપુરમાં

રાજા વજ્રજંઘની વાતચીત કરવાની રીત, ચેષ્ટા અને ભાષા આદિ ઉપરથી શ્રીમતી સીતાજીને પણ ખાત્રી થઈ ગઈ કે, આ જે કાંઈ કહી રહેલ છે, તે નિર્વિકારપણે જ કહી રહેલ છે. આ ઉપરાંત, અત્યારે શ્રીમતી સીતાજી બીજે ક્યાં જઈ શકે તેમ છે ? ભયંકર અટવીમાં છે,

સગર્ભા છે અને જેને ઘેર જવાનું છે તેનો વિશ્વાસ રાખવામાં વાંધો નથી એમ લાગે છે. એટલે શ્રીમતી સીતાજી રાજા વજ્રજંઘની વાતનો સ્વીકાર કરે છે. શ્રીમતી સીતાજીએ પુંડરીકપુર આવવાની હા પાડતાની સાથે જ, વજ્રજંઘ રાજાએ તરત જ એક શિબિકા મંગાવી અને શ્રીમતી સીતાજી તેમાં બેઠા. ક્રમે કરીને શ્રીમતી સીતાજી પુંડરીકપુરમાં પહોંચ્યા. પુંડરીકપુર તેમને બીજી મિથિલાનગરી હોય તેવું લાગ્યું, કારણકે રાજા વજ્રજંઘનો વર્તાવ ભામંડલના જેવો જ હતો. રાજા વજ્રજંઘે બતાવેલા ગૃહમાં વસતા શ્રીમતી સીતાજી, રાત્રિ અને દિવસ, ધર્મની આરાધના કરવામાં ગાળવા લાગ્યાં.

### સમ્યગ્દષ્ટિને પુણ્ય-પાપ બે ય ભોગવતાં આવડે

આ બનાવ શું સૂચવે છે ? પુણ્યોદય હોય તો ભયંકર અટવીમાં પણ હરકત ન આવે; નહિ તો ઘરમાં પણ ભીંત પડે અને પ્રાણ જાય. શ્રીમતી સીતાજીને ન વાઘણે ખાધાં કે ન સિંહણે ખાધાં. હવે તો ભય ટળ્યો. પાપના ઉદયે અટવી મળી અને પુણ્યોદયે અણચિન્તવી સહાય મળી. હજુ કલંક ઉભું છે, પણ એય અવસરે ટળશે. **સમ્યગ્દષ્ટિ આત્માઓ પાપના કે પુણ્યના ઉદયથી મૂંઝાય નહિ. પુણ્યોદયમાં અને પાપોદયમાં એનું ધ્યેય નિર્જરાનું હોય. સમ્યગ્દૃષ્ટિને બન્નેય પ્રકારના ઉદય ભોગવતાં આવડે. બીજાની જેમ એ પુણ્યોદયે ઉન્મત્ત ન બને, અને પાપોદયે દીન ન બને. એ સઘળી અવસ્થામાં, હરેક હાલતમાં પોતાના ગૌરવને પણ સાચવી શકે.**



# પુણ્યપાપનાં અસ્તિત્વ અને પ્રભાવનું દર્શન

## ૩

પુણ્યપાપને કોઈ સ્વીકારે કે ન સ્વીકારે, તેનું અસ્તિત્વ સ્વીકાર્યા સિવાય કોઈનોય છૂટકો નથી. મહાસતી સીતાજીના જીવનની ઘટનાઓ તેની સાક્ષી છે.

કાકલુદીભરી યાચના કરનારા રાવણને ત્યાંથી પણ સર્વથા નિર્દોષપણે પાછાં ફરેલા મહાસતી અસતીપણાના કલંકને પામે એ શું પાપનો પરિપાક નથી ? તો હિંસકપશુઓથી ભરેલી અટવીમાં જીવતાં રહી શક્યાં, ત્યાં ભાઈ થકી ભલેરા રાજા વજ્રજંઘનો યોગ મળ્યો, તે સતી સીતાના સત્‌ને ઓળખી શક્યો, પોતાના પુંડરીકપુરનગરે લઈ ગયો, આ બધું પુણ્ય વિના શું શક્ય બની શકે ?

આ પ્રસંગો તો આપણામાં પાપભીરુતાને પેદા કરે તેવાં છે. પાપભીરુતા આવે તો માત્ર પુણ્યની જ નહીં, પરંતુ કર્મનિર્જરાની પણ અપેક્ષા જાગે. ને પુણ્યની અપેક્ષા જણાય તો ય પુણ્યાનુબંધી પુણ્યની ઇચ્છા કરાવે તેવા છે.

-શ્રી

# પુણ્ય પાપનાં અસ્તિત્વ અને પ્રભાવનું દર્શન

- લોકૈષણાને આધીન બનીને
- આ પ્રસંગ આત્માને પાપભીરુ બનાવે તેવો છે :
- પાપભીરુતા વિના પુણ્યાનુબંધી પુણ્યની વિવેકપૂર્વકની ઈચ્છા ન થાય
- આપત્તિને પણ સંપત્તિ બનાવનારા
- કૃતાન્તવદન અયોધ્યામાં આવીને શ્રીરામચન્દ્રજીને સમાચાર આપે છે
- સ્વામીના હિતની કાળજી એ જ સાચા સેવકનો આદર્શ
- સેનાપતિ કૃતાન્તવદને સંભળાવેલો શ્રીમતી સીતાજીનો સંદેશ :
- કહેનારના આશયને પિછાનતા શીખો !
- અન્યાયનો પોકાર
- શ્રીમતી સીતાજીને પોતાના ભાગ્યદોષનો કરેલો સ્વીકાર
- મહાસતીની વિનંતી



# ૩

## પુણ્ય પાપનાં અસ્તિત્વ અને પ્રભાવનું દર્શન

### લોકૈષણાને આધીન બનીને

પુણ્ય-પાપને નહિ માનનારાઓ એ તો ખાસ કરીને આ પ્રસંગ પણ વિચારવા જેવો જ છે. જે અટવીમાં શ્રીમતી સીતાજી ત્યજાયાં હતાં, તે અટવી કમ ભયંકર નહિ હતી. હિંસક પશુઓનો એ અટવીમાં નિવાસ હતો. તથા પ્રકારનો, પુણ્યોદય ન હોય તો આવી અટવીમાંથી જીવતા નીકળવું, એ શ્રીમતી સીતાજી માટે અશક્ય જ હતું, પણ પાપોદયે જેમ પોતાનું કામ કર્યું, તેમ પુણ્યોદયે પણ પોતાનું કાર્ય કર્યું. પાપોદયે એટલી હદ સુધીની પરિસ્થિતિ ઉપસ્થિત કરી દીધી કે, શ્રી રાવણ જેવા સમર્થ, વૈભવસંપન્ન અને વિશાળ સામ્રાજ્યના માલિક છતાં સેવક તરીકે સ્વીકારવાની યાચના કરતા રાજાને ત્યાંથી સર્વથા નિર્દોષપણે પાછાં ફરેલાં મહાસતી શ્રીમતી સીતાજીની અસતી તરીકેની ખ્યાતિ થઈ. અસતી તરીકેની એ તદ્દન ગલત ખ્યાતિને સાંભળતાં બીજાઓ મુંઝાય તો એ જુદી વાત છે, પણ શ્રી રામચન્દ્રજી પણ મુંઝાયા તેય એવા મુંઝાયા કે, શ્રીમતી સીતાજીને મહાસતી માનવા છતાંય, તેમને મહાસતી તરીકે જાહેર કરવાની હામ ભીડી શકયા નહિ

કે તેવો કોઈ માર્ગ પણ શોધી શક્યા નહિ. વધુમાં એવા વિવેકી પણ લોકૈષણાને આધીન બન્યા. રાજ્યના વિચક્ષણ મહત્તરો પણ લોકવાદમાં સમ્મત બની ગયા. શ્રી લક્ષ્મણજીએ ચરણોમાં પડીને શ્રીમતી સીતાજીનો ત્યાગ નહિ કરવાની આગ્રહભરી આજીજી કરી છતાં તે તરફ પણ શ્રી રામચન્દ્રજીએ લક્ષ્ય આપ્યું નહિ. તેમણે તો યાત્રાના બહાને મહાસતીજીને અરણ્યમાં ત્યજી દેવાની જ આજ્ઞા ફરમાવી. આ બધામાં શ્રીમતી સીતાજીનો પાપોદય એક યા બીજી રીતે કામ કરી રહ્યો હતો. અન્યથા શ્રી રામચન્દ્રજીને મહાસતી શ્રીમતી સીતાજી પ્રતિ ઓછો અનુરાગ નહિ હતો. શ્રીમતી સીતાજીનું ઔદાસીન્ય ટાળવાને માટે શ્રી રામચન્દ્રજી બને તેટલું સઘળું જ કરવાને તત્પર હતા. વળી વિવેકી અને વિચક્ષણ પણ હતા. છતાં આ બન્યું, ત્યારે એ જ મનાય અને કહેવાય કે, એ બધાયમાં શ્રીમતી સીતાજીના તીવ્ર અશુભોદયની મુખ્ય અસર હતી. પાપને નહિ માનનારાઓની બીજી કોઈપણ દલીલ અહીં ટકી શકે તેમ નથી. જે સંયોગોમાં આ બધું બન્યું છે, તે જોતાં કોઈપણ વિચક્ષણ સમજી શકે તેમ છે કે પાપના ઉદય વિના આમ બને જ નહિ. શ્રીમતી સીતાજી એ છે, કે જેમણે કોઈ કાળે મનથી પણ પરપુરુષની ઇચ્છા કરી નથી તેમજ અવસરે સઘળાં રાજસુખોનો એક ક્ષણમાં ત્યાગ કરીને પતિની પૂંઠે પણ એ જ ચાલી નીકળ્યાં હતાં ને ? બીજી તરફ જુઓ તો શ્રી રામચન્દ્રજી પણ વિવેકશીલ અને વિચક્ષણ હોવા સાથે, શ્રીમતી સીતાજી પ્રત્યે અનહદ અનુરાગ ધરાવનારા હતા. આ બધી વાતોને લક્ષ્યમાં રાખીને શ્રીમતી સીતાજીના પરિત્યાગનો આખોય પ્રસંગ વિચારવામાં આવે, તો એમ લાગ્યા વિના રહે નહિ કે, પાપના અસ્તિત્વને પણ માન્યે જ છૂટકો છે. એ ઉપરાંત, યોગ્ય આત્માઓમાં આ પ્રસંગોના વિચારથી પાપભીરૂ બુદ્ધિ પણ ઉત્પન્ન થયા વિના નહિ રહે.

**સભા** : પ્રસંગ તો એવો જ છે.

**પૂજ્યશ્રી** : ત્યારે ખામી શાની છે ?

**સભા** : ખામી તો અમારી લાયકાતની છે.

**પૂજ્યશ્રી** : લાયકાતની ખામી કરતાંય વિવેકપૂર્વક વિચાર કરવાની ખામી મોટી છે, એમ નથી લાગતું.

**સભા** : એમ કેમ ?

**પૂજ્યશ્રી** : આત્માના હિતની દરકાર કેટલી ? તમે માની લીધેલા દુન્યવી હિતોને માટેના વિચાર કેટલા અને આત્માના હિતના વિચાર કેટલા ?

**સભા** : આત્માના હિતની ઇચ્છા તો છે, પણ...

**પૂજ્યશ્રી** : પણ એ ઇચ્છા એવી છે કે એની મેળે આત્માનું હિત સધાઈ જાય તો ભલે, એમ જ ને ?

**સભા** : કાંઈ કહેવાય એવું નથી.

**પૂજ્યશ્રી** : દુન્યવી હિત સાધવા માટે તો વિચારોય કરવા પડે અને પરિશ્રમે ય કરવો પડે, પણ આત્માનું હિત સાધવા માટે બહુ વિચારવાની કે બહુ પરિશ્રમની જરૂર નહીં, એમ લાગે છે ?

**સભા** : એમ લાગતું તો નથી, પણ અમારી દશા એવી છે કે એવી જ કલ્પના થાય.

**પૂજ્યશ્રી** : એનું કારણ શોધવાનો પરિશ્રમ કર્યો છે ખરો ? કોક'દિ કોઈપણ સદ્ગુરુની પાસે જઈને તમે તમારી અવસ્થાનું વર્ણન કર્યું છે ખરું ? 'આત્મકલ્યાણની મને અભિલાષા છે. એ માટેના પ્રબળ વિચારો કે એ માટે ખૂબ ખૂબ પરિશ્રમ કરવાની ભાવના મારામાં પ્રગટતી નથી, એનું કારણ શું હશે ? એવું ક્યારેય સદ્બુદ્ધિથી કોઈ સદ્ગુરુને પૂછ્યું છે ખરું ?

**સભા** : આત્મકલ્યાણની એટલી બધી ઇચ્છા તો ઉત્પન્ન થવી જોઈએ ને ?

**પૂજ્યશ્રી** : ત્યારે તમારી આત્મકલ્યાણની અભિલાષા કઈ કોટિની છે, એનું તો માપ કાઢો ! તમને દુન્યવી સુખો મેળવવાની ઈચ્છા થાય છે કે નહિ ?

**સભા** : થાય છે.

**પૂજ્યશ્રી** : દુન્યવી સુખો એ વસ્તુતઃ સુખો નથી અને એના ભોગવટામાં કલ્યાણ નથી એમ લાગે છે ખરૂં ?

**સભા** : વિચાર કરીએ તો એમ થાય કે જ્ઞાનીઓએ કહ્યું છે તે ખોટું ન હોય.

**પૂજ્યશ્રી** : જ્ઞાનીઓએ કહ્યું છે તે ખોટું ન જ હોય, એ તો નિર્વિવાદ વાત છે : પણ તમને શું લાગે છે, એ કાંઈ કહેશો ?

**સભા** : દુન્યવી સુખો ભોગવતાં આનંદ નથી આવતો, તેમ કહી શકાય એવું નથી.

**પૂજ્યશ્રી** : તો ક્યારેક ક્યારેક પણ એમ લાગે છે કે, મારો આ આનંદ મારા દુઃખમાં વધારો કરનારો છે ? મારો આ આનંદ સાચા સુખની પ્રાપ્તિને દૂર લઈ જનારો છે ? મારો આ આનંદ એ મારી મૂર્ખાઈનું જ પરિણામ છે ?

**સભા** : ક્યારેક એમ તો લાગે કે આ બધું તજીને સંયમની સાધના થાય તો સારૂં.

**પૂજ્યશ્રી** : એટલી પણ ત્યાગ અને સંયમની રુચિ હોય, તોય જરૂર ખુશી થવા જેવું છે. પણ જેને મોક્ષસુખ ગમતું હોય અને ઉપકારીઓએ ફરમાવ્યા મુજબ રત્નત્રયીની આરાધના કર્યા વિના કલ્યાણ સધાવાનું નથી એમ લાગતું હોય, એને ભોગસુખ દુઃખના કારણરૂપ લાગવાં જોઈએ. ભોગસુખોને ભોગવતાં કમ્પારી આવવી જોઈએ. ઈન્દ્રાદિનાં સુખો પણ ઈચ્છવા જેવાં નથી, એમ લાગવું જોઈએ. તમે દેવપૂજા કરો કે સાધુસેવા કરો, એ કયા હેતુથી ?

**સભા** : સુખી થવાય એ હેતુથી.

**પૂજ્યશ્રી** : ત્યાં પાછો એ પ્રશ્ન આવીને ઉભો જ રહ્યો કે, દેવ-પૂજા અને સાધુસેવા આદિથી તમે કયા પ્રકારના સુખને ઇચ્છો છો ? દુન્યવી સુખને કે મોક્ષસુખને ?

**સભા** : બેય સુખને.

**પૂજ્યશ્રી** : મોક્ષસુખની અભિલાષાવાળાને તો દુન્યવી સુખોનો પણ ત્યાગ કરવો પડે છે. દુન્યવી સુખ અને મોક્ષ સુખ-એ બન્ને સાથે ભોગવી શકાય એવાં સુખો નથી. દુન્યવી સુખની ઇચ્છા પણ મોક્ષસુખની પ્રાપ્તિમાં વિઘ્નકર છે; તો પછી બન્ને પ્રકારનાં સુખોને ઇચ્છો છો, એ કેમ બને ?

**સભા** : ખરી વાત એ છે કે, હજુ આત્મા મોક્ષસુખનો એવો અર્થી બન્યો નથી. મોક્ષ પ્રત્યે અરુચિ નથી. પણ વિચારો અને પરિશ્રમ તો દુન્યવી સુખસામગ્રીની અભિલાષાથી થાય છે.

**પૂજ્યશ્રી** : ખરેખર. મોક્ષ પ્રત્યે અરુચિ નથી એ પણ એક પ્રકારની લાયકાત છે. દેવપૂજા અને સાધુસેવા દ્વારા દુન્યવી સુખસામગ્રીને નહિ ઇચ્છતાં, એ જ ઇચ્છ્યા કરો કે, 'મોક્ષની તીવ્ર રુચિ મારામાં પ્રગટો !' શ્રી વીતરાગ દેવ અને એ તારકની આજ્ઞા મુજબ નિર્ગ્રન્થ ધર્મનું પરિપાલન કરતાં સુસાધુઓએ બન્નેની પૂજા અને સેવાથી મારા હૈયામાં મોક્ષની ઉત્કટ અભિલાષા પ્રગટો અને મુક્તિની સાધના માટે તત્પરતા પ્રાપ્ત થાઓ, એવી ભાવનાને ખૂબ જ દ્રઢ બનાવો. મુક્તિની સાધના માટે કેટલીક સામગ્રીની પણ આવશ્યકતા છે. એ માટે તેવી સામગ્રીની ઇચ્છા, એ પાપેચ્છા નથી. એ તો એક અપેક્ષાએ મુક્તિનાં સાધનોની ઇચ્છા છે, એમ પણ કહી શકાય. પણ પહેલાં દુન્યવી સુખનું અર્થીપણું જવું જોઈએ. દુન્યવી સુખોને ભોગવવાની લાલસા નાશ પામવી જોઈએ. દુન્યવી સુખો ભોગવવાની ઇચ્છા, એ પાપનું મૂળ છે. દુન્યવી સુખોને ભોગવવાની

ઈચ્છા, આત્માને અનેકવિધ અનર્થો તરફ દોરી જાય છે. મોક્ષસુખની અભિલાષાથી કરવામાં આવતી દેવપૂજા અગર સાધુસેવા આદિથી દુન્યવી સુખો પ્રાપ્ત થતાં નથી, એમ નહિ; મોક્ષસુખની અભિલાષાથી કરાએલી દેવપૂજા અને સાધુસેવા આદિથી દુન્યવી સુખોની પણ પ્રાપ્તિ શક્ય છે. વળી તે સુખસામગ્રી પણ ઉચ્ચ કોટિની હોય છે. એ સુખસામગ્રી સંસારરાગને નહિ વધારતાં વિરાગને વધારે છે. એથી જ એ સામગ્રી મોક્ષસુખની સાધનામાં સહાયક બની જાય છે. આ અપેક્ષાએ તમે દુન્યવી સુખ અને મોક્ષસુખ-ઉભયની અભિલાષાથી દેવપૂજા અગર સાધુસેવા કરો એ જુદી વાત છે; પણ સમજુ હોવા છતાંય કેવળ દુન્યવી સુખના હેતુથી જ દેવપૂજા આદિ અનુષ્ઠાનો આચરવાં, એને તો ઉપકારીઓ વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાન કહે છે. અમૃત રૂપ બનવાની લાયકાત ધરાવનારાં પણ ધર્માનુષ્ઠાનો, કેવળ દુન્યવી સુખના હેતુથી આચરવાને કારણે જ, વિષ અને ગરલની ગરજ સારનારાં બની જાય છે. આવી વાતો નહિ સમજી શકવા જેટલા તમે મુગ્ધ હો તો વાત જુદી છે, પણ તમે તો વિચક્ષણ છો. આ બધી વાતોને તમે સર્વથા નથી સમજતા, એમ પણ નથી. હવે તમને લાગે છે ને કે, આત્મહિતની બેદરકારીના યોગે જ તમે જરૂરી વિચારોથી વંચિત રહી જાઓ છો ?

**સભા** : એ વાત તો છે જ. માટે

### આ પ્રસંગ આત્માને પાપભીરૂ બનાવે તેવો છે

**પૂજ્યશ્રી** : માટે આ દૂષણ ટાળવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આપણી મૂળ વાત તો એ હતી કે, શ્રી રામચન્દ્રજી દ્વારા કરાયેલા શ્રીમતી સીતાજીના પરિત્યાગના પ્રસંગને જો બરાબર વિચારાય, તો યોગ્ય આત્માઓમાં પાપભીરૂ બુદ્ધિ પણ ઉત્પન્ન થયા વિના રહે નહિ. શ્રી રામચન્દ્રજીએ શ્રીમતી સીતાજીને ત્યજી દીધાં એ પ્રસંગ જેમ પાપના અસ્તિત્વને અને તેના ઉદયની અસરને કબૂલવા

પ્રેરે તેવો છે, તેમ ભયંકર અટવીમાં મહાસતી શ્રીમતી સીતાજીને વજ્રજંઘ રાજા જેવા સુશ્રાવકનો ભેટો થઈ ગયો અને તેમને તે રાજા પુંડરીકપુરમાં લઈ આવ્યા એ પ્રસંગ પુણ્યના અસ્તિત્વને અને તેના ઉદયની અસરને પણ કબૂલવા પ્રેરે તેવો છે.

### પાપભીરુતા વિના પુણ્યાનુબંધી પુણ્યની વિવેકપૂર્વકની ઈચ્છા ન થાય.

પુણ્યોદયે અણચિન્તવી રીતે સઘળું મળી રહે છે અને પાપોદયે અણચિન્તવી રીતે સઘળું જ ચાલ્યું જાય છે. ખરાબમાં ખરાબ સ્થાનમાં ય પુણ્યોદય અનુકૂળતા ઉભી કરી દે છે અને સારામાં સારા સ્થાનમાં ય પાપોદય પ્રતિકૂળતા ઉભી કરી દે છે. આમ છતાં, કેવળ પુણ્યના જ અભિલાષી નહિ બનતાં નિર્જરાના અભિલાષી બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. પુણ્યોદયની ઇચ્છા થઈ જાય, તો પણ તે એવા પુણ્યોદયની ઇચ્છા હોવી જોઈએ, કે જે પુણ્યોદયનું પરિણામ પાપની વૃદ્ધિમાં ન આવે. પુણ્ય બે પ્રકારનું છે એક પાપાનુબંધી અને બીજુ પુણ્યાનુબંધી. પાપાનુબંધી પુણ્યનો ઉદય આત્માના ભાવિને ભયંકર બનાવે છે, જ્યારે પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય વર્તતો હોય ત્યારે આત્મા વિષયવિરાગ આદિથી ઘણું ઘણું શ્રેય: સાધી શકે છે. પુણ્યાનુબંધી પુણ્યની વિવેકપૂર્વકની ઇચ્છા પણ પાપભીરૂ બન્યા વિના આવી શકતી નથી. આથી પાપભીરૂતા કેળવવાની ખાસ જરૂર છે. પુણ્ય અને પાપ આદિની શ્રદ્ધા કેળવી પાપભીરૂ બનવું અને મોક્ષની જ અભિલાષાથી સદ્ધર્મના સેવન માટે મથવું. આવા પ્રસંગોમાંથી પણ એવા જ રહસ્યને તારવવું જોઈએ.

### આપત્તિને પણ સંપત્તિ બનાવનારા

પાપ કરતાં પાછું વાળીને નહિ જોનારાઓ જો પાપના પરિણામનો વિવેકપૂર્વક વિચાર કરનારા બની જાય, તો ક્રમે ક્રમે

પાપથી કંપનારા અને પાપના ત્યાગી બની ગયા વિના રહે નહિ. મહાસતી શ્રીમતી સીતાજીને માથે આવેલી આપત્તિ કેવી અને કેટલી ભયંકર ? એ પ્રતાપ એમના પૂર્વના પાપકર્મનો જ છે. આ વસ્તુ એ પણ સૂચવે છે કે, આપત્તિમાં અદીન બનવું. 'મારૂં કરેલું પાપ મારે ભોગવ્યા વિના ચાલે તેમ નથી.' એ વિચાર પણ આત્માને આપત્તિના સમયે અદીન બનવામાં સહાય કરે છે. આપત્તિમાં અદીન બની, સમભાવે આપત્તિને સહવી અને વર્તવું એવી રીતે કે જેથી સઘળી જ આપત્તિના મૂળમાં ઘા પડયા કરે. અહીં આપણે જોયું કે, વજ્રજંઘ રાજાએ આપેલા નિકેતનમાં વસતાં મહાસતી શ્રીમતી સીતાજી, ધર્મની આરાધનામાં જ રત બનીને દિવસો વ્યતીત કરી રહ્યાં છે. 'દુ:ખમાં તે ધર્મ હોય ?' એમ કહેનારાઓને કહો કે, 'દુ:ખમાં તો અવશ્યમેવ ધર્મ જોઈએ.' આત્મા જો વિવેકી અને સત્ત્વશીલ હોય, તો દુ:ખના સમયે તો એ અજબ સાધના કરી શકે છે. વિવેકને પામેલો સત્ત્વશીલ આત્મા સમતાશીલ બનીને દુ:ખના સમયમાં જે કર્મનિર્જરા સાધી શકે છે, તે કોઈ અજબ જ હોય છે. એવા આત્માઓ આપત્તિઓને સંપત્તિરૂપ બનાવી દેનારા હોય છે. એવા આત્માઓ આપત્તિના સમયમાં પોતાની આત્મસંપત્તિને ખૂબ ખૂબ નિર્મળ બનાવી શકે છે. એવા ઉત્તમ આત્માઓને માથે આપત્તિ આવે એવી આપણી ભાવના ન હોય, એમની આપત્તિ ટળે એવી જ આપણી ભાવના હોય; અરે, એમની આપત્તિ ટાળવાનો શક્ય પ્રયત્ન પણ આપણે કરીએ, પરંતુ જે રીતે એવા આત્માઓએ આપત્તિને પણ સંપત્તિરૂપ બનાવી દીધી હોય, તે રીતે તેમની સાધનાની અનુમોદના કર્યા વિના આપણે રહી શકીએ નહિ. એવા આત્માઓના ઉદાહરણથી આપણે પણ આપણી આપત્તિને સંપત્તિરૂપ બનાવવાનું સામર્થ્ય કેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

## કૃતાન્તવદન અયોધ્યામાં આવીને શ્રી રામચંદ્રજીને સમાચાર આપે છે

આ ચરિત્રના રચયિતા, આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા, અયોધ્યાનગરીમાં શું શું બન્યું, એ વિગેરેનું વર્ણન શરૂ કરે છે. તેઓશ્રી ફરમાવે છે કે, શ્રી સમેતશિખરજી તીર્થની યાત્રાના બહાનાથી મહાસતી શ્રીમતી સીતાજીને અરણ્યમાં એકલા જ છોડી દેવાને માટે ગએલો સેનાપતિ કૃતાન્તવદન અયોધ્યાનગરીમાં આવી પહોંચ્યો. આપણે જોઈ ગયા છીએ કે, મહાસતી શ્રીમતી સીતાજીની પતિપરાયણતા માટે સેનાપતિ કૃતાન્તવદનનાં હૈયા ઉપર ઘણી જ ઉંડી છાપ પડી હતી અને એથી જ તે વારંવાર નમસ્કાર કરીને શ્રીમતી સીતાજીથી વિખૂટો પડયો, ત્યારે રસ્તામાં પણ એ જ જાતના વિચારો કર્યા કરતો હતો કે, 'ક્યાં રામ જેવા વિપરીત વૃત્તિવાળા પતિ અને ક્યાં એવા પણ પતિ પ્રત્યે પૂજ્યભાવ અને એકાંતે હિતભાવ ધરાવનાર આ સતી ? ખરેખર, શ્રીમતી સીતાજી તો સતીઓમાં પણ શિરોમણિ જ છે.' આ પ્રકારના વિચારોને કરતો કૃતાન્તવદન, અયોધ્યાપુરીમાં આવી પહોંચીને પોતાના સ્વામીની સેવામાં હાજર થાય છે. હાજર થઈને એ સૌથી પહેલી વાત તો એ કહે છે કે, "*વને સિંહનિનાદાખ્યે ત્યક્તવાનસ્મિ જાનકીમ્ ।*"

'સિંહનિનાદ નામના વનમાં મેં શ્રીમતી સીતાજીનો ત્યાગ કર્યો છે. આટલું કહ્યા પછીથી, મહાસતી શ્રીમતી સીતાજીએ કહેવડાવેલો સંદેશ શ્રી રામચંદ્રજીને સંભળાવવાની તૈયારી કરતાં સેનાપતિ કૃતાન્તવદન કહે છે કે,

"*મુહુર્મુહુઃ સા મૂર્ચ્છિત્વા, ચેતિત્વા ચ મુહુર્મુહુઃ ।*
*કથંચિદ્ ધૈર્યમાલંબ્ય, વાચિકં ચૈવમાદિશત્ ॥૧॥*"

"મહાસતી શ્રીમતી સીતાજી, આપે તેમનો ત્યાગ કરાવ્યો છે એ વાત સાંભળતાની સાથે જ સખ્ખત આઘાતને પામ્યાં અને આકુળ-વ્યાકુળ બની ગયાં. તેઓ વારંવાર મૂર્ચ્છા અને વારંવાર ચેતના પામવા લાગ્યાં. વારંવાર મૂર્ચ્છા પામતાં અને વારંવાર ચેતના પામતાં મહાસતી શ્રીમતી સીતાજીએ, કોઈપણ રીતે

ધૈર્ય પ્રાપ્ત કરીને, આપને કહેવાને માટેનો જે સંદેશો મને કહ્યો છે, તે હું આપને સંભળાવું છું."

## સ્વામીના હિતની કાળજી એ જ સાચા સેવકનો આદર્શ

સેનાપતિ કૃતાન્તવદનની વર્ણન કરવાની ખૂબી પણ ધ્યાન ખેંચે એવી છે. શ્રી રામચંદ્રજીનો એ સેવક છે અને સ્વામીના ધ્યાન ઉપર સ્વામીની ભૂલ આવે એમ ઈચ્છી રહ્યો છે. અહીં તે સેવક તરીકેની પોતાની લાયકાત પૂરવાર કરી રહ્યો છે, એમ કહીએ તોય ચાલી શકે. સાચા સેવકો સ્વામીને તેમની ભૂલ સમજાય, એવો પણ પ્રયત્ન કરનારા હોય જ છે. 'સ્વામીનું ગમે તેમ થાવ; આપણે તો આપણા હિત તરફ ધ્યાન રાખીને સ્વામીને રુચે એવું બોલવું અને સ્વામી ખુશ થાય એમ જ વર્તવું' એવી મનોવૃત્તિવાળા સેવકો સેવકધર્મના રહસ્યને સમજ્યા જ નથી. એવાઓ અંગત સ્વાર્થ માટે માખણીયા બનીને, પોતાના સ્વામીને અહંકારદિનું વિષ પાનારા હોય છે. સ્વામીના હિત તરફ જેનું લક્ષ્ય નથી, તે સાચો સેવક નથી જ. સેવકે ભલે સ્વાર્થ માટે જ સેવા સ્વીકારી હોય, પણ એની સ્વાર્થસાધના સ્વામીના જ હિતની ઘાતક નિવડે એવી તો નહિ જ હોવી જોઈએ. સાચા સેવકપણાને ઈચ્છતા આત્માઓએ નિરંતર સતીધર્મના આદર્શને આંખ સામે રાખવો જોઈએ. સતીસ્ત્રીઓ જેમ જરાપણ અવિનયી બન્યા વિના પતિના હિતમાં દત્તચિત્ત બની રહે છે, તેમ સેવકોએ પણ સ્વામીના હિતની સામે દૃષ્ટિ રાખવી જોઈએ. સ્વામિની આજ્ઞાનું વિનીતભાવે પાલન કરવું એ જેમ સ્વામી સેવા છે, તેમ સ્વામીને યુક્તિપૂર્વક ઉન્માર્ગથી બચાવી લઈ સન્માર્ગે યોજવાનો પ્રયત્ન કરવો, એય સ્વામીની સેવા છે. સેવકે અવસર ઉપર એવી રીતે વર્તવું જોઈએ, કે જેથી અવિનયનો છાંટો પણ આવે નહિ અને શક્ય હોય તો સ્વામીનું હિત સધાયા વિના પણ રહે નહિ. આજના સેવકોની તો દૃષ્ટિ જ જુદી. સેવકના હૈયામાં સ્વામીના હિતની સતત ચિંતા હોવી

જોઈએ. જ્યારે આજના સેવકોમાં કેવળ પોતાના જ હિતની સતત ચિંતા હોય છે અને સ્વામીના હિતની ઉપેક્ષા હોય છે. કેટલાક તો વળી એથીય આગળ વધીને, સ્વામીનું હિત હણાય એવી રીતે પણ સ્વાર્થ સાધવાનો પ્રયત્ન કરતાં અચકાતા નથી. શેઠની મૂર્ખાઈને પણ શાણપણ તરીકે વર્ણવે અને શેઠ અયોગ્ય પ્રવૃત્તિ કરતા હોય તોય શેઠની રૂબરૂ કે પાછળ પણ 'શેઠ યોગ્ય જ કરે છે એમ બોલ્યા કરે; એવા સેવકોનો આજે તોટો નથી. જો કે, આજના બધા જ સેવકો એવા છે એમ આપણે કહેતા નથી, પણ મોટાભાગની દશાનું આ વર્ણન છે.

**સભા** : આજના શેઠીયાઓ પણ એવા છે કે એમની પાસે માખણીયા સેવકો ટકી શકે અને સાચી હિતકારી વાત કરનારા માર્યા જાય.

**પૂજ્યશ્રી** : આજે શેઠીયાઓમાં એવા ઘણા છે, એ વાતનો ઈન્કાર છે જ નહિ પણ એટલા માત્રથી સેવકો સેવકધર્મને ચૂકે એ વ્યાજબી નથી. હિતનો માર્ગ તો એ જ છે કે, સૌ પોત-પોતાની ફરજ તરફ લક્ષ્ય આપનારા બને. દરેકને પહેલી ચિન્તા પોતાનાં કર્તવ્યનું પાલન કરવાની હોવી જોઈએ. કર્તવ્યનું યથાર્થપણે પાલન કરતાં વેઠવાનું આવે તો વેઠવાની તૈયારી પણ હોવી ઘટે. બીજી વાત એ છે કે, આજે કેટલાક ઉદ્ધત માણસો પોતાને 'સાચા બોલા' તરીકે ઓળખાવી 'સાચું બોલ્યા તો સંકટ આવ્યું' એવી ફરીયાદ કરનારા છે. આથી જ સેવકોએ સતીપણાના આદર્શને આંખ સામે રાખવો જોઈએ, એમ કહેવાયું. સેવક માત્રે ઉદ્ધતાઈનો તો મૂળમાંથી જ ત્યાગ કરવો જોઈએ અને મન-વચન-કાયાને વિનયથી ઓતપ્રોત બનાવી દેવા જોઈએ. આ પછી પણ અવસરને પીછાનવો, સંયોગો તપાસવા, પરિણામ વિચારવું એ વગેરે સંબંધી વિચક્ષણતા પ્રાપ્ત કરવી જોઈએ. સાચા સેવક બનવા માટે પણ ઓછી લાયકાતની જરૂર છે, એમ ન માનતા. આ તો સેવકધર્મની વાત નીકળી એટલે સેવકો માટે કહેવાયું, બાકી

આજના સ્વામિઓ માટે ય ઘણું કહેવા જેવું છે. સાચું સ્વામીપણું પામવા માટે તો સેવક કરતાંય વિશેષ લાયકાત પ્રાપ્ત કરવી જોઈએ. નસાચું સ્વામીપણું પામવા માટે વિવેકી બનવું અને ઔદાર્ય, ધૈર્ય તથા ગાંભીર્ય આદિ ગુણો કેળવવા, એ ખૂબ જ જરૂરી છે. પણ એ વાત વળી અન્ય કોઈ તેવા અવસરે, અહીં તો એ વાત છે કે, સેનાપતિ કૃતાન્તવદન એવી રીતે વર્ણન કરી રહ્યો છે કે, જેથી એકવાર શ્રી લક્ષ્મણજી જેવાની વિનંતિને પણ તિરસ્કારી કાઢનાર શ્રી રામચન્દ્રજીને તેમની ભૂલનો ખ્યાલ આવે અને થઈ ગયેલા અનુચિત સાહસને સુધારી લેવાની ભાવના તેમનામાં પ્રગટ્યા વિના રહે નહિ.

### સેનાપતિ કૃતાન્તવદને સંભળાવેલો શ્રીમતી સીતાજીનો સંદેશ

મહાસતી શ્રીમતી સીતાજીએ કહેવડાવેલો સંદેશ રામચંદ્રજીને સંભળાવતાં, કૃતાન્તવદન સેનાપતિ કહે છે કે,

*नीतिशास्त्रे स्मृतौ देशे, कस्मिन्नाचार ईदृशः ।*
*एकपक्षोक्तदोषेण, पक्षस्यान्यस्य शिक्षणम् ॥१॥*
*सदा विमृश्य कर्त्तुस्तेऽप्यविमृश्य विधायिता ।*
*मन्ये मद्भाग्यदोषेण, निर्दोषस्त्वं सदाप्यसि ॥२॥*
*खलोक्त्याहं यथा त्यक्ता, निर्दोषापि त्वया प्रभो ! ।*
*तथा मिथ्यादृशां वाचा, मा त्याक्षीर्धर्ममार्हतम् ॥३॥*
*इत्युक्त्वा मूर्च्छिता सीता, पतित्वोत्थाय चाब्रवीत् ॥*
*मया विना कथं रामो, जीविष्यति हतास्मि हा ! ॥४॥*

પરમ ઉપકારી કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ કરેલા આ વર્ણન ઉપરથી, બરાબર સમજી શકાય તેમ છે કે, કૃતાન્તવદન સેનાપતિએ મહાસતી શ્રીમતી સીતાદેવીના સંદેશાને આબાદ રીતે શ્રી રામચન્દ્રજી સમક્ષ રજુ કરેલ છે. કેટલીકવાર રજુ કરવાની બીન આવડતથી સુંદરમાં સુંદર વાતો પણ મારી જાય છે અને કેટલીક વાર તો વળી ઉંચી જ અસર

નિપજાવનારી નિવડે છે. સામાન્ય પણ વાત રજૂ કરતાં આવડે તો ઘણી સુંદર અસર નિપજાવી શકાય છે અને સારી પણ વાત રજૂ કરતાં ન આવડે તો એ જ એક કારણસર તે નિષ્ફળ અગર તો નુકશાનકારક નિવડે છે. અહીં તો કૃતાન્તવદન વિચક્ષણ છે, અને શ્રીમતી સીતાદેવીએ જે કહેવડાવ્યું છે તે પણ એવું છે, કે જે દોષ દુષિત હૈયાને પ્રાય: ભેદી નાખ્યા વિના રહે નહિ.

**સભા** : હૈયાને ભેદી નાંખે એવું ?

**પૂજ્યશ્રી** : હા, દોષ દુષિત હૈયાને ભેદી નાંખે તેવું !

**સભા** : એમ કેમ?

**પૂજ્યશ્રી** : એનો અર્થ એ કે, આ વાત કાને પડતાંની સાથે જ, હૈયામાં પેઠેલો દોષ પલાયન થઈ જાય, ભૂલ થઈ જવા બદલ હૈયાને આઘાત પહોંચે અને થઈ ગએલી ભૂલ સુધરી શકે તેમ હોય તો તે સુધારી લેવાની તત્પરતા જન્મે.

**કહેનારના આશયને પિછાનતાં શીખો !**

**સભા** : આવી ભાષા એ હિંસક ભાષા ન કહેવાય ?

**પૂજ્યશ્રી** : નહિ જ. ભાષાના પ્રયોગો કેવી કેવી રીતે થઈ શકે છે, એ પણ સમજવું જોઈએ. જેમ કે પૂ. મોહન વિજયજી મહારાજે ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીના સ્તવનમાં એમ પણ કહ્યું છે કે,

**'ઓલંભડે મત ખીજો, હો પ્રભુજી ! ઓલંભડે મત ખીજો !**

વિચાર કરો કે, આવું બોલાય ? અજ્ઞાનીઓ તો એમ જ કહેવાના કે, આવું બોલનારે શ્રી વીતરાગદેવને ક્રોધી ઠરાવ્યા. પ્રભુ શું ખીજાય એવા છે, કે જેથી ઓલંભાથી નહિ ખીજાવાનું કહેવાય ? વળી ક્યાં ત્રણ જગતના નાથ અને ક્યાં આવું બોલનાર ? ભગવાનને ઓલંભો દેવાય ? ભગવાનને ઓલંભો દેવાની આપણી લાયકાત છે ? પણ ખરી વાત એ કે, આવા વચનો, પણ કેવળ ભક્તિગર્ભિત જ હોય છે. ભક્તિભર હૃદયે જ આવું બોલાય છે. પ્રભુના આલંબનથી

સંસારસાગરને તરી જવાની ઉત્કટ કામનાના યોગે આવું બોલાય છે. આમાં પ્રભુને દોષિત ઠરાવવાનો પ્રયત્ન નથી. અનેક રીતે ભાષાપ્રયોગો થઈ શકે છે. સ્તવનોમાં તો પ્રભુ સમક્ષ બાળભાવ ધારણ કરીને મહાપુરુષોએ કઈ કઈ વાતો કરી છે. ભાષાના પ્રયોગોની વિવિધતા આદિને નહિ સમજી શકનારને તો એમ જ લાગે કે, ભક્તથી આવું બોલાય જ નહિ, પણ સમજવું જોઈએ કે, એવા પણ પ્રયોગો થઈ શકે છે અને મહાપુરુષોને ભક્તિ કોને કહેવાય ? તથા આશાતના કોને કહેવાય એનો સાચો અને પૂરતો ખ્યાલ હતો. કથનની યોગ્યાયોગ્યતાને સમજવાને માટે પણ કથનના મર્મને પીછાનતાં શીખવું જોઈએ. 'દોષદુષિત હૈયું ભેદાય' એમાં કહેવાતી વાત હૈયાનો દોષ ભેદાય એ છે, પણ હૈયું ભેદાઈ જાય એ નથી. મહાપુરુષોના કથનનાં મર્મને નહિ પામી શકનારાઓ તો, એ તારકોના કથનનું આલંબન લઈને પણ પાપનું પોષણ કરનારા બની જાય છે. આથી જ ઉપકારી મહાપુરુષો ફરમાવે છે કે, ધર્મના અર્થી આત્માઓએ સદાને માટે ધર્મને સૂક્ષ્મબુદ્ધિ દ્વારા જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ, અન્યથા, ધર્મના નામે પણ અધર્મના ઉપાસક બની જવાય, એ સુસંભવિત છે.

### અન્યાયનો પોકાર

શ્રીમતી સીતાજીના સંદેશામાં, શરૂઆતમાં શ્રી રામચંદ્રજીએ કરેલા અન્યાયને યુક્તિ પુરસ્સર પ્રગટ કરવામાં આવ્યો છે ! જાણે એમ પૂછવામાં આવ્યું છે કે, એક પક્ષે અન્ય પક્ષનો દોષ કહ્યો, એટલા જ માત્રથી અન્ય પક્ષને શિક્ષા કરવી, એ ક્યાંનો ન્યાય છે ? અન્ય પક્ષને કાંઈ પૂછવું નહિ, એક પક્ષે કહેલો દોષ સાચો છે કે ખોટો એની તપાસ પણ કરવી નહિ અને એકે કહ્યું કે, 'આમાં દોષ છે' એટલા માત્રથી અન્યને શિક્ષા દેવી, એવું શું કોઈ નીતિશાસ્ત્રનું વિધાન છે ? કોઈ સ્મૃતિ એવું કહે છે ? કે કોઈ દેશમાં એવો આચાર છે ખરો ? લોકોએ વાત કરી, કે શ્રીમતી સીતા અસતી છે, ભ્રષ્ટ છે, પણ શ્રીમતી સીતાને

તો પૂછવું જોઈએ ને ? શ્રીમતી સીતા પાસેથી તો ખુલાસો મેળવવો જોઈએ ને ? શ્રીમતી સીતાને તો લોકે દીધેલા કલંકનું નિવારણ કરવાની તક આપવી જોઈએ ને ? નીતિશાસ્ત્રમાં સ્મૃતિમાં કે કોઈ દેશમાં એવો આચાર હોય જ નહિ કે, એક માણસ કહે કે અમુક ગુન્હેગાર છે. એટલા માત્રથી ગુન્હેગાર તરીકે જણાવાએલા માણસને શિક્ષા કરાય ? આમ છતાં તમે મને એવી જ શિક્ષા કરી છે. આ તમારી કયા પ્રકારની ન્યાયશીલતા ?

### શ્રીમતી સીતાજીએ પોતાના ભાગ્યદોષનો કરેલો સ્વીકાર

આવું કહેવડાવવા દ્વારા મહાસતી શ્રીમતી સીતાજીએ શ્રી રામચંદ્રજીને તેમના અન્યાયપૂર્ણ આચરણનો ખ્યાલ તો આપ્યો. પણ શ્રીમતી સીતાજીએ તે પછી જે કહેવડાવ્યું છે તે તો ખાસ સમજવા જેવું છે. મહાસતીજી શ્રીમતી સીતાજીનું તે પછીનું કથન, તેમના શુદ્ધ સમ્યગ્દૃષ્ટિપણાનું દ્યોતક છે. એમણે કહેવડાવ્યું છે કે, આપ તો સદાને માટે દરેક પ્રવૃત્તિ વિચારપૂર્વક જ કરનારા છો. અણવિચાર્યું કોઈપણ પગલું ભરનારા આપ નથી. આ કારણે, મને લાગે છે કે, મારા આ પ્રસંગમાં આપ જે અણવિચાર્યું આચરી ચૂકયા છો, તેમાં જો કોઈ કારણ હોય, તો તે મારૂં મન્દભાગ્યપણું એ જ કારણ છે. મારા જ ભાગ્યદોષનો એ પ્રતાપ છે કે, સદા વિચારશીલ એવા પણ આપથી આવું અવિચારીપણું થઈ ગયું છે આથી હું માનું છું કે, આપ સદાયને માટે નિર્દોષ છો ! મારૂં તથાપ્રકારનું દુર્ભાગ્ય ન હોત, તો આપના જેવા વિચારશીલ આવું સાહસ કદિ જ કરત નહિ, એ શંકા વિનાની વાત છે માટે આ પ્રસંગમાં દોષિત આપ નથી, પણ મારું ભાગ્ય જ દોષિત છે.

### મહાસતીની વિનંતી

અન્યાયથી ક્રૂરપણે ભયંકરમાં ભયંકર એવી આપત્તિમાં હડસેલી દેનાર પણ પોતાના સ્વામીને નિર્દોષ અને પોતાના ભાગ્યને

દોષિત તરીકે જણાવ્યા પછીથી. શ્રીમતી સીતાજીએ કહેવડાવ્યું છે કે, 'એ બધું તો ઠીક, મારો ભાગ્યદોષ હું ભોગવી લઈશ, પણ મારી વિનંતિ છે કે, જેવી રીતે ખલજનોના વચનોથી દોરવાઈ જઈને આપે નિર્દોષ એવી પણ મારો ત્યાગ કર્યો, તેમ ભૂલેચૂકે પણ મિથ્યાદૃષ્ટિઓનાં વચનોથી દોરવાઈ જઈને આપ અનંત ઉપકારી શ્રી જિનેશ્વર દેવના ધર્મનો ત્યાગ કરશો નહિ !



# સાચા સેવકનો આદર્શ
# સીતાજીનો સંદેશ

## ૪

**'કૃતાન્તવદન સેનાની'** સાચો સેવક કેવો હોય તેનું આદર્શ દૃષ્ટાંત છે. મહાસતીની પતિપરાયણતાની ઉંડી છાપ લઈને આવેલા તેણે શ્રી રામચન્દ્રજીની પાસે મહાસતીના પરિત્યાગની વાત અને પછી તેઓએ આપેલો સન્દેશો એવી રીતે રજૂ કર્યો છે કે જેનાથી સ્વામીને પોતાની ભૂલનો ખ્યાલ આવી શકે.

મહાસતીએ પણ પોતાના ભાગ્યદોષનો સ્વીકાર કરીને ઓલંભાની ભાષામાં શ્રીરામચન્દ્રજીને કહેવા જોગું કીધા પછી કલ્યાણમિત્રની ગરજ સારનારા શબ્દોમાં તેઓના આત્મહિતની ચિંતા જે રીતે કરી છે તે તો ખરેખર જ અદ્ભૂત છે. સીતાજીનો એ સંદેશ અને તેના ઉપરનું પ્રવચનકારશ્રીનું વિવેચન શાંતચિત્તે વાંચવા-વિચારવા જેવું છે.

છેલ્લે, પુંડરિકપુરીમાં જન્મ-ઉછેર-સંસ્કાર અને વિદ્યા પામેલા લવણ-અંકુશની વિજયયાત્રાનું વર્ણન છે.

-શ્રી

# સાચા સેવકનો આદર્શ સીતાજીનો સંદેશ

- સતીજીવનનો આદર્શ સમજવા માટે આ ઉદાહરણ અનુપમ છે
- શ્રી રામચન્દ્રજીનો શ્રીમતી સીતાજીના માટે વિલાપ
- અવસરના જાણ શ્રી લક્ષ્મણજીનું સૂચન
- શ્રી રામચન્દ્રજીની સ્વયં શોધ અને નિરાશા
- લોકની ગતિ પવન જેવી છે
- લોકહેરીને ત્યજીને બુદ્ધિને વિવેકમય રાખવી !
- રાગના યોગે શ્રી રામચન્દ્રજીની દુર્દશા
- લોકપ્રિયતાને ધ્યેય ન બનાવવું જોઈએ !
- શ્રીમતી સીતાજીના બે પુત્રો તેમના જન્મ
અને નામકરણના મહોત્સવો
- કલાગ્રહણને યોગ્ય વય
- 'સિદ્ધાર્થ' સિદ્ધપુત્રનું આગમન
- સુંદર સામગ્રીનો ઉપયોગ કેવો સરસ કરવો જોઈએ ?
અને હાલ કેવો થાય છે ?
- પરભવ ક્યારે યાદ આવે છે?
- સિદ્ધપુત્રનું આશ્વાસન અને અધ્યાપન
- લવણ અને અંકુશના લગ્નનો પ્રસંગ
- શ્રી નારદજી અને લવ-કુશ
- લવણ અને અંકુશે પરાક્રમો કરીને પ્રાપ્ત કરેલા વિજયો
- ધન્યવાદ અને આશિષ
- શ્રી રામચન્દ્રજી સાથેના યુદ્ધની તત્પરતા
- માતાની હિતશીખ અને પુત્રોનો ઉત્તર
- યુદ્ધ માટે લવ-અંકુશનું પ્રયાણ
- શ્રી રામ-લક્ષ્મણને આશ્ચર્ય
- ભામંડલ સાથે શ્રીમતી સીતાજી યુદ્ધભૂમિમાં
- ભામંડલની સમજાવટ સામે પણ લવણ-અંકુશનો મક્કમ જવાબ
- સુગ્રીવ આદિ શ્રીમતી સીતાજીની પાસે

# ૪

## સાચા સેવકનો આદર્શ સીતાજીનો સંદેશ

### સતીજીવનનો આદર્શ સમજવા માટે આ ઉદાહરણ અનુપમ છે

સતી પોતાના પતિને ઉપાલંભનાં વચનો સંભળાવે તો પણ કેવી રીતે સંભળાવે અને સમ્યગ્દર્શન ગુણથી પવિત્ર અંતઃકરણવાળી બનેલી સતીનાં હૈયે, પોતે કારમી રીતે પોતાના પતિથી ત્યજાએલી હોય તે છતાં પણ, પોતાના પતિ માટે કેવી હિતકામના હોય ? એ સમજવા માટે શ્રીમતી સીતાજીનો આ સંદેશો ખૂબ જ ઉપયોગી છે. શ્રીમતી સીતાજીએ પોતાનો આ સંદેશો શ્રીરામચન્દ્રજીને કહેવાને માટે કૃતાન્તવદન સેનાપતિને જે સમયે કહી સંભળાવ્યું, તે સમયના પ્રસંગમાં કાંઈક વિસ્તારથી આપણે આ વિષે વિચાર કર્યો છે, એટલે અહીં તેનો વિશેષ વિસ્તાર કરવાની ઈચ્છા નથી, પણ સતીધર્મને પામવા અને પાળવા ઈચ્છનારી સ્ત્રીઓએ તો ખાસ કરીને આ પ્રસંગ ધ્યાનમાં લેવા જેવો છે. આમ તો શ્રીમતી સીતાજીનું આખુંય જીવન સતી સ્ત્રીજીવનનો ઉત્તમ આદર્શ પૂરો પાડનારું છે અને હક્કદાર હોવા છતાં પણ શ્રીરામચન્દ્રજી બિનહક્કદાર શ્રી ભરતજીને રાજા બનવાની અનુકૂળતા કરી આપવાના હેતુથી જ્યારે અયોધ્યા છોડીને ચાલી

નીકળ્યા, ત્યારે લેશ પણ વિરોધ કર્યા વિના શ્રીમતી સીતાજી રાજસુખોને લાત મારીને દેહની પાછળ છાયાની જેમ શ્રીરામચંદ્રજીની પાછળ ચાલી નીકળ્યાં એ પ્રસંગ ઘણો જ બોધદાયક છે. પરંતુ આ પ્રસંગ તો એનેય ટપી જાય એવો છે. જે સ્વામીની સેવા માટે એકવાર શ્રીમતી સીતાજીએ રાજસુખોનો ત્યાગ કર્યો હતો, એ સ્વામીએ જ અત્યારે ઘોર અન્યાય આચરીને ત્યાગ કરાવ્યો છે. પેલા પ્રસંગમાં માત્ર રાજસુખોનો જ ત્યાગ હતો, પણ પતિસુખનો ત્યાગ નહિ હતો, ઉલ્ટું તે સમયે પોતાના ઉપર સ્વામીનો પૂરેપૂરો અનુરાગ હતો, જ્યારે આ પ્રસંગમાં તો રાજસુખો છોડાવનાર અને સર્વથા નિર્દોષ છતાં પણ કલંકિની તરીકે, સગર્ભાવસ્થામાં તેમજ હિંસક પશુઓથી પરિપૂર્ણ જંગલમાં ત્યજાવી દેનાર ખુદ પતિ છે આવા સમયે પણ પતિ પ્રત્યેની હિતકામના અખંડ ટકી રહેવી અને ઉપાલંભ આપતાં પણ પોતાના ભાગ્યદોષને આગળ કરી પતિને નિર્દોષ માનવા, એ અસાધારણ સતીત્વનું સૂચક છે. આવી કફોડી હાલતમાં પણ એ વિચાર આવવો એ સામાન્ય સારી પણ સ્ત્રીઓને માટે શક્ય નથી કે, ખલજનોની વાણીથી દોરવાઈ જઈને રામચન્દ્રજીએ મારો ત્યાગ કર્યો એ તો ઠીક, પણ જેવી રીતે ખલજનોની વાણીથી દોરવાઈ જઈને હું નિર્દોષ હોવા છતાં ય મારો ત્યાગ કર્યો, તેવી રીતે મિથ્યા દૃષ્ટિઓની વાણીથી દોરવાઈ જઈને જો તેઓ આર્હત્ ધર્મને ત્યજી દેશે, તો તેમનું થશે શું ?

**સભા** : પતિના અન્યાયની વાત તો કરી ને ?

**પૂજ્યશ્રી** : કયા હેતુથી કરી ?

**સભા** : અન્યાયનો ખ્યાલ આપવા માટે

**પૂજ્યશ્રી** : એટલું જ નહિ પણ ભવિષ્યમાં શ્રીરામચન્દ્રજીના હાથે આવો કોઈ અન્યાય ન થઈ જાય તેમજ શ્રીરામચન્દ્રજી મૂર્ખા લોકોની વાણીથી દોરવાઈ જવાના સ્વભાવથી બચી શકે એ માટે! સતી સ્ત્રી પતિના દોષ કોઈપણ

સંયોગોમાં અને કોઈપણ રીતે બોલે જ નહિ, એવો નિયમ નથી. સ્વામીને દોષમુક્ત બનાવવાના હેતુથી, સ્વામીનું અહિત નહિ થતાં હિત જ થાય એવા ઈરાદાથી, સતી સ્ત્રીઓ સ્વામીને તેમના દોષ કહે અગર યોગ્ય રીતે કહેવડાવે, એ સ્વાભાવિક જ છે. વાત એક જ છે, કોઈપણ સંયોગોમાં સતી સ્ત્રીનાં હૈયામાં પતિ માટે દુર્ભાવ આવે નહિ અને પતિ માટેની હિતકામના ટળે નહિ. પણ આજે તો આવી વાતો તરફ દુર્ભાવ ન આવે તોય સારું આવી વાતો સાંભળતાં સાંભળતાં પણ - 'સતી સ્ત્રીજીવન આવું જ હોવું જોઈએ અને આપણે પણ આવું જ જીવન કેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ' - એટલુંય જેમને લાગે તેય ભાગ્યશાળી છે.

### શ્રી રામચંદ્રજીનો શ્રીમતી સીતાજીના માટે વિલાપ !

આ પ્રસંગ જેમ સ્ત્રીઓ માટે બોધપ્રદ છે તેમ સેવકજનોને માટે ય બોધપ્રદ છે. શ્રીમતી સીતાજીને એવા વનમાં તજી દેવામાં આવ્યા છે, કે જે વનમાં શ્રીમતી સીતાજી જેટલો કાળ વધુ જીવી શકે તેટલો કાળ સામાન્ય રીતે વધારે જ ગણાય.

વળી, 'કલંકનું સ્થાન છે' એવી વાતોના કારણે ત્યજાયેલાં છે. હવે તેમનો સંદેશો ગમે તેટલો સારો હોય, પણ શ્રીરામચંદ્રજીને તે કહેવાની જરુર શી ? તમારા હાથે અન્યાય થયો છે અને ખલજનોની વાણીથી આવો અન્યાય આચર્યો, પણ મિથ્યાદૃષ્ટિઓની વાણીથી શ્રી આર્હત્ ધર્મને તજશો નહીં.' એવું શ્રીમતી સીતાજીએ કહેવડાવ્યા છતાં પણ સેવકે એ બોલવું, એ સહેલું છે ?

એમ ન થાય કે શ્રીમતી સીતા જેવી પ્રાણપ્રિયા સતીને લોકની વાત માત્રથી તજી દેનાર આ, મને કાંઈ કરી નાંખશે તો ? પણ નહિ, કૃતાન્તવદને તો સંદેશો પણ કહ્યો અને તે પણ સુંદર રીતે.

છેલ્લે જતાં કૃતાન્તવદનને એ વાત પણ કહી કે. આટલું બોલીને શ્રીમતી સીતાજી મૂર્છા પામી પડી ગયાં અને પછી બોલ્યા કે. 'મારા વિના શ્રી રામ શી રીતે જીવશે ? અરે રે ? હું તો હણાઈ ગઈ છું.'

કૃતાન્તવદને આ બધી વાતો એવી અસરકારક રીતે કહી છે. કે જેથી દોષદૂષિત હૃદય પ્રાયઃ ભેદાય વિના રહે જ નહિ એ વાત આપણે વિચારી આવ્યા છીએ અને અહીં તેનો સાક્ષાત્કાર થાય છે. આ રીતે તે અવસરે કૃતાન્તવદન સેનાપતિના મુખેથી શ્રીમતી સીતાજીએ કહેવડાવેલી વાતોને સાંભળતાની સાથે જ શ્રીરામચંદ્રજી એકદમ મૂર્છા ખાઈને ભૂમિ પર પટકાઈ પડ્યા. શ્રીરામચંદ્રજી એ રીતે પટકાઈ પડતાં. શ્રી લક્ષ્મણજી સંભ્રમથી દોડી આવ્યા અને ચંદનજળથી શ્રી રામચંદ્રજીને સીંચવા લાગ્યા. એથી શ્રીરામચંદ્રજી કાંઈક સચેત બન્યાં. બેઠા થયાં અને એવો વિલાપ કરવા લાગ્યા કે

**'તે મહાસતી શ્રીમતી સીતા ક્યાં છે ? ખેદની વાત છે કે લુચ્ચા લોકાનાં વચનોથી મેં એ મહાસતીને સદાને માટે તજી દીધી !'**

### અવસરના જાણ શ્રીલક્ષ્મણજીનું સૂચન

શ્રીરામચંદ્રજીને આ રીતે વિલાપ કરતા જોઈને અને સાંભળીને. શ્રીલક્ષ્મણજીને લાગ્યું કે. ઘણી જ સુંદર તક હાથમાં આવી છે. શ્રીલક્ષ્મણજી તો શ્રીમતી સીતાજીનો આ રીતે ત્યાગ કરવામાં વડીલ ભાઈ ભૂલ કરે છે એમ પહેલેથી જ માનતાં હતાં અને એથી જ તેમણે શ્રીમતી સીતાજીનો ત્યાગ નહિ કરવાની પગે પડીને પણ આજીજી કરી હતી. તે વખતે તો શ્રીરામચંદ્રજીએ એ વિષે એક પણ અક્ષર નહિ બોલવાની શ્રી લક્ષ્મણને આજ્ઞા ફરમાવી દીધી હતી અને એ મનાઈથી રડતાં રડતાં મોઢું ઢાંકીને શ્રી લક્ષ્મણજીને ચાલ્યા જવું પડ્યુ હતું; છતાં એ અવગણનાને નહિ ગણકારતાં. શ્રી લક્ષ્મણજી આવેલી તકનો લાભ લેવાનો પ્રયત્ન કરે છે. શ્રીરામચંદ્રજીને એ કહે છે કે 'સ્વામિન્!

આ વિલાપ કરવાનો સમય નથી. પોતાના પ્રભાવથી રક્ષાએલાં તે મહાસતી હજુપણ તે વનમાં ચોક્કસ જીવતાં હશે. માટે હે પ્રભો ! આપના વિરહથી શ્રીમતી સીતાદેવી મૃત્યુ પામે, તે પહેલા આપ જાતે જ તે વનમાં જાવ અને તેમને શોધી લાવો !'

**સભા** : જાતે જવાનું કેમ કહ્યું ?

**પૂજ્યશ્રી** : જાતે જઈને શોધી લાવે, એટલે શ્રીમતી સીતાજીના પુનઃ સ્વીકારવાનો પ્રશ્ન જ ઉભો થાય નહિ. વળી શ્રીલક્ષ્મણજી એમ પણ માનતા હોય કે, ખુદ શ્રીરામચંદ્રજીના ગયા વિના હવે શ્રીમતી સીતાજી પાછાં આવે નહિ. પ્રસંગને સમજો તો લાગે કે, જાતે જવાનું કહેવામાં શ્રી લક્ષ્મણજીએ ડહાપણ વાપર્યું છે. પણ અવિનય કર્યો નથી. ખલજનોની વાણીથી શ્રીમતી સીતાજીને ભયંકર જંગલમાં ત્યજાવી દેવા જેટલી હદે પહોંચનાર શ્રી રામચંદ્રજી, શ્રીમતી સીતાજી આવ્યા બાદ કોઈ જુદા નિકેતનમાં રહેવા આદિની વાત કરે તો ? એને બદલે જાતે જ તેડવા જાય અને લઈ આવે, એટલે વચ્ચે કોઈને ભંભેરવાની તક મળે નહિ અને 'શ્રીમતી સીતાજીનો આપ સ્વીકાર કરો' એવી વિનંતિ કરવાનો વખત પણ આવે નહિ.

### શ્રી રામચંદ્રજીની સ્વયં શોધ અને નિરાશા

શ્રી લક્ષ્મણજીએ શ્રીરામચંદ્રજીને જાતે જઈને શ્રીમતી સીતાજીને શોધી લાવવાની વાત કરી અને તેની સાથે જ શ્રીરામચંદ્રજી તૈયાર થઈ ગયા. કૃતાન્તવદન સેનાપતિ અને ખેચરોની સાથે શ્રીરામચંદ્રજી આકાશમાર્ગે વાહન દ્વારા રવાના થયા અને અતિ દારૂણ એવા તે જંગલમાં પહોંચી ગયા. આપણે તો જાણીએ છીએ કે, સદ્ભાગ્યના યોગે શ્રીમતી સીતાજી વજ્રજંઘ રાજાની પુંડરીકપુરીમાં સકુશળ પહોંચી ગયા છે, પણ શ્રીરામચંદ્રજી આદિને એ વાતની ખબર નથી. આથી શ્રીરામચંદ્રજી, કૃતાન્તવદન અને ખેચરો પણ તે આખાય

જંગલમાં શોધ ચલાવવા મંડયા. એક પણ સ્થળ એવું ન રહ્યું, કે જ્યાં તેમણે શ્રીમતી સીતાજીની શોધ ન કરી હોય; એક પણ જળાશય એવું નહોતું, કે જ્યાં તેઓએ શ્રીમતી સીતાજીની તપાસ ન કરી હોય; એક પણ શૈલ એવો નહિ હતો, કે જ્યાં તેઓ શ્રીમતી સીતાજીની શોધ માટે ન ગયા હોય; અને એક પણ વૃક્ષ એવું નહોતું કે, જ્યાં તેઓ શ્રીમતી સીતાજીની ભાળ મેળવવા માટે ન ગયા હોય. શ્રીમતી સીતાજીને શોધી કાઢવાના હેતુથી, સિંહનિનાદક નામના તે જંગલમાં તેઓ સ્થાને સ્થાને, જળે જળે, શૈલે શૈલે અને વૃક્ષે વૃક્ષે ઘૂમી વળ્યા, પણ કયાંયથી શ્રીરામચંદ્રજીને કે અન્ય કોઈને શ્રીમતી સીતાદેવીનો પત્તો લાગ્યો નહિ.

આથી શ્રીરામચંદ્રજી ખૂબ જ હતાશ થઈ ગયા. તેમનું હૃદયદુઃખ ઘણું જ વધી ગયું આવા પ્રસંગે હૃદયદુઃખ ખૂબ ખૂબ વધી જાય, એમાં નવાઈ પામવા જેવું કાંઈ છે જ નહિ. શ્રીમતી સીતાજી પ્રત્યે શ્રીરામચંદ્રજીના હૈયામાં અતિશય અનુરાગ છે, તેવા પ્રકારના સંયોગોમાં તેવી જ કોઈ ભવિતવ્યતાના કારણે, શ્રીરામચંદ્રજીથી અન્યાય થઈ ગયો અને હવે એ ભૂલ બરાબર સમજાઈ છે, વળી ભૂલ સમજાઈ અને જાતે શોધવા આવ્યા ત્યારે ઘણી ઘણી મહેનત કરવા છતાં શ્રીમતી સીતાજીનો પત્તો લાગ્યો નહિ. આમ અનુરાગ અને પશ્ચાતાપ બન્નેનો અગ્નિ હૈયામાં સળગી રહ્યો હોય, વિરહદુઃખ અને અન્યાયદુઃખ બન્ને સાથે સંતાપી રહ્યાં હોય ત્યારે હૈયામાં કારમી વેદના પ્રગટે તે સ્વાભાવિક જ છે. પહેલાં તો શ્રી રામચંદ્રજીએ ખૂબ ખૂબ વિચાર કર્યો અને છેવટે માન્યું કે, 'જરૂર, કોઈ વાઘ, સિંહ કે અન્ય હિંસક પશુએ શ્રીમતી સીતાને મારી નાખી તેનું ભક્ષણ કર્યું હશે! આમ શ્રીમતી સીતાજી નહિ મળવાથી, શ્રીમતી સીતાજીની આશાને તજી દઈ શ્રીરામચંદ્રજી અયોધ્યામાં પાછા ફર્યા.

### લોકની ગતિ પવન જેવી છે.

અહીં પરમ ઉપકારી કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વર મહારાજા ફરમાવે છે કે

*"પૌરૈઃ સીતાગુણગ્રાહં, નિન્દ્યમાનો મુહુર્મુહુઃ ।"*

આમ શ્રીમતી સીતાજીની પ્રાપ્તિ નહિ થવાથી અત્યારે શ્રીમતી સીતાજીના ગુણોને આગળ કરીને નગરલોકો શ્રીરામચંદ્રજીની વારંવાર નિંદા કરી રહ્યા છે. આ એ જ અયોધ્યા છે અને એ જ નગરલોકો છે, પણ હવે શ્રીમતી સીતાજીની પ્રશંસા થઈ રહી છે અને શ્રીરામચંદ્રજીની નિંદા થઈ રહી છે. હવે લોકો શ્રીમતી સીતાજીને ગુણીયલ કહી શ્રીરામચંદ્રજીને નિન્દ્યા કરે છે. જે અયોધ્યામાં થોડા જ દિવસો અગાઉ ડગલે ને પગલે શ્રીમતી સીતાજીની નિન્દા થતી હતી, જે અયોધ્યામાં લગભગ બધાં જ ઘરોમાં એ વાતો થતી હતી કે, શ્રીમતી સીતા શ્રીરાવણ જેવા લોલુપને ત્યાં લાંબો કાળ વસે અને તે છતાં નિષ્કલંક રહી શકે એ શક્ય જ નથી, તે જ અયોધ્યામાં એના એ લોકો આજે શ્રીમતી સીતાજીનાં વખાણ કરે છે અને શ્રીરામચંદ્રજીની નિન્દા કરે છે. પ્રાયઃ લોકની સ્થિતિ આવી જ હોય છે. લોકવાદને શરણે રહેનારાઓની ધોબીના કુતરા જેવી દશા થાય છે. ધોબીનો કુતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો, તેમ લોકવાદને શરણે રહેનાર ન પોતાનું સુધારી શકે કે ન પારકું સુધારી શકે. એવાઓને બેય બાજુ ગુમાવવાનું હોય. લોકની ગતિ પવન જેવી છે. પવન જેમ એક જ દિશાએ વહેતો નથી, તેમ લોક પણ એક જ દિશાનો આગ્રહી હોતો નથી. આમનું નિમિત્ત મળે તો આમ ઢળે અને તેમનું નિમિત્ત મળે તો તેમ ઢળે.

### લોકહેરીને ત્યજીને બુદ્ધિને વિવેકમય રાખવી !

લોકવાદ મોટેભાગે હિતાહિત અને તથ્યાતથ્ય આદિના વિવેકથી પર હોય છે. આથી જ કહેવાય છે કે, કેવળ લોકવાદ ઉપરથી

કોઈપણ વસ્તુનો નિર્ણય કરવો એ મૂર્ખાઈ છે. લોકમાં પણ કહેવાય છે કે, 'દુનિયા ઝુકતી હૈ, ઝુકાનેવાલા ચાહિયે.' આ જ કારણે આ દુનિયામાં ભયંકર દુરાચારીઓ પણ આડંબરથી પૂજાય છે. કુશળ દંભીઓ જો કોઈ તેવા પ્રકારના પુણ્યવાળા હોય, તો લગભગ આખી દુનિયાને પણ બેવકૂફ બનાવી શકે છે. હંમેશને માટે દુનિયામાં શાણા આત્માઓની સંખ્યા અલ્પ જ હોય છે. શાણાઓ કુશળ પણ દંભીઓના દંભને કળી જાય, પણ પોતાનું પુણ્ય હોય અને લોકનું દુર્ભાગ્ય હોય, તો લોક દંભીઓને માને અને શાણાઓને અવગણે તેવા અવસરે અજ્ઞાન લોક શાણાઓને જ બેવકૂફ માને. આથી લોકના નાદે નાચવું, એ હિતાવહ નથી. લોકહેરીને ત્યજી, બુદ્ધિને વિવેકમય બનાવી, યથાર્થ કલ્યાણકારી માર્ગને અનુસરવાનો પ્રયત્ન કરવો જોઈએ. દંભીઓના દંભમાં ફસ્યા, તો કલ્યાણ રહી જશે અને અકલ્યાણ થઈ જશે.

કારણકે આજનો વાવંટોળ વિચિત્ર છે. આજના વાવંટોળથી વિવેકશીલ આત્માઓ જ બચી શકે તેમ છે, કારણકે, આજે ખૂબ જ સીફતથી અનાચારનો પ્રચાર થઈ રહ્યો છે. આજે પરોપકારની વાતો કરીને પણ અનાચારના માર્ગે દોરવાના પ્રયાસો થઈ રહ્યા છે. અહિંસા અને સત્યના નામે પણ હિંસા અને મૃષાવાદ વધે એવી પ્રવૃત્તિઓ થઈ રહી છે. એક તરફ દ્વેષ કરવો નહિ, ક્રોધ કરવો નહિ એ વગેરે કહેવાય છે અને બીજી તરફ દુન્યવી સત્તા આદિનો લોભ વધે એ જાતિના પ્રયત્નો થાય છે, એ લોભ, ક્રોધને વધારે કે ઘટાડે ? અહિંસા કયારે પળાય ? પહેલાં તો હિંસાની જડ તરફ તિરસ્કાર આવવો જોઈએ. અર્થ અને કામની લાલસા પૌદ્ગલિક સુખોની અભિલાષા, એ હિંસાની જડ છે. જ્યાં સુધી પૌદ્ગલિક સુખોની અભિલાષાથી હૈયુ ઓતપ્રોત છે. ત્યાં સુધી સાચી અહિંસા આવે, એ શક્ય જ નથી. આજે તો

પૌદ્ગલિક સુખના હેતુથી અહિંસાની વાતો કરાય છે અને એવી વાતો કરનાર જાણે 'અહિંસાના માર્ગને હું જ સમજ્યો છું.' એવો ભાવ વ્યક્ત કરે છે. આમ છતાં, ભગવાન શ્રી જિનેશ્વરદેવોના શાસનને અનુસરવાની વાતો કરનારાઓ પૈકીના આત્માઓ પણ, આજે એ કહેવાતી અહિંસાની પૂંઠે પાગલ બન્યા છે. આવા સંયોગોમાં તો મિથ્યા લોકવાદથી ખૂબ જ સાવધ બન્યા રહેવું જોઈએ.

## રાગના યોગે શ્રીરામચંદ્રજીની દુર્દશા

અહીં તો શ્રીમતી સીતાજી નહિ મળવાથી આશા શૂન્ય બનેલા શ્રી રામચંદ્રજી, લોકો દ્વારા શ્રીમતી સીતાજીના ગુણોને આગળ કરીને વારંવાર નિન્દાતા થકા, અયોધ્યાનગરીમાં આવ્યા. અયોધ્યામાં આવીને તેમણે શ્રીમતી સીતાજીના મૃતકાર્યને કર્યું. તેમની આંખો આંસુઓથી ઉભરાઈ રહી હતી અને સઘળું જ તેમને કાં તો શ્રીમતી સીતામય લાગતું હતું અને કાં તો શૂન્યવત્ લાગતું હતું. શ્રીરામચંદ્રજીના હૈયામાં એક માત્ર શ્રીમતી સીતાજીની ધૂન હતી. તેમની આંખો જ્યાં ને ત્યાં શ્રીમતી સીતાજીના પડછાયા જોયા કરતી હતી. તેમની જીભ સીતા, સીતા' સિવાય કશું જ બોલતી નહોતી. એમને એમ થતું હતું કે, સીતા ક્યાંક છે, પણ તે ક્યાં છે તેની તેમને ખબર નહોતી.

શ્રીમતી સીતાજીના વિયોગથી ઉત્પન્ન થયેલો આ સન્તાપ કેટલો કારમો છે ? વિવેકી એવા પણ શ્રીરામચંદ્રજી, રાગના યોગે જ, ઘેલછા અનુભવી રહ્યા છે. આવા વખતે આયુષ્યનો બંધ પડી જાય તો? રાજર્ષિ પ્રસન્નચંદ્ર કેવળ માનસિક વિચારણાના પ્રતાપે સાતમી નરકે જવાને યોગ્ય સ્થિતિને પામ્યા હતા. અપ્રશસ્ત રાગ-દ્વેષ ખૂબ જ ભયંકર છે. અપ્રશસ્ત રાગ-દ્વેષની જેટલી આધીનતા, તેટલી પાયમાલી. જુઓ કે. ત્રણ ખંડનું સામ્રાજ્ય જેની પાસે છે, એવા શ્રીરામચંદ્રજી પણ અપ્રશસ્ત રાગના પ્રતાપે કારમી વિટંબણા ભોગવી રહ્યા છે.

### લોકપ્રિયતાને ધ્યેય ન બનાવવું જોઈએ !

આ દુર્દશા એક માત્ર લોકૈષણાએ ઉત્પન્ન કરી છે. યશની ભયંકર કામનાએ જ આ પરિસ્થિતિ ઉભી કરી દીધી છે. એક કામ અણવિચાર્યું થઈ ગયું, તો આ દશા થઈ. લોકૈષણાની આ ભયંકરતાને સમજો. લોકની નિંદાથી બચી જવા માટે શ્રીરામચંદ્રજીએ મહાસતી શ્રીમતી સીતાજીનો ત્યાગ કર્યો, પણ પરિણામમાં શ્રીરામચંદ્રજી લોકનિંદાને પાત્ર પણ બન્યા અને શ્રીમતી સીતાજીના વિરહથી સંતાપ પણ પામ્યા એ જ રીતે જેઓ લોકહેરીમાં પડી જાય છે. તેઓ ધર્મથી પરાઙ્મુખ બની સીદાય છે અને સજ્જન લોકના ફીટકારને પામે છે. ધર્મના અર્થી આત્માઓએ લોકપ્રિયતાને ધ્યેય નહિ બનાવતાં ધર્મની આરાધનાને જ ધ્યેય બનાવવું જોઈએ. લોકપ્રિયતા મળે કે ન મળે, પણ ધર્મની આરાધનાથી ન ચૂકાય એનો ખ્યાલ રાખવો જોઈએ. ધર્મને છેહ દેનારાઓ સાચી લોકપ્રિયતાને પામી શકતા જ નથી. એ પણ સમજવું જોઈએ કે, **સદાચારના યોગે શિષ્ટજનોની પ્રીતિને સંપાદન કરનાર જ સાચો લોકપ્રિય છે.**

### શ્રીમતી સીતાજીના બે પુત્રો તેમના જન્મ અને નામકરણના મહોત્સવો

આપણે જાણીએ છીએ કે, મહાસતી શ્રીમતી સીતાજી જે સમયે કલંકના અતિથિ બન્યાં અને શ્રીરામચંદ્રજી દ્વારા ત્યજાયાં, તે સમયે તે સગર્ભા હતા. પુંડરીકપુરમાં વજ્રજંઘ રાજાએ આપેલા નિકેતનમાં નિવાસ કરતાં મહાસતી શ્રીમતી સીતાજીએ, કોઈ એક દિવસ પુત્રયુગલને જન્મ આપ્યો. એકી સાથે જન્મેલાં તે બે પુત્રો પૈકી, એકનું નામ રાખવામાં આવ્યું અનંગલવણ અને બીજાનું નામ રાખવામાં આવ્યું મદનાંકુશ. શ્રીમતી સીતાજીને બે પુત્રરત્નોની પ્રાપ્તિ થઈ, એથી વજ્રજંઘ રાજાને અત્યન્ત હર્ષ થયો. પોતાને પુત્રની પ્રાપ્તિ થતાં જે આનંદ થાય, એથી પણ

અધિક આનંદ વજ્રજંઘને શ્રીમતી સીતાજીને બે પુત્રોની પ્રાપ્તિ થઈ તેથી થયો. આથી વજ્રજંઘ રાજાએ શ્રીમતી સીતાજીના પુત્રોના જન્મનો મહોત્સવ ઉજવ્યો અને એ બન્નેના નામ કરણનોય મહોત્સવ ઉજવ્યો છે. આ તો વજ્રજંઘ રાજા ઉદાર દિલનો છે, બીજું શ્રીમતી સીતાજીને તેણે ધર્મની બેન તરીકે સ્વીકારેલ છે અને ત્રીજું એ એમ પણ જાણે છે કે, ત્રણ ખંડમાં જેની આજ્ઞા પ્રવર્તી રહી છે, તેના આ પુત્રો છે. આ કારણે, અનંગલવણ અને મદનાંકુશનો જન્મ વજ્રજંઘને અધિક આનંદ પમાડે એય સહજ છે અને એ બન્નેના જન્મનો તથા નામકરણનો એમ બન્ને ય ઉત્સવોને તે ધામધૂમથી ઉજવે એય સહજ છે. વળી શ્રીમતી સીતાજીના મનને જરાય ઓછું ન આવે એની પણ વજ્રજંઘને કાળજી હોય અને એથી ય તે ધામધૂમથી મહોત્સવ ઉજવે, તો એ પણ બનવાજોગ છે. વજ્રજંઘ રાજા આવા મહોત્સવોને ઉજવે, એટલે શ્રીમતી સીતાજીના મનને એમ ન થાય કે, 'આ વખતે હું અયોધ્યામાં હોત તો રામ-લક્ષ્મણ આ પુત્રોના જન્મથી કેટલા બધા આનંદ પામત? તેઓ આમના જન્મ અને નામકરણના મહોત્સવો કેવાય ઉજવત ?'

**સભા** : શ્રીમતી સીતાજી સમ્યગ્દૃષ્ટિ છે, છતાં પણ એવા વિચારો આવવાની સંભાવના ખરી ?

**પૂજ્યશ્રી** : શ્રીમતી સીતાજી સમ્યગ્દૃષ્ટિ છે, પણ મોહ તો બેઠો છે ને ? શ્રીમતી સીતાજી રાગરહિત ઓછા બની ગયાં છે ? સર્વથા રાગરહિત દશા તો પામશે ત્યારે ખરાં, પણ અત્યારે તો શ્રીમતી સીતાજીમાં રાગ છે ને ? રાગ હોવા છતાં વિવેક વિદ્યમાન હોય તો મિથ્યાદૃષ્ટિ આત્માઓના જેવો હર્ષ-શોક ન થાય, પણ સાંસારિક લાભ-હાનિથી હર્ષ-શોક ન જ થાય એમ તો ન જ મનાય, અગર કહેવાય. સમ્યગ્દૃષ્ટિ આત્માઓ એવા હર્ષ-શોકને ઉપાદેય ન માને, હેય

માને, પણ અંદર મોહ બેઠો છે તે એનું કામ તો કરે જ ને ? સમ્યગ્દષ્ટિ આત્માઓ પણ, મોહના ઉદયથી, હેય કોટિની પ્રવૃત્તિઓને ય આચરનારા બને, એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ છે જ નહિ. આથી જ ઉપકારીઓ ફરમાવે છે કે, સમ્યગ્દર્શન ગુણને પામેલા પુણ્યાત્માઓએ પણ સર્વથા રાગરહિત અવસ્થા પ્રાપ્ત કરવા માટેનો ખૂબ ખૂબ પ્રયત્ન કરવો જોઈએ.

### કલાગ્રહણને યોગ્ય વય

અહીં તો અનંગલવણ અને મદનાંકુશનું લાલન-પાલન કરવાને માટે સંખ્યાબંધ ધાત્રીજનો છે. ધાવમાતાઓથી લાલન-પાલન કરાતા અને બાળોચિત લીલાઓ આચરવામાં ચપળ એવા તે બન્ને વધવા લાગ્યા. તેઓને જોઈને લોકોને એમ લાગતું કે, ભૂમિ ઉપર ચાલતા આ બે અશ્વિનીકુમારો છે. મહાભુજાને ધરનારા તેઓ બન્ને ધીરે ધીરે કલાગ્રહણને યોગ્ય બન્યા. હાથીનાં બચ્ચાં જેમ શિક્ષાને યોગ્ય બને, તેમ આ બન્ને પણ શિક્ષાને યોગ્ય બન્યા. આ રીતે દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતા તે બન્ને વજ્રજંઘ રાજાનાં નેત્રોનાં ઉત્સવ સમ બન્યાં. ઉત્સવના દર્શનથી જેમ નેત્રો આનંદ પામે, તેમ આ બન્નેને જોઈને વજ્રજંઘ રાજાનાં નેત્રો આનંદ પામવા લાગ્યાં.

### 'સિદ્ધાર્થ' સિદ્ધપુત્રનું આગમન

એ વખતે સિદ્ધાર્થ નામના એક સિદ્ધપુત્ર ફરતા ફરતા શ્રીમતી સીતાદેવીની પાસે આવી પહોંચ્યા. એ સિદ્ધપુત્ર અણુવ્રતધારી હતા. વિદ્યા બલ-સમૃદ્ધિથી સંપન્ન હતા, કલાઓના જાણ હતા તથા આગમશાસ્ત્રોમાં વિચક્ષણ હતા અને પોતાની પાસે આકાશગામિની વિદ્યાની લબ્ધિ હોવાથી શ્રી મેરૂગિરિવર ઉપરના ચૈત્યોની ત્રિકાળયાત્રા પણ તે કરતા હતા. એ શ્રાવક આ રીતે નિરંતર યાત્રા કરતા હતા અને ફરતા ફરતા ગમે તે શ્રાવકને ત્યાં જઈ ભિક્ષાથી ભોજન કરી લેતાં હતા. એ જ રીતે આજે તે શ્રીમતી સીતાજીને ઘેર ભિક્ષા માટે આવેલ છે. આગળના પુણ્યવાનો પોતાને મળેલી લબ્ધિ આદિનો ઉપયોગ, આ રીતે યાત્રા આદિ કરવામાં કરતા હતા.

### સુંદર સામગ્રીનો ઉપયોગ કેવો સરસ કરવો જોઈએ ? અને હાલ કેવો થાય છે ?

આજે આકાશગામિની લબ્ધિ મળી જાય તો ? વિલાયતમાં નાટક ને નાચ જોવા જવાનું જ મન થાય ને ? ફલાણો દેશ જોઈ આવું, ફલાણા શહેરનું કારખાનું જોઈ આવું, પેરીસમાં જઈ મોજ ઉડાવું એવું એવું મન થાય ને ? આવાઓને લબ્ધિ મળે ? ભલે બધા એવા ન હોય, પણ આજની દશા ઉપરથી વિચાર કરો ! આજે મોટરવાળાઓ મોટરનો ઉપયોગ ક્યાં ક્યાં જવામાં કરે છે ? શ્રી જિનમન્દિરે અને ઉપાશ્રયે મોટરમાં બેસીને આવે, તે અહીં વધુ રોકાઈ શકાય એ માટે કે અહીંથી નીકળીને વહેલા બજારે પહોંચી શકાય એ માટે ? મોટરવાળાઓ ધારે તો રોજ કેટલે ઠેકાણે દેવ દર્શન ગુરૂ વંદન આદિ કરી શકે ? આજે મોટરવાળાઓમાં પણ એવા કેટલા કે જે રોજ મુંબઈનાં સઘળાં શ્રી જિનમન્દિરોની યાત્રા કરતા હોય ? મોટર તો રૂ બજારમાંથી શેરબજારમાં ને શેરબજારમાંથી ચાંદીબજારમાં દોડધામ કરવા માટે જ છે ને ? આજે એવાય માણસો છે, કે જેઓ કેટલીકવાર એરોપ્લેનોનો ઉપયોગ પણ કરે છે. એવાઓમાંથી કેટલા એરોપ્લેનમાં બેસી યાત્રા કરવાને ગયા ? એમ થયું કે, 'સામગ્રી મોજુદ છે અને બે દિવસની રજા છે, તો લાવો યાત્રા કરી આવીએ !' આ તો જેટલાં સાધનો મળ્યાં, તેનો વધુમાં વધુ ઉપયોગ સાંસારિક સાધનામાં કરે ! આવાઓને લબ્ધિ મળી જાય, તો થાય શું ? જેઓ આજની થોડીક લક્ષ્મીનેય પચાવી શકતા નથી, તેઓ લબ્ધિને શી રીતે પચાવે ? આજની ક્ષુદ્ર લક્ષ્મીમાં પણ જેઓ મોહાંધ અને મદાંધ બની જાય છે, વિષયવિલાસના કીડા અને નામનાના નશામાં ચકચૂર બની જાય છે, તેઓને જો લબ્ધિ મળી જાય, તો એ બિચારાઓની કારમી દુર્દશા જ થઈ જાય ને ? સુંદર, ભવિતવ્યતાવાળા પુણ્યવાન્ આત્માઓ તો પોતાને મળેલી પુણ્યની સામગ્રીનો સદુપયોગ કરવાને તત્પર બને. પોતે સંસારી હોય, રાગી હોય, એટલે એનો ઉપયોગ સાંસારિક કાર્યોમાં

ન જ કરે એમ તો નહિ, પણ આત્મકલ્યાણનાં કામોમાં ઉપયોગ કરવાની એમની વિશેષ તત્પરતા હોય. જેટલી સામગ્રી શ્રી જિનપૂજા, ગુરૂસેવા, સાધર્મિકભક્તિ આદિમાં વપરાય, તેને જ તેઓ સફળ માને અને એથી શ્રી જિન પૂજાદિમાં વ્યય કરે તે ઉલ્લાસભેર કરે. વિચાર કરો કે, લક્ષ્મી અને બળનો ઉપયોગ ક્યાં થવો જોઈએ અને આજે ક્યાં થઈ રહ્યો છે ? બળવાન રોજ અખાડા જ ખેલે અને લક્ષ્મીવાન્ રોજ ભોગવિલાસ જ ભોગવે, એમ? પછી ધર્મ ક્યારે અને કોણ કરે ? બળ તથા લક્ષ્મીનો એ સદુપયોગ નથી પરંતુ દુરૂપયોગ જ છે. પૂર્વના પુણ્યવાનોની સામગ્રીના હિસાબે આજની સામગ્રી જેમ અતિશય તુચ્છ છે, તેમ પૂર્વના પુણ્યવાનોના વિરાગના હિસાબે આજનો વિવેક અને વિરાગ પણ અતિશય અલ્પ છે. જો સાચો વિવેક અને વિરાગ પ્રગટે, તો લક્ષ્મીની આટલી ગુલામી ટકી શકે નહિ. લક્ષ્મીની ઘેલછા વિવેકના અભાવને સૂચવનારી છે અને વિવેકહીન આત્માઓ મળેલી ઉત્તમ પણ સામગ્રીનો દુરૂપયોગ કરે, તો એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ છે જ નહિ. એવાઓ પોતાના પરભવને સુધારે કે બગાડે ?

**સભા** : બગાડે.

**પૂજ્યશ્રી** : તમારે પરભવને સુધારવો છે કે બગાડવો છે ? તમે તમારો પરભવ સુધરે એમાં રાજી કે તે બગડે એમાં રાજી ?

**સભા** : પરભવ સુધરે એમાં જ સૌ રાજી હોય.

**પૂજ્યશ્રી** : છતાં તમારી એ રાજીની કિંમત તમે કેટલી આંકો છો, એ મોટો સવાલ છે.

### પરભવ ક્યારે યાદ આવે છે ?

તમારો પરભવ સુધરે એમાં તમે રાજી છો, તો પરભવને સુધારવાને માટે દિવસમાં કેટલા કલાક મહેનત કરો છો ? તમારી કરણીઓમાં તમે પરભવને માનો છો અને પરભવને સુધારવાને ઇચ્છો છો, એવું દેખાય છે ? અને દેખાય છે, તો તે કેટલા પ્રમાણમાં દેખાય

છે ? કોઈપણ કૃત્ય કરતાં તમને પરભવ યાદ આવે છે ? અનીતિ આચરતાં, જુઠ્ઠું બોલતાં, માયા રમતાં, લક્ષ્મી માટે દોડધામ કરતાં, મોજથી ખાતાં-પીતાં અને સ્પર્શાદિજન્ય વિષયસુખો ભોગવતાં, તમને પરભવ યાદ આવે છે ખરો ? એમ થાય છે કે 'આ બધું હું કરૂં છું એનું મને પરભવમાં કેવું ફળ મળશે ?' પાપ કરવાના વિચારથી કંપો છો ખરા ? પાપ આચર્યા પછીથી પશ્ચાત્તાપ થાય છે ખરો ? ચોવીસ કલાકમાં એક કલાક પણ એવો રાખ્યો છે, કે જે કલાકમાં બાકીના ત્રેવીસ કલાકોની કરણીઓના શુભાશુભ ફળનો તમે વિચાર કરતા હો? અર્થ અને કામની સાધનામાં લાગેલા તમને એટલું યાદ પણ આવે છે ખરૂ કે એક દિ' મરવાનું છે ? 'મરવાનું એ નક્કી છે. ક્યારે મરણ આવશે તે હું જાણતો નથી, અત્યારે સાજો-તાજો છું અને ઘડીમાં મરી જાઉં એમેય બને, ઘડીના છઠ્ઠા ભાગમાં કોઈ મરી ગયા અને મારૂંય મરણ એમ અચાનક થઈ જાય, તો મારૂ શું થશે ?' એવો વિચાર તમને થાય છે ખરો ? 'એ વખતે ભયંકર પાપો આચરીને મેળવેલું તથા સાચવેલું ધન સાથે નહિ આવે, કેવળ પાપ-પુણ્ય જ સાથે આવશે, માટે પાપથી બચું, જેમ બને તેમ પુણ્યકર્મો વિશેષ આચરૂં અને જન્મ-મરણાદિથી મુક્ત બનવા મથું' એવું આખી જીંદગીમાં એકાદવાર પણ વિચાર્યું છે ખરૂં ?

**સભા** : અમારી પાસે જવાબ નથી.

**પૂજ્યશ્રી** : જવાબ નથી એમ નહિ, પણ સાચો જવાબ દેવો ભારે પડે છે એમ કહો. તમારા પાપની તમને શરમ આવતી હોય તો સારૂં. તમે તમારા પાપથી શરમાતા હો અને એથી જવાબ નથી એમ કહેતા હો, તોય આનંદ પામવા જેવું છે. તમે પરભવને માનો છો, તમારો પરભવ સુધરે એમાં તમે રાજી છો, તો તમારે તમારું જીવન પણ એવું બનાવવું જોઈએ, કે જેથી પરભવ બગડે નહિ પણ સુધરે. કેવળ વાતો કર્યે પરભવ નહિ સુધરે. પરભવને સુધારવો હશે તો યોગ્ય પરિશ્રમ પણ કરવો પડશે. પાપીભીરૂતા અને ઈન્દ્રિયનિગ્રહ આદિ ગુણો પણ કેળવવા પડશે. પાપની રસિકતા અને ઈન્દ્રિયોની

સ્વચ્છન્દતા તો આ ભવ અને પરભવ-ઉભયને પાયમાલ કરનારી છે. **આત્માને વિભાવદશામાંથી કાઢી સ્વભાવદશામાં સ્થિર કરવાનો વાસ્તવિક પ્રયત્ન એ જ આ ભવને અને પરભવને સુધારવાનો ઉત્તમમાં ઉત્તમ ઉપાય છે.** વિભાવદશામાંથી નીકળી સ્વભાવદશામાં સ્થિર થવાને માટે, તીર્થયાત્રા એ પણ એક ઉત્તમ આલંબન છે. સિદ્ધાર્થ નામના સિદ્ધપુત્ર એટલા જ માટે નિરંતર શ્રી મેરૂગિરિવર ઉપરનાં ચૈત્યોની ત્રિકાળ યાત્રા કરતા હતા.

### સિદ્ધપુત્રનું આશ્વાસન અને અધ્યાપન

ભિક્ષાર્થે આવેલા તે સિદ્ધપુત્રને શ્રદ્ધાપૂર્વક ભોજન પાન કરાવીને, શ્રીમતી સીતાજીએ તેમના સુખવિહારની પૃચ્છા કરી. ધર્મી આત્માઓ ધર્મશીલ આત્માઓને જોઈનેય આનંદ પામે, ધર્મી આત્માઓને ધર્મશીલ આત્માઓની કુશળતા જાણવાની પણ ઇચ્છા થાય. શ્રીમતી સીતાજી ધર્મી છે અને આ ધર્મબંધુ છે, એટલે શ્રીમતી સીતાજી તેમને સુખપ્રવૃત્તિ પૂછે છે અને સિદ્ધપુત્ર કહે છે. પોતાની કુશળતા કહ્યા બાદ તે સિદ્ધપુત્ર શ્રીમતી સીતાજીને તેમના કુશળ વર્તમાન પૂછે છે. સિદ્ધપુત્રે પૂછવાથી પોતાના ભાઈ જેવા તેમને, મૂળથી માંડીને પુત્રજન્મ પર્યન્તનો સઘળો જ વૃત્તાન્ત, શ્રીમતી સીતાજી કહી સંભળાવે છે. પોતાનો વૃત્તાન્ત કહેતાં શ્રીમતી સીતાજી પોતાનું હૃદયદુઃખ વ્યક્ત કર્યા વિના રહી શકતાં નથી. શ્રીમતી સીતાજીના હૈયાનો સન્તાપ પ્રગટ થઈ જાય છે. સિદ્ધપુત્ર કરૂણાના નિધિ સમાન છે. ધર્મભગિની શ્રીમતી સીતાને તે આશ્વાસન આપવા મથે છે. વળી તે અષ્ટાંગ નિમિત્તના જ્ઞાતા છે. લવણ અને અંકુશનાં પ્રશસ્ત લક્ષણો તેમણે જોયાં છે. આથી કે કહે છે, 'જેના લવણ અને અંકુશ જેવા બે પુત્રો છે, તેવી તું વ્યર્થ શોક શા માટે કરે છે ? પ્રશસ્ત લક્ષણોવાળા આ લવણ અને અંકુશ તો સાક્ષાત્ શ્રી રામ-લક્ષ્મણ જેવા છે. આ તારા બે પુત્રો, થોડા જ વખતમાં, તારા મનોરથને પૂર્ણ કરશે.'

સિદ્ધપુત્ર સિદ્ધાર્થે, આવા આવા શબ્દો કહેવા દ્વારા આપેલા આશ્વાસનથી શ્રીમતી સીતાજી શાન્ત થયાં. શ્રીમતી સીતાજીને લાગ્યું કે, લવણ અને અંકુશને માટે આવો જ અધ્યાપક જોઈએ. આથી શ્રીમતી સીતાજીએ તે સિદ્ધપુત્રને આગ્રહપૂર્વક અભ્યર્થના કરી કે, 'આ બે પુત્રોને ભણાવવાને માટે તમે અહીં જ રહો.' સિદ્ધપુત્રે પણ, તથા પ્રકારનો લાભ જોઈને શ્રીમતી સીતાજીની તે અભ્યર્થનાને સ્વીકારી. લવણ અને અંકુશ એ બન્ને ભવ્યાત્માઓ છે એમ જાણીને તે સિદ્ધપુત્રે, એ બન્નેને એવી રીતે સર્વ કળાઓ ગ્રહણ કરાવી, કે જેથી દેવતાઓને પણ તેઓ દુર્જય થઈ પડયાં. એ સિદ્ધપુત્ર પોતાની અધ્યાપક તરીકેની જવાબદારી સમજતા હતા, માટે પહેલાં લવણ અને અંકુશ યોગ્ય છે કે અયોગ્ય ? એનો નિર્ણય કર્યો. વિદ્યા પણ પાત્રમાં જ ફળે છે. કુપાત્રે પડેલી વિદ્યા તો અનેકવિધ અનર્થોને જન્માવનારી બને છે. અયોગ્ય આત્માઓ કળાકુશળ બનીને પણ કરે શું ? દુનિયાનું સત્યાનાશ જ વાળેને ? અયોગ્યની આવડત દુનિયાને માટે શ્રાપની જ ગરજ સારે છે.

### લવણ અને અંકુશના લગ્નનો પ્રસંગ

હવે લવણ અને અંકુશ સર્વ કળાઓમાં નિપુણ પણ બન્યા અને યૌવન વયને પણ પામ્યા. યૌવનને પામેલા તે બન્ને, નૂતન કામદેવ અને વસન્ત જાણે સહચારી બન્યા હોય તેવા દેખાવા લાગ્યા. આ વખતે વજ્રજંઘે પોતાની લક્ષ્મીવતી નામની રાણીની કુક્ષિથી ઉત્પન્ન થયેલી શશીચૂલા નામની પુત્રીને તેમજ બીજી પણ બત્રીસ કન્યાઓને લવણની સાથે પરણાવી. હવે પ્રશ્ન રહ્યો અંકુશનો અંકુશને માટે શ્રી વજ્રજંઘે પૃથ્વીપુરના સ્વામી પૃથુરાજાની પુત્રીની માગણી કરી. પૃથુરાજાને અમૃતવતી નામની રાણી હતી અને તેની કુક્ષિથી ઉત્પન્ન થયેલી કનકમાલા નામની પુત્રી હતી. વજ્રજંઘ રાજાએ અંકુશને માટે એ કનકમાલાની માગણી કરી.

એ અવસરે પૃથુરાજા વિચાર કરે છે કે, 'આવી માગણી કેમ સ્વીકારાય ? કારણકે, અંકુશ એ કાંઈ શ્રી વજ્રજંઘ રાજાનો પુત્ર પણ નથી તેમ સગો પણ નથી. વળી એ કોણ છે અને કયા વંશનો છે. એનીય આપણને માહિતી નથી.' આથી પૃથુ પરાક્રમને ધરનારો પૃથુરાજા વજ્રજંઘ રાજાને કહેવડાવે છે કે, જેનો વંશ જાણવામાં નથી, એને પોતાની પુત્રી કેમ અપાય ?' પૃથુરાજાનો આ જવાબ સાંભળતાની સાથે જ વજ્રજંઘ રાજા ક્રોધથી ધમધમી ઉઠે છે, એને એમ થાય છે કે, હું જેને માટે માગણી કરૂં છું, તેના વંશને માટે શંકા ઉઠાવનાર એ કોણ ?'

**સભા** : સામાના સંતોષને માટે વંશનો ખુલાસો કરે તો ખોટું શું !

**પૂજ્યશ્રી** : એ જ વાંધો છે ને ? મહાપરાક્રમીઓ પોતાના મોઢે પોતાના વંશ, કુળ, જાતિ આદિને પ્રગટ કરનારા હોતા નથી; તેમજ તેઓ પોતાના વંશ આદિને માટે કોઈ સહજ પણ શંકા કરે તો તેને સહી લેનાર હોતા નથી, વળી અંકુશના ભાઈ લવણને ખૂદ વજ્રજંઘે પોતાની પુત્રી પરણાવી છે, એટલે પણ પૃથુરાજાનો જવાબ વજ્રજંઘને અપમાનકારક લાગે તે સ્વાભાવિક છે. વજ્રજંઘે તો ક્રોધે ભરાઈને તરત જ પૃથુરાજાની સામે ચડાઈ કરી, અને સંગ્રામ આદર્યો. વજ્રજંઘ રાજા અને પૃથુરાજા વચ્ચે યુદ્ધ ચાલતાં વજ્રજંઘ રાજાએ પૃથુરાજાના પક્ષકાર વ્યાઘરથ રાજાને બાંધી લીધો આથી પૃથુરાજાએ પોતાના મિત્ર પોતનપતિને સહાય માટે બોલાવ્યો; કારણકે, વિપત્તિના સમયે મંત્રની જેમ મિત્રોને સંભારવા જોઈએ, એમ નીતિ કહે છે. વજ્રજંઘ રાજાએ પણ પોતાના સેવકોને મોકલીને પોતાના પુત્રોને યુદ્ધમાં બોલાવી લીધા. એ સમયે લવણને અને અંકુશને ઘણા વાર્યા, પણ તેઓ ય યુદ્ધભૂમિમાં આવી પહોંચ્યા.

એટલે હવે ખુબ જોશથી યુદ્ધ ચાલવા લાગ્યું. બન્ને ય પક્ષ બળવાન છે અને જ્યાં લડનાર બેય પક્ષો અતિ બળવાન હોય, ત્યાં યુદ્ધ પણ વધારે ભયંકર જ બને. યુદ્ધ ચાલતે ચાલતે, એક્વાર, અતિ બળવાન એવા શત્રુઓએ વજજંઘ રાજાના સૈન્યમાં ભંગાણ પાડયું. લવણ અને અંકુશ અત્યાર સુધી યુદ્ધમાં નહોતા ઉતર્યા, પણ હવે તેમનાથી રહેવાયું નહિ. વજજંઘને શ્રીમતી સીતાજી ભાઈ કહેતાં અને શ્રીમતી સીતાજીને વજજંઘ બેન કહેતા. બન્નેનો વ્યવહાર પણ સગાં ભાઈ-બેન જેવો જ હતો. લવણ અને અંકુશ પણ એમજ માનતા હતા કે, 'આ અમારા સગા મામા છે.' પોતાના મામા વજજંઘના સૈન્યમાં ભંગાણ પડેલું જોઈને, લવણ અને અંકુશ ક્રોધે ભરાયા. ક્રોધે ભરાયેલા તેઓ, નિરંકુશ હાથીની જેમ રસ્તામાં જે કોઈ આડે આવે તેને હણતા, પૃથુરાજાના સૈન્યની સામે ધસી ગયા. લવણ અને અંકુશનો આ વેગ પૃથુરાજાનું સૈન્ય લેશ માત્ર પણ સહન કરી શક્યું નહિ. વર્ષાઋતુના વેગબંધ વહેતા પૂરને જેમ વૃક્ષો સહન કરી શકતાં નથી, ભયંકર પૂરમાં જેમ મોટાં પણ વૃક્ષો તણાઈ જાય છે, તેમ આ બે પરાક્રમીઓના વેગબંધ ધસારાથી અને શસ્ત્રોના મારાથી પૃથુરાજાનું સૈન્ય વિહ્વળ બની ગયું. ખુદ પૃથુરાજાને પણ એમ થઈ ગયું કે, 'હવે અહીં થોભવામાં સલામતી નથી' આથી તે પોતાના સૈન્ય સાથે યુદ્ધ ભૂમિમાંથી ભાગવા લાગ્યો.

એ વખતે શ્રી રામચન્દ્રજીના પુત્રો-લવણ અને અંકુશે હાસ્ય કરતાં પૃથુરાજાને ઉદ્દેશીને કહ્યું કે,

*"अपरिज्ञातवंशाभ्या-मप्यावाभ्यामिहाहवे ।*

*विज्ञातवंशजा यूयं, पलायध्वे कथं त्वहो ? ॥१॥"*

'અપરિજ્ઞાત વંશવાળા પણ અમારાથી ડરી જઈને, વિજ્ઞાત વંશવાળા એવા પણ તમે રણભૂમિમાંથી કેમ પલાયન થઈ જાઓ છો?

લવણ - અંકુશના આવા કથનને સાંભળીને પૃથુરાજા થંભી જાય છે. એટલે પૃથુરાજા પાછો વળીને જવાબમાં તે બન્નેને કહે છે કે,

*"व्यज्ञायि वंश युष्माकं, विक्रमेणामुना मया ।"*

તમારા આ પરાક્રમથી મેં તમારો વંશ જાણી લીધો. અર્થાત્ તમારું પરાક્રમ સૂચવે છે કે તમે કોઈ ઉત્તમ વંશના જ છો ! આ ઉપરાંત, તે પૃથુરાજા એમ પણ કહે છે કે, 'અંકુશને માટે રાજા વજ્રજંઘે મારી કન્યાની જે માગણી કરી હતી, તે ખરેખર મારા હિતને માટે જ હતી; કારણકે, આવો વર મારી કન્યા માટે ક્યાંથી મળે ? આવી રીતે માનપૂર્વક બોલીને પૃથુરાજાએ, તે જ વખતે પોતાની પૂર્વે યાચવામાં આવેલી કન્યા કનકમાલા અંકુશને આપી. આ પછીથી, પોતાની પુત્રીના વર તરીકે અંકુશની સ્પૃહા કરતા એવા તે પૃથુરાજાએ, સર્વ રાજાઓની સમક્ષ વજ્રજંઘ રાજાની સાથે સંધી કરી. સંધી થયા પછીથી પણ, વજ્રજંઘ રાજાએ ત્યાં પડાવ નાખીને કેટલાક દિવસોની સ્થિરતા કરી. વજ્રજંઘ રાજા ત્યાં રોકાયા, એટલે પૃથુરાજા વગેરે પણ ત્યાં જ રોકાયાં.

### શ્રી નારદજી અને લવ-કુશ

એટલામાં કોઈ એક દિવસ નારદ મુનિ ત્યાં આવી પહોંચ્યા. વજ્રજંઘ રાજાએ તેમનો સારી રીતે સત્કાર કર્યો. તે પછી જે સમયે પૃથુ આદિ સર્વ રાજાઓ બેઠા હતા, તે સમયે વજ્રજંઘ રાજાએ શ્રી નારદજીને કહ્યું કે, 'હે મુને ! આ પૃથુરાજા પોતાની કન્યા અંકુશને આપવાના છે, તો લવણ અને અંકુશનો જે કોઈ વંશ હોય, તે તમે અમારા સંબધી એવા પૃથુરાજાને કહો, કે જેથી પોતાના જમાઈના વંશને જાણવાથી એમને સંતોષ થાય.' નારદજી સ્મિત કરીને કહે છે કે, 'આ બે વીરોના વંશને કોણ જાણતું નથી ? ભગવાન શ્રી ઋષભદેવસ્વામીજી જે વંશના આદિ કંદ સમાન છે અને જે વંશમાં શ્રી ભરતચક્રવર્તી આદિ સુવિખ્યાત પુરુષો થઈ ગયા છે, તે વંશમાં ઉત્પન્ન થયેલા આ બેયના વંશ માટે પૂછવાપણું જ શું હોય ? આ બેના પિતા અને વડીલ શ્રી રામ-લક્ષ્મણ તો પ્રત્યક્ષ છે. તેમને કોણ નથી જાણતું?' આ રીતે

લવણ અને અંકુશના વંશની મહત્તા દર્શાવ્યા પછીથી, આ બે જણા અહીં ક્યાંથી ? એવા પણ પ્રશ્નને અવકાશ ન રહે, એ માટે નારદજી કહે છે કે 'આ બે જણા જે વખતે ગર્ભમાં હતા, તે વખતે અયોધ્યાના લોકોએ જન્માવેલા અપવાદથી ડરી જઈને શ્રી રામચંદ્રજીએ શ્રીમતી સીતાજીનો ત્યાગ કર્યો હતો.'

શ્રીરામચંદ્રજીએ કરેલાં શ્રીમતી સીતાજીના ત્યાગની હકીકત સાંભળતાંની સાથે જ, અંકુશ હાસ્ય કરીને કહે છે કે, મુનિવર ! શ્રીરામચંદ્રજીએ દારૂણ વનમાં શ્રીમતી સીતાજીનો ત્યાગ કરાવ્યો, એ સારૂં તો નથી જ કર્યું. અપવાદને દૂર કરવાના તો ઘણા ઉપાયો છે, છતાં વિદ્વાન એવા પણ શ્રીરામચંદ્રજીએ એમ કેમ કર્યું ?

અંકુશ આમ પૂછે છે, પણ લવણને એમ લાગે છે કે, એમાં હવે પૂછવું શું ?' લવણ તો જુદો જ વિચાર કરે છે. એ પોતાના પરાક્રમથી પોતાના પિતાને તેમની ભૂલ સમજાવવાના વિચારમાં છે. આથી તરત જ તે નારદજીને પૂછે છે કે, 'પોતાના લઘુ બંધુ શ્રીલક્ષ્મણજીની સાથે મારા તાત શ્રીરામચંદ્રજી જે નગરીમાં વસે છે, તે નગરી અહીંથી કેટલીક દૂર છે ?'

નારદજી કહે છે કે, 'વિશ્વભરમાં નિર્મળ એવા તમારા પિતા શ્રીરામચંદ્રજી જે નગરીમાં વસે છે, તે અયોધ્યાનગરી પુંડરીકપુરીથી એક સો ને સાઈઠ યોજન દૂર છે. આમ નારદજી પાસેથી અયોધ્યાનગરી કેટલી દૂર છે એ જાણી લઈને, લવણ નમ્રતાપૂર્વક વજ્રજંઘ રાજાને ઉદ્દેશીને કહે છે કે, 'ત્યાં જઈને અમે શ્રી રામ-લક્ષ્મણને જોવાને ઇચ્છીએ છીએ'

વજ્રજંઘ રાજા સમજે છે કે, આ બે જણા કેવી રીતે શ્રીરામ-લક્ષ્મણને જોવા જવાને ઇચ્છે છે અને એમ જવામાં કેટલું જોખમ રહેલું છે પણ અત્યારે ના પાડવી એનો કાંઈ વિશેષ અર્થ નથી એમ વિચારીને વજ્રજંઘ રાજા ના નહિ પાડતાં, લવણ-અંકુશની તે વાતનો સ્વીકાર કરી લે છે.

**સભા** : આ બધી વાત અત્યાર સુધી લવણ અને અંકુશ નહિ જાણતા હોય ?

**પૂજ્યશ્રી** : શ્રીમતી સીતાજીની ગંભીરતાનો એ પ્રતાપ છે. પુણ્યાત્માઓને આવી ગંભીરતા પણ વરેલી હોય છે. શ્રી વજ્રજંઘ રાજા ત્યાંથી પડાવ ઉપાડીને પુંડરીકપુરી તરફ જવાનો વિચાર કરે છે અને એ માટે પૃથુરાજાની પુત્રી કનકમાલાની સાથે અંકુશને મહોત્સવપૂર્વક પરણાવે છે.

### લવણ અને અંકુશે પરાક્રમો કરીને પ્રાપ્ત કરેલા વિજયો !

આ પછી લવણ અને અંકુશ ત્યાંથી નીકળે છે. સાથે વજ્રજંઘ તથા પૃથુરાજા પણ છે. રસ્તે ઘણા દેશોને જીતતા લવણ-અંકુશ લોકપુર નામના નગરની પાસે આવી પહોંચ્યા. લોકપુરમાં કુબેરકાન્ત નામના રાજાનું રાજ્ય છે. ધૈર્ય અને શૌર્યથી શોભતા તે અભિમાની રાજાને પણ લવણ-અંકુશ યુદ્ધમાં જીતી લે છે. વજ્રજંઘને અને પૃથુરાજાને લવણ-અંકુશના પરાક્રમની પૂરેપૂરી પ્રતીતિ થઈ ગઈ છે. એટલે તેઓ બધા જ યુદ્ધો લવણ-અંકુશને લડવા દે છે. જરૂર પડે તો પોતે લડવાને તૈયાર જ છે, પણ લવણ અને અંકુશ એવા પરાક્રમી છે કે, તેમની જરૂર પડે જ નહિ. લોકપુરમાં રાજા કુબેરકાન્તને જીતીને તેઓ આગળ ચાલતા લંપાક દેશમાં આવી પહોંચ્યા. ત્યાંના રાજા એકકર્ણને જીતીને તેઓએ આગળ ચાલતાં વિજયસ્થલીના રાજા ભ્રાતૃશતને પણ જીતી લીધો. આ પછી તેઓ ગંગા નદી ઉતરીને કૈલાસ પર્વતની ઉત્તર દિશાએ ચાલ્યા, ત્યાં પણ તેઓએ નંદનચારૂ રાજાના દેશોને જીતી લીધા. આગળ ચાલતાં તેઓએ રૂષ, કુંતલ કાલાંબુ, નંદિનંદન, સિંહલ, શલભ, અનલ, શૂલ, ભીમઅને ભૂતરવાદિ દેશોના રાજાઓને જીતી લીધા અને સિન્ધુ નદીના સામા કાંઠે આવી પહોંચ્યા. ત્યાં પણ તેઓએ આર્ય અને અનાર્ય અનેક રાજાઓને સ્વાધીન બનાવ્યા. આ પ્રમાણે અનેક દેશોના રાજાઓને જીતીને અને તે સર્વ

રાજાઓને પણ પોતાની સાથે જ લઈને લવણ-અંકુશ પાછા ફર્યા અને પુંડરીકપુરમાં આવી પહોંચ્યા.

### ધન્યવાદ અને આશિષ

પુંડરીકપુરના લોકોએ લવણ અને અંકુશના પરાક્રમની અને વિજયની ઘણી ઘણી વાતો સાંભળી છે, એટલે તેઓ લવણ અને અંકુશને જોવાને આતુર બનેલા છે. લવણ અને અંકુશ પુંડરીકપુરમાં આવી પહોંચતા; તેમને જોઈને સર્વ લોકો એમજ બોલી રહ્યા છે કે 'વજ્રજંઘ નરેશને ધન્ય છે, કે જેને આવા ભાણેજો મળ્યાં છે.' લવણ અને અંકુશ આવી વાતોને સાંભળતાં સાંભળતાં, વજ્રજંઘ રાજા, પૃથુરાજા અને બીજા પણ જીતેલા રાજાઓની સાથે, પોતાના સ્થાને આવ્યા અને શ્રીમતી સીતાદેવીના વિશ્વને પાવન કરવાને સમર્થ એવા ચરણોમાં પડયા. શ્રીમતી સીતાજીએ તે બન્નેના મસ્તક ઉપર ચુંબન કરતાં થકાં તેમને હર્ષનાં અશ્રુઓથી નવડાવી નાખ્યા અને કહ્યું કે, 'તમો બન્ને શ્રીરામ અને શ્રીલક્ષ્મણ જેવા થાઓ !'

### શ્રીરામચંદ્રજી સાથેના યુદ્ધની તત્પરતા

એ જ વખતે લવણ અને અંકુશ વજ્રજંઘ રાજાને ઉદ્દેશીને કહે છે કે, 'હે મામા ! અમારી અયોધ્યા જવાની વાતને તમે પૂર્વે કબૂલ રાખેલી છે, તો હવે તેનો અમલ કરો ! લંપાક, રુષ, કાલાંબુ, કુંતલ, શલભ, અનલ, શૂલ અને બીજા પણ દેશોના આ રાજાઓને આપ અમારી સાથે આવવાની આજ્ઞા ફરમાવો ! પ્રયાણની ભેરી વગડાવો અને દિશાઓને સેનાઓથી આચ્છાદિત કરી દો ! જેણે અમારી માતાનો ત્યાગ કર્યો છે, તેના પરાક્રમને તો જોઈએ !' આ શબ્દોમાં વિનય અને શૌર્ય બન્નેય છે. જે રાજાઓને પોતે જ જીત્યા છે, તે રાજાઓને પણ પોતે સીધી આજ્ઞા ફરમાવતા નથી; વજ્રજંઘને આજ્ઞા ફરમાવવાનું કહે છે. આ વિનયશીલતા છે, વળી માતા પ્રત્યેની ભક્તિ, એ પણ વિનયશીલતા જ છે. એ જ રીતે શ્રીરામચંદ્રજી જેવાની સાથે પણ યુદ્ધ કરવાનો ઉત્કટ ઉત્સાહ છે, એ તેમના શૌર્યને સૂચવે છે.

## માતાની હિતશીખ અને પુત્રોનો ઉત્તર

પણ શ્રીમતી સીતાજી આવી વાતને શી રીતે સહન કરી લે? શ્રીમતી સીતાજીમાં પુત્રો પ્રત્યે મમત્વ છે અને રામ-લક્ષ્મણનું પરાક્રમ કેવું છે ? તે પણ શ્રીમતી સીતાજી જાણે છે. આથી યુદ્ધની વાત સાંભળતાની સાથે જ શ્રીમતી સીતાજી રડી પડે છે અને ગદ્‌ગદ્ સ્વરે બોલે છે કે, 'વત્સો ! આવા આચરણ દ્વારા તમે કેવા અનર્થની ઈચ્છા કરી રહ્યા છો ? તમારા પિતા અને કાકા જેવા-તેવા વીર નથી. તેઓ તો દેવતાઓને પણ દુર્જય છે. ત્રણ લોકમાં કંટકસમાન રાક્ષસપતિ રાવણ જેવાને પણ તેઓએ રણમાં રગદોળી નાખ્યો છે. આથી તેમની સાથે યુદ્ધ કરવાની વાતને ત્યજી દો ! તમને જો તમારા પિતાને જ જોવાની ઉત્કંઠા હોય તો ભલે જાવ, પણ તે વિનીત બનીને જાવ ! વળી પૂજ્ય પુરૂષોનો વિનય કરવો એ જ યોગ્ય છે.

શ્રીમતી સીતાજીની આ વાતની સામે લવણ-અંકુશ સાફ સાફ શબ્દોમાં બોલે છે કે, 'પિતાજી પૂજ્ય છે અને તેમનો અમારે વિનય કરવો જોઈએ એ તારી વાત સાચી છે, પણ તમારો ત્યાગ કરવા દ્વારા શત્રુસ્થાનને પામેલા એવા પણ પિતાનો વિનય થાય શી રીતે ? 'અમો બન્ને તમારા પુત્રો છીએ અને એથી અહીં આવ્યા છીએ' એવું અમારાથી જાતે જઈને બોલાય શી રીતે ? એવું માયકાંગલાપણું અમે બતાવીએ, એ તો તેમને પણ શરમાવનારું થાય. અમે કરેલું યુદ્ધનું આહ્‌વાન, પરાક્રમી એવા અમારા તે પિતાને પણ આનંદજનક જ થઈ પડશે; કારણકે એમ કરવું એ જ માતા અને પિતા બન્નેના કુળને માટે યશસ્કારી છે !

## યુદ્ધ માટે લવ-અંકુશનું પ્રયાણ

આ પ્રમાણે કહીને અને શ્રીમતી સીતાજીને રડતાં મૂકીને, લવણ અને અંકુશ મોટી સેના સાથે મહાઉત્સાહપૂર્વક અયોધ્યા તરફ ચાલી નીકળ્યા. કુઠાર અને કોદાળી લઈને દસ હજાર માણસો તેમની આગળ

ચાલતા હતા. તે માણસો માર્ગમાંના વૃક્ષો આદિને છેદીને ચાલવાની ભૂમિને સપાટ બનાવ્યે જતા હતા. સેનાનાં માણસો તો જુદાં જ. આ રીતે યુદ્ધની કામનાવાળા તે બન્ને ય મહાભુજાવાળા પોતાની બહુસંખ્ય સેનાથી દિશાઓને રુંધતા થકા ક્રમે કરીને અયોધ્યાનગરીની સમીપમાં આવી પહોંચ્યા.

**સભા** : આ લોકો કેટલું ભયંકર પાપ આચરી રહ્યા છે ? સમ્યગ્દર્શન હોવા છતાંય આવું બને ખરૂં ?

**પૂજ્યશ્રી** : આવું કારમું યુદ્ધ ખેલનારાઓ મિથ્યાદૃષ્ટિ જ હોય. એમ માની કે કહી શકાય નહિ, એમાં સમ્યગ્દૃષ્ટિ આત્માઓ પણ હોઈ શકે. જો કે. તેઓની આવી કરણીઓ પ્રશંસનીય ન જ ગણાય, પણ તેમના સંયોગ આદિનો ય વિચાર કરવો જોઈએ, તેઓનું પુણ્યકર્મ તથાપ્રકારનું હોય તો એ પણ બનવાજોગ છે. વળી આ યુદ્ધ સત્તા કે વૈભવની લાલસાથી નહિ, પણ પરાક્રમને કુળવટની ખુમારી આદિથી લડાઈ રહ્યું છે. આમ છતાં. આવી ક્રિયાઓને તેઓ ઉપાદેય તો ન જ માને. પણ તેઓ સંસારી છે, રાજપુત્રો છે, પરાક્રમી છે અને માતાના કલંકને ટાળવાની ભાવનાવાળા છે એ વિગેરે જોતાં, તેઓ ભવ્ય હોવા છતાં ય આવી પ્રવૃત્તિઓ આચરે તો તે અશક્ય તો ન જ ગણાય. પાછળથી આ બન્ને ધર્મની આરાધના પણ સુન્દર પ્રકારે કરવાના જ છે. હવે અહીં શું બને છે તે જોઈએ.

### શ્રી રામ-લક્ષ્મણને આશ્ચર્ય

પોતાની નગરીની બહાર શત્રુનું વિશાળ સૈન્ય આવી પહોંચ્યું છે એ વાત સાંભળીને. શ્રીરામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજી વિસ્મય પામ્યા અને હાસ્ય કરવા લાગ્યા. શ્રીલક્ષ્મણજી તે વખતે કહે છે કે, 'આર્યબંધુ શ્રીરામચંદ્રજીના પરાક્રમરૂપ પાવકમાં પતંગીયાની જેમ પડીને મરવાની ઇચ્છાવાળા આ કયા શત્રુઓ આવ્યા હશે ?' શ્રીરામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજી જેવા ત્રણ ખંડના સ્વામિત્વને ભોગવનારા અને દુર્જય ગણાતા શ્રી રાવણને પણ જીતી લેનારાઓને આવો વિચાર આવે, તે

સ્વાભાવિક જ છે. ભલભલા પરાક્રમશાળીઓ જેના નામને સાંભળતાં પણ કંપી ઉઠતા હોય, તેમની સામે લડવાને કોઈ આવે ત્યારે તેમને આશ્ચર્ય જેવું લાગે તેમજ 'બિચારા નાહક મરવાને આવ્યા છે' એવો વિચાર આવે, તે તદ્દન સહજ છે; પણ જ્યારે કોઈ યુદ્ધનું આહ્‌વાન જ કરે, ત્યારે મોટા પણ પરાક્રમશાળીઓને લડવા તો નીકળવું પડે ને ? લડવાની ના તો ન જ પડાય ને ? આથી સુગ્રીવ આદિથી વિંટળાએલા શ્રીલક્ષ્મણજી, કે જે શત્રુરૂપ અંધકારને દૂર કરવા માટે સૂર્ય સમાન હતા, તે શ્રીરામચન્દ્રજીની સાથે યુદ્ધને માટે ચાલ્યા.

### ભામંડલ સાથે શ્રીમતી સીતાજી યુદ્ધભૂમિમાં

અહીં આ રીતે જ્યારે પિતા-પુત્ર વચ્ચેના યુદ્ધની તડામાર તૈયારીઓ ચાલી રહી છે, તે વખતે શ્રી નારદજી શ્રીમતી સીતાજીના ભાઈ ભામંડલની પાસે પહોંચી જાય છે અને શ્રીમતી સીતાજીના તથા લવણ-અંકુશના સમાચાર સંભળાવે છે. નારદજીની વાત સાંભળતાની સાથે જ ભામંડલ સંભ્રમસહિત પુંડરીકપુરમાં શ્રીમતી સીતાજીની પાસે આવી પહોંચે છે.

ભામંડલને જોઈને શ્રીમતી સીતાજી રડતાં રડતાં કહે છે કે, 'હે ભાઈ ! શ્રીરામચંદ્રજીએ મારો ત્યાગ કર્યો છે અને તેમણે કરેલા મારા ત્યાગને નહિ સહી શકનારા તારા બન્ને ભાણેજો તેમની સાથે યુદ્ધ કરવાને માટે ગયા છે.'

ભામંડલ કહે છે કે, 'શ્રી રામચંદ્રજીએ ઉતાવળથી તારો ત્યાગ કરવા રૂપ એક અયોગ્ય કાર્ય તો કર્યું, પણ હવે પુત્રોના વધનું બીજું અયોગ્ય કાર્ય ન કરે તો સારૂ !' આ બે મારા જ પુત્રો છે એમ તો તે જાણતા નથી, એટલે શ્રીરામચંદ્રજી તે બન્નેને હણી નાખે તે પહેલાં જ, આપણે વિલંબ કર્યા વિના ત્યાં પહોંચી જવું જોઈએ, માટે ચાલ, જલ્દી કર !'

આ પ્રમાણે કહીને અને શ્રીમતી સીતાજીને પોતાના વિમાનમાં બેસાડીને, ભામંડલ તરત જ લવણ-અંકુશની છાવણીમાં આવી પહોંચ્યા. શ્રીમતી સીતાજીને આવેલાં જોતાની સાથે જ, લવણ અને અંકુશ ઊભા થઈ ગયા અને પગમાં પડીને નમસ્કાર કરવા લાગ્યા. શ્રીમતી સીતાજીએ ભામંડલને દેખાડીને કહ્યું 'આ તમારા મામા છે' એટલે લવણ અને અંકુશે ભામંડલને પણ પ્રણામ કર્યા.

### ભામંડલની સમજાવટ સામે પણ લવણ-અંકુશનો મક્કમ જવાબ

નમસ્કાર કરતા તે બન્નેને મસ્તક ઉપર ચુંબન કરીને ભામંડલે પોતાના ખોળામાં બેસાડયા અને તે પછી હર્ષથી રોમાંચિત શરીરવાળા ભામંડલે ગદ્ગદ્ સ્વરે કહેવા માંડયું કે, 'ચન્દ્રના જેવી નિર્મળ એવી આ મારી બેન શ્રીમતી સીતા વીરપત્ની તો હતી જ, પરંતુ સદ્ભાગ્યના પ્રતાપે તમારા જેવા બે પરાક્રમી પુત્રોને જન્મ આપવાથી તે હાલમાં વીરમાતા પણ બની છે. હે માનદો ! તમો બન્ને વીરપુત્રો પણ છો અને વીરો પણ છો. છતાં પણ તમે તમારા પિતા અને કાકાની સાથે યુદ્ધ ન કરો, એવી મારી સલાહ છે. મને તો એમ થાય છે કે, જેમની સાથેના યુદ્ધમાં રાવણ જેવો મહારથી પણ ટકી શક્યો નહિ, તેમની સામે તેમની ભુજાની ચળ એવા તમે સાહસ કરીને યુદ્ધનો આરંભ જ કેમ કર્યો ?

ભામંડલના મુખેથી બોલાએલી આવી વાતોને સાંભળતાની સાથે જ, ભામંડલની પણ પરવા કર્યા વિના જ, લવણ-અંકુશ બોલી ઉઠે છે કે 'હે મામા ! આવી સ્નેહભીરૂતાથી સર્યું ! તમે પણ આવું બોલો છો અને આ તમારા બેન એટલે અમારી માતા પણ આવા કાયર વચનોને બોલે છે ! અમે પણ જાણીએ છીએ કે, શ્રીરામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજીની સામે ટકી શક્વાને કોઈ જ સમર્થ નથી, પણ યુદ્ધનો ત્યાગ કરવા દ્વારા અમે એ મહાન પરાક્રમીઓને શરમાવનારું કૃત્ય તો કેમ જ આચરીએ ?

## સુગ્રીવ આદિ શ્રીમતી સીતાજીની પાસે

આ પ્રમાણે તેઓ બોલતા હતા, ત્યાં તો શ્રીરામચંદ્રજીના સૈનિકોની સાથે લવણ-અંકુશના સૈન્યોનું પ્રલયકાળના મેઘની યાદ આપે એવું કારમું યુદ્ધ પ્રવર્ત્યું. એ જાણીને ભામંડલ એવી શંકામાં પડી ગયા કે, 'આ લવણ અને અંકુશના મહીચર સૈન્યને સુગ્રીવાદિ ખેચરો મારી નાખશે' એટલે તેનો બચાવ કરવાને માટે તરત જ ભામંડલ યુદ્ધમાં આવી પહોંચ્યા. તે બન્ને મહાબલ કુમારો પણ યુદ્ધ કરવાને તત્પર બન્યા. તેમનો યુદ્ધ માટેનો ઉત્સાહ એટલો પ્રબળ હતો કે, અતિશય રોમાંચથી તેમનાં કવચ જાણે ઉચ્છ્વાસ લઈ રહ્યાં હતાં. પહેલાં તો સુગ્રીવ આદિ ખેચરો નિ:શંકપણે યુદ્ધ કરતા હતા. પણ જ્યારે તેઓએ યુદ્ધમાં સામા પક્ષે ભામંડલને પણ લડતા જોયા, ત્યારે તેઓ જરા થંભી ગયા. તેઓને ખાત્રી હતી કે, ભામંડલ દગાબાજ નથી, ભામંડલ દુશ્મન ભેગો મળી જાય એ બનવાજોગ નથી' આવી ખાત્રી હોવાથી, સુગ્રીવ આદિ ખેચરોએ વિચાર કર્યો કે, જ્યારે ભામંડલ સામા પક્ષમાં છે, તો તપાસ કરવી જોઈએ કે, આમાં શો ભેદ છે ? આથી તેઓ થંભી જઈને ભામંડલને પૂછવા લાગ્યા કે, 'આ બે કોણ છે ?' ભામંડલે જવાબમાં સુગ્રીવને કહ્યું કે, 'આ બે શત્રુઓ નથી, પણ ખુદ શ્રીરામચંદ્રજીના જ પુત્રો છે.' આ વાત સાંભળતાંની સાથે જ તેઓએ લડવાનું બંધ કર્યું અને મહાસતી શ્રીમતી સીતાજીની પાસે જઈ, નમસ્કાર કરીને તેઓ શ્રીમતી સીતાજીની સામે ભૂમિ ઉપર બેસી ગયા.





# પરાક્રમી પુત્રો લવણ અને અંકુશ

## ૫

પિતા દ્વારા પોતાની અપમાનિતા માતાની નિર્દોષતા જાણતા શ્રી લવણ-અંકુશ પોતાનું પરાક્રમ શ્રી રામચન્દ્રજીને બતાવવાના નિર્ણયપૂર્વક સજ્જ બને છે. ત્યારે શ્રીમતી સીતાદેવી હિતશિક્ષા આપે છે. પરાક્રમીને છાજે તેવો ઉત્તર આપીને તેઓ અયોધ્યા તરફ પ્રયાણ કરે છે. ભામંડલ આવી પહોંચે છે. તે ખૂબ સમજાવે છે પણ લવ-કુશનો મક્કમ જવાબ મળે છે.

યુદ્ધભૂમિમાં તેઓનું પરાક્રમ જોઈને આશ્ચર્યચકિત બનેલા શ્રી રામચન્દ્રજી સ્નેહાર્દ બને છે, નિરાશા અનુભવે છે. શ્રી લક્ષ્મણજીનું ચક્ર પણ નિષ્ફળ જાય છે, ને છેવટે શ્રીનારદજી દ્વારા ઓળખાણ થતાં મૂર્ચ્છા પામે છે. પુત્રોને ભેટવા દોડે છે. વિનય અને ઔચિત્યના ભંડાર એવા લવણ-અંકુશ પણ સામે દોડી આવે છે. આ જોઈને સંતુષ્ટ સીતાજી પુંડરિકપુરીમાં પાછાં ફરે છે. ને પુત્રો સાથે શ્રીરામચન્દ્રજી અયોધ્યામાં પ્રવેશ કરે છે.

-શ્રી

# પરાક્રમી પુત્રો લવણ અને અંકુશ

- લવણ-અંકુશનું ગજબનાક પરાક્રમ
- રામચન્દ્રજીની સ્નેહાર્દ્રતા અને લવ-કુશનો પડકાર
- યુદ્ધમાં શ્રી રામચન્દ્રજીને પ્રાપ્ત થયેલી નિરાશા
- શ્રી લક્ષ્મણજીનું ચક્રરત્ન પણ નિષ્ફળ બને છે
- શ્રી રામ-લક્ષ્મણને શંકા
- નારદજીએ આવીને ઓળખાણ આપી
- શ્રી રામચન્દ્રજીને મૂર્ચ્છા અને સંજ્ઞાની પ્રાપ્તિ
- પુત્રોની સામે જવું
- અવસરે ગુરુ પણ શિષ્યને સન્માને
- પિતા-પુત્રનું સ્નેહભર્યું મિલન
- રાગનો આવેશ ન આવે માટે સાવધ રહો
- વિનય અને આલિંગન
- શ્રીમતી સીતાજી પાછા પુંડરીકપુરમાં
- શ્રી વજ્રજંઘની ઓળખાણ
- અયોધ્યામાં પ્રવેશ અને ઉત્સવ
- શ્રીમતી સીતાજીને તેડી લાવવા વિનંતી
- શ્રી રામચન્દ્રજીનો ઉત્તર
- દિવ્ય માટે તૈયારી
- સુગ્રીવ શ્રીમતી સીતાજીને તેડવા જાય છે ને શ્રીમતી સીતાજી આવવાની ના પાડે છે

# ૫

## પરાક્રમી પુત્રો લવણ અને અંકુશ

### લવણ અંકુશનું ગજબનાક પરાક્રમ

**સભા** : યુદ્ધ પતી ગયું ?

**પૂજ્યશ્રી** : ના, હવે જ ખરેખરું યુદ્ધ શરૂ થાય છે.

સુગ્રીવ આદિ ખેચરો જો કે શ્રીમતી સીતાજીની પાસે આવીને બેસી ગયા, પણ એ પક્ષના નાયક રામ-લક્ષ્મણ અને આ તરફના નાયક લવણ-અંકુશ યુદ્ધભૂમિમાં જ છે. તેઓ વચ્ચેનું યુદ્ધ તો બાકી જ છે. તેઓને સુગ્રીવ તથા ભામંડલ વચ્ચે થયેલી વાતની ખબર નથી પ્રલયકાળે ઉદ્‌ભ્રાન્ત થયેલા સમુદ્રના જેવા દુર્ધર અને મહાપરાક્રમી તે બન્નેએ યુદ્ધભૂમિમાં આવીને એક ક્ષણવારમાં જ શ્રી રામચન્દ્રજીના સૈન્યને ભગ્ન કરી નાખ્યું. વનમાં જેમ સિંહ ફરે તેમ લવણ અને અંકુશ જ્યાં જ્યાં ઉદ્ધત બન્યા થકા ફર્યા, ત્યાં ત્યાં કોઈ રથી, ઘોડેસ્વાર કે હસ્તિસ્વાર આયુધ લઈને ઉભો રહી શક્યો નહિ. કાં તો તેઓ મરી ગયા અને કાં તો તેઓ ભાગી ગયા. આમ શ્રીરામચન્દ્રજીના કેટલાક સૈન્યનો નાશ કરી નાંખીને અને કેટલાક સૈન્યને ભગાડી મૂકીને, લવણ અંકુશ કોઈથી પણ સ્ખલના પામ્યા વિના જ, જ્યાં શ્રીરામચન્દ્રજી અને શ્રીલક્ષ્મણજી હતા ત્યાં, તેમની સાથે યુદ્ધ કરવાને માટે આવી પહોંચ્યા.

**શ્રી રામચંદ્રજીની સ્નેહાર્દ્રતા અને લવ-કુશનો પડકાર**

આ બે જણાને આવેલા જોઈને શ્રીરામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજી પરસ્પર પૂછવા લાગ્યા કે 'આપણા દુશ્મન એવા પણ આ બે સુંદર કુમારો કોણ હશે ?' લવણ અને અંકુશ એ રામચંદ્રજીના જ પુત્રો છે, એટલે એમને જોતાં શ્રીરામચંદ્રજીનું મન સ્વાભાવિક રીતે જ સ્નેહથી આર્દ્ર બને છે. શ્રીરામચંદ્રજીને તો એ બે જણાને ભેટવાનું મન પણ થઈ જાય છે. એથી યુદ્ધ કરતાં શ્રીરામચંદ્રજીને મૂંઝવણ થાય છે અને એ વાત તેઓ શ્રીલક્ષ્મણજીને કહે છે; પણ એ વાત વધુ ચાલે તે પહેલાં તો લવણ શ્રીરામચંદ્રજીને અને અંકુશ શ્રીલક્ષ્મણજીને પડકાર કરે છે. તેઓ કહે છે કે, રાવણ કે જેની જગતમાં અજેય તરીકેની ખ્યાતિ હતી અને જે મહાપરાક્રમી હતો, તેને પણ જીતનારા તમોને, વીરયુદ્ધમાં શ્રદ્ધાળુ એવા અમોએ ઘણા કાળે જોયા, એ પણ અમારું સદ્ભાગ્ય જ છે. અમારા ભાગ્યયોગે જ અમને તમારું દર્શન થયું છે. અમને લાગે છે કે, રાવણ જેવાએ પણ તમારી રણશ્રદ્ધાને પરિપૂર્ણ કરી નથી; પણ કોઈ ફીકર નહિ. અમે તમારી રણશ્રદ્ધાને પૂરી કરીશું અને તમે પણ અમારી રણશ્રદ્ધાને પૂરી કરજો !' આ શબ્દો જેવા-તેવા નથી. પરાક્રમીઓનાં હૈયામાં યુદ્ધનો તીવ્ર આવેગ પ્રગટાવે એવા આ શબ્દો છે. જેટલું બળ હોય તેટલું સઘળું જ બળ અજમાવી લેવાનું દુશ્મનને આહ્‌વાન છે. રાવણ સાથે લડવું સહેલું હતું, પણ અમારી સાથે લડવું મુશ્કેલ છે, એવું સૂચન પણ આ વચનો દ્વારા લવણ-અંકુશે કર્યું ગણાય.

આવા હાડેહાડમાં વ્યાપી જાય તેવા શબ્દોને સાંભળ્યા પછી બાકી પણ શું રહે ? શ્રીરામચંદ્રજીએ અને શ્રી લક્ષ્મણજીએ તેમજ લવણ અને અંકુશે પણ પોતપોતાના ધનુષ્યનું આસ્ફાલન કર્યું. એ આસ્ફાલન પણ એવું હતું, કે જેમાંથી ભીષણ ધ્વનિ પ્રગટયો. તરતજ કૃતાન્તવદન સારથીએ શ્રીરામચંદ્રજીનાં રથને અને વજ્રજંઘ રાજાએ અનંગલવણના રથને પરસ્પર સામસામે યોજી દીધા. એ જ રીતે

વિરાધે શ્રીલક્ષ્મણજીના રથને અને પૃથુરાજાએ મદનાંકુશના રથને પરસ્પર સામસામે યોજી દીધા. આવા યુદ્ધોમાં રથ હાંકવાનું કાર્ય કરનારા માણસો ઘણા કુશળ હોવા જોઈએ. રથ હાંકનાર ચૂકે, તો રથમાં બેસીને લડનાર પરાક્રમી હોય છતાં માર ખાઈ જાય. આથી જ, સેનાપતિ કૃતાન્તવદન શ્રીરામચંદ્રજીના રથનો અને રાજા વિરાધ શ્રીલક્ષ્મણજીના રથનો સારથિ બનેલ છે. એ જ રીતે લવણના રથના સારથી તરીકે શ્રી વજ્રજંઘ રાજા છે અને અંકુશના રથના સારથી તરીકે પૃથુરાજા છે. એ સારથીઓ પણ એવા કે, દુશ્મનનો ઘા કોઈપણ રીતે સ્વામી સુધી ન પહોંચે, એની પૂરેપૂરી તકેદારી રાખે.

### યુદ્ધમાં શ્રી રામચંદ્રજીને પ્રાપ્ત થયેલી નિરાશા

અહીં રથો જ્યાં સામસામે આવી રહ્યા, એટલે કે ચારેયનું પરસ્પર મહાયુદ્ધ જામ્યું. સારથિઓ ચતુરપણે પોતાના રથોને ભમાવવા લાગ્યા અને જોડકા બનીને લડતા ચારેય વીરો પરસ્પર વિવિધ શસ્ત્રોનો પ્રહાર કરવા લાગ્યા. અહીં એક ખાસ વાત એ પણ છે કે, લવણ અને અંકુશ તો પોતાને શ્રીરામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજી સાથે કેવો સંબંધ છે ? એ જાણે છે એટલે ગમે તેટલા શસ્ત્રોના પ્રહારો કરે છે, પણ તે સર્વ સાપેક્ષપણે કરે છે; જ્યારે શ્રીરામચંદ્રજીને અને શ્રીલક્ષ્મણજીને તો એ વાતની બિલકુલ માહિતી નથી એટલે તેઓ જેટલા શસ્ત્રપ્રહારો કરે છે, તે સર્વ નિરપેક્ષપણે જ કરે છે. લવણ અને અંકુશ શસ્ત્રપ્રહારો કરતાં ધ્યાન રાખે છે કે, પિતાના કે કાકાના દેહને ભયંકર હાનિ ન થઈ જાય, જ્યારે શ્રીરામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજી તો આ બેને દુશ્મન માની તેમને હણી નાખવાનો જ પ્રયાસ કરે છે.

આમ કેટલાક કાળ યુદ્ધ ચાલ્યું અને શ્રીરામચંદ્રજીએ વિવિધ શસ્ત્રોને અજમાવી જોયા, પણ કશું જ ઠેકાણું પડયું નહિ. એટલે યુદ્ધનો જલ્દીથી અન્ત લાવવાની અભિલાષાવાળા શ્રી રામચંદ્રજી, કૃતાન્તવદન સારથીને કહે છે કે, 'રથને બરાબર દુશ્મનની સામે જ લઈ જા !' એ વખતે કૃતાન્તવદન સારથી શ્રી રામચંદ્રજીને કહે છે કે, 'આ

ઘોડાઓ ખિન્ન બની ગયા છે. આ દુશ્મને પોતાનાં બાણોથી આ ઘોડાઓનાં સઘળાં જ અંગોને વીંધી નાખ્યાં છે. ચાબુકોની માર મારવા છતાં પણ આ અશ્વો ત્વરા કરી શકતા નથી. વળી શત્રુએ બાણો મારીમારીને આપણા રથને પણ જર્જરિત કરી નાખ્યો છે. અરે સ્વામિન્ ! ખૂદ મારા ભુજાદંડો પણ શત્રુએ કરેલા બાણોના મારાથી જર્જર થઈ ગયા છે, એટલે લગામને ખેંચવાનું અને ચાબુકને હલાવવાનું હવે તો મારામાં પણ સામર્થ્ય રહ્યું નથી.'

કૃતાન્તવદનના મુખેથી આવી હકીકત સાંભળીને શ્રી રામચન્દ્રજી પણ બોલે છે કે, 'મારું વજ્રાવર્ત ધનુષ્ય પણ શિથિલ બની ગયું છે. જાણે તે ચિત્રસ્થિત હોય તેમ કશું કાર્ય જ કરતું નથી. આ મુશલરત્ન પણ દુશ્મનનું નિર્દલન કરવાને અસમર્થ બની ગયું છે, એટલે એ પણ અત્યારે તો કેવળ અનાજને ખાંડવાની લાયકાતવાળું જ રહ્યું છે. આ હળરત્ન કે જે અનેકવાર દુષ્ટ રાજાઓ રૂપ હાથીઓ માટે અંકુશની ગરજ સારનારૂં બન્યું છે, તે પણ અત્યારે તો ભૂમિના ભૂપાટનને ઉચિત બની ગયું છે. આ બધાં અસ્ત્રો, કે જે સદાને માટે યક્ષોથી રક્ષાએલાં છે અને દુશ્મનોનો ક્ષય કરી નાખનારાં છે, તેની આજે આ કેવી અવસ્થા થઈ છે, તેની જ સમજ પડતી નથી. શ્રી રામચન્દ્રજીનાં અસ્ત્રો જ આ રીતે નિષ્ફળ બની ગયાં છે એમ પણ નથી. અંકુશની સાથે યુદ્ધ કરતાં શ્રીલક્ષ્મણજીનાં અસ્ત્રોની પણ એવી જ દશા થઈ ગઈ છે. શ્રીરામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજી જબ્બર પરાક્રમી છે, પણ આ જયાં અમોઘ જેવાં પણ અસ્ત્રો આમ નિષ્ફળ બની જાય, ત્યારે કરે શું ?

**સભા** : એમ થવાનું કારણ તો હશે ને ?

**પૂજ્યશ્રી** : કારણ એ જ કે, એ બધાં દેવતાઈ અસ્ત્રો છે અને દેવતાઈ અસ્ત્રો એક ગોત્રી ઉપર ચાલી શકતાં નથી.

**સભા** : તો પછી એવો વિચાર શ્રીરામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજી કેમ કરતા નથી ?

**પૂજ્યશ્રી** : અત્યારે યુદ્ધની એવી ધૂન લાગી છે કે, એવો વિચાર ન પણ આવે. વળી એવી કલ્પના આવવાને હજુ લેશ પણ કારણ મળ્યું નથી. જો કે, અન્તે તો એ વાત નારદજીના કહેવાથી સમજાવવાની જ છે. પણ અત્યારે તો મહાપરાક્રમી એવા પણ તેઓ મૂંઝાય છે. આવા વખતે સ્વાભાવિક રીતે એમ થઈ જાય કે, આ થવા શું બેઠું છે ? જે દુશ્મનોની સામે એક ધનુષ્ય માત્ર પણ બસ ગણાય એમ લાગતું હોય, તે દુશ્મનોની સામેજ વજ્રાવર્ત ધનુષ્ય કામ ન કરે, ન મુશલરત્ન કામ કરે કે ન હળરત્ન કામ કરે તેમજ રથ, રથી અને અશ્વો દુશ્મનોનાં બાણોથી જર્જરિત થઈ જાય, ત્યારે પોતે ગમે તેટલા પરાક્રમી હોય તે છતાંપણ ચિંતા તો થાય ને ?

### શ્રી લક્ષ્મણજીનું ચક્રરત્ન પણ નિષ્ફળ બને છે

આમ શ્રીરામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજીનાં અસ્ત્રરત્નોની જે સમયે આવી અવસ્થા થઈ ગઈ છે, તે સમયે શ્રીલક્ષ્મણજીની છાતીમાં અંકુશે મારેલું બાણ વાગ્યું. એ બાણનો પ્રહાર એવો હતો કે, જાણે વજ્રનો જ પ્રહાર હોય. એ બાણના પ્રહારથી શ્રીલક્ષ્મણજી મૂર્છા ખાઈને રથમાં પડી ગયા. મૂર્છાથી વિધુર બની ગયેલા શ્રીલક્ષ્મણજીને વિરાધ રાજાએ તરત જ તે રથને યુદ્ધક્ષેત્રમાંથી પાછો વાળીને અયોધ્યા તરફ ચલાવવા માંડ્યો. પણ એટલામાં તો શ્રીલક્ષ્મણજી સંજ્ઞાને પામ્યા. સંજ્ઞાને પ્રાપ્ત થયેલા શ્રીલક્ષ્મણજીએ અયોધ્યા તરફ રથને હાંકી રહેલા વિરાધને આક્ષેપપૂર્વક કહ્યું કે, 'અરે વિરાધ ! આ વળી નવીન તે શું કર્યું ? શ્રીરામચંદ્રજીના ભાઈ અને દશરથના પુત્રને આમ કરવું એ સર્વથા અનુચિત જ છે, માટે આ રથને જેમ બને તેમ ત્વરાથી તું ત્યાં લઈ જા, કે જ્યાં તે મારો દુશ્મન છે ! અમોઘ વેગવાળા આ ચક્રથી હું તેના માથાને જોતજોતામાં છેદી નાખું છું ! શ્રીલક્ષ્મણજીએ આ પ્રમાણે કહેવાથી, વિરાધ તે રથને પુનઃ યુદ્ધભૂમિમાં લઈ આવ્યો અને અંકુશના રથની નજદિકમાં લઈ ગયો.

એ વખતે ત્રાડ મારીને શ્રીલક્ષ્મણજી અંકુશને કહે છે કે, 'થોભ, જરા થોભ ! એટલું બોલતાં બોલતાં તો શ્રીલક્ષ્મણજીએ ચક્રને હાથમાં લઈને ભમાવવા માંડયું. ક્રોધે ભરાયેલા શ્રીલક્ષ્મણજીના હાથમાં ભમતું ચક્ર જાણે ખૂદ સૂર્ય જ ભમી રહ્યો હોય એવું લાગતું હતું. આકાશમાં સારી રીતે ભમાવીને લક્ષ્મણજીએ અસ્ખલિત વેગવાળા તે ચક્રને અંકુશ ઉપર છોડયું. એ ચક્રને પોતા ઉપર આવતું રોકવાને માટે અંકુશે તેને અનેક પ્રકારના અસ્ત્રોથી તાડન કર્યું અને લવણે પણ પોતાનું સઘળું જ સામર્થ્ય અજમાવી દીધું. પરંતુ તેમાં તેઓને સફળતા મળી નહિ. તેઓ કોઈપણ રીતે ચક્રની વેગમય ગતિને રોકી શક્યા નહિ. આમ છતાં બન્યું એવું કે ચક્ર વેગબંધ આવ્યું તો ખરૂ, પણ તે ચક્રે અંકુશને કે લવણને કશી જ હાનિ કરી નહિ. એ ચક્ર અંકુશને પ્રદક્ષિણા દઈને, પક્ષી જેમ પોતાના માળામાં પાછું ફરે તેમ, તે ચક્ર શ્રીલક્ષ્મણજીના હાથમાં પાછું ફર્યું. તોય શ્રી લક્ષ્મણજીએ એ ચક્રને બીજીવાર મૂક્યું અને બીજીવાર પણ, ભાગેલો હાથી જેમ ગજશાળામાં પાછો ફરે તેમ, તે ચક્ર શ્રી લક્ષ્મણજીના હાથમાં પાછું ફર્યું.

### શ્રી રામ-લક્ષ્મણને શંકા

આ રીતે ચક્ર પણ દુશ્મનનો નાશ સાધવામાં જ્યારે નિષ્ફળ જ નિવડયું, ત્યારે શ્રીરામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજીના ખેદનો તો પાર જ રહ્યો નહિ. ખેદ પામેલા તે બન્ને એવો જ વિચાર કરવા લાગ્યા કે-

*''किं सिरीशार्ङ्गिणावेतौ, न त्वावामिह भारते ? ।''*

"શું આ ભરતક્ષેત્રમાં આ બન્ને જ બળદેવ અને વાસુદેવ હશે ? શું અમો બન્ને બળદેવ અને વાસુદેવ નહિ હોઈએ ?"

**સભા** : આટલી હદ સુધી શંકા ?

**પૂજ્યશ્રી** : થાય જ ને ? કોઈ ઉપાયે બન્ને જણમાંથી એકે ય જીતાય નહિ અને છેલ્લે છેલ્લે ચક્ર જેવું અમોઘ અસ્ત્ર પણ પ્રદક્ષિણા

દઈને પાછું ફરે. ત્યાં પોતાને બળદેવ અને વાસુદેવ માનતા શ્રી રામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજીના ખેદનો પાર રહે નહિ અને આવો પણ વિચાર આવે, તો તેમાં અસંભવિત જેવું કાંઈ છે જ નહિ.

### નારદજીએ આવીને ઓળખાણ આપી

શ્રીરામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજી જ્યારે 'આ ભરતક્ષેત્રમાં બળદેવ અને વાસુદેવ આ બન્ને છે કે અમે છીએ ?' એવી ચિન્તામાં પડી ગયા છે, તે અવસરે પેલા સિદ્ધાર્થ નામના લવણ-અંકુશના કલાગુરૂ સિદ્ધપુત્રની સાથે નારદજી ત્યાં આવી પહોંચે છે.

**સભા** : આવા સમયે પણ એમને કુતૂહલથી દાઝ્યા ઉપર ડામ દેવાનું મન થઈ જાય છે ?

**પૂજ્યશ્રીઃ** નહિ જ. આમ જો કે નારદ સ્વભાવે કુતૂહલી હોવા છતાં, અહીં તો યુદ્ધનો અન્ત લાવવાને માટે જ આવ્યા છે. નારદજી ત્યાં આવીને, ખેદમાં ડૂબી ગયેલા શ્રીરામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજીને કહે છે તેનું વર્ણન કરતાં આ ચરિત્રના રચયિતા, પરમ ઉપકારી કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરમહારાજા ફરમાવે છે કે,

*"हर्षस्थाने विषादोऽयं, युवयोः किं रघूद्वहौ ।*
*पुत्रात्पराजयो वंशो-द्योतनाय न कस्य हि?।*
*"सीताकुक्षिभवौ पुत्रौ, ताविमौ लवणांकुशौ ।*
*त्वां द्रष्टुमागतावत्र, युद्धव्याजेन न त्वरी ॥२॥*
*"अभिज्ञानमिदं तेऽत्र, यश्चक्रं प्रबभूव न ।*
*मुधाभूद्भारतं चक्रं, पुरा बाहुबलावपि ॥३॥"*

રઘુકુલના મહારથીઓ ! હર્ષના સ્થાને આ વિષાદ શાનો ? હર્ષ કરવાજોગા આ પ્રસંગે તમે વિષાદ કેમ કરો છો ? તમારો આ પરાજય, એ વસ્તુતઃ વિષાદનું સ્થાન નથી, પણ હર્ષનું સ્થાન છે. કારણકે પુત્રોથી થતા પરાજય, કોના વંશના ઉદ્યોતને માટે થતો

નથી ? અર્થાત્ તમારો આ પરાજય તમારા પુત્રોથી જ થયેલો છે અને પુત્રોથી થતો પરાજય એ તો વંશના ઉદ્યોતનું જ કારણ છે. માટે તમારે તમારા આ પરાજયને માટે પણ ખેદ નહિ કરતાં હર્ષ જ માણવો જોઈએ. તમને યુદ્ધમાં પરાજિત કરનારા એ બન્ને તમારા દુશ્મનો નથી, પણ મહાસતી શ્રીમતી સીતાજીની કુક્ષિથી ઉત્પન્ન થયેલા એ બન્ને લવણ અને અંકુશ નામના તમારા જ બે પુત્રો છે. યુદ્ધના બ્હાને તે બન્ને તમને જોવાને માટે જ આવેલા છે. તેમના ઉપર તમે બબ્બે વાર ચક્ર મૂક્યું, છતાં પણ તે કારગત ન નિવડયું અને પ્રદક્ષિણા દઈને પાછું ફર્યું એ જ એ બન્ને તમારા પુત્રો હોવાની નિશાની છે. પૂર્વે પણ પોતાના ભાઈ શ્રી બાહુબલીજી ઉપર શ્રી ભરતજીએ ચક્ર મૂક્યું હતું, પણ તે ચક્ર શ્રી બાહુબલીજીને હણી શક્યું નહોતું. એજ રીતે આ બે તમારા પુત્રો છે અને માટે જ તમારું મૂકેલું ચક્ર તેમને હણી શક્યું નથી. આ પ્રમાણે કહીને નારદજીએ, શ્રીમતી સીતાજીના ત્યાગથી આરંભીને લવણ-અંકુશના યુદ્ધ પર્યન્તનો, વિશ્વને વિસ્મયકારી એવો સઘળો જ વૃત્તાંત શ્રીરામચંદ્રજીને અને શ્રીલક્ષ્મણજીને કહી સંભળાવ્યો.

## શ્રી રામચંદ્રજીને મૂર્છા અને સંજ્ઞાની પ્રાપ્તિ

વિશ્વને વિસ્મયમાં ગરકાવ બનાવી દેનારા એ અખિલ વૃત્તાંતને સાંભળતાં, શ્રીરામચંદ્રજી વિસ્મયની, લજ્જાની, ખેદની અને હર્ષની એમ ચારેય પ્રકારની લાગણીઓથી સમાકુલ બની ગયા. પુત્રોના પરાક્રમે તેમના હૈયામાં વિસ્મયની લાગણી પ્રગટાવી; પોતાના પરાજયે તેમના હૈયામાં લજ્જાની લાગણી પ્રગટાવી, આવા પરાક્રમી પુત્રો જેના ગર્ભમાં હતા તથા જે સર્વથા નિષ્કલંક જ હતી, તે શ્રીમતી સીતાજીનો

કેવળ લોકાપવાદના કારણે જ ત્યાગ કરેલો એથી તેમના હૈયામાં ખેદની લાગણી પ્રગટી; અને તેમ છતાં આવા પુત્રોની પ્રાપ્તિ થઈ, એથી તેમના હૈયામાં હર્ષની લાગણી પણ પ્રગટી. આમ વિસ્મય, લજ્જા, ખેદ અને હર્ષની લાગણીઓથી વ્યાકુળ બની જવાના યોગે, તેઓ એકદમ મૂર્ચ્છાને આધીન બની ગયા. ત્યારે તેમની પાસે રહેલાઓએ ચંદનજળથી સીંચ્યા અને એથી શ્રીરામચંદ્રજી અલ્પ કાળમાંજ સંજ્ઞાને પામ્યા.

## પુત્રોની સામે જવું

સંજ્ઞાને પામેલા શ્રી રામચન્દ્રજી પોતાના પુત્રોને ભેટવાને માટે આતુર બન્યા. તેમનું હૈયું પુત્રવાત્સલ્યથી પરિપૂર્ણ બની ગયું હતું અને હર્ષના યોગે તેમની આંખોમાંથી અશ્રુધારા વહી રહી હતી. પુત્રોને ભેટવાને માટે આતુર બનેલા શ્રીરામચંદ્રજી, તેમને લેવાને માટે એકદમ લવણ-અંકુશની પાસે જવાને નીકળ્યા. શ્રીલક્ષ્મણજી વિગેરે પણ સાથે ચાલ્યા.

**સભા** : પુત્રોને લેવા સામે જાય છે ?

**પૂજ્યશ્રી** : એમાં વાંધો શો છે ?

**સભા** : વિવેકનો વાંધો નહીં ?

**પૂજ્યશ્રી** : આવા પ્રસંગમાં એ જોવાય જ નહિ. બાપને પણ સામે લેવા જવું પડે એવા આ દીકરા છે. વળી આ દીકરા જેમ પરાક્રમી છે, તેમ વિવેકી પણ છે. અવસરોચિત વર્તન કરવાનું એ ય નહિ ચૂકે. આમને દેખશે એટલે તરત જ સામે આવીને ઝૂકશે,

## અવસરે ગુરુ પણ શિષ્યને સન્માને

એવા પણ શિષ્યાદિ હોઈ શકે છે, કે જેઓનું અમુક અવસરે ખુદ ગુર્વાદિક વડિલો પણ સન્માન કરે. તેવા પ્રકારના મહાન શાસનપ્રભાવક યોગ્ય શિષ્યનું તેવા અવસરે સન્માન કરવું, એ

ગુરૂઓની લઘુતાનું નહિ પણ મહત્તાનું જ કારણ છે. યોગ્ય શિષ્યના અતિ ઉત્તમકાર્યની અનુમોદના કરતાં એમે ય બને. શિષ્યે કરેલી શાસન પ્રભાવનાથી હૈયું એવું પુલિક્ત બની જાય કે, પોતે ગુરૂ હોવા છતાં ય, શિષ્યનું સન્માન કરવાનું તેમને મન થઈ જાય.

**સભા** : એમાં શિષ્યની લાયકાત ગણાય ?

**પૂજ્યશ્રી** : શિષ્ય ફુલાય, પોતાના શિષ્યત્વને ભૂલે, ગુરૂના વિનયને ચૂકે, તો તે નાલાયક ઠરે; પણ યોગ્ય શિષ્યો પોતે ગમે તેટલા શાસનપ્રભાવક બને તે છતાંય, ગુર્વાદિકના વિનય આદિને ચૂકે જ નહિ. ગુરૂ પોતાનું સન્માન કરે એવી લાલસા એમને ન હોય. એ તો એમજ માને કે, આ ગુરૂદેવ કેટલા બધા શાસનરત છે કે, હું શિષ્ય હોવા છતાં ય મારું આવું સન્માન કરે છે ? યોગ્ય આત્માઓ, યોગ્યનું યોગ્ય બહુમાન કરવામાં પણ તત્પર જ હોય છે. ભણવા આવેલા પણ શ્રી આર્યરક્ષિત મહાત્માનું મહર્ષિ શ્રી વજ્રસ્વામીજીએ બહુમાન કર્યું હતું. સિંહગુફાવાસી આદિ મુનિઓનું તેમજ સ્થૂલભદ્રજીનું પણ તેમના ગુરૂદેવે બહુમાન કર્યું હતું ને ? એ બહુમાન વસ્તુત: શિષ્યનું નથી, પણ ગુણનું છે. શાસનને પામેલા સદ્‌ગુરૂઓના હૈયામાં ગુણો પ્રત્યે બહુમાન ન હોય એ બને જ નહિ. ગુણો પ્રત્યે બહુમાન ધરાવનારા પુણ્યાત્માઓ ગુણીજનોનાં દર્શનથી પણ ઉલ્લાસ જ પામે. જેમ જેમ અધિકગુણી, તેમ તેમ ઉલ્લાસ પણ વધારે.

આવી રીતે યોગ્ય પિતાઓ પણ અવસરે સુપુત્રોનું સ્વાગત કરે, તો તે સ્વાભાવિક જ છે. અહીં તો પુત્રોને હરાવી શકયા નથી તેમજ પુત્રવાત્સલ્યનો ઉછાળો પણ જબરો છે, એટલે કેમ સામે ગયા ? એ પ્રશ્ન જ અસ્થાને છે.

### પિતા-પુત્રનું સ્નેહભર્યું મિલન

શ્રીરામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજીને પોતાના તરફ આવતા જોઈને, વિનીત એવા લવણ અને અંકુશ તરત જ રથમાંથી ઉતરી

પડયા અને હથીયારોને ત્યજી દઈને પહેલાં શ્રીરામચંદ્રજીનાં અને પછી શ્રીલક્ષ્મણજીનાં ચરણોમાં પડયા. શ્રીરામચંદ્રજીએ એકદમ તે બન્નેને બાથમાં ભીડી લીધા અને ઘણાં જ આનંદથી આલિંગન કર્યું તે પછી તે બન્નેને પોતાના ખોળામાં બેસાડીને શ્રીરામચંદ્રજી, તેમના માથામાં ચુંબન કરતાં શોક અને સ્નેહથી સમાકુળ બની જઈને, મોટા સ્વરે રડવા લાગ્યા.

**સભા :** ગમે તેવા પરાક્રમી પણ આખર તો માણસ એ માણસ.

### રાગનો આવેશ ન આવે માટે સાવધ રહો !

અત્યારે પત્નીરાગ અને પુત્રરાગ બન્ને કામ કરી રહેલ છે. રાગનો આ ઉછાળો છે. આવા પરાક્રમી પણ રાગને વશ બનીને મોટે સ્વરે રુદન કરી રહ્યા છે. વિચારો કે, રાગ, એ કેટલા બધો દુર્જય છે ? રાગની દુર્જયતા સમજે તે વિરાગની મહત્તા સમજે. રાગના સ્વરૂપથી અનભિજ્ઞને વિરાગની કિંમત હોય નહિ. સંસારના રાગમાં રાચનારાઓને વૈરાગ્ય ન ગમે, સાધુઓ ન ગમે, ત્યાગની દેશના ન ગમે એ બધુ સ્વાભાવિક જ છે. રાગ હોવા છતાં વિવેક આવે તો રાગનું સ્થાન ફરે અને સંસારનો રાગ હચમચે. અવસરે એ રાગ થાય મારી જાય એમેય બને, પણ વિવેકી આત્માને સાવધ બનતાં વાર લાગે નહિ વિવેક પ્રગટયા વિના સાચો વિરાગ પ્રગટે નહિ અને સાચો વિરાગ પ્રગટ્યા વિના આત્માનો વીતરાગ સ્વભાવ પ્રગટે નહિ. આવા પ્રસંગોએ એમ નહિ વિચારવું કે, 'આવાઓ પણ રાગના આવેશમાં તણાઈ જાય, તો આપણે રાગના આવેશમાં તણાઈએ એમાં નવાઈ શી?' પણ એમ વિચારવું કે, 'જે રાગ આવાઓને પણ પોતાના આવેશમાં તાણી જઈ શકે છે, તે રાગ મને તો શું ય નહિ કરે ? માટે મારે તો ખૂબ જ સાવધ બની જવું જોઈએ.'

## વિનય અને આલિંગન

શ્રીરામચંદ્રજીએ પોતાના ખોળામાં બેસાડીને લવણ-અંકુશને મસ્તકે ચૂમ્યા પછીથી, શ્રીલક્ષ્મણજીએ પણ શ્રીરામચંદ્રજીના ખોળામાંથી તે બન્નેને પોતાના ખોળામાં ખેંચી લીધા અને અશ્રુપૂર્ણ નેત્રોથી તેમને મસ્તકે ચુંબક કરતાં પોતાન બન્ને બાહુઓ પ્રસારીને શ્રીલક્ષ્મણજી તેમને આલિંગવા લાગ્યા. આ પછી શ્રી લક્ષ્મણજીના ખોળામાંથી ઉઠીને, વિનીત એવા લવણ અને અંકુશ, પોતાના કાકા શત્રુઘ્નના ચરણકમળોમાં આળોટતા થકા તેમને નમસ્કાર કરવા લાગ્યા, એટલે શત્રુઘ્ને પણ પોતાના બાહુઓને દૂરથી પ્રસારીને તે બન્નેને આલિંગન કર્યું. આ બધું જોઈને, બન્નેય સેનાઓમાંનાં રાજાઓ પણ, જાણે વિવાહના ઉત્સવમાં એકત્રિત મળ્યા હોય તેમ, હર્ષનો અનુભવ કરવા લાગ્યા.

## શ્રીમતી સીતાજી પાછા પુંડરીકપુરમાં

આવી રીતે અહીં જ્યારે સૌ કોઈ આનંદમગ્ન બની ગયા છે, તે દરમ્યાન શ્રીમતી સીતાજી વિમાનમાં બેસીને પુંડરીકપુરમાં ચાલ્યા જાય છે. તેમણે પોતાના પુત્રોનું પરાક્રમ પણ જોઈ લીધું અને પિતા-પુત્રોનો આનંદપૂર્ણ મેળાપ પણ જોઈ લીધો. આથી તેમને હર્ષ થયો, પણ 'હવે અહીં વધારે રોકાવું એ વ્યાજબી નથી' એમ લાગવાથી તે પુંડરીકપુર ચાલ્યાં ગયાં.

## શ્રી વજ્રજંઘની ઓળખાણ

જે સમયે પોતાના જેવા જ પુત્રોના લાભથી શ્રીરામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી હર્ષનો અનુભવ કરી રહ્યા છે અને પોતાના સ્વામીને હર્ષ થવાથી ભૂચરસેના વિદ્યાધરો હર્ષનો અનુભવ કરી રહ્યા છે, તે સમયે શ્રીમતી સીતાજીનો ભાઈ ભામંડલ વજ્રજંઘ રાજાની ઓળખાણ કરાવે છે. એ વખતે વજ્રજંઘ રાજા પણ, પોતે જાણે ચિરકાળનો સેવક હોય તેમ, વિનયયુક્તપણે શ્રીરામચદ્રજી અને શ્રીલક્ષ્મણજીને નમસ્કાર કરે

છે. શ્રીરામચન્દ્રજી વજ્જંઘ રાજાને ઉદ્દેશીને કહે છે કે, 'મારે મન તમે આ ભામંડલના જેવા જ સંબંધી છો; કારણકે તમે જ મારા આ બે પુત્રોને ઉછેરીને આટલી ઉચ્ચ કક્ષાએ પહોંચાડયા છે.'

### અયોધ્યામાં પ્રવેશ અને ઉત્સવ

આ પછી શ્રીરામચંદ્રજીએ અયોધ્યામાં જવાની તૈયારી કરી. પુષ્પક નામના વિમાનમાં અર્ધ આસન ઉપર શ્રીરામચંદ્રજી તથા શ્રીલક્ષ્મણજી બેઠા અને અર્ધ આસન ઉપર તેમણે લવણ-અંકુશને બેસાડયા. અયોધ્યાનગરીમાં પ્રવેશીને તેઓ જ્યારે રાજમહાલય તરફ જઈ રહ્યા હતા, તે વખતે નગરીના લોકો વિસ્મય પામ્યા થકા,પગની પાની અને ડોક બન્નેય ઉંચા કરીને, તેમને જોઈ રહ્યા હતા અને લવણ-અંકુશની સ્તુતિ કરતા હતા. શ્રીરામચંદ્રજીએ પોતાના રાજમહેલમાં આવીને અને વિમાનમાંથી સૌની સાથે ઉતરીને, ઘણાં જ આનંદથી ઘણો જ મોટો એવો ઉત્સવ કરાવ્યો.

### શ્રીમતી સીતાજીને તેડી લાવવા વિનંતિ

એકવાર અવસર પામીને શ્રીલક્ષ્મણજી, સુગ્રીવ, બિભીષણ, હનુમાન અને અંગદ વગેરે એકઠાં મળીને શ્રીરામચંદ્રજીને વિનંતિ કરે છે કે, 'આપે ત્યાગ કરેલો હોવાથી આપનો વિરહ ભોગવી રહેલાં દેવી શ્રીમતી સીતાજી અત્યારે પરદેશમાં છે અને આ કુમારો વિના તો તેઓ ઘણા જ કષ્ટે પોતાનો સમય પસાર કરે છે. આ કારણે, હે સ્વામિન્ ! જો આપ ફરમાવતા હો તો અમે તેમને તેડી લાવીએ; અન્યથા, પતિ અને પુત્ર બન્નેથી રહિત બનેલાં તે સતી મરણને પામશે.'

### શ્રીરામચંદ્રજીનો ઉત્તર

શ્રી લક્ષ્મણજી આદિની આવી વિનંતિની સામે પણ શ્રીરામચંદ્રજી વિચાર કરીને કહે છે કે 'શ્રીમતી સીતાને એમ લવાય શી રીતે ? જો કે, લોકાપવાદ જુઠ્ઠો જ છે, પણ જુઠ્ઠો એવો ય લોકાપવાદ બળવાન અંતરાયને કરનારો છે. હું જાણું છું કે, શ્રીમતી સીતા સતી છે, તેમ શ્રીમતી સીતા પણ પોતાને નિર્મળ જાણે છે; આ દશા એવી છે કે, આમા દિવ્ય કરનારને માટે ય ભય જેવું કશું નથી

અને દિવ્ય કરાવનારને માટે ય ભય જેવું કશું જ નથી; એટલે હું ઇચ્છું છું કે સર્વ લોકોની સમક્ષ દેવી દિવ્ય કરો અને તે પછી જ શુદ્ધ બનેલાં તેમની સાથે મારો ફરી વારનો ગૃહવાસ હો !'

હજુ પણ લોકાપવાદ શ્રીરામચંદ્રજીનાં હૈયામાંથી ખસતો નથી. શ્રીમતી સીતાજીનો તેટલો અશુભોદય પણ બાકી છે. વળી ભવિતવ્યતા પણ એવી છે કે, શ્રીમતી સીતાજીની સાથે શ્રીરામચંદ્રજીનો પુનઃ ગૃહવાસ થવાનો નથી. શ્રીરામચંદ્રજીની આ નીતિ-રીતિ શ્રીમતી સીતાજીના હૈયામાં એવી અસર નિપજાવશે, કે જે અસર થયા પછી શ્રીરામચંદ્રજી ગમે તેટલું વિનવે તે છતાં ય શ્રીમતી સીતાજી ગૃહવાસ માટે કોઈપણ રીતે તત્પર બનશે જ નહિ.

### દિવ્ય માટે તૈયારી

શ્રીરામચંદ્રજીએ દિવ્યની વાત એવી ઢબથી રજૂ કરી છે કે, તેનો સ્વીકાર કર્યા વિના ચાલે નહિ. એ કહે છે કે, દિવ્યમાં ભય ક્યારે ? દિવ્ય કરાવનારને ભય ત્યારે, કે જ્યારે સામાની સચ્ચાઈમાં તેને શંકા હોય; પણ મને પરિપૂર્ણ ખાત્રી છે કે, શ્રીમતી સીતા સતી છે. એ જ રીતે દિવ્ય કરતાં શ્રીમતી સીતાને ય ભય રાખવાનું કારણ નથી, કારણકે તેને પણ પોતાની નિર્મળતા માટેની ખાત્રી છે. આમ હોઈને, દિવ્ય કરવામાં બન્નેમાંથી એકેયને ભય નથી અને દિવ્ય કરવાથી ખોટો પણ લોકાપવાદ નાશ પામી જવાનો; પછી શુદ્ધ એવાં તેમને સ્વીકારવામાં મને કશો જ અન્તરાય નડે તેમ નથી. શ્રીરામચંદ્રજીએ *આવો ભાવ વ્યક્ત કરવાથી. શ્રીલક્ષ્મણજી આદિએ પણ એ વાતનો 'એમ થાઓ !' એમ કહીને સ્વીકાર કર્યો.*

હવે શ્રીમતી સીતાજીના દિવ્ય માટેની તૈયારી થવા માંડી. તરત જ અયોધ્યાનગરીની બહારના ભાગમાં વિશાળ મંડપો ખડા કરી દેવામાં આવ્યા અને તે મંડપોમાં મંચશ્રેણી ગોઠવવામાં આવી. તે મંડપોમાં આવીને રાજાઓ, અમાત્યો અને પૌરજનો પોતપોતાની લાયકાત મુજબના સ્થાને બેઠા. બિભીષણ અને સુગ્રીવ આદિ

વિદ્યાધરો પણ ત્યાં આવીને યોગ્ય આસનો ઉપર બેઠા. આવા કામમાં લોકને તેડવા જવું પડે ?

**સભા** : તમાશાને તેડાની જરૂર નહીં, એવી કહેવત છે.

**પૂજ્યશ્રી** : તમારા અનુભવની વાત છે.

### સુગ્રીવ શ્રીમતી સીતાજીને તેડવા જાય છે ને શ્રીમતી સીતાજી આવવાની ના પાડે છે.

હવે શ્રી રામચંદ્રજી સુગ્રીવને આજ્ઞા ફરમાવે છે કે, 'શ્રીમતી સીતાને અહીં લઈ આવો. તરત જ ત્યાંથી ઉઠીને સુગ્રીવ જાતે જ પુંડરીકપુર જાય છે. ત્યાં જઈને મહાસતી શ્રીમતી સીતાદેવીને નમસ્કાર કરીને સુગ્રીવ કહે છે કે હે દેવિ ! આપને માટે શ્રીરામચંદ્રજીએ પુષ્પક નામનું વિમાન મોકલ્યું છે, તો આપ હમણાં જ આ વિમાનમાં બેસો અને શ્રીરામચંદ્રજીની પાસે પધારો !'

એક બાજુએ શ્રીરામચંદ્રજી કડક છે, તો બીજી બાજુએ શ્રીમતી સીતાજી પણ ઓછાં કડક નથી. શ્રી રામચંદ્રજી લોકહેરીમાં ફસાએલા છે, જ્યારે શ્રીમતી સીતાજી પોતાના સત્ય-શીલ ઉપર મુસ્તાક છે. શ્રીરામચંદ્રજી નિર્બળ છે અને શ્રીમતી સીતાજી બળવાન છે; કારણકે, એક દુર્ગુણને આધીન છે અને અન્ય પક્ષમાં સત્ય-શીલ છે ! હવેની કાર્યવાહીમાં શ્રીરામચંદ્રજી નિર્બળ પુરવાર થશે અને શ્રીમતી સીતાજી સબળ પુરવાર થશે. મહાસતી શ્રીમતી સીતાજી પોતાના કલંકને ટાળવાને માટે જરૂર આતુર છે, પણ શ્રી રામચંદ્રજી પોતાને સ્વીકારે એ માટે તો હવે તેઓ પહેલાંના જેવાં આતુર નથી જ. શ્રીમતી સીતાજી જો ગમે તેમ કરીને પણ શ્રી રામચંદ્રજીની પાસે જ જવાની વૃત્તિવાળાં હોત, તો લવણ અને અંકુશના પરાક્રમને તેમજ પિતા-પુત્રોના મિલનને જોયા પછીથી ત્યાંથી પાછાં ફરત જ નહિ. એવા વખતે દીકરાની જોડે ઘૂસી જવાનું મન ન થાય ? પણ નહિ, શ્રીમતી સીતાજી એ કોઈ

સામાન્ય સ્ત્રી નથી. જે સ્વામીએ વગર વિચાર્યે, ખોટા લોકાપવાદને તાબે થઈને કશી પણ તપાસ કે પરીક્ષા કર્યા વિના જ, સગર્ભાવસ્થામાં અને તેય ઘોર અરણ્યમાં ત્યાગ કર્યો, તે સ્વામીની પાસે એમને એમ જવાય જ કેમ? એમને એમ જવામાં તો, કદાચ, સ્વામી નિ:શંક હોય તે છતાંય શંકિત બની જાય. લૂચ્ચા લોકોના અપવાદ કથનથી ડરી જનાર સ્વામી, બીજું પણ શું શું નહિ વિચારે અગર બીજું શું શું નહિ કરે ? એવો વિચાર પણ આવે જ ને ? આથી શ્રીમતી સીતાજી સુગ્રીવને ચોખ્ખી ના સંભળાવે છે. એ કહે છે કે,

'હજુ તો ભાઈ ! જ્યાં જંગલત્યાગનું દુ:ખ પણ શમ્યું નથી, ત્યાં વળી ફરીથી બીજું પણ દુ:ખ દેનાર એ શ્રી રામચંદ્રજીની પાસે હું આવું શી રીતે ?' અર્થાત્ તેમણે જંગલમાં કરાવેલા ત્યાગનું દુ:ખ તો હું ભોગવી જ રહી છું, હજુ એ શમતું નથી, ત્યાં વળી હું ત્યાં આવું અને તે પુન: પણ મને બીજું દુ:ખ દે, તો એના કરતાં અહીં દૂર રહેવું એ જ સારૂ છે !



# મહાસતી સીતાજીનું દિવ્ય અને દીક્ષા

## ૬

શ્રી રામચન્દ્રજીને શ્રી લક્ષ્મણજી આદિએ સીતાજીને લઈ આવવાની વિનંતી કરી, પણ શ્રીરામચન્દ્રજીને લોક-અપવાદ ખૂંચી રહ્યો છે. તેઓ લોકાપવાદ જુઠ્ઠો જ છે એમ માને છે પણ જૂઠ્ઠો યે અપવાદ અપકીર્તિરુપ છે તેમ માનતા હોવાથી દિવ્ય કરવાની વાત રજુ કરે છે.

શ્રી રામચન્દ્રજીના ન્યાયનિષ્ઠુર કથનનો શ્રીમતી સીતાદેવી ઉપહાસ કરે છે. પણ જુઠ્ઠો પણ અપવાદ ટળે ને નિષ્કલંક બનાય તે માટે શ્રીમતી સીતાદેવી પાંચ પૈકીના કોઈપણ દિવ્યની તૈયારી બતાવે છે. લોકો દિવ્યની ના કહે છે ત્યારે રામચન્દ્રજી આવેશમાં લોકોના સ્વભાવને વખોડે છે, આ પ્રસંગને પામી પરમગુરુદેવશ્રીએ ધર્મારાધકોને સાવધ રહેવાનું સમયોચિત સૂચન કર્યું છે.

છેવટે અગ્નિકુંડમાં પડવાના દિવ્યનો નિર્ણય, શ્રી જયભૂષણ મુનિવરને કેવળજ્ઞાનની પ્રાપ્તિ, ઈન્દ્ર મહારાજાનું આગમન, હરિણૈગમેષીને સતીને સહાયની આજ્ઞા, દિવ્યનો દિવ્ય પ્રભાવ,ને શ્રીરામચન્દ્રજીની વિનંતી અને શ્રી સીતાદેવીની દીક્ષા વિગેરે આ પ્રકરણના મુખ્ય વિષયો છે.

-શ્રી

# મહાસતી સીતાજીનું દિવ્ય અને દીક્ષા

- દિવ્ય માટેની શ્રીમતી સીતાજીની તત્પરતા
- શ્રી લક્ષ્મણજીની વિનંતી સામે પણ મહાસતી શ્રીમતી સીતાજીની મક્કમતા
- શ્રી રામચન્દ્રજીનું ન્યાયનિષ્ઠુર કથન
- શ્રીમતી સીતાજીનો ઉપહાસ
- શિક્ષા કરનારનો હેતુ દોષનાશ અને હિતરક્ષાનો હોવો જોઈએ
- શ્રી રામચન્દ્રજીનો ખુલાસો
- પાંચમાંથી કોઈપણ દિવ્ય કરવાની તૈયારી
- દિવ્ય માટે લોકોનો નિષેધ
- લોકવાદથી દોરાવાનું નહિ પણ લોકવાદને દોરવાનો
- શ્રી રામચન્દ્રજીનું સૂચન
- વિચારવાની જરુર
- રૂબરૂમાં પ્રશંશા અને પાછળ નિન્દા કરનારા
- ધર્મના આરાધકોએ ખૂબ જ સાવધ બનવું
- લોકપ્રિયતા એટલે શિષ્ટજનપ્રિયતા
- જમાનાને ઓળખો ! ધર્મને અનુસરો !
- વિચક્ષણ બનો
- મહાસતી શ્રીમતી સીતાજીને અગ્નિપ્રવેશની અનુમતી
- જયભૂષણ વિદ્યાધરનો દીક્ષા સ્વીકાર
- નિમિત્ત યોગે વિચારણાથી વૈરાગ્ય
- કિરણમંડલા રાક્ષસીનો ઉપસર્ગ અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ
- કેવળજ્ઞાનીનો ઉત્સવ શ્રીમતી સીતાજીને દિવ્યમાંસહાય
- વિકરાળ અગ્નિ જોઈને વિચારણા
- જાહેરાતપૂર્વક અગ્નિમાં ઝંપાપાત
- જ્વાળાઓના સ્થાને સ્વચ્છ જળની વાવ
- લવણ-અંકુશ માતાને ખોળે
- ઉત્કર્ષમાં ઉન્માદ નહીં અપકર્ષમાં દીનતા નહીં
- શ્રી રામચન્દ્રજીનું નિમંત્રણ
- શ્રીમતી સીતાજીનો વિવેકમય ઉત્તર
- શ્રીમતી સીતાજીની દીક્ષા

૬

# મહાસતી સીતાજીનું દિવ્ય અને દીક્ષા

## દિવ્ય માટેની શ્રીમતી સીતાજીની તત્પરતા

સુગ્રીવે પહેલા દિવ્યની વાત કરી નહિ, પણ હવે એ વાત કર્યા વિના ચાલે તેમ નથી.

**સભા** : દિવ્યની વાત પહેલાં કેમ ન કહી ?

**પૂજ્યશ્રી** : શ્રી સુગ્રીવને શ્રીમતી સીતાજીના સતીપણા માટે લેશ પણ સંશય નથી તેમજ આ સ્વામીની છે અને પોતે સેવક છે. સેવકજનો આવી વાતોને એકદમ ઉચ્ચારી શકે નહિ. તમને યાદ હશે કે, કૃતાન્તવદન રથને અરણ્યમાં લાવ્યા પછીથી રડવા લાગ્યો હતો, પણ શ્રીમતી સીતાજીને રથમાંથી ઉતરવાનું કહી શક્યો નહોતો ! વળી શ્રીમતી સીતાજીએ પૂછયા પછી પણ કલંક અને ત્યાગની વાત એણે કેવી ભૂમિકા સાથે કેવા શબ્દોમાં કહી હતી ? સેવકે આવા પ્રસંગે કેમ વર્તવું જોઈએ ? એમ એ પણ જાણતો હતો અને આ સુગ્રીવ પણ જાણે છે. આથી જ સુગ્રીવે દિવ્યની વાત પહેલાં કરી નહિ. હવે જ્યારે શ્રીમતી સીતાજીએ એમને એમ આવવાની તો ચોખ્ખી ના પાડી, એટલે નમસ્કાર કરીને સુગ્રીવ ફરીથી કહે છે કે,

'હે દેવિ ! આપ ક્રોધ ન કરો ! આપની શુદ્ધિને માટે પૌરજનો

અને રાજાઓની સાથે શ્રીરામચંદ્રજી મંચ ઉપર આરૂઢ-થઈને આપની રાહ જોતા બેઠા છે.'

### શ્રી લક્ષ્મણજીની વિનંતિ સામે પણ મહાસતી શ્રીમતી સીતાજીની મક્કમતા

પોતાની શુદ્ધિની વાત સાંભળતાંની સાથે જ શ્રીમતી સીતાજી શ્રીરામચંદ્રજીની પાસે આવવાને તૈયાર થઈ જાય છે કારણકે, પહેલેથી જ શ્રીમતી સીતાજી પોતે શુદ્ધિના આગ્રહવાળાં તો હતાં જ. તરત જ શ્રીમતી સીતાજી પુષ્પક નામના વિમાનમાં બેઠાં અને અયોધ્યાનગરીની પાસે આવી પહોંચ્યા માહેન્દ્રોદય નામના ઉદ્યાનમાં ઉતર્યાં. એ વખતે ત્યાં આવીને શ્રીલક્ષ્મણજીએ તેમજ બીજા પણ રાજાઓએ શ્રીમતી સીતાજીને નમસ્કાર કર્યા. શ્રીલક્ષ્મણજી વગેરેની તો એ જ ઇચ્છા છે કે, શ્રીમતી સીતાજીને દિવ્ય ન કરવું પડે તો સારૂં અને એથી શ્રીમતી સીતાજીને નમસ્કાર કર્યા પછીથી, શ્રીમતી સીતાજીની સામે બેસીને રાજાઓની સાથે શ્રી લક્ષ્મણજી કહે છે કે,

'હે દેવિ ! આપ આપની આ નગરીમાં અને ગૃહમાં પ્રવેશ કરીને આ નગરીને અને રાજકુલને પાવન કરો !'

શ્રી લક્ષ્મણજી અને બીજા રાજાઓ આવી વિનંતી કરે છે, પણ શ્રીમતી સીતાજી પૂરેપૂરા મક્કમ છે. તે કહે છે કે, 'હે વત્સ ! શુદ્ધિને પ્રાપ્ત કર્યા બાદ જ હું આ નગરીમાં અને આ ઘરમાં પ્રવેશ કરીશ; તે પહેલાં નહિ જ. કારણકે, એમ કર્યા વિના કોઈ કાળે પણ અપવાદ શાંત થવાનો નથી !'

### શ્રી રામચંદ્રજીનું ન્યાય નિષ્ઠુર કથન

શ્રીમતી સીતાજીની આ પ્રકારની પ્રતિજ્ઞાને સાંભળીને, શ્રીલક્ષ્મણજીની સાથેના રાજાઓ શ્રીરામચંદ્રજીની પાસે આવે છે અને તેમને શ્રીમતી સીતાજી પ્રતિજ્ઞાની વાત કહે છે, એટલે ખુદ શ્રી રામચંદ્રજી પણ શ્રીમતી સીતાજીની પાસે આવે છે અને કહે છે કે

''*भुक्ता न चेद् दशास्येन, तस्थुष्या अपि तद्गृहे ।*
*समक्षं सर्वलोकानां, तद् दिव्यं कुरु शुद्धये ॥१॥*''

'રાવણને ઘેર વસતા છતાં પણ તમે જો તેની સાથે ભોગો ન ભોગવ્યા હોય, તો શુદ્ધિને માટે સર્વ લોકોની સમક્ષ દિવ્યને કરો !' આવા શબ્દો શ્રીરામચંદ્રજી શ્રીમતી સીતાજીને સંભળાવે ત્યારે શું થાય? લોકો બોલે એ જુદી વાત છે, અન્ય કોઈ બોલે એ જુદી વાત છે, પણ આવી વાત જ્યારે ખુદ શ્રીરામચંદ્રજી જ બોલે ત્યારે તો એની ભયંકરતા-નિષ્ઠુરતા વધી જ જાય ને ?"

## શ્રીમતી સીતાજીનો ઉપહાસ

શ્રીમતી સીતાજી તો દિવ્ય માટે તૈયાર છે, પણ શ્રીરામચંદ્રજી જ્યારે આવું બોલતાં પણ ખચકાયા નહિ ત્યારે શ્રીમતી સીતાજી પણ તેમની આવી વિલક્ષણ ન્યાયપદ્ધતિનો ઉપહાસ કર્યા વિના રહી શક્યાં નહિ. શ્રીમતી સીતાજી સ્મિત કરીને કહે છે કે,

'ખરેખર, આપનાં જેવા શાણા માણસ આ જગતમાં બીજા કોઈ નહિ જ હોય, કારણકે, આપે તો મારા દોષને જાણ્યાં વિના જ મારો મહાવનમાં ત્યાગ કર્યો છે ! આપ તો એવા વિચક્ષણ છો કે, પહેલાં દંડ કરીને હવે મારી પરીક્ષા કરો છો ? પણ મુંઝાશો નહિ, મેં શિક્ષા ભોગવી લીધી છે તે છતાંય, હું તમે કહો છો તેમ દિવ્ય કરવાને માટે પણ તૈયાર જ છું !'

શ્રીમતી સીતાજીનું આ કથન શું સૂચવે છે ? શાણો માણસ તે કહેવાય, કે જે પહેલાં દોષ છે કે નહિ એ જાણવાનો શક્ય પ્રયત્ન કરે અને તે પછી જ દોષ હોય તો ઉચિત કરે. વળી પહેલાં શિક્ષા કરવી અને પછી પરીક્ષા કરવી, એમાં કશી જ વિચક્ષણતા નથી ! શ્રીમતી સીતાજીનાં હૈયામાં શ્રીરામચંદ્રજી પ્રત્યે દુર્ભાવ નથી. તેમને આટલાં આટલાં કષ્ટો જેની બેદરકારીથી અને જેના અન્યાયથી વેઠવાં પડ્યાં, પણ એ મહાસતીના હૃદયમાં શ્રીરામચંદ્રજી પ્રત્યે લેશ દુર્ભાવ પ્રગટ્યો

નથી. શ્રીમતી સીતાજી તો પોતાના અશુભોદયને પણ માનનારા છે. આમ છતાં શ્રીમતી સીતાજી આ પ્રમાણે કહે છે, કારણકે, તે પોતાના સ્વામીને તેમની ભૂલનો ખ્યાલ આપવા ઈચ્છે છે. એ સૂચવે છે કે, તમને દિવ્ય કરાવવાનો હક્ક હતો, પણ તે મારો ત્યાગ કરતાં પહેલા ! તમે તો મૂર્ખાઓના કહેવાથી મને દોષિત માની પણ લીધી, અને ત્યજી પણ દીધી. આટલી શિક્ષા દીધા પછી દિવ્ય કરાવવાનો તમને અધિકાર છે જ ક્યાં ? દિવ્ય કરાવવું હતું, તો તે શિક્ષા કર્યા પહેલાં જ કરાવવું હતું. હવે શું છે ?

### શિક્ષા કરનારનો હેતુ દોષનાશ અને હિતરક્ષાનો હોવો જોઈએ

વાત પણ સાચી છે કે, દોષ છે કે નહિ એની પૂરતી તપાસ કર્યા વિના શિક્ષા થઈ શકે જ નહિ. કોઈ અમુક વાત કહે, એટલા માત્રથી બીજાને શિક્ષા કરવાનું સાહસ કોણ કરે ? એવું સાહસ ડાહ્યા માણસો કરે, તો સમજવું કે, એમના ડહાપણમાં કાંઈક મલીનતા આવી ગઈ છે. કહેવાય છે કે, 'ભણ્યા ભૂલે નહિ અને ભૂલે ત્યારે ભીંત ભૂલે.' શાથી ? બીજો કોઈ વિચાર હૈયાને દૂષિત કરે એથી !

**સભા** : મોટાની મોટી ભૂલ.

**પૂજ્યશ્રી** : શિક્ષા કરવાના અધિકારવાળાએ તો ખૂબ જ વિવેકી બનવું જોઈએ. શિક્ષા કરવી પડે તો શા માટે કરવાની ? દોષ નિવારણ અને હિતરક્ષા માટે ! દોષિત દોષમુક્ત બને એ પહેલી વાત અને દોષિતના દોષથી બીજાઓનું હિત ન બગડે એ બીજી વાત. આવા હેતુથી શિક્ષા કરનારાઓ શિક્ષા કરવામાં અવિવેકને કેમ આચરે ? શિક્ષા કરતી વેળાએ પણ, જેને શિક્ષા કરાતી હોય તેનાય હિતની ભાવના અખંડિત જ રહેવી જોઈએ. દોષિતનું અહિત કરવાની કામનાથી દોષિતને શિક્ષા કરવાની હોય જ નહિ; એ શિક્ષા એ શિક્ષા નથી, પણ નિર્દયતા છે. શિક્ષામાં

દોષિતના હિતનો પણ વિચાર હોય અને અન્યોના હિતનો પણ વિચાર હોય. *આ દશામાં શિક્ષાદાતા કેમ જ અવિવેકી બની શકે ?* શિક્ષા કરવાનો અધિકાર ધરાવનાર અવિવેકી બને, તો સ્વપર ઉભયના હિતનો ઘાતક બને. આ તો દોષિતને શિક્ષા કરતાં વિચાર કરવાની વાત થઈ, પણ 'કહેવાતો દોષિત, દોષિત છે કે નહિ' એનો નિર્ણય પહેલો કરવો પડે. આ કહે છે ને તે કહે છે એમ ન ચાલે, કહેનાર તો ગમે તેમ કહે, પણ એ વાત ઉપર વિશ્વાસ રાખીને વગર તપાસે શિક્ષા કરાય નહિ. જેના હૈયામાં દોષનાશ અને હિતરક્ષાની ભાવના હોય, તે તો પ્રાયઃ તપાસ કર્યા વિના રહે જ નહિ. દોષિતના દોષની જરૂરી તપાસ કરવામાં બેદરકારી ત્યારે જ આવે, કે જ્યારે બીજી કોઈ ભાવના આવી જાય. કેવળ દોષનાશ અને હિતરક્ષાની ભાવનાવાળા વિવેકશીલ આત્માઓ તો દોષની તપાસ કરે, દોષની સંભવિતતા આદિનો વિચાર કરે અને તેમ છતાં શિક્ષા કરવાની જરૂર લાગે તો પણ તે એવી રીતે કરે, કે જેથી પ્રાયઃ કોઈના પણ હિતનો ઘાત થાય નહિ અને અનેકોનું હિત સધાયા વિના પણ રહે નહિ.

### શ્રી રામચંદ્રજીનો ખુલાસો

હવે શ્રી રામચંદ્રજી શ્રીમતી સીતાજીને કહે પણ શું ? તે સમજે છે કે, શ્રીમતી સીતાનું કહેવું વ્યાજબી છે. પહેલાં શિક્ષા અને પછી પરીક્ષા એ ન્યાયની રીતિ નથી. પણ હવે શું થાય ? આ વાત અહીંથી પડતી મૂકવી એય ઠીક નથી, એમ એમને લાગે છે. એ વિચારમાં ને વિચારમાં શ્રીરામચંદ્રજી વિલખા પડી જાય છે. વિલખા પડી ગયેલા શ્રીરામચંદ્રજી મહાસતી શ્રીમતી સીતાજીને કહે છે કે,

'તમે દોષિત નથી એમ હું તો જાણું જ છું, પણ લોકોએ ઉત્પન્ન કરેલા દોષના નિવારણને માટે જ હું દિવ્ય કરવાનું કહી રહ્યો છું !'

## પાંચમાંથી કોઈપણ દિવ્ય કરવાની તૈયારી

શ્રી રામચંદ્રજીની આ સ્પષ્ટતાથી શ્રીમતી સીતાજી ગંભીર બની જાય છે. શ્રીરામચંદ્રજી કબુલ કરે છે કે, 'તમારામાં દોષ નથી' અને કહે છે કે, 'લોકોએ ઉત્પન્ન કરેલા દોષના નિવારણને માટે જ દિવ્ય કરવાની જરૂર છે.' એટલે શ્રીમતી સીતાજીને પણ એ વાત ગમી જાય છે; કારણકે મિથ્યા લોકાપવાદને ટાળવા માટે શ્રીમતી સીતાજી ઉત્સુક જ હતા અને છે. આથી શ્રીમતી સીતાજી કહે છે કે, 'પાંચ પ્રકારના દિવ્યો છે અને તે પાંચ પૈકી જે કોઈ દિવ્ય તમને રુચિકર હોય, તે કરવાને હું તૈયાર છું. તમારી ઈચ્છા હોય, તો હું બળતા અગ્નિમાં પ્રવેશ કરવાને તૈયાર છું તમારી ઈચ્છા હોય, તો મંત્રેલા ચોખા ખાવાને પણ હું તૈયાર છું તમારી ઈચ્છા હોય, તો હું તુલા ઉપર ચઢવાને ય તૈયાર છું. તમારી ઈચ્છા હોય, તો હું તપાવેલા સીસાના રસનું પાન કરવાને ય તૈયાર છું અને તમારી ઈચ્છા હોય તો મારી જીભ ઉપર શસ્ત્રની ધાર લેવાને પણ હું તૈયાર છું ! આમ પાંચે ય પ્રકારનાં દિવ્યો કરવાને માટે હું તૈયાર જ છું, માટે જે કોઈ દિવ્ય કરાવવાની તમારી ઈચ્છા હોય તે કહો !'

## દિવ્ય માટે લોકોનો નિષેધ

શ્રીમતી સીતાજીનાં આ વચનોએ ભયંકર ખળભળાટ મચાવી મૂક્યો. શ્રીમતી સીતાજી દિવ્ય તો કરશે ત્યારે કરશે, પણ આ દિવ્ય કરવાની આવી તૈયારી દેખાડી, એની સાથે જ લોકોએ દિવ્ય નહિ કરાવવા માટે જોરશોરથી કહેવા માંડયું અન્તરિક્ષમાં સિદ્ધપુત્ર સિદ્ધાર્થે અને નારદજીએ તેમજ ત્યાં રહેલા સર્વ લોકોએ, દિવ્યની વાતનો જબ્બર નિષેધ કરતાં કહ્યું કે,

*"ओ ओ राघव ! सीतेयं, निश्चयेन सती सती ।*
*महासतीति मा कार्षा-र्विकल्पमिह जातुचित् ॥१॥"*

"લોકો રાડો પાડી પાડીને શ્રી રામચંદ્રજીને કહે છે કે 'આ શ્રીમતી સીતા નિશ્ચયથી સતી છે, સતી છે, મહાસતી છે. એમાં તમારે કોઈપણ પ્રકારે વિકલ્પ કરવો નહિ !"

## લોકવાદથી દોરાવાનું નહિ પણ લોકવાદને દોરવાનો

જે લોકો પહેલાં શ્રીમતી સીતાજીને કોઈપણ પ્રકારે સતી માનવાને તૈયાર નહોતા, તે જ લોકો હવે આવી વાત બોલે છે ! લોકનું કામ આવું ! પૂર્વનો પવન પશ્ચિમ તરફ વાય તો જીવજા પશ્ચિમ તરફ ઉડે અને એ જ પવન ઉત્તર કે દક્ષિણ તરફ વાય એટલે જીવજા પણ ઉત્તર કે દક્ષિણ તરફ ઉડે. લોક પણ એવા. આમે ય બોલે ને તેમેય બોલે. વિચારો કે, લોકવાદને આંધળીયાં કરીને અનુસરવું, એમાં કેટલું બધું જોખમ છે ? શાસનને પામેલાઓએ લોકવાદને શરણે નહિ થતાં, લોકવાદને શરણે કરવાનો જ પ્રયાસ કરવો જોઈએ. લોકવાદથી દોરાવાનું નહિ, પણ લોકવાદને દોરવાનું જ કામ કરવું જોઈએ.

## શ્રી રામચન્દ્રજીનું સૂચન

શ્રીરામચંદ્રજીએ લોકવાદને આધીન બનવાનું ફળ ચાખ્યું છે. લોકોએ આવું કહ્યું, એટલે શ્રીરામચંદ્રજીને લોક ઉપરની ઘણા દિવસની બળતરા કાઢવાની તક મળી ગઈ. દિવ્યને અટકાવવાને માટે લોકોએ મચાવેલા કોલાહલને શ્રીરામચંદ્રજીએ તિરસ્કારી કાઢયો. 'શ્રીમતી સીતા સતી છે મહાસતી છે' એવું બોલતા લોકો ઉપર તેમને ગુસ્સો ઉપજ્યો. આથી શ્રીરામચંદ્રજી પણ લોકોને ઉદ્દેશીને કહે છે કે,

*"मर्यादा नास्ति कापि वः ।"*

'તમને કોઈપણ પ્રકારની મર્યાદા જ નથી.' આમ કહીને લોકના નિર્મર્યાદપણાને વર્ણવતા હોય તેમ શ્રીરામચંદ્રજી કહે છે કે,

*"संकल्प्य दोषं युष्माभि-रेवेयं दूषिता पुरा ।।"*

'દોષનો સંકલ્પ કરીને તમેજ લોકોએ પહેલાં આ શ્રીમતી સીતાને દોષિત ઠરાવી હતી.' અર્થાત્, અત્યારે તમે એમ કહો છો કે; શ્રીમતી સીતા સતી છે, મહાસતી છે, પણ પહેલાં એને દોષિત ઠરાવનારા ય તમે જ હતા ને? અને આગળ વધીને શ્રીરામચંદ્રજી એમ પણ કહે છે કે,

'તમે લોકો રૂબરૂમાં જુદું બોલો છો અને વળી પાછા આઘા થઈને જુદું બોલો છો ! શ્રીમતી સીતાની હાજરીમા તમે શ્રીમતી સીતાને સતી કહો છો અને પાછળ તમે ને તમે જ તેને અસતી કહેતા હતા. તમારો એવો સ્વભાવ છે. નહિતર એ કહો કે, શ્રીમતી સીતા પહેલાં અસતી શાથી હતી અને અત્યારે સતી શાથી છે ? એ જ રીતે અત્યારે તો તમે શ્રીમતી સીતા મહાસતી છે એમ બોલો છો, પણ ફરીવાર દોષને ગ્રહણ કરતાં તમને અટકાવે એવું કોઈ બંધન નથી. આથી સર્વને સારી રીતે પ્રતીતિ થઈ જાય, એ માટે શ્રીમતી સીતા બળતાં અગ્નિમાં પ્રવેશ કરો !'

### વિચારવાની જરૂર

શ્રીરામચંદ્રજીએ લોકસ્વભાવની જે વાતો કરી, તે બરાબર છે ને? લોકને કશી જ મર્યાદા નથી, એ સાચું કે ખોટું ? લોક જે કાંઈ બોલે તે સાચું જ બોલે, એવો નિયમ ખરો ?

**સભા** : એવું કાંઈ નહીં.

**પૂજ્યશ્રી** : એવો નિયમ ખરો ?

**સભા** : નાજી.

**પૂજ્યશ્રી** : લોક જે કાંઈ બોલે તે સદ્-અસદ્‌ના વિવેકપૂર્વક જ બોલે, એવો ય નિયમ ખરો ?

લોક જેટલું બોલે તે સઘળું જ કોઈના પણ હિતની જ ભાવનાથી બોલે, પરંતુ કોઈનાય ભૂંડાની ભાવનાથી તો કશું જ બોલે નહિ, એમે ય કહી શકશો ?

**સભા** : એમે ય કહેવાય નહિ.

**પૂજ્યશ્રી** : જ્યારે લોક જે કાંઈ બોલે તે સાચું જ બોલે એવો નિયમ નથી, લોક જે કાંઈ બોલે તે સદ્-અસદ્‌ના વિવેકપૂર્વક જ બોલે એવો ય નિયમ નથી અને લોક જે કાંઈ બોલે તે કોઈના ય ભૂંડાની નહિ પણ ભલાની ભાવનાથી જ બોલે એવો ય નિયમ નથી. તો પછી

એવા લોકના વાદને અનુસરવાની વાતો કેમ જ થઈ શકે ? જે લોકો જુઠું પણ બોલી શકે, જે લોકો વિવેકહીનપણે બોલી શકે અને જે લોકો કોઈનું નિકંદન કાઢી નાખવાની દુર્બુદ્ધિથી પણ બોલી શકે એવા લોકોનાં વચનોને ભરોસે કોઈપણ ક્રિયા કરવી, એ ડહાપણ છે કે બેવકુફી છે ?

**સભા** : ચોક્ખી બેવકૂફી

**પૂજ્યશ્રી** : લોકને કોઈપણ પ્રકારની મર્યાદા છે ? જુઠ્ઠું તો ન જ બોલાય, કોઈનું ભૂંડું થાય એવું તો ન જ બોલાય, ભલાની ભાવનાથી પણ જે કાંઈ બોલાય તે વિવેકપૂર્વક જ બોલાય, આવી કોઈ મર્યાદા લોકને નથી અને તે છતાં પણ આજે લોકવાદના નાદે નાચવાની હિમાયત કરવામાં આવે છે. આ તે ચઢતીનું ચિન્હ કે પડતીનું ?

### રૂબરૂમાં પ્રશંસા ને પાછળ નિન્દા કરનારા

લોક મર્યાદાહીન છે, અને એથી જ તે રૂબરૂમાં કાંઈ બોલે છે અને પાછળ કાંઈ બોલે છે. આજે રૂબરૂમાં ભાટની જેમ પ્રશંસા કરનારાઓ અને ગેરહાજરીમાં ભાંડની જેમ નિન્દા કરનારાઓ ઓછા નથી. એવાઓની પ્રશંસામાં તત્ત્વ નથી હોતું અને નિન્દામાંય તત્ત્વ નથી હોતું. એવાઓની તો પ્રશંસા પણ જુઠ્ઠી અને નિન્દા પણ જુઠ્ઠી. જે માણસો રૂબરૂમાં પ્રશંસા કરે અને પાછળ નિન્દા કરે, તેઓ તો દંભી જ ગણાય ને ? અને એવા દંભીઓનો વિશ્વાસ કરનારાઓ કદાચ ભરબજારે લૂંટાય, તો પણ તેમાં નવાઈ પામવા જેવું કાંઈ છે જ નહિ.

### ધર્મના આરાધકોએ ખુબ જ સાવધ બનવું

ખાસ કરીને ધર્મના આરાધકોએ તો લોકના આ સ્વભાવને બરાબર પિછાણી લેવો જોઈએ. કલ્યાણની કામનાવાળા આત્માઓએ લોકદૃષ્ટિથી કોઈપણ વસ્તુનો વિચાર નહિ કરતાં, શાસ્ત્રદૃષ્ટિથી જ દરેક વસ્તુનો વિચાર કરતાં શીખવું જોઈએ. ધર્મની આરાધનામાં લોકનો

વિરોધ પણ વિક્ષેપ ઉપજાવનારો છે અને એથી લોકને વિરોધનું કારણ ન મળે એની જરૂર કાળજી રાખવી જોઈએ; પણ લોકના વિરોધ ખાતર ધર્મનો ત્યાગ કરવો, એ તો મૂર્ખાઈ જ છે. લોક આપણી આરાધનામાં વિક્ષેપ ઉપજાવનારો ન નિવડે તેમજ લોકમાં રહેલા યોગ્ય જીવોને ધર્મની આરાધનામાં યોજી શકાય, એ માટે ઔચિત્યપાલન કરવું એ જુદી વાત છે અને લોકને રાજી કરવા માટે લોકની વાહ વાહ મેળવવાને માટે ધર્મકર્મોનો ત્યાગ કરવો એ જુદી વાત છે.

### લોકપ્રિયતા એટલે શિષ્ટજનપ્રિયતા

લોકપ્રિયતાને પણ ગુણ તરીકે વર્ણવીને, 'ધર્મના અર્થી આત્માઓએ લોકપ્રિય બનવાનો પ્રયાસ કરવો જોઈએ' એવું ઉપકારી મહાપુરૂષોએ જરૂર ફરમાવ્યું છે અને લોકપ્રિયજનો ધર્મના ઉત્તમ પ્રકારના આરાધક બનીને ઈતરોને પણ ધર્મના ઉપાસક બનાવનારા નિવડે છે, એય વાત બરાબર છે પણ એજ ઉપકારી મહાપુરૂષોએ ફરમાવ્યું છે કે, 'લોકપ્રિયતા' એટલે શિષ્ટજનપ્રિયતા' એવો અર્થ સમજવાનો છે. લોકપ્રિય બનવું એટલે શિષ્ટજનપ્રિય બનવું, એ વાતને બરાબર યાદ રાખવાની જરૂર છે. શિષ્ટજનપ્રિય બનવા માટે પણ શું શું કરવાનું ઉપકારીઓએ ફરમાવ્યું છે, એ જાણો છો ? પરનિન્દાદિ ઈહલોક વિરૂદ્ધ કાર્યોનો, ખરકર્માદિ પરલોક વિરૂદ્ધ કાર્યોનો અને દ્યૂતાદિ ઉભયલોક વિરુદ્ધ કાર્યોનો ત્યાગ કરવો તેમજ દાન, વિનય અને શીલના ઉપાસક બનવું એમ ઉપકારીઓએ ફરમાવ્યું છે. શિષ્ટજનોને પરનિન્દાદિ લોકવિરુદ્ધ કાર્યો પસંદ હોતાં નથી તેમજ દાન, વિનય અને શીલ પસંદ હોય છે, એટલે લોકવિરુદ્ધને તજીને દાનાદિમાં પ્રયત્નશીલ બનેલાંઓ, શિષ્ટજનોની પ્રિયતાને સ્વાભાવિક રીતે જ પામી શકે છે. આમાં ક્યાંય લોકોને રાજી કરવા માટે કે લોકની પાસે વાહ વાહ ગવડાવવા માટે ધર્મનો ત્યાગ કરવાની વાત છે ? નહિ જ, કારણકે સાચા ઉપકારીઓ એવી કોઈ વાત કરે જ નહિ.

આમ છતાં, જ્યારે ધર્માચાર્યના મહાન પદે આરૂઢ થયેલાઓ પણ લોકહેરીમાં પડે, ત્યારે ધર્મશીલ જગત વિમાસણમાં પડી જાય તે સ્વાભાવિક જ છે. ધર્માચાર્યો આદિ પોતાના કર્તવ્યને ચૂકે અને શાસનપ્રભાવનાને બદલે જાત પ્રભાવનાના અર્થી બને ત્યારે ધર્મશીલ જગત અનેક આફતોથી ઘેરાય, એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ છે જ નહિ. ધર્માચાર્યો તો ધર્મશીલ જગતની આપત્તિઓનું નિવારણ કરનારા હોવા જોઈએ ધર્મચાર્યોએ તો સદ્ધર્મના પાલન અને પ્રચારક બન્યા રહેવું જોઈએ. એને બદલે ધર્માચાર્ય તરીકે ફરનારાઓ લોકહેરીમાં પડીને ધર્મશીલ જગતની આપત્તિઓમાં વધારો કરે અને સદ્ધર્મથી ભ્રષ્ટ બનીને બીજાઓને પણ સદ્ધર્મથી ભ્રષ્ટ બનાવવા મથે, તો એ ધર્માચાર્યો પાપાચાર્યોની જ ગરજ સારનારા બને કે બીજું કાંઈ થાય ?

**સભા** : એવું જ બને.

**પૂજ્યશ્રી** : એવા સમયે ધર્મના અર્થી આત્માઓએ વિશેષતઃ વિચક્ષણ બની જવું જોઈએ.

### જમાનાને ઓળખો ! ધર્મને અનુસરો !

આજે બધા જ ધર્માચાર્યો લોકહેરીમાં પડયા છે એમ નથી, પણ એવા કોઈ ધર્માચાર્ય નથી એમ પણ નથી. આજે 'જમાનાને ઓળખો' 'જમાનાને ઓળખો' એવી બૂમરાણ થાય છે ને ? શું એ બૂમરાણ ખરી છે ? આપણે જમાનાને ઓળખતા જ નથી ? આપણે જમાનાને તો ઓળખીએ જ છીએ, પણ સાથે સાથે ધર્મનેય ઓળખીએ છીએ. આજના જમાનાને ઓળખી, આવા જમાનામાં પણ સદ્ધર્મની આરાધના અને પ્રચાર કેવી રીતે થાય ? એનો વિચાર તો આપણે જરૂર કરીએ છીએ. આમ છતાં 'જમાનાને ઓળખો' 'જમાનાને ઓળખો' એવું કેમ કહેવામાં આવે છે, તે જાણો છો ? વસ્તુતઃ તેઓ કહેવા એમ માગે છે કે, જમાનાને અનુસરો, પણ જમાનાને અનુસરો એમ બોલી શકાતું નથી અને એટલા માટે જ તેઓ જમાનાને ઓળખો એમ કહે છે.

**સભા** : જમાનાને અનુસરો એમ કહેવામાં એમને વાંધો નડતો હશે ?

**પૂજ્યશ્રી** : જમાનાને અનુસરવાનું કહે, તો તો ઝટ પૂછાય કે, 'તમે તે ધર્મના આચાર્ય છો કે જમાનાના? અનુસરવાનું હોય જમાનાને કે ધર્મને ?' લોક અનાદિકાળથી જમાનાને તો અનુસરતો જ આવ્યો છે. જમાનાને અનુસરનારાઓ સંસારના મુસાફરો બન્યા છે, બને છે અને બનવાના; કારણકે, જમાનાની ગતિ હંમેશને માટે અર્થ અને કામ તરફ જ હોય છે. જમાનાની ગતિ ધર્મ તરફ હોતી નથી. એ જ કારણે, સાચા ઉપકારીઓ, મોક્ષની ઉપાદેયતા સમજાવી મોક્ષસાધક ધર્મની આરાધના કરવાની ઘોષણા કરતા આવ્યા છે. ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ પણ જમાનાને અનુસરવાનું નહિ કહેતાં, મોક્ષના હેતુભૂત ધર્મની ઉપાસના કરવાનું ફરમાવ્યું છે, કારણકે, જગતમાં એ જ એક કલ્યાણકારી વસ્તુની ખામી હતી. કોઈપણ જમાનામાં કલ્યાણ સાધવું હોય, તો એ માટે મોક્ષના હેતુભૂત સદ્ધર્મની જ આરાધના કરવી પડે છે; કારણકે, વાસ્તવિક કલ્યાણની સાચી સાધના કરવાનો એથી અન્ય એવો કોઈ ઉપાય હતો પણ નહિ, છે પણ નહિ, અને હશે પણ નહિ.

જમાનાને ઓળખવાની જરૂર હોય તોય તે એટલા જ માટે છે કે, મોક્ષના હેતુભૂત સદ્ધર્મની આરાધના અને પ્રચારણાનો માર્ગ કેમ નિર્વિઘ્ન અને સરળ બને? આ કારણે, આપણે જમાનાને ઓળખીએ છીએ તેમ છતાં પણ, લોકહેરીમાં પડેલા ધર્માચાર્યાદિ 'જમાનાને અનુસરો' એમ ખુલ્લી રીતે બોલી શકાય તેમ નહિ હોવાથી 'જમાનાને ઓળખો' 'જમાનાને ઓળખો' એવી બૂમો માર્યા કરે છે. તેઓ લોકવાદમાં પડીને ધર્મવાદથી ભ્રષ્ટ બનેલા છે. પણ પોતાની જાતને તેઓ ધર્મવાદથી ભ્રષ્ટ બનેલ તરીકે ઓળખાવવાને રાજી નથી.

**સભા** : એમ કેમ ?

**પૂજ્યશ્રી** : કારણકે, તેઓને અત્યારે જે કાંઈ માન-પાનાદિ મળી રહેલ છે,તે પ્રતાપ તેમના ધાર્મિક વેશ અને પદનો છે.

અજ્ઞાન અને ભદ્રિક જીવો તેમને જૈનાચાર્ય આદિ તરીકે માને છે અને માટે જ પૂજે છે. આ માન-પાન છોડવાનું એમને પાલવતું નથી.

**સભા** : માનપાન ધર્મના નામે મેળવવાં અને ઉપદેશ જમાનાનો આપવો, એ ક્યાંનો ન્યાય ?

**પૂજ્યશ્રી** : એવા આત્માઓને વળી ન્યાય કેવો ? એ પણ આ જમાનાની એક ખાસિયત જ છે, એમ માનોને ?

**સભા** : પણ એ નિમકહરામી કહેવાય ને ?

**પૂજ્યશ્રી** : તે તમે એમ માનો છો કે આ જમાનામાં નિમકહરામીનો નાશ થઈ ગયો છે ? જો કે, બીજી બધી નિમકહરામીઓ કરતાં શાસનની નિમકહરામી એ ઘણી જ ભયંકર છે પણ એ સમજાવું અને મનાવું જોઈએ ને ?

### વિચક્ષણ બનો

આપણી મૂળ વાત તો એ છે કે; મોક્ષના હેતુભૂત સદ્ધર્મના આરાધક આત્માઓએ જમાનાને ઓળખવાનો હોય, પણ જમાનાને અનુસરવાનું હોય નહિ. અનુસરવાનું હોય તો, ભગવાન શ્રી જિનેશ્વરદેવોની અને એ તારકોની આજ્ઞાનુસાર નિર્ગ્રન્થ જીવન જીવતા મહાપુરૂષોની આજ્ઞાઓને ! આમ છતાં જેઓ ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાઓની દરકાર કર્યા વિના જમાનાને અનુસરવાની વાતો કરે છે, તેઓ ધર્માચાર્ય આદિ હોય તો તે નામના જ ધર્માચાર્યાદિ છે, પણ વસ્તુતઃ તો પાપાચાર્ય આદિ જ છે. ધર્મના અર્થી આત્માઓએ એવા પાપપ્રવીણ આત્માઓને પિછાણી લઈને, તેમના વેષ અને પદ આદિથી નહિ મૂંઝાતાં, ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાઓને જ અનુસરવાનો પ્રયાસ કરવો જોઈએ.

ધર્મના અર્થી આત્માઓએ સ્વપર-કલ્યાણને સાધનારા બનવું હોય, તો આ જાતિની વિચક્ષણતાને પણ કેળવ્યે જ છૂટકો છે. 'આપણે શું?' 'કરશે તે ભરશે. આપણે તો વેશને નમીએ છીએ ને ?' આવી આવી દલીલો કદાચ આ દુનિયામાં ચાલી શકશે, પણ પરલોકમાં એવી દલીલો કશી જ સહાય નહિ કરી શકે.

## મહાસતી શ્રીમતી સીતાજીને અગ્નિ પ્રવેશની અનુમતિ

દિવ્યના નિષેધનો પોકાર કરતા લોકોને શ્રીરામચંદ્રજીએ તો સાફ સાફ વાતો સંભળાવી દીધી. શ્રીરામચંદ્રજી પોતે શ્રીમતી સીતાજીને સાવ નિર્દોષ જ માનતા હતા અને લોકના સ્વભાવનો પણ તેમને કારમો અનુભવ થઈ ચૂક્યો હતો. જે લોક નિર્દોષને શિરે કલ્પિત દોષ મઢી કાઢવામાં નિપુણ અને નિર્મર્યાદ છે તેમજ જે લોક રૂબરૂમાં અને પીઠ પાછળ જુદું બોલતાં અચકાતો નથી. એવા લોકને એવા લોકોના નાદને કોઈપણ ડાહ્યો માણસ વજન આપે નહિ. માટે જ લોકના વાદનો પ્રતિકાર કરીને શ્રીરામચંદ્રજીએ શ્રીમતી સીતાજીને માટે પાંચ દિવ્યોમાંથી સળગતા અગ્નિના પ્રવેશ રૂપ દિવ્યની સમ્મતિ આપી

**સભા** : પહેલાં રામચંદ્રજીએ જ લોકનાં વચનોને આધારે શ્રીમતી સીતાજીને ત્યજી દીધાં હતાં ને ?

**પૂજ્યશ્રી** : એટલે તો તેઓ આવાં અનુભવસિદ્ધ વચનો ઉચ્ચારી રહ્યા છે ! તેમને ખાત્રી થઈ ગઈ કે, આવા લોકોની વાતને વજન આપવામાં ગંભીર જોખમ જ રહેલું છે. આવા લોકોની વાત ઉપર ન તો વિશ્વાસ મૂકાય કે ન તો એને વજનદાર મનાય. શ્રીરામચંદ્રજીએ જ્યાં આવો સ્પષ્ટ ઉત્તર સંભળાવ્યો, ત્યાં લોકો ચૂપ થઈ ગયા.

**સભા** : બોલે પણ શું ?

**પૂજ્યશ્રી** : હવે શ્રીરામચંદ્રજીએ ત્રણસો હાથ પ્રમાણ

જમીનમાં બે પુરૂષ પ્રમાણ ઉંડો એવો ખાડો ખોદાવ્યો. એ ખાડામાં તેમણે ચંદનનાં કાષ્ઠો પૂરાવ્યાં.

### જયભૂષણ વિદ્યાધરનો દીક્ષા સ્વીકાર

અહીં જ્યારે શ્રીમતી સીતાજીને જલતા અગ્નિમાં પ્રવેશ કરાવવાની તૈયારી થઈ રહી છે, તે સમયે ત્યાંના નજદિકના ભાગમાં એક ધર્મ મહોત્સવ ઉજવવાની તૈયારીઓ ચાલી રહી છે. એ ધર્મ મહોત્સવ કયા નિમિત્તે હતો ? તેનું પણ આ ચરિત્રના રચયિતા પરમ ઉપકારી કલિકાલ સર્વજ્ઞ, આચાર્ય ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા વર્ણન કરતાં ફરમાવે છે કે, વૈતાઢ્યગિરિની ઉત્તરશ્રેણિમાં હરિવિક્રમનામે એક રાજા રાજ્ય કરતો હતો. એ રાજાને જયભૂષણ નામે એક કુમાર હતો. એ જયભૂષણ કુમાર એકસો આઠ કુમારિકાઓને પરણ્યો હતો. તેની એકસો આઠ પત્નીઓમાં કિરણમંડલા નામની પણ એક પત્ની હતી.

એકવાર એવું બન્યું કે, તે જયભૂષણ કુમારે પોતાની તે કિરણમંડલા નામની પત્નીને હેમશિખની સાથે સુતેલી જોઈ, કે જે હેમશિખ તેના મામાનો પુત્ર થતો હતો. આ દ્રશ્ય જોતાંની સાથે જ જયભૂષણ કુમારે પોતાની તે કિરણમંડલા નામની પત્નીને કાઢી મૂકી અને પોતે પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

### નિમિત્ત યોગે વિચારણાથી વૈરાગ્ય

**સભા** : દોષ એકનો અને ત્યાગ સર્વનો ?

**પૂજ્યશ્રી** : જયભૂષણકુમારે એકના દોષ ખાતર સર્વનો ત્યાગ કર્યો છે, એમ છે જ નહિ. કિરણમંડલાને જ કાઢી મૂકી, પણ અન્ય કોઈને કાઢેલ નથી એ વાત સ્પષ્ટ છે. આમ છતાં, એકના દોષ ખાતર સર્વનો ત્યાગ કર્યો છે, એમ કેમ કહેવાય ? વસ્તુસ્થિતિ એ છે કે, એ નિમિત્તે શ્રીજયભૂષણ કુમારને જાગ્રત બનાવ્યો; વિષય અને કષાયની આધીનતા કેટલી ભયંકર છે ? એ સમજાવ્યું, વિષય અને કષાયરૂપ

સંસાર પ્રત્યે વિરાગ પ્રગટાવ્યો. આવાં નિમિત્તો પણ લઘુકર્મી આત્માઓનાં હૈયામાં સદ્‌વિચારણા ઉત્પન્ન કરે છે. ભારેકર્મી આત્માઓ જે નિમિત્તોને પામીને કષાયાધીન બને છે. તે નિમિત્તો દ્વારા પણ લઘુકર્મી આત્માઓ વૈરાગ્યને પામી શકે છે. શ્રી જયભૂષણ કુમાર સમજ્યા કે, અનિષ્ટ માત્રનું મૂળ કોઈ હોય, તો તે એક કર્મનો યોગ જ છે. આત્મા સાથેનો કર્મનો યોગ કયા કયા અનિષ્ટોને ઉત્પન્ન કરતો નથી ? આત્મા સાથેનો કર્મનો યોગ, એ જ સર્વ આપત્તિઓનું અને સર્વ અનર્થોનું મૂળ છે. એક અનર્થ નજરે ચઢ્યો એટલે શ્રી જયભૂષણ કુમારે અનર્થ માત્રના મૂળનો વિચાર કર્યો. આનું નામ વિવેકશીલતા કહેવાય. સર્વ અનર્થોના મૂળનો વિચાર કરીને, શ્રીજયભૂષણકુમારે, એ મૂળનો જ નાશ સાધવાનો નિર્ણય કર્યો શ્રીજયભૂષણ કુમારે નક્કી કર્યું કે, સર્વવિરતિનો આદર, એ જ આત્મા સાથેના કર્મના યોગને ટાળવાનો ઉત્તમમાં ઉત્તમ ઉપાય છે અને એથી જ તેમણે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. આ રીતે પ્રવ્રજ્યા ગ્રહણ કરીને, શ્રીજયભૂષણ કુમાર, ઉત્તમ પ્રકારે સંયમનું પરિપાલન કરતા પૃથ્વીતલ ઉપર વિચરવા લાગ્યા.

## કિરણમંડલા રાક્ષસીનો ઉપસર્ગ અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ

એ દરમિયાનમાં પેલી કિરણમંડલા મૃત્યુ પામીન વિદ્યુદ્દંષ્ટ્રા નામની રાક્ષસ નિકાયમાં રાક્ષસી (દેવી) તરીકે ઉત્પન્ન થઈ. તેણે શ્રીજયભૂષણમુનિને અયોધ્યાનગરીની બહારના ભાગમાં પ્રતિમા સ્થિત થયેલા જોયા. પ્રતિમાસ્થિત બનેલા એ પરમર્ષિને જોતાં, કિરણમંડલાનો આત્મા ભક્તિવશ બનવાને બલે કષાયવિવશ બન્યો. ઉત્તમ આલંબનની પ્રાપ્તિ પણ સુયોગ્ય આત્માઓને જ ફળે છે. અયોગ્ય આત્માઓ તો ઉત્તમ પણ આલંબનને પામીને પાપમાં પ્રવૃત્ત થાય છે. કિરણમંડલાના આત્માને પૂર્વભવમાં થયેલી પોતાની કદર્થના યાદ આવી, પણ એ કદર્થના પોતાના પાપના પ્રતાપે જ થઈ હતી એવો વિચાર ન આવ્યો. વળી એને

એટલો પણ ખ્યાલ ન આવ્યો કે, અત્યારે આ પુણ્યપુરૂષ સંસારના રાગથી પર બનીને એક માત્ર મોક્ષની આરાધનામાં જ રત બન્યા છે. એણે તો કષાયવિવશ બનીને શ્રીજયભૂષણ મહાત્માને ઉપદ્રવો દ્વારા પીડવાનો પ્રયત્ન શરૂ કર્યો.

રાક્ષસી વિદ્યુદ્દંષ્ટ્રાના કારમા પણ ઉપસર્ગો, શ્રી જયભૂષણ મુનિવરને ચળાવી શક્યા નહિ. શ્રીજયભૂષણ મુનિવર સમતાના સાગર બનીને એ ઉપસર્ગોને સહવા લાગ્યા. સમતામય ધ્યાનના બળે એ પરમર્ષિ કેવળજ્ઞાન પામ્યા. એમનાં ચાર ઘાતી કર્મો સર્વથા ક્ષયને પામ્યાં અને એથી એ પરમર્ષિ શ્રી વીતરાગ અને સર્વજ્ઞ બન્યા. ખરેખર, સત્ત્વશીલ પુણ્યાત્માઓ આવી રીતે આપત્તિઓને પણ સંપત્તિનું કારણ બનાવી દે છે.

### કેવળજ્ઞાનીનો ઉત્સવ

### શ્રીમતી સીતાજીને દિવ્યમાં સહાય

મહાત્મા શ્રી જયભૂષણ મુનિવરને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવાથી, તેનો ઉત્સવ કરવાની અભિલાષાથી ઇન્દ્ર આદિ દેવાતાઓ ત્યાં આવી રહ્યા છે. શ્રીમતી સીતાજીના દિવ્ય માટેની તૈયારી પણ અયોધ્યાનગરીની બહારના ભાગમાં થઈ રહી છે અને મહાત્મા શ્રી જયભૂષણ પણ ત્યાં નજદીકના સ્થળમાં જ કેવળજ્ઞાનરૂપ આત્મસંપત્તિને પામ્યા છે. કેવળજ્ઞાન પ્રાપ્તિના ઉત્સવની અભિલાષાથી ઈન્દ્રની સાથે આવતા દેવતાઓએ, શ્રીમતી સીતાજીના દિવ્ય માટે ચાલી રહેલી તૈયારીઓ જોઈ. એ જોઈને દેવતાઓએ ઇન્દ્રને વિનંતી કરી કે, 'હે સ્વામિન્ ! ખોટા લોકાપવાદને કારણે સતી શ્રીમતી સીતા અગ્નિમાં પ્રવેશ કરે છે !'

આ સાંભળીને, પોતાની પાયદલસેનાના ઉપરી દેવને, શ્રીમતી સીતાજીના સાનિધ્ય માટેની ઇન્દ્રે આજ્ઞા ફરમાવી અને પોતે મહાત્મા શ્રી જયભૂષણ જ્યાં હતાં ત્યાં જઈને તેમને પ્રગટેલા કેવળજ્ઞાનનો ઉત્સવ કર્યો.

## વિકરાળ અગ્નિ જોઈને વિચારણા

અહીં શ્રીરામચંદ્રજીની આજ્ઞા મુજબ, ચંદનનાં લાકડાથી ભરેલાં એવા પેલા ખાડામાં સેવકોએ અગ્નિ મુક્યો. ચારે તરફથી ભડ-ભડ બળતો અગ્નિ એટલો વિકરાળ ભાસતો હતો કે, આંખોએ જોવો એય મુશ્કેલ હતું. આવા વિકરાળ જ્વાળામય અગ્નિમાં શ્રીમતી સીતાજીને પ્રવેશ કરવાનો હતો. શ્રીરામચંદ્રજીને એ અગ્નિને જોતાં સખત આઘાત થયો. તેઓ વિચારવા લાગ્યા કે,

'મારે માટે કેવો અત્યંત વિષમ પ્રસંગ ઉપસ્થિત થયો છે ? આ મહાસતી જરાપણ શંકા વિના આ અગ્નિમાં પ્રવેશ કરશે અને દિવ્યની તો ભાગ્યની જેમ પ્રાયઃ વિષમગતિ છે ! મારી સાથે આ શ્રીમતી સીતાનો નિવાસ થયો અને રાવણ તેનું હરણ કરી ગયો; ત્યાંથી છોડાવી અહીં લાવીને મેં જ તેનો ત્યાગ કર્યો: હવે પાછો હું જ તેને આમ ભયંકર અગ્નિમાં પ્રવેશ કરાવું છું !'

વાત પણ સાચી છે કે, દિવ્યની ગતિ એકધારી જ હોય છે એમ નથી. ભાગ્યની ગતિની જેમ દિવ્યની ગતિ પણ પ્રાયઃ વિષમ હોય છે. જો કે, અહીં તો શ્રીમતી સીતાજીના બચાવનો સંયોગ ઉપસ્થિત થઈ ગયો છે, પણ હરકોઈ પ્રસંગે બચાવ થઈ જ જાય એવો એકાન્ત નિયમ નથી. શુભોદય હોય અને સહાય મળી જાય એ જુદી વાત છે. પુણ્યાત્માઓને પ્રાયઃ વાંધો આવે જ નહિ, પણ કોઈવાર તેવો પાપોદય હોય તો અતિશય શુદ્ધ અને સર્વથા નિર્દોષ એવા પણ આત્માને પ્રતિકૂળ સંયોગોમાં મુકાઈ જતાં વાર લાગે નહિ.

## જાહેરાતપૂર્વક અગ્નિમાં ઝંપાપાત

જ્વાળાઓથી વિકરાળ ભાસતા અગ્નિને જોઈને શ્રીરામચંદ્રજી જ્યારે મૂંઝવણમાં પડી ગયા છે, ત્યારે મહાસતી શ્રીમતી સીતાજીના મુખ ઉપર એની એ પ્રસન્નતા ઝળહળી રહી છે. શ્રીમતી સીતાજી તે અગ્નિની નજદિકમાં આવીને શ્રી સર્વજ્ઞ પરમાત્માનું સ્મરણ કરવા પૂર્વક પ્રતિજ્ઞા જાહેર કરતાં લોકપાલો અને લોકો બન્નેને ઉદ્દેશીને કહે છે કે,

*"હે લોકપાલા ! લોકાશ્ચ, સર્વે શ્રુણુત યદ્દહમ્ ।*
*અન્યમભ્યલષં રામાત્, તદાગ્નિર્મા દહત્વયમ્ ।।૧।।*
*અન્યથા તુ સુખસ્પર્શો, વારીવાસ્ત્વિત્યુદીર્ય સા ।*
*ઝંપાં સ્મૃતનમસ્કારા, દદૌ તસ્મિન્ હુતાશને ।।૨।।*

"તમો સર્વે સાંભળો ! જો મેં એક માત્ર રામ સિવાય અન્ય કોઈની પણ અભિલાષા કરી હોય, તો આ અગ્નિ મને બાળો ! અન્યથા, આ અગ્નિનો સ્પર્શ મને જળસ્પર્શના સમાન સુખસ્પર્શ રૂપ બનો !"

શ્રીમતી સીતાજીની મક્કમતા જેવી-તેવી નથી. કારણકે, શ્રીમતી સીતાજીની શીલસંપન્નતા અનુપમ છે. મહાસતી શ્રીમતી સીતાજીએ પરપુરુષની ઈચ્છા સરખી પણ કરી નથી. કોઈપણ સંયોગોમાં સતી સ્ત્રીઓ પરપુરુષોની ઈચ્છા કરે જ નહિ. જ્યાં પરપુરુષની ઈચ્છાને પણ સ્થાન ન હોય ત્યાં તથા પ્રકારના રાગથી યુક્ત એવો વાર્તાલાપ અગર તો દેહસ્પર્શ તો હોય જ શાનો ?

શ્રીમતી સીતાજીએ તો એ પ્રમાણે કહીને અને શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરીને, સીધો જ પેલા ભડ-ભડ બળતા અગ્નિમાં ઝંપાપાત કર્યો.

### જ્વાળાઓના સ્થાને સ્વચ્છ જળની વાવ

મહાસતી શ્રીમતી સીતાજીએ ઝંપાપાત કર્યો તેની સાથે જ અગ્નિપૂર્ણ ખાડો જળપૂર્ણ બની ગયો. અગ્નિના સ્થાને સ્વચ્છ પાણીથી પરિપૂર્ણ વાવનો દેખાવ ત્યાં થઈ ગયો. ક્ષણ પહેલાં જે ખાડામાંથી અગ્નિની વિકરાળ જ્વાળાઓ નીકળતી હતી, ત્યાંથી જ સ્વચ્છ જળ ઉભરાવા લાગ્યું. શ્રીમતી સીતાજીના સતીભાવથી તુષ્ટ બનેલા દેવતાના પ્રભાવથી, શ્રીમતી સીતાજી સિંહાસન સ્થિત લક્ષ્મીની જેમ પદ્મકમળ ઉપર બેઠેલાં સૌના જોવામાં આવ્યાં.

હવે એ ખાડામાંથી ઉભરાતું પાણી ફેલાવા લાગ્યું. પાતાળ ફૂટ્યું હોય તેમ એ પાણી વેગબંધ પ્રસાર પામવા લાગ્યું. પાણીના એ વેગબંધ પ્રસારથી જુદી જુદી જાતના અવાજો નીકળવા લાગ્યા અને

સમુદ્રના જળની જેમ તે પાણી આવર્તો લેવા લાગ્યું. ઉછાળા મારવા સાથે વેગબંધ પ્રસાર પામતા તે પાણીમાં મોટા મોટા મંચો પણ તણાવા લાગ્યા. લોકો શ્રીમતી સીતાજીના સતીપણાની પ્રતીતિથી આનંદ પામ્યા, પણ પોતાના જીવન નાશનો સમય જોઈ મૂંઝાયા. જ્યાં રાજામહારાજાના મંચો પણ તરવા માંડે, ત્યાં 'હવે થશે શું ?' એવી ભીતિ તો લાગે જ ને ? અગ્નિને વધતો અટકાવવામાં પાણી કામ લાગે, પણ પાણીના વેગને અગ્નિ રોકી શકે જ નહિ. પરિમિત વેગ હોય તો તો માટી વગેરે કામ લાગે, પણ પાતાળ ફુટવા જેવું હોય ત્યાં થાય શું ? આથી સૌ કોઈ એકદમ ભયભ્રાન્ત બની ગયું. ભયભ્રાન્ત બનેલા વિદ્યાધરો તો આકાશમાં ઉડી ગયા, પણ જમીન પર ચાલનારા માનવો મૂંઝાયા, કારણકે, તેઓ ક્યાં જાય ?

મહાન આત્માઓ પાસે દિવ્ય કરાવવામાં ય મોટું જોખમ છે. અત્યારે શ્રીમતી સીતાજી સહેજ પણ આવેશમાં આવી જાય તો શું થાય ?

**સભા** : સત્યાનાશ વાળી દે.

**પૂજ્યશ્રી** : શ્રીમતી સીતાજીને જો એમ થઈ જાય કે, 'આ લોકોએ મારી ઘણી મોટી નિન્દા કરી છે, જરા સ્વાદ ચાખવા દો !' તો કારમો અનર્થ જ થઈ જાય ને ? પણ નહિ, શ્રીમતી સીતાજી એમ કરે જ નહિ. શ્રીમતી સીતાજી તો પરમ વિવેકવાળા છે. એમનાં હૈયામાં આવા વખતે ક્રોધને નહિ પણ દયાને જ સ્થાન હોય. ભયભ્રાન્ત વિદ્યાધરો આકાશમાં ઉડી ગયા અને ભૂચરો પોકાર કરવા લાગ્યા કે, હે મહાસતિ શ્રીમતી સીતા ! અમને બચાવો ! અમને બચાવો !' માનવોના આવા પોકારથી પ્રેરાઈને શ્રીમતી સીતાજીએ પોતાના હાથોથી તે ઉછળતા પાણીને પાછું વાળ્યું અને તેમના પ્રભાવથી તે પાણી માત્ર વાવ પ્રમાણ થઈ ગયું.

અહીં તે વાવનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ, આચાર્ય ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

*"उत्पलैः कुमुदैः पद्मैः, पुंडरीकै र्निरंतरा ।*
*सौरभोद्भ्रान्तभृंगाली-संगीता हंसशालिनी ॥१॥*
*"आस्फलद्वीचिनिचय-मणिसोपानबंधुरा ।*
*बद्धोभयतटा रत्नो,-पलैर्वापी बभूव सा ॥२॥"*

'એ વાવ ઉત્પલો, કુમુદો, પદ્મો અને પુંડરીકોથી પરિપૂર્ણ હતી; સુગંધથી ઉદ્‌ભ્રાન્ત બનેલો જે ભ્રમર સમૂહ તેના સંગીતવાળી હતી, હંસનો પણ ત્યાં અભાવ નહિ હતો અને મણિસોપાનોથી તે વ્યાપ્ત હતી કે જે મણિમય પગથીઆઓની સાથે જળતરંગો અફળાયા કરતા હતા; વળી તે વાવના બન્ને તટો પણ રત્નના પાષાણોથી બાંધેલા હતા;' વાત પણ સાચી છે કે, દેવશક્તિથી નિર્માએલી વાવમાં કમીના હોય જ શાની ? ત્યાં તો ઉત્તમમાં ઉત્તમ કોટિની સામગ્રી હોય.

## લવણ-અંકુશ માતાને ખોળે

આ બધું જોઈને આકાશમાં રહેલા નારદજી આદિએ શ્રીમતી સીતાજીના શીલની પ્રશંસા કરતાં થકાં નાચવા માંડયું અને સંતુષ્ટ બનેલા દેવતાઓએ શ્રીમતી સીતાજીની ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી. લોકોએ પણ ઘણા ઉચ્ચસ્વરે શ્રીમતી સીતાજીના શીલનો જયનાદ ઉચ્ચારવા માંડયો. પોતાની માતાના આવા પ્રભાવને જોવાથી અતિશય આનંદને પામેલા લવણ અને અંકુશ તરત જ તે વાવમાં પડયા, અને હંસની જેમ તરતા તરતા તે બન્ને શ્રીમતી સીતાજીની પાસે ગયા. પોતાની માતા આવા પ્રભાવસંપન્ન શીલને ધરનારી છે. એ આ રીતે જોયા અને જાણ્યા પછી, કયા પુત્રોનું હૈયું હર્ષના ઉછાળાઓથી વંચિત રહે ? શ્રીમતી સીતાજીએ તે બન્નેને મસ્તક ઉપર સુંઘીને પોતાની બન્ને બાજુએ બેસાડયા. આથી તે બન્ને નદીના બે કાંઠે રહેલાં હાથીનાં બચ્ચાની જેમ શોભવા લાગ્યા.

## ઉત્કર્ષમાં ઉન્માદ નહિ અપકર્ષમાં દીનતા નહિ

હવે જે બનાવ બને છે, તે ખૂબ ખૂબ ધ્યાનમાં લેવા જેવો છે; સદા યાદ રાખીને મનન કરવા જેવો છે, પોતાનો પ્રભાવ આટલી હદ સુધી પ્રત્યક્ષ થવા છતાં લેશ પણ ઉન્મત્તતા ન આવે, એ સહેલું નથી.

આટલો જબ્બર મહિમા જીરવવો, એ પરમ વિવેકશીલ આત્માઓને માટે જ સુશક્ય છે. ધર્મશીલ આત્માનોને ઉત્કર્ષમાં ઉન્માદ ન આવે અને અપકર્ષમાં દીનતા ન આવે, ઉત્કર્ષના સમયે ઉન્માદને આધીન બનનારાઓ, અપકર્ષના સમયે અદીન રહી શકે, એ અસંભવિત પ્રાયઃ છે. દુન્યવી ઉત્કર્ષ અને દુન્યવી અપકર્ષ  બન્નેય શુભાશુભ કર્મના ઉદયથી થાય છે. આથી ઉત્કર્ષ કે અપકર્ષની વેળાએ, વિવેકી આત્માઓ, તે શાથી બને છે ? એનો પણ વિચાર કરવાનું ચૂકતા નથી. મહાસતી શ્રીમતી સીતાજીએ પણ આ સમયે એવો જ વિચાર કર્યો છે.



## શ્રીરામચંદ્રજીનું નિમંત્રણ

શ્રીલક્ષ્મણજીએ, શત્રુઘ્ને, ભામંડલે, બિભીષણે અને સુગ્રીવ આદિએ મહાસતી શ્રીમતી સીતાજીને ભક્તિપૂર્વક નમસ્કાર કર્યો. તે પછી અતિ મનોહર કાંતિવાળા શ્રીરામચંદ્રજી પણ શ્રીમતી સીતાજીની પાસે આવ્યા. શ્રીરામચંદ્રજી અતિ મનોહર કાંતિવાળા હોવા છતાં પણ અત્યારે તેઓ પશ્ચાત્તાપ અને લજ્જાથી પણ પૂર્ણ બનેલા હતા. શ્રીમતી સીતાજીના દિવ્યની સફળતાથી અને એથી તેમનો મહિમા વધવાથી શ્રીરામચંદ્રજીનું હૈયું હર્ષથી નાચી ઉઠે એ જેમ સ્વાભાવિક છે, તેમ કેવળ દુષ્ટજનોની વાતને આધીન બનીને પોતે આવી મહાસતી પત્નીનો ઘોર અરણ્યમાં ત્યાગ કરાવ્યો તેમજ તે પછીથી પણ આવું દિવ્ય કરાવવાનો આગ્રહ સેવ્યો, એથી તેમને પશ્ચાત્તાપ થાય તથા લજ્જા આવે તે ય સ્વાભાવિક છે.

પશ્ચાત્તાપ અને લજ્જાથી પૂર્ણ બનેલા શ્રીરામચદ્રજી, અંજલિ રચીને, મહાસતી શ્રીમતી સીતાજીને કહે છે કે

*"સ્વભાવાદપ્યસદ્દોષ-ગ્રાહિણાં પુરવાસિનામ્ ।*
*છંદાનુવૃત્યા ત્યક્તાસિ, મયા દેવિ ! સહસ્વ તત્ ॥૧॥*
*ત્યક્તોગ્રશ્વાપદેઽરણ્યેઽ-જીવસ્ત્વં સ્વપ્રભાવતઃ ।*
*એકં દિવ્યં તદપ્યાસીત્, -નાજ્ઞાસિષમહં પુનઃ ॥૨॥*
*ક્ષાન્ત્વા સર્વં મમેદાની-મિદમધ્યાસ્ય પુષ્પકમ્ ।*
*ચલસ્વ વેશ્મનિ પ્રાગ્વદ્દ, રમસ્વ સહિતા મયા ॥૩॥*

"તેમાં તેઓ સૌથી પહેલી વાત એ કરે છે કે, 'પુરજનોએ તમારા અસત્

એવા પણ દોષને ગ્રહણ કર્યો, એમાં તમારો દોષ નહિ હતો, પણ પુરજનોના સ્વભાવનો જ દોષ હતો. લોકનો સ્વભાવ જ એવો છે કે, અસત્ પણ દોષને ગ્રહણ કરીને નિન્દા કરે. હું પણ એવો કે, સ્વભાવથી જ અસદ્ દોષને ગ્રહણ કરનારા પુરજનોના અભિપ્રાયને અનુસરીને મેં તમારો ત્યાગ કર્યો. દેવિ ! મારા એ કૃત્યને તમે ક્ષમા કરો! વળી મારાથી ત્યજાએલાં તમે, મહાહિંસક પ્રાણીઓવાળા જંગલમાં પણ પોતાના પ્રભાવથી જીવતાં રહી શક્યાં, એ એક દિવ્ય હોવા છતાં તેને પણ હું સમજી શક્યો નહિ ! મારા તે સર્વ કૃત્ય બદલ તમે ક્ષમા કરો. અને આ પુષ્પક વિમાનમાં બેસીને ઘેર પધારો અને પૂર્વની જેમ મારી સાથે રમો !"

## શ્રીમતી સીતાજીનો વિવેકમય ઉત્તર

આટલાં આટલાં કષ્ટો ભોગવ્યા પછી અને કારમા અશુભોદયનો અનુભવ કરી લીધા પછી શ્રીમતી સીતાજી પાછાં ઘેર જાય ? તથાપ્રકારના સત્ત્વ આદિના અભાવે કોઈને, આટલા અનુભવ પછી પણ ઘેર જવું પડે તો તે જુદી વાત છે, પણ મહાસતી શ્રીમતી સીતાજી તો પરમસત્ત્વશીલા છે. એ તો અત્યારે પરમવિવેકશીલ આત્માઓને માટે અતિ સ્વાભાવિક એવા નિર્ણય ઉપર છે. શ્રીરામચંદ્રજીના કથનને સાંભળતાંની સાથે જ મહાસતી શ્રીમતી સીતાજી શ્રીરામચંદ્રજીને કહે છે કે,

*"सीताप्युचे न ते दोषो, न च लोकस्य कश्चन ।*
*न चान्यस्यापि कस्यापि, किन्तु मत्पूर्वकर्मणाम् ।।१।।"*

"તેમાં નથી તો આપનો કોઈ દોષ; નથી તો લોકનો કોઈ દોષ કે નથી તો અન્ય કોઈનો દોષ, દોષ છે કેવળ મારાં પૂર્વ કર્મોનો જ !' વિચારો કે, શ્રીમતી સીતાજી કેટલાં બધાં વિવેકશીલ છે ! તેઓ સમજે છે કે, લોક અને શ્રીરામચંદ્રજી વગેરે તો નિમિત્ત માત્ર છે. મારાં પૂર્વકર્મો તથાપ્રકારનાં ન હોય, તો લોકથી, શ્રીરામચંદ્રજીથી કે અન્ય કોઈથી પણ મને કશું કરી શકાય નહિ. મૂળ દોષ મારાં પૂર્વકર્મોનો જ !"

આ રીતે પોતાનાં પૂર્વકર્મોનાં દોષને વિચારીને કે વર્ણવીને જ શ્રીમતી સીતાજી અટક્યાં છે એમ પણ નથી. શ્રીમતી સીતાજીએ તો પોતાનાં કર્મોના ઉચ્છેદ માટે જ પ્રયત્નશીલ બનવાનો નિર્ણય કર્યો છે. પોતાના એ નિર્ણયને જાહેર કરતાં શ્રીમતી સીતાજી કહે છે કે,

*"निर्विण्णा कर्मणामीदृग्-दुःखावर्त्तप्रदायिनाम् ।
ग्रहीष्यामि परिव्रज्यां, तेषामुच्छेदकारिणीम् ॥१॥"*

'આ પ્રકારે દુ:ખની પરંપરાને દેનારાં કર્મોથી હું નિર્વેદને પામી છું. એટલે હું તો તે કર્મોનો ઉચ્છેદ કરવારી જે પ્રવ્રજ્યા - તેને ગ્રહણ કરીશ.'

## શ્રીમતી સીતાજીની દીક્ષા

આટલું કહીને શ્રીમતી સીતાજી શ્રીરામચંદ્રજીના ઉત્તરની રાહ પણ નહિ જોતાં, પોતાની મુષ્ટિથી પોતાના માથાના વાળોને ઉખેડી નાંખે છે અને શ્રીરામચંદ્રજીને અર્પણ કરે છે. તેનું વર્ણન કરતાં ચરિત્રકાર પરમર્ષિ ફરમાવે છે કે,

*"शक्रस्येव जिनेश्वरः ।"*

ભગવાન શ્રી જિનેશ્વરદેવો પંચમુષ્ટિ લોચ કરીને માથાના વાળ જેમ ઇન્દ્રને અર્પણ કરે છે, તેમ શ્રીમતી સીતાજીએ પણ પોતાની મુષ્ટિથી લોચ કરીને પોતાના માથાના વાળ શ્રીરામચંદ્રજીને અર્પણ કર્યા. શ્રીરામચંદ્રજી તો શ્રીમતી સીતાજીનો નિર્ણય સાંભળીને અને તે નિર્ણયના અમલની તૈયારી જોઈને એકદમ મૂર્છા પામ્યા અને મૂર્છિત બનેલા શ્રીરામચંદ્રજી ઉભા થાય તે પહેલાં તો શ્રીમતી સીતાજી ત્યાંથી રવાના થઈને શ્રીજયભૂષણ નામના મુનિવરની પાસે પહોંચી ગયા. કેવળજ્ઞાની પરમર્ષિ શ્રીજયભૂષણે પણ તેમને વિધિપૂર્વક દીક્ષા આપીને સુપ્રભા નામના ગણિનીના પરિવારમાં તપ:પરાયણા બનાવ્યાં.

!!!!!!!!!!!





# શ્રી રામચન્દ્રજીનો રોષ અને શ્રી લક્ષ્મણજીની હિતશિક્ષા

## ૭

દિવ્ય કર્યા પછી શ્રી રામચન્દ્રજીની વાતને અવગણીને, બધી આપત્તિના મૂળ-રુપ કર્મના ઉચ્છેદ માટે દીક્ષાગ્રહણ કરવાના નિર્ણયપૂર્વક મસ્તકના વાળનું લુંચન કરીને શ્રી સીતાદેવીએ એ વાળ શ્રી રામચન્દ્રજીને આપતાં જ તેઓ મૂર્ચ્છિત થાય છે. મૂર્ચ્છા વળતાં શ્રી રામચન્દ્રજી મુંડિત મસ્તકા-સીતાદેવીને લઈ આવવાનો રાજાઓને આદેશ કરે છે. કોઈ રાજાઓ એ વાતનો અમલ કરતા નથી. તેથી શ્રીરામચન્દ્રજી રોષાયમાન બનીને શસ્ત્ર હાથમાં લેવા જાય છે. ત્યારે શ્રી લક્ષ્મણજીએ એક અદના સાચા સેવકને સુબંધુને અને હિતવત્સલને શોભે એવી હિતશિક્ષા આપી છે. એ વાતોએ આ પ્રકરણને અતિરસમય બનાવ્યું છે. સેવક અને બંધુત્વને સફળતાનો આદર્શ આપનારા શ્રી લક્ષ્મણજીને માણવા જેવા છે.

-શ્રી

# શ્રી રામચન્દ્રજીનો રોષ અને શ્રી લક્ષ્મણજીની હિતશિક્ષા

- રામાયણ એટલે રજોહરણની ખાણ
- શ્રી રામચન્દ્રજીનો રોષ
- લબ્ધિ છતાં ઉપયોગશૂન્યતા
- શ્રી લક્ષ્મણજીની હિતશિક્ષા
- આપે ન્યાયનિષ્ઠાથી તો શ્રીમતી સીતાજીએ સ્વાર્થનિષ્ઠાથી  ત્યાગ કર્યો
- વડિલબંધુની સેવા મળે
- આજે આવી સલાહ આપનારા કેટલા ?
- સાચી અને હિતકર સલાહ કોણ આપી શકે?
- વિષયકષાયની આધીનતા હોળીઓ સળગાવે છે
- સંસારમાં સ્વાર્થઘાતક ઘણા છે અને સ્વાર્થનિષ્ઠ થોડાક જ છે.
- મોક્ષની તીવ્ર અભિલાષા પ્રગટ્યા વિના સાચા રુપની સ્વાર્થનિષ્ઠા આવે નહીં
- શ્રી રામચન્દ્રજી આદિ શ્રી જયભૂષણ કેવળજ્ઞાનીની પાસે
- શ્રી જૈનશાસનમાં દેશના મુક્તિમાર્ગની જ હોય
- શ્રી જયભૂષણ કેવળજ્ઞાનીને શ્રી રામચન્દ્રજીનો પ્રશ્ન
- શ્રી રામચન્દ્રજીની તદ્‌ભવ મુક્તિગામિતા
- મોક્ષરુચિ અને આત્મનિરીક્ષણ
- શ્રી બિભીષણે પૂછેલા પ્રશ્ન
- વસુદત્ત અને શ્રીકાન્તે કરેલો પરસ્પરનો વિનાશ
- વિષય-કષાયોની આધીનતા જ સઘળા અનર્થોનું મૂળ છે
- શું ઝઘડાઓ ધર્મના નામે થાય છે?
- અદાલતોમાં ચાલતા કેસોમાં ધર્મના નામે જન્મેલા ઝઘડા કેટલા?

# ૭

## શ્રી રામચન્દ્રજીનો રોષ અને શ્રી લક્ષ્મણજીની હિતશિક્ષા

### રામાયણ એટલે રજોહરણની ખાણ

'શ્રીરામ-નિર્વાણ-ગમન' નામના દશમા સર્ગમાં મુખ્યત્વે શ્રીરામચંદ્રજી આદિના પૂર્વભવોનું વર્ણન છે, તેમજ શ્રી રામચંદ્રજી આદિએ આરાધના કરીને કેવી કેવી સ્થિતિને પ્રાપ્ત કરી, એ વગેરે વાતોનું સૂચન છે. આ સર્ગ આપણે શ્રી જૈન રામાયણના તારણ તરીકે પણ ઓળખી અને ઓળખાવી શકીએ એવો છે.

**'રામાયણ એટલે રજોહરણની ખાણ'** એ વાત આપણે શરૂઆતમાં વિચારી હતી અને આ સર્ગમાં તો વિશેષ કરીને એ વાતનો તમને ડગલે ને પગલે સાક્ષાત્કાર થયા વિના નહિ રહે. ઉત્તમ આત્માઓને સામાન્ય નિમિત્તો પણ વૈરાગ્યનું કારણ બને છે, એ વાતનો તેમજ જે નિમિત્તો અયોગ્ય આત્માઓને કારમી દુર્દશાનો ભોગ બનાવી દે છે, તેવાં પણ નિમિત્તોને સુયોગ્ય આત્માઓ ઉચ્ચ કોટીની ઉન્નત દશાનું કારણ બનાવી દે છે, એ વાતનો ખ્યાલ,આ સર્ગમાંથી ઘણી જ સહેલાઈથી અને ઘણી જ સુંદર રીતે મેળવી શકાય તેમ છે.

આ ઉપરાંત, મોહનું જોર કેટલીક્વાર મહાવિવેકી અને

વિચક્ષણ એવા પણ આત્માઓને, અમુક સમયને માટે કેવા ભાનભૂલા બનાવી દે છે, પાપકર્મો ભલભલા આત્માઓને પણ કેવી રીતે રીતે રંજાડે છે ? અને દુષ્કર્મોના પ્રતાપે નરકે ગયેલા અલ્પ સંસારી આત્માઓને પણ કેવા કેવા કષ્ટો ભોગવવાં પડે છે ? એ વગેરે ઘણી ઘણી વાતો, આ સર્ગના વાંચનથી અને શ્રવણથી જાણવા અને વિચારવા આદિ માટે મળી રહે તેમ છે.

આ સર્ગમાં આવતી વાતો, આપણાં હૈયાને જેવી રીતે સ્પર્શવી જોઈએ તેવી રીતે જો સ્પર્શી જાય, તો વૈરાગ્યની તાકાત નથી કે, તે આપણાથી છેટો રહી શકે. અશુભ કર્મોના ઉદયથી પ્રાપ્ત થયેલી દુ:ખમય અવસ્થામાં પણ, દુ:ખથી કેમ બચી શકાય ? અને સુખને કેમ અનુભવી શકાય ? એ કીમીયો શીખવો હોય, તો તેને માટે ય, આ સર્ગ એ પણ એક ઉત્તમ સાધન છે. આ સર્ગમાં આવતી હકીકતોના આલંબનથી, આત્મા ધારે તો ઘણી ઘણી વાતોનો હિતકર વિચાર કરી શકે તેમ છે. પ્રસંગે પ્રસંગે જે જાતના કલ્યાણકારી વિચારો કરવા જોઈએ તે જાતના વિચારો કરવાના લક્ષ્યવાળા બન્યા રહેશો, તો આ સર્ગનું શ્રવણ તમારા મનોમન્દિરમાં અનુપમ કોટિનો પ્રકાશ પ્રગટાવ્યા અને પ્રસરાવ્યા વિના નહિ રહે.

### શ્રીરામચંદ્રજીનો રોષ

આપણે એ જોઈ આવ્યા કે, મહાસતી શ્રીમતી સીતાજીને અગ્નિપ્રવેશના દિવ્યમાં વિસ્મયકારક સફળતા પ્રાપ્ત થઈ, તેમના અનુપમશીલની સર્વત્ર પ્રશંસા થવા લાગી અને ખુદ શ્રીરામચંદ્રજીએ પોતાનાં સર્વ અનુચિત કાર્યોને માટે ક્ષમા યાચવા સાથે શ્રીમતી સીતાજીને પુષ્પક વિમાનમાં બેસીને રાજમંદિરે ચાલવાનું તેમજ ત્યાં જઈને પૂર્વવત્ ભોગસુખો ભોગવવાનું સૂચન કર્યું. આ બધાના ઉત્તરરૂપે શ્રીમતી સીતાજીએ કહી દીધું કે, 'મારે જે દુ:ખો ભોગવવાં પડયાં, તેમાં આપનો, લોકોનો કે અન્ય કોઈનો દોષ નથી; મારાં

પૂર્વકર્મોનો જ એ દોષ છે.' આ રીતે પોતાનાં પૂર્વકર્મોના દોષને યાદ કરીને, શ્રીમતી સીતાજીએ એમ પણ કહ્યું કે, 'આ પ્રકારનાં દુઃખની પરંપરાને દેનારાં કર્મોથી હું નિર્વેદને પામી છું અને એથી હું તો એ કર્મોનો ઉચ્છેદ કરનારી પ્રવ્રજ્યાને જ ગ્રહણ કરીશ. 'પોતાના આ નિર્ણયને જાહેર કરતાંની સાથે જ તેનો અમલ કરતાં હોય તેમ, શ્રીમતી સીતાજીએ તે અવસરે તરતજ પોતાની મુષ્ટિથી જ પોતાના માથાના કેશોનો લોચ કરી નાંખ્યો અને પોતાના તે કેશો તેમણે શ્રીરામચંદ્રજીને અર્પણ કર્યા. શ્રીમતી સીતાજીના આ પ્રકારના વર્તનથી સખ્ખત આઘાતને પામેલા શ્રીરામચંદ્રજી મૂર્ચ્છાધીન બની ગયા. પણ શ્રીમતી સીતાજી તો એમની મૂર્ચ્છા ઉતરે એની રાહ જોવાને માટે પણ થોભ્યાં નહિ. એ થોભ્યાં હોય તો જે સુંદર પરિણામ આવ્યું, તે કદાચ ન આવત અને રામાયણનો અન્ત ભાગ કોઈ બીજા જ રૂપમાં આલેખાત. ત્યાંથી રવાના થઈને શ્રીમતી સીતાજી શ્રીજયભૂષણ નામના કેવળજ્ઞાની મહર્ષિની સમીપે પહોંચી ગયાં અને એ કેવળજ્ઞાની મહર્ષિએ શ્રીમતી સીતાજીને વિધિ મુજબ દીક્ષા પણ આપી દીધી.

શ્રીમતી સીતાજી રવાના થઈ ગયા બાદ, શ્રી રામચન્દ્રજીનું શું થયું એ વિગેરે વૃત્તાંતોનું દિગ્દર્શન કરાવતાં પરમ ઉપકારી કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે

*"અથ સિક્તશ્ચન્દનેન, લબ્ધસંજ્ઞો રઘૂદ્વહઃ ।*
*વ્યાજહાર ક્વ નનુ સા, સીતાદેવી મનસ્વિની ? ॥૧॥*
*"ઓ ભૂચરાઃ ખેચરાશ્ચ, ન ચેદ્યૂયં મુમૂર્ષવઃ ।*
*તન્મે લુંચિતકેશામ,-પ્યાશુ દર્શયત પ્રિયામ્ ॥૨॥*
*"વત્સ વત્સૈહિ સૌમિત્રે, તૂણૌ તૂણૌ ધનુર્ધનુઃ ।*
*યદમી સન્ત્યુદાસીનાઃ સુસ્થિતા દુસ્થિતે મયિ ॥૩॥*
*"ઇત્યુક્ત્વા ધન્વ ગૃહ્ણંતં, તં નત્વા લક્ષ્મણોઽબ્રવીત્ ।*
*આર્યાર્ય ! કિમિદં ? લોકઃ ખલ્વેષ તવ કિંકરઃ ॥૪॥*

"सीतां यथा दोषभीतोऽत्याक्षीस्त्वं न्यायनैष्ठिकः ।
भवभीता स्वार्थनिष्ठा, तथा सा सर्वमत्यजत् ॥५॥
"प्रत्यक्षमिह वः सीता, स्वयमुत्पाटय कुंतलान् ।
आदद्दे विधिवद् दीक्षां, जयभूषणसंनिधौ ॥६॥
"इदानीमेव तस्यार्षे-रुदपद्यत केवलम् ।
तज्ज्ञानमहिमावश्य-कृत्यमस्ति तवापि हि ॥७॥
"तत्रास्ते स्वामिनी सीता, स्वामिन्नात्तमहाव्रता ।
दर्शयन्ती मुक्तिमार्गं, सतीमार्गमिवानया ॥८॥"

એક તરફ શ્રીમતી સીતાજી પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની અભિલાષાથી રવાના થઈ ગયાં અને બીજી તરફ લક્ષ્મણજી આદિએ શ્રીરામચંદ્રજીને ચન્દનજળથી સિંચ્યા. ચંદનજળના સિંચનથી શ્રીરામચંદ્રજીને સંજ્ઞાની પ્રાપ્તિ થઈ. સંજ્ઞા પામેલા શ્રીરામચંદ્રજીએ બધે નજર દોડાવી જોઈ, પણ ક્યાંય શ્રીમતી સીતાજીનું દર્શન થયું નહિ. આથી શ્રીરામચંદ્રજી પૂછે છે કે, 'એ મનસ્વિની શ્રીમતી સીતાદેવી ક્યાં છે ?' શ્રીરામચંદ્રજીને એ પ્રશ્નનો જવાબ મળતો નથી. સંખ્યાબંધ માનવો અને સંખ્યાબંધ વિદ્યાધરો શ્રીરામચંદ્રજીની તહેનાતમાં હાજર છે, પણ એમાંનો એક પણ માનવ કે એકપણ વિદ્યાધર શ્રીરામચંદ્રજીને તેમના પ્રશ્નનો ઉત્તર આપતા નથી. આથી શ્રીરામચંદ્રજી એકદમ રોષાયમાન બની જાય છે.



શ્રીરામચંદ્રજી સંજ્ઞા પામ્યા છે, પણ મોહના ઘેનથી મુક્ત બન્યા નથી. આ દશામાં તેમને આવા વખતે કારમો પણ આવેશ આવી જાય, એ કોઈ અશક્ય બીના નથી. એક તો શ્રીમતી સીતાજીને પોતે ક્ષમા આપવાનું કહીને રાજમંદિરે આવવાનું કહ્યું ત્યારે શ્રીમતી સીતાજીએ દીક્ષા લેવાની વાત કરીને પોતાના માથાના કેશોનો પોતાના હાથે જ લોચ કરીને તે કેશો શ્રીરામચંદ્રજીને અર્પણ કર્યા. તેમજ શ્રીરામચંદ્રજી મૂર્ચ્છાધીન બન્યા તે છતાં સેવામાં બેસવાને બદલે ચાલ્યાં ગયાં અને હવે પોતે પૂછે છે કે, 'તે મનસ્વિની શ્રીમતી સીતાદેવી ક્યાં છે ?' તો

એનો કોઈ જવાબ આપતું નથી. આ દશામાં, મોહની મૂર્છામાં સપડાયેલા અને પોતાની આજ્ઞાને કોઈ લંઘી શકે નહિ તેમ માનતા શ્રીરામચંદ્રજી ક્રોધથી ધમધમી ઉઠે, એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ છે જ નહિ.

રોષાયમાન બનેલા શ્રીરામચન્દ્રજી, ત્યાં રહેલા માનવોને તેમજ વિદ્યાધરોને ઉદ્દેશીને કહે છે, 'જો તમે મરવાની ઇચ્છાવાળા ન હો, તો હજુ પણ હું તમને કહું છું કે, લોચવાળા મસ્તક્વાળી એવી પણ તે મારી પ્રિયાને તમે મને સત્વર બતાવો !' શ્રીરામચંદ્રજીએ આ પ્રમાણે કહ્યું તે છતાંપણ કોઈ કાંઈ જ બોલતું નથી. બધા મૂંગા ઉભા છે. આવા વખતે બોલવાની હિંમત પણ કરે કોણ ? સ્વાભાવિક રીતે સૌને એમ થાય કે, અત્યારે તે બોલે, કે જેને માથે કાળ ભમતો હોય, આવા વખતે શ્રીરામચંદ્રજીની પાસે કાંઈપણ બોલવું એ જેવું તેવું જોખમ છે ? વળી કહેવું પણ શું ? શ્રીમતી સીતાજીને સમજાવી-પટાવીને પાછાં લાવી શકાય એવી સ્થિતિ રહી નથી, કારણકે, એ તો દીક્ષિત બની ચૂક્યાં છે; અને અહીં દીક્ષાની વાત સંભળાવવી એ ગજબનાક જોખમ ખેડવા જેવું છે. તે રીતે જ્યારે કોઈ કાંઈ બોલતું નથી અને સૌ કોઈ ઉદાસીન મુખે ઉભા રહ્યા છે, ત્યારે શ્રીરામચંદ્રજીને એમ થઈ જાય છે કે, મારી સામે આ હિંમત ? તરતજ તેઓ શ્રી લક્ષ્મણજીના નામના પોકારો કરે છે, તેમને પોતાની પાસે આવવાનું જણાવે છે, અને પોતાને ધનુષ્ય બાણ આપવાનું સૂચન કરે છે. શ્રીરામચંદ્રજીની એ ઇચ્છા છે કે, 'આ બધાને હું ઉડાવી દઉં, કારણકે, હું દુસ્થિત છું તે છતાંપણ આ લોકો ઉદ્યસીનપણે સુસ્થિત છે !'

### લબ્ધિ છતાં ઉપયોગશૂન્યતા

વિચાર કરો કે, મોહનો ઉત્પાત કેવો વિષમ છે ? વિવેકી અને વિચક્ષણ આત્માઓ પણ, મોહના ઉછાળાથી કેટલી બધી કારમી દુર્દશાના ભોગ બની જાય છે, એ વાત ખૂબ જ ધ્યાનમાં રાખવા જેવી છે.

**સભા** : આવા આત્માઓ પણ મોહના ઉછાળાથી આવા બની જાય છે, તો પછી વિવેક અને વિચક્ષણતાનું ફળ શું ?

**પૂજયશ્રી** : વિવેક અને વિચક્ષણતાનું ફળ શું છે, એ હમણાં જ તમે જોઈ શકશો. અહીં તો મોહના પ્રાબલ્યનો વિચાર કરવા જેવો છે. અપ્રશસ્ત રાગના યોગે, તેવા પ્રકારનું નિમિત્ત મળતાં, આત્મા ભયંકર પણ પાપો આચરવાને તત્પર બની જાય છે; માટે ઉત્તમ વાત તો એ છે કે, 'અપ્રશસ્ત રાગનો ત્યાગ કરતા રહેવાનો પ્રયત્ન કરતા રહેવું અને સાથે સાથે મોહને ઉછાળો મારવાનાં નિમિત્તોથી જેમ બને તેમ બચતા રહેવું.' આત્મામાં વિવેકગુણ પ્રગટયો એટલે અપ્રશસ્ત રાગ ગયો જ એમ માની લેવાનું નથી. વિવેકગુણ પ્રગટે એટલે અપ્રશસ્ત રાગની રુચિ નાશ પામે, પણ અપ્રશસ્ત રાગ હોય તે પોતાનું કામ કરવા તો મથે જ ને ? વિવેકગુણ પ્રગટવા છતાં પણ એનો સતત ઉપયોગ જારી રહે એવી દશા પ્રાપ્ત થવી જોઈએ ને ? લબ્ધિસંપન્ન આત્મા પણ ઉપયોગશૂન્ય હોય તો છતી લબ્ધિએ માર ખાઈ જાય. આથી આત્મા ઉપયોગદશામાં જેમ બને તેમ વધારે સ્થિર બને એવો પ્રયત્ન કરવો, એ જ વિવેકી અને વિચક્ષણ આત્માઓનું કર્તવ્ય છે.

### શ્રી લક્ષ્મણજીની હિતશિક્ષા

આ પ્રસંગે તો શ્રીરામચંદ્રજીએ શ્રીલક્ષ્મણજીના નામનો પોકાર કર્યો, પણ એ વખતે તો શ્રીલક્ષ્મણજી પણ ચૂપ રહ્યા. આથી શ્રીરામચંદ્રજી જાતે જ ધનુષ્ય ગ્રહણ કરવાને તત્પર બન્યા.

શ્રીલક્ષ્મણજીએ જોયું કે, હવે બોલ્યા વિના ચાલે તેમ નથી. હવે જો શ્રીરામચંદ્રજીને કહેવાજોગું નહિ કહેવામાં આવે તો કારમો અનર્થ મચ્યા વિના રહેશે નહિ અને આ હાલમાં મારા સિવાય બીજો કોઈ શ્રીરામચંદ્રજીને કહેવાજોગું કહી શકે એ શક્ય નથી.

આથી ધનુષ્યને ગ્રહણ કરતા શ્રીરામચંદ્રજીને નમસ્કાર કરીને શ્રીલક્ષ્મણજી સૌથી પહેલી વાત તો એ કહે છે કે, 'અરે આર્ય ! આર્ય !

આપ આ શું કરો છો ? આ સર્વ લોક તમારો સેવક જ છે ! આટલું કહ્યા પછીથી. શ્રીલક્ષ્મણજી પોતાના વડિલ બન્ધુ શ્રીરામચંદ્રજીને એવા શબ્દોમાં શ્રીમતી સીતાજીએ દીક્ષા ગ્રહણ કર્યાની વાત સંભળાવે છે. કે જે શબ્દોના શ્રવણ માત્રથી તેમનો મોહનો ઉભરો શમી જાય છે. એકદમ ઉભરાઈ જવાને તૈયાર થયેલા દૂધમાં જેમ થોડું પાણી પડે અને દૂધનો ઉભરો શમી જાય, તેમ શ્રીલક્ષ્મણજીના શબ્દો કાને પડતાંની સાથે જ શ્રીરામચંદ્રજીનો ક્રોધ શમી જાય છે અને એ શમતાંની સાથે જ એમનામાં રહેલી વિવેકશીલતા અને વિચક્ષણતા પોતાનું કાર્ય શરૂ કરી દે છે. આંખવાળો આદમી પણ પડલ કે પડદો આદિ વચ્ચે આવી જતાં જોઈ શકતો નથી; પરંતુ જ્યાં એ પડલ કે પડદો આદિ ખસી જાય છે, એટલે આંખ પોતાનું કામ કર્યા વિના રહેતી જ નથી. એ જ રીતે અહીં પણ શ્રીલક્ષ્મણજીના શબ્દો સાંભળતાં જ શ્રીરામચંદ્રજીનું મોહનું જે કારમું પડલ હતું તે ભેદાય છે.

### આપે ન્યાયનિષ્ઠાથી તો શ્રીમતી સીતાજીએ સ્વાર્થનિષ્ઠાથી ત્યાગ કર્યો

આ પ્રસંગે શ્રીલક્ષ્મણજી શ્રીરામચંદ્રજીને કહે છે કે, 'ન્યાયનૈષ્ઠિક એવા આપે જેમ દોષથી ભય પામીને શ્રીમતી સીતાજીનો ત્યાગ કર્યો હતો, તેમ ભવથી ભય પામીને પોતાના આત્માના હિતમાં નિષ્ઠ બનેલાં શ્રીમતી સીતાદેવીએ સર્વનો ત્યાગ કર્યો છે !' સીધો આઘાત પહોંચાડીને સાન ઠેકાણે લાવે એવું શ્રીલક્ષ્મણજીનું આ કથન કેટલું અવસરોચિત અને સચોટ છે ! આ કથન દ્વારા શ્રીલક્ષ્મણજી સૂચવે છે કે, તમે ન્યાયનિષ્ઠ બનીને શ્રીમતી સીતાજીનો ત્યાગ કર્યો કે નહિ ? તમને તમારી ન્યાયનિષ્ઠામાં દોષ લાગવાનો ભય લાગ્યો, એટલે તમે શ્રીમતી સીતાજીનો ત્યાગ કર્યો હતો ને ? આપ ન્યાયનિષ્ઠ બન્યા હતા, તેમ હવે શ્રીમતી સીતાજી સ્વાર્થનિષ્ઠ બન્યાં છે. તમને દોષનો ભય લાગ્યો હતો, તો એમને ભવનો ભય લાગ્યો છે, આમાં

એમણે ખોટું શું કર્યું છે ? ન્યાયનિષ્ઠા અને દોષભીત બનેલા તમને જેમ શ્રીમતી સીતાજીનો ત્યાગ કરવાનો અધિકાર હતો, તો ભવથી ભીત અને સ્વાર્થનિષ્ઠ બનેલાં શ્રીમતી સીતાજીને સર્વનો ત્યાગ કરવાનો અધિકાર શા માટે ન હોય ? વળી તમે તો શ્રીમતી સીતાજીને કોઈપણ પ્રકારની ખબર આપ્યા વિના જ શ્રીમતી સીતાજીનો ત્યાગ કર્યો હતો, જ્યારે શ્રીમતી સીતાજીએ અહીં આપની રૂબરૂમાં જ પોતાના હાથે પોતાના કેશોનો લોચ કર્યો હતો ! આવું સૂચવીને શ્રીલક્ષ્મણજી કહે છે કે,

શ્રી જયભૂષણ મહાત્માની સમીપે શ્રીમતી સીતાજીએ વિધિપૂર્વક દીક્ષા ગ્રહણ કરી છે, વળી તે શ્રી જયભૂષણ નામના મહર્ષિને હમણાં જ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે, અને તે જ્ઞાનનો મહિમા આપે પણ અવશ્ય કરવો જોઈએ. હે સ્વામિન્ ! મહાવ્રતોને ગ્રહણ કરી ચૂકેલા સ્વામિની શ્રીમતી સીતા ત્યાંજ છે અને પાપરહિત એવાં તે સતીમાર્ગની જેમ મુક્તિમાર્ગની આરાધના કરીને તે માર્ગને ભવ્યજીવો સમક્ષ દર્શાવી રહ્યા છે.'

### વડિલબંધુની સેવા મળે !

આપણે અત્યાર સુધીના અનેક પ્રસંગોમાં જોઈ ચૂક્યા છીએ કે, શ્રીલક્ષ્મણજીનું શ્રીરામચંદ્રજીની સાથેનું વર્તન હંમેશને માટે એક આદર્શ લઘુબન્ધુને છાજતું જ રહ્યું છે. ક્યાંયે તેમણે એવો વર્તાવ કર્યો નથી, કે જે વર્ત્તાવ લઘુબન્ધુ તરીકે હીણો ગણાય. શ્રીરામચંદ્રજીની અને શ્રીમતી સીતાજીની એમણે જે સેવા બજાવી છે અને જે તાબેદારી ઉઠાવી છે, તેનો વિચાર કરો તો તમને લાગે કે, આવા લઘુબન્ધુ જવલ્લે જ મળે, અને જેને આવા લઘુબન્ધુ મળે તે ઘણો પુણ્યવાન્ ગણાય. એટલી સેવા કરનાર અને એટલી તાબેદારી ઉઠાવનાર શ્રીલક્ષ્મણજી; અવસરે અવસરે કહેવાજોગું કહેવામાં પણ સદાને માટે તત્પર જ બન્યા રહ્યા છે, વિનયપૂર્વક અવસરે કડક શબ્દો પણ તેમણે સંભળાવ્યા જ છે.

પોતે વાસુદેવ છે, છતાં સર્વત્ર વડિલ બન્ધુ શ્રી રામચંદ્રજીનો જ જયકાર બોલાય એમાં રાજી રહ્યા છે, વિનય જાળવવામાં ક્યાંય આંચ આવવા દીધી નથી, છતાંપણ તેવો અવસર આવી લાગ્યો તો શ્રીરામચંદ્રજીને પણ હિતકર વાત તેમણે સંભળાવી જ છે. અવસરજોગ હિતકર વાત પદ્ધતિસર સંભળાવવી, એમાં વિનયનો ભંગ નથી. નાનો ભાઈ દુન્યવી સ્વાર્થ માટે મોટા ભાઈની સામે આંખ ઉંચી સરખી પણ ન કરે, પરંતુ મોટોભાઈ અયોગ્ય કાર્યવાહી કરતો હોય તો અવસરજોગ કડક પણ વાતો સંભળાવ્યા વિના રહે નહિ. એમ કરવું, એ પણ વસ્તુતઃ મોટાભાઈની સેવા જ છે અને શ્રીલક્ષ્મણજીએ અત્યારે જે કાંઈ સંભળાવ્યું તે સંભળાવવામાં પણ મોટાભાઈની સાચી સેવા જ બજાવી છે.

### આજે આવી સલાહ આપનારા કેટલા ?

આજે તમારે માટે એવો કોઈ પ્રસંગ ઉપસ્થિત થઈ જાય, તો તમારો નાનો ભાઈ તમને આવી સલાહ આપે કે, તમારો ઉન્માદ ખૂબ ખૂબ વધે અને તમારા હાથે તમારું તથા અનેકોનું સત્યાનાશ નીકળી જાય એવી સલાહ આપે ? જો કે, આવો પ્રસંગ તમારે માટે સંભવિત જ નથી એમ કહીએ તો ચાલી શકે. શ્રીમતી સીતાજી જેવી શીલ અને સૌન્દર્ય ઉભયથી શોભતી સ્ત્રી મળવી મહામુશ્કેલ છે. આજે તો શીલહીન એવી પણ રૂપવતી સ્ત્રીઓની પૂંઠે પાગલ બનનારા ક્યાં ઓછા છે ? વિષયના કીડાઓ સામાન્ય રૂપ જુએ તો શીલહીન સ્ત્રી તરફ પણ ખેંચાયા વિના રહે ખરા ? એવાઓને જો શીલ અને સૌન્દર્યથી શોભતી સ્ત્રી મળે, તો તો પછી પૂછવું જ શું ? બાકી આજે તો રાગમાં ય પ્રામાણિકતા જેવું શું છે ?

આજે એકનો રાગ અને કાલે કોઈ એવી સામગ્રી અને અનુકૂળતા મળી ગઈ તો બીજીનો રાગ ! કારમા વિષયરાગ વિના આવું ન બને. સ્વસ્ત્રીમાં પણ સંતોષ, એનો અર્થ સમજો છો ? પરનો તો સર્વથા ત્યાગ અને સ્વમાં પણ ઉન્માદ નહિ ! આજે સ્વસ્ત્રી સંતોષી

ભલે થોડા હોય, પણ પરનારીસહોદર પણ કેટલા ? પરસ્ત્રી ગમે તેટલી રૂપવતી હોય, પણ એના ઉપર પડેલી નજર સૂર્ય ઉપર પડેલી નજરની જેમ પાછી પડે ખરી ? પરસ્ત્રીનો યોગ થઈ જાય, તો અગ્નિની જ્વાળાને ભેટતાં જેટલા ડરો છો અને ભાગો છો, તેટલા ડરો અને ભાગો ખરા ? ઘરમાં શીલવતી પત્ની હોય, પણ તક મળી જાય તો એનો અનાદર કરતાં પણ વાર લાગે ? આમછતાં એ સ્ત્રી દીક્ષા લેવા તૈયાર થાય તો ? જે સ્ત્રીની સામે મહિનાઓ થયાં જોયું પણ ન હોય, તે સ્ત્રીને દીક્ષા લેવાની ભાવના થાય તો ? પોતાના માર્ગમાં કાંટા જેવી હોય તો વાત જુદી છે, બાકી થોડો ઘણો પણ રાગ હોય તો એ વખતે શું ન બોલાય કે શું ન કરાય ? સાધુઓને અને સાધુધર્મને ભાંડયા વિના રહેવાય ? એવો સમય આવી લાગે તો ભાઈઓ વગેરે પણ કેવી સલાહ આપે ? શ્રીલક્ષ્મણજીએ જેવી રીતે શ્રીરામચંદ્રજીને સાફ સાફ વાતો સંભળાવી, તેવી રીતે આજનો ભાઈ કે સંબંધી સંભળાવે ખરો ?

## સાચી અને હિતકર સલાહ કોણ આપી શકે ?

શ્રીલક્ષ્મણજી ભોગી છે કે ત્યાગી ? ભોગી હોવા છતાંપણ શ્રીલક્ષ્મણજી ત્યાગને કેવો માને છે ? ત્યાગ પ્રત્યે તેમના હૈયામાં આદર ન હોત, તો શ્રીમતી સીતાજીએ સર્વનો ત્યાગ કર્યો તે વ્યાજબી કર્યું છે, એવું પોતાના મોટાભાઈ શ્રીરામચંદ્રજીને તેઓ સમજાવી શકત ખરા ? પોતાના વડિલભાઈને એવો ટોણો મારી શકત ખરા કે, ન્યાયનિષ્ઠ એવા તમે દોષના ભયથી શ્રીમતી સીતાનો ત્યાગ કર્યો હતો, તેમ ભવથી ભય પામેલાં શ્રીમતી સીતાજીએ સ્વાર્થનિષ્ઠાથી સર્વનો ત્યાગ કર્યો ?શ્રીલક્ષ્મણજીએ જે કહ્યું તે વ્યાજબી છે કે ગેરવ્યાજબી ? તમને તમારો ભાઈ આવી વ્યાજબી વાત પ્રસંગસર સંભળાવે ખરો ? જેનાં હૈયામાં સંસારત્યાગ પ્રત્યે અરુચિ છે, એ ભાઈ કે સંબંધી, આવો કોઈ અવસર આવી લાગે તો તમને શાન્ત બનાવવાને બદલે ઉન્મત્ત જ બનાવે. સંસારત્યાગ પ્રત્યેની અરુચિ ગયા વિના અને સંસારત્યાગની

રુચિ પ્રગટ્યા વિના, કોઈપણ આદમી કોઈને ય સાચી અને હિતકર સલાહ આપી શકે એ શક્ય નથી. તમે જેમને તમારા સગા અને સંબંધિઓ આદિ માનો છો, તે બધા તમારા પરલોકના મિત્ર છે કે દુશ્મન એ વાત વિચારવા જેવી નથી ? આ લોકમાં પણ એ તમારા ક્યાં સુધી ? તમારા યોગે એમને એમનો સ્વાર્થ હણાતો લાગે, તો એ શું કરે ? સહન કરી કરીને ય કેટલુંક સહન કરે ? વિષયસુખની અતિ લોલુપતાએ મર્યાદાઓને ચાવી ખાવા માંડી છે. પહેલાં દિકરા પત્નીની શીખવણીથી બાપ સામે થવા લાગ્યા અને હવે પત્ની પતિની સામે થાય છે, આ બધું શાથી ? વિષયરાગની અને કષાયની માત્રા વધી એથી કે ઘટી એથી ?

## વિષય-કષાયની આધીનતા હોળીઓ સળગાવે છે

વિષય અને કષાયની આધીનતામાં ફસેલા આત્માઓની સ્વાર્થનિષ્ઠા હોળીઓ સળગાવે છે અને વિષય - કષાયરૂપ સંસારથી ભય પામેલા આત્માઓની સ્વાર્થનિષ્ઠા અમૃતનો છંટકાવ કરનારી નિવડે છે. શ્રીમતી સીતાજીએ સ્વાર્થનિષ્ઠા બનીને દીક્ષા ગ્રહણ કરી છે, પણ એ સ્વાર્થનિષ્ઠા દુન્યવી સુખની પ્રીતિમાંથી નહિ, પરંતુ સંસારની ભીતિમાંથી જન્મેલી છે. દુન્યવી સુખની પ્રીતિમાંથી જે સ્વાર્થનિષ્ઠા જન્મે છે, તે માણસને માણસ રહેવા દેતી નથી; હેવાન બનાવી દે છે અને પારકાં સુખનો નાશ કરવા માટે રાક્ષસ જેવો બનાવી દે છે. દુન્યવી સુખના સ્વાર્થમાં નિષ્ઠ બનેલા આત્માઓ, પોતાના સ્વાર્થની સિદ્ધિને માટે નિકટમાં નિકટના સંબંધિઓનું નિકંદન કાઢતાં પણ ન અચકાય તો એ અશક્ય નથી. **દુન્યવી સુખની પ્રીતિમાંથી જન્મેલી સ્વાર્થનિષ્ઠા જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ આદમી જગતને માટે વધારે ને વધારે શ્રાપભૂત બનતો જાય છે. એ જ રીતે ભવની ભીતિમાંથી જન્મેલી સ્વાર્થનિષ્ઠામાં આદમી જેમ જેમ વેગવાળો બનતો જાય છે, તેમ તેમ તે જગતને વધારે ને આશીર્વાદરૂપ બનતો જાય છે.**

ભવની ભીતિના યોગે જન્મેલી સ્વાર્થનિષ્ઠા માણસને માત્ર પોતાનાં સંબંધીઓ ઉપર જ ઉપકાર કરનારો રહેવા દેતી નથી, માત્ર મનુષ્ય જગત ઉપર જ ઉપકાર કરનારો રહેવા દેતી નથી, માત્ર આંખથી દેખી શકાય તેવા જીવો ઉપર જ ઉપકાર કરનારો રહેવા દેતી નથી, પણ જગતના સૂક્ષ્મ કે બાદર, બાહ્યદૃષ્ટિથી ગમ્ય કે બાહ્યદૃષ્ટિથી અગમ્ય એ સર્વ જીવો ઉપર ઉપકાર કરનારો બનાવી દે છે કારણકે, એનામાં સારા ય જગતના પ્રાણી માત્રના કલ્યાણની ભાવના પ્રગટે છે, એથી એ પોતાની શક્યતા મુજબ પરકલ્યાણની સાધનામાં રત બને છે અને પોતાની એવી સ્થિતિ પેદા કરવાને માટે એ પ્રયત્નશીલ બને છે, કે જેવી સ્થિતિ પ્રાપ્ત થતાં તે કોઈપણ કાળે કોઈના પણ અકલ્યાણમાં કારણભૂત ન બને.

### સંસારમાં સ્વાર્થઘાતક ઘણા છે અને સ્વાર્થનિષ્ઠ થોડાક જ છે

સંસારમાં સ્વાર્થનિષ્ઠ કોણ નથી ? ઉપલક દૃષ્ટિએ વિચાર કરો તો તમને એમજ લાગે કે, દુનિયામાં સઘળા જ સ્વાર્થનિષ્ઠ છે; પણ જે આત્માઓ વિવેકપૂર્વક વિચાર કરી શકે છે, તેઓને એમ લાગ્યા વિના નહિં રહે કે, આ જગતમાં જો સાચા સ્વરૂપે સ્વાર્થનિષ્ઠ આત્માઓને શોધવા નીકળીએ તો સ્વાર્થવિમુખ આત્માઓ ઘણા મળે, સ્વાર્થસન્મુખ આત્માઓ થોડા મળે અને સ્વાર્થનિષ્ઠ આત્માઓ જવલ્લે મળે. સ્વ એટલે આત્મા. સ્વાર્થનિષ્ઠ તે કહેવાય, કે જે આત્માનો અર્થ સાધવામાં નિષ્ઠ હોય. આવી સ્વાર્થનિષ્ઠાવાળા કેટલા? ભવની ભીતિ પ્રગટયા વિના આવી સ્વાર્થનિષ્ઠા પ્રગટે નહિ અને ભવની ભીતિ જાગ્યા પછી પણ અનેક રીતે આત્મા જ્યારે લઘુકર્મી બને છે ત્યારે જ આ જાતની સ્વાર્થનિષ્ઠા પ્રગટે છે. બીજી તરફ જુઓ તો દુનિયા જેને સ્વાર્થનિષ્ઠ કહે છે, તે શું વસ્તુતઃ સ્વાર્થનિષ્ઠા છે ? પાપથી આત્માનો અર્થ સધાય કે હણાય ? દુન્યવી સુખની લાલસા એ જેવું-તેવું પાપ છે ? દુન્યવી સુખસામગ્રી જાય તો ક્રોધ ઉપજે, આવે તો

માન ઉપજે, મેળવેલી કે મેળવવા ધારેલી સામગ્રીની રક્ષાદિ માટે માયા અને ગમે તેટલું મળે તોય એની ભૂખ તો ભાગે જ નહિ. આ દશાથી સ્વાર્થ સધાય કે હણાય ? દુનિયા જેને સ્વાર્થનિષ્ઠ માને છે, તે તો વસ્તુતઃ સ્વાર્થઘાતક છે.

**સભા** : તો પછી સાચા સ્વાર્થનિષ્ઠોને પરમાર્થી તરીકે અને દુનિયાના સ્વાર્થીઓને સ્વાર્થનિષ્ઠ તરીકે કેમ ઓળખાવાય છે ?

**પૂજ્યશ્રી** : સાચો સ્વાર્થનિષ્ઠ પરમાર્થની ભાવનાથી પરિપૂર્ણ હોય છે, તેમજ પોતાના નિમિત્તે કોઈનું પણ અહિત ન સધાય એની કાળજીવાળો હોય છે. પ્રત્યક્ષ વસ્તુ આ હોય, એટલે એવા આત્માઓ પરમાર્થી તરીકે ઓળખાય, એ પણ બરાબર અને સ્વાભાવિક છે. ઉપરાંત એવા આત્માઓને પરોપકારી આદી તરીકે ઓળખવાથી દુનિયાના જીવોનું પારકાના ઉપકાર તરફ લક્ષ દોરાય છે. આવી જ રીતે દુનિયાના જીવો પરમાર્થથી સ્વાર્થનિષ્ઠ નથી, બાકી પોતે માની લીધેલા અર્થમાં તો નિષ્ઠ જ છે ને ? દુનિયાના જીવો અજ્ઞાનવશ અનર્થને અર્થ માને છે તે વાત જુદી છે. પણ એ વાતને બાજુએ રાખીએ તો સૌ પોતે માનેલા અર્થની સાધનામાં તો નિષ્ઠ જ છે ને ? આવી રીતે વિચાર કરો તો તરત સમજાઈ જાય કે, સાચો સ્વાર્થનિષ્ઠ પરોપકારી આદિ તરીકે કેમ ઓળખાય છે ? અને વાસ્તવિક રીતે સ્વાર્થનિષ્ઠ તો નહિ પણ સ્વાર્થઘાતક આત્માઓ સ્વાર્થનિષ્ઠ આદિ તરીકે કેમ ઓળખાય છે !

### મોક્ષની તીવ્ર અભિલાષા પ્રગટ્યા વિના સાચા રૂપની સ્વાર્થનિષ્ઠા આવે નહિ

સાચા રૂપમાં સ્વાર્થનિષ્ઠ બનવાને ઈચ્છતા આત્માઓને દુન્યવી સુખની પ્રીતિને ટાળવી જોઈએ અને ભવની ભીતિને પેદા કરવી જોઈએ. સાચા રૂપમાં સ્વાર્થનિષ્ઠ તેઓ જ બની શકે છે, કે જેઓનાં અંતરમાં મોક્ષની તીવ્ર અભિલાષા પ્રગટે છે. મોક્ષ એટલે શું ? આત્માના અનંત જ્ઞાનાદિમય સ્વાભાવિક સ્વરૂપને પ્રગટ કરવું.

આત્માની પરમ વિશુદ્ધાવસ્થા, એ જ આત્માની મુક્તાવસ્થા છે. અત્યારે આપણો આત્મા કર્મના સંયોગવાળો છે. આત્માની સઘળી જ મલીનતા આત્માના કર્મ સાથેના સંયોગને આભારી છે. આત્માને એક ગતિમાંથી બીજી ગતિમાં અને એક ભવમાંથી બીજા ભવમાં એમ અનંતો કાળ થયાં સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે. તેમાં એક માત્ર કારણ આત્માનો જડ કર્મો સાથેનો સંયોગ છે. આત્મા એક ભવમાંથી બીજા ભવમાં અને બીજા ભવમાંથી ત્રીજા ભવમાં-એમ અનાદિકાળથી અનંતો કાળ થયો પરિભ્રમણ કરે છે. એ સૂચવે છે કે, આત્મા એ અવિનાશી અગર તો શાશ્વત દ્રવ્ય છે. શાશ્વત સ્વભાવવાળા આત્માને પણ જન્મ-મરણો આદિનાં દુઃખો ભોગવવાં પડે છે. તે આત્મા સાથે કર્મનો સંયોગ છે માટે, એ સંયોગ ટળે, એટલે આત્મા પોતાની પરિપૂર્ણ શુદ્ધ દશામાં શાશ્વત કાળ સુસ્થિત બન્યો રહે. એ દશામાં દુઃખની સંભાવના નથી. કારણકે, સઘળાં જ દુઃખોનું મૂળ કર્મસંયોગ છે, અને મુક્તાત્મા તે જ કહેવાય છે કે, જે કર્મસંયોગથી સર્વથા મુક્ત બન્યો હોય. આવી દશા પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં જે રક્તતા, એનું જ નામ સાચી સ્વાર્થનિષ્ઠા છે. હવે વિચારો કે, મોક્ષની તીવ્ર અભિલાષા પ્રગટયા વિના આવી સાચા રૂપની સ્વાર્થનિષ્ઠા આવે એ શક્ય છે ?

**સભા** : નહિ જ.

**પૂજ્યશ્રી** : અને દુન્યવી સુખની પ્રીતિ ટળ્યા વિના તેમજ ભવની ભીતિ પ્રગટયા વિના તીવ્ર મોક્ષાભિલાષા પ્રગટે એ પણ શક્ય છે ?

**સભા** : એ પણ અશક્ય છે.

**પૂજ્યશ્રી** : આપણે સાચા સ્વરૂપે સ્વાર્થનિષ્ઠ છીએ ?

**સભા** : ના જી.

**પૂજ્યશ્રી** : સાચા સ્વાર્થનિષ્ઠ નહિ તો સાચા સ્વાર્થની સન્મુખ બનેલા છીએ ? શ્રીમતી સીતાજી તો સાચા રૂપમાં સ્વાર્થનિષ્ઠ બન્યાં,

કારણકે, એમને ભવની ભીતિ લાગી ! આપણને ભવની પ્રીતિ છે કે ભીતિ ?

**સભા** : એવા વિચારો કરવાની ખામી છે.

**પૂજ્યશ્રી** : ભવસ્વરૂપ સંબંધી વિચારો નથી થતા, એ ખરેખર ખામીરૂપ લાગે છે કે કેમ, એ પણ એક સવાલ છે.

### શ્રીરામચંદ્રજી આદિ શ્રી જયભૂષણ કેવળજ્ઞાનીની પાસે

આપણે એ જોઈ ગયા કે, શ્રીલક્ષ્મણજીએ શ્રીમતી સીતાજીની દીક્ષા સંબંધી વાત કહેવા સાથે શ્રી જયભૂષણ નામના મહર્ષિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયાની વાત પણ કહી હતી, તેમજ 'કેવળજ્ઞાનનો મહિમા કરવો એ તમારું પણ અવશ્ય કરવા યોગ્ય કૃત્ય છે' - એવી પ્રેરણા પણ શ્રીલક્ષ્મણજીએ કરી હતી. વધુમાં એ વાત પણ જણાવી હતી કે, મહાવ્રતધારી બનેલાં અને સતીમાર્ગની જેમ મુક્તિમાર્ગનું દર્શન કરાવતાં શ્રીમતી સીતાજી પણ ત્યાં જ છે. શ્રીલક્ષ્મણજીનાં આ પ્રકારનાં વચનોએ શ્રીરામચંદ્રજીને સ્વસ્થ બનાવી દીધાં. હવે તમે જૂઓ કે, તેમની વિવેકશીલતા અને વિચક્ષણતા શું કામ કરે છે ? શ્રીરામચંદ્રજી પોતાની સ્વસ્થતાને પ્રાપ્ત કરીને કહે છે કે,

'તે કેવળજ્ઞાની પરમર્ષિ શ્રી જયભૂષણ નામના મહાત્માની પાસે મારી પ્રિયા શ્રીમતી સીતાએ દીક્ષા ગ્રહણ કરી તે સારું કર્યું !'

આ પ્રમાણે બોલીને શ્રીરામચંદ્રજી ત્યાંથી ઉભા થયા, પરિવાર સહિત શ્રીજયભૂષણ મહર્ષિની પાસે પહોંચ્યા, ત્યાં પહોંચી તે મહાત્માને વિધિપૂર્વક વન્દન કર્યું અને એ તારકે જે દેશના આપી તેનું શ્રવણ કર્યું.

### શ્રી જૈન શાસનમાં દેશના મુક્તિમાર્ગની જ હોય

અહીં પરમ ઉપકારી કલિકાલસર્વજ્ઞ, આચાર્ય ભગવાન્ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ જો કે શ્રી જયભૂષણ નામના તે

પરમર્ષિએ આપેલી દેશનાનું વર્ણન કર્યું નથી, પણ એ દેશનાને અંતે શ્રીરામચંદ્રજીએ જે પ્રશ્ન કર્યો છે, તે ઉપરથી, કેવળજ્ઞાની શ્રી જયભૂષણ પરમર્ષિએ આપેલી દેશનાના સ્વરૂપનો ખ્યાલ આપી શકાય તેમ છે. ઉપરાંત, એ વાત પણ નિશ્ચિત જ છે કે, શ્રી જૈનશાસનમાં એક માત્ર મુક્તિમાર્ગની દેશના જ હોઈ શકે છે. મુક્તિમાર્ગથી વિપરીત દેશનાને શ્રી જૈનશાસનમાં સ્થાન હોઈ શકે જ નહિ. મુક્તિમાર્ગથી વિપરીત દેશના દેનારાઓ શ્રી જૈનશાસનના દેશકો નથી અને જેઓ આ (સાધુ) વેષમાં હોવા છતાં પણ મુક્તિમાર્ગથી વિપરીત દેશના દે છે, તેઓ શ્રી જૈનશાસનના દ્રોહીઓ છે. એવા આત્માઓ પોતાના અને અનેક વિશ્વાસુ આત્માઓના હિતની કારમી કતલ કરનારાઓ છે. એવાઓ ચારિત્રના બાહ્યાચારોમાં પ્રવીણ હોય કે ઘણા ગ્રંથોનું જ્ઞાન ધરાવનારા હોય તો પણ એમના ચારિત્રની કે જ્ઞાનની આ શાસનમાં એક ફૂટી કોડી જેટલી પણ કિંમત નથી.

શ્રી જૈનશાસનનો દેશક તે જ કહેવાય કે જે મુક્તિમાર્ગને અનુસરતી દેશના દેનારો હોય. આ જગતમાં કોઈ સાચામાં સાચો કલ્યાણકામી અને કલ્યાણકારી દેશક હોય, તો તે શ્રી જૈનશાસનનો દેશક છે; કારણકે મુક્તિમાર્ગની આરાધના, એ જ સર્વ અકલ્યાણોથી પર બનવાનો અને સર્વ કલ્યાણોના સ્વામી બનવાનો એક માત્ર ઉપાય છે.

### શ્રીજયભૂષણકેવળજ્ઞાનીને શ્રી રામચંદ્રજીનો પ્રશ્ન

આ તો કેવળજ્ઞાની પરમર્ષિની દેશના હતી, એટલે એમાં તો મુક્તિમાર્ગ સિવાયની બીજી કોઈ વાત હોય જ નહિ. મુક્તિમાર્ગની દેશનામાં એ વાત પણ આવે કે, 'ભવ્ય આત્માઓ જ મુક્તિને પામે છે; અભવ્ય આત્માઓ મુક્તિને પામી શકતા નથી.' આવી વાત સાંભળતાંની સાથે જ વિવેકી અને વિચક્ષણ આત્માના અંતરમાં એ પ્રશ્ન સ્વાભાવિકપણે ઉઠે જ કે, 'હું ભવ્ય હોઈશ કે અભવ્ય ?' દેશનાને અંતે શ્રીરામચંદ્રજીએ આવો જ પ્રશ્ન પૂછયો છે. તેમણે પૂછ્યું

છે કે, 'હે પ્રભો ! હું મારા આત્માને જાણતો નથી, તો આપ કૃપા કરો અને કહો કે, હું ભવ્ય છું કે અભવ્ય ?'

મુક્તિ પ્રત્યે રુચિભાવ પ્રગટ્યા વિના આત્મામાં આવો પ્રશ્ન પૂછવાની ઊર્મિ ઉઠે નહિ. ભવ્ય એટલે શું ? મુક્તિગમનની યોગ્યતાવાળા આત્માને ભવ્ય કહેવાય છે. વિચાર કરો કે, મારામાં, મારા આત્મામાં મુક્તિગમનની યોગ્યતા છે કે નહિ ? એવો પ્રશ્ન ડૂંટીમાંથી ક્યારે બહાર આવે ? મુક્તિ પ્રત્યે રુચિભાવ પ્રગટ્યા વિના અંતરમાં આ જાતિનો પ્રશ્ન ઉદ્ભવે જ નહિ. જ્ઞાનીઓ કહે છે કે, જેના અંતરમાં આવો પ્રશ્ન ઉદ્ભવે તે નિયમા ભવ્ય !

### શ્રી રામચન્દ્રજીની તદ્ભવ મુક્તિગામિતા

અહીં કેવળજ્ઞાની પરમર્ષિ પણ ફરમાવે છે કે, 'તમે અભવ્ય નથી પણ ભવ્ય છો; ભવ્ય છો એટલું જ નહિ, પણ આ ભવમાં જ તમે કેવળજ્ઞાન પામીને મુક્તિને પામવાના છો !' આ વખતે શ્રીરામચંદ્રજીને એમ થઈ જાય છે કે, 'આ કેમ બને ? હું આટલો બધો રાગી છું, એટલે આ ભવમાં હું કેવળજ્ઞાન પામું અને મુક્તિએ પહોંચું, એ બને શી રીતે ?' આ વિચાર ઉદ્ભવવાથી, શ્રી જયભૂષણ નામના તે કેવળજ્ઞાની પરમર્ષિને તેઓ પૂછે છે કે, 'મોક્ષ પ્રવ્રજ્યાથી થાય છે અને સર્વત્યાગ વિના પ્રવજ્યા હોઈ શકે નહિ, જ્યારે મારે માટે તો આ શ્રીલક્ષ્મણ દુસ્ત્યજ છે', અર્થાત્, 'હું લક્ષ્મણનો ત્યાગ કરી શકું તેમ નથી, સર્વ ત્યાગ વિના પ્રવ્રજ્યા નથી અને પ્રવ્રજ્યા વિના મોક્ષ નથી, તો આ જન્મમાં જ મને કેવળજ્ઞાનની અને અંતે મોક્ષની પ્રાપ્તિ થાય, એ બને કેમ?'

આ પ્રશ્નનો ઉત્તર આપતાં તે કેવળજ્ઞાની પરમર્ષિ ફરમાવે છે કે, 'તમારે બળદેવપણાની સંપત્તિ અવશ્ય ભોગવવી પડે તેમ છે, પણ તેના અંતે તમે સર્વ સંગોને ત્યજનારા બનશો, સર્વ સંગોના ત્યાગી બનીને પ્રવ્રજ્યા ગ્રહણ કરશો અને એ પ્રવ્રજ્યાના પાલન દ્વારા શિવપદને પામશો.'

શ્રીરામચંદ્રજીએ પૂછેલા બે પ્રશ્નોમાં તેમની ઉત્તમતા ઝળહળી રહી છે. પહેલાં પ્રશ્નમાં મોક્ષની રુચિ પ્રધાનતા ભોગવી રહી છે અને બીજા પ્રશ્નમાં આત્મનિરીક્ષણની પ્રધાનતા છે. શ્રીરામચંદ્રજીને શ્રીમતી સીતાજી ઉપર જે રાગ હતો, તેના કરતાં પણ અધિક રાગ શ્રીલક્ષ્મણજી ઉપર હતો. એ જાણતા હતા કે, હું શ્રીલક્ષ્મણનો ત્યાગ કરી શકું એ બહું જ કઠીન છે. વાસુદેવો અને બળદેવો વચ્ચે ગાઢ રાગ હોય છે. એકનું મૃત્યુ અન્યને એટલી હદ સુધી પાગલ બનાવી દે છે કે, એ મડદાને પણ મડદા તરીકે સ્વીકારવાને લાંબા કાળ સુધી તૈયાર થઈ શકતા નથી. રાગ આટલો ગાઢ હોવા છતાંપણ, એ રાગનો પોતાને ખ્યાલ હોવો એ સામાન્ય વાત છે ? શ્રીરામચંદ્રજીના પહેલા અને બીજા પ્રશ્નનો વિચાર કરો તો સમજાય કે, 'મારે મોક્ષ તો પામવો છે, પણ મોક્ષ પામવા લાયક મારી અવસ્થા નથી,' એનું જ એમાં ચિન્તન છે. આપણને આપણી દશાનો આ જાતિનો ખ્યાલ છે ખરો ? આજે આપણે ગમે તેવી હાલતમાં ભલે હોઈએ, પણ 'આ હાલતમાં મારો મોક્ષ સધાશે શી રીતે ?' એવો વિચાર આવે ખરો ? ભવ્યાભવ્યનો વિચાર કરતાં, 'હું કેવો હોઈશ ? ભવ્ય કે અભવ્ય?' આવો શંકાત્મક વિચાર સ્ફુરે ખરો ? પોતાના ભવ્યત્વ-અભવ્યત્વ સંબંધી શંકા જેના અંતરમાં ઉત્પન્ન થાય છે, તે જીવ અભવ્ય હોઈ શકતો જ નથી.

## શ્રી બિભીષણે પૂછેલા પ્રશ્નો

આ અવસરે શ્રી જયભૂષણ નામના કેવળજ્ઞાની પરમર્ષિને નમસ્કાર કરીને, શ્રી રાવણના ભાઈ શ્રી બિભીષણ પૂછે છે કે

*"XXXXXXXXXX, केन प्रागजन्मकर्मणा ।*
*जहार रावणः सीतां, लक्ष्मणस्तं न्यहन् युधि ? ॥१॥*
*सुग्रीवो भामंडलश्च, तथेमौ लवणांकुशौ ।*
*अहं च कर्मणा केनात्यंतरक्ता रघूद्वहे ? ॥२॥*

આમાં પહેલો પ્રશ્ન છે. શ્રી રાવણે કરેલા શ્રીમતી સીતાજીના હરણ સંબંધી, બીજો પ્રશ્ન છે, શ્રીલક્ષ્મણજીએ કરેલા શ્રી રાવણના વધ સંબંધી અને ત્રીજો પ્રશ્ન છે સુગ્રીવ, ભામંડલ, લવણ, અંકુશ અને પોતાને શ્રીરામચંદ્રજીની પ્રત્યે અત્યંત અનુરાગ છે તે સંબંધી ! શ્રી બિભીષણ જાણે છે કે, 'પૂર્વજન્મનાં તથાપ્રકારનાં કર્મો સિવાય આ બધું બને નહિ, એટલે એ પૂછે છે કે, 'પૂર્વજન્મના કયા કર્મને કારણે શ્રી રાવણે શ્રીમતી સીતાનું હરણ કર્યું ? શ્રીલક્ષ્મણજીએ યુદ્ધમાં શ્રી રાવણની હત્યા કરી ? અને એવું કયું કર્મ છે કે, જે કર્મને લીધે સુગ્રીવ પણ શ્રીરામચંદ્રજીમાં અત્યંત રક્ત છે, ભામંડલ પણ શ્રીરામચંદ્રજીમાં અત્યન્ત રક્ત છે, આ લવણ તથા અંકુશ પણ શ્રીરામચંદ્રજીમાં અત્યન્ત રક્ત છે. અને હું પણ શ્રીરામચંદ્રજીમાં અત્યન્ત રક્ત છું ?'

કેવળજ્ઞાનથી સર્વ પદાર્થોના સર્વકાળના સર્વ ભાવોને જાણી શકાય છે એટલે એવા જ્ઞાનને ધરનારા મહર્ષિનો યોગ થઈ જાય, ત્યારે આવા પ્રશ્નોના ખૂલાસા મેળવી લેવાનું મન તો થાય ને ? વળી શ્રી બિભીષણે પૂછેલી વસ્તુ પણ એવી છે કે, એનો ઉત્તર આપતાં અનેક આત્માઓના પૂર્વભવોના વૃત્તાન્તોનું વર્ણન કરવું પડે. આવી રીતે થતા વૃત્તાન્તોના વર્ણનમાં મોટેભાગે મુદ્દાસરની હકીકતો ટૂંકમાં જણાવવામાં આવે એ સ્વાભાવિક છે.

### વસુદત્ત અને શ્રીકાન્તે કરેલો પરસ્પરનો વિનાશ

શ્રી બિભીષણે પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપવાની શરૂઆત કરતાં, કેવળજ્ઞાની શ્રી જયભૂષણ પરમર્ષિ ફરમાવે છે કે,

આ દક્ષિણ ભરતાર્ધમાં ક્ષેમપુર નામના નગરમાં નયદત્ત નામે એક વણિક હતો અને સુનન્દા નામની તેની પત્ની હતી. એ સુનન્દાની કુક્ષિથી જન્મેલા બે પુત્રોમાં એકનું નામ હતું, ધનદત્ત અને બીજાનું નામ હતું વસુદત્ત. નયદત્તના આ બે પુત્રો ધનદત્ત અને વસુદત્તને યાજ્ઞવલ્કય નામના એક બ્રાહ્મણ પુત્રની સાથે મિત્રતા હતી.

તે ક્ષેમપુર નામના નગરમાં જેમ નયદત્ત નામનો વણિક વસતો હતો, તેમ સાગરદત્ત નામનો વણિક પણ વસતો હતો. નયદત્તને બે

પુત્રો હતા, જ્યારે સાગરદત્તને એક પુત્ર હતો અને એક પુત્રી હતી. સાગરદત્તના પુત્રનું નામ ગુણધર હતું અને સાગરદત્તની પુત્રીનું નામ ગુણવતી હતું.

નયદત્તના પુત્ર ધનદત્તમાં અને સાગરદત્તની પુત્રી ગુણવતીમાં ગુણોનું સામ્ય હતું; આથી અનુરૂપ ગુણવાળા ધનદત્તને સાગરદત્તે પોતાની ગુણવતી નામની તે કન્યા આપી. બીજી તરફ સાગરદત્તની પત્ની, કે જેનું નામ રત્નપ્રભા હતું અને જે ગુણવતીની માતા થતી હતી, તેણે પોતાની પુત્રી ગુણવતીને અન્યત્ર આપી. તે નગરમાં શ્રીકાન્ત નામનો એક શ્રેષ્ઠી વસતો હતો, રત્નપ્રભાએ શ્રીકાન્તને, ધનના લોભને આધીન બનીને પોતાની ગુણવતી નામની કન્યા છૂપી રીતે આપી. ગુણવતીના પિતા સાગરદત્તે અનુરૂપ ગુણ જોયા અને ગુણવતીની માતા રત્નપ્રભા અર્થલોભમાં પડી !

આ વાતની યાજ્ઞવલ્ક્યને ખબર પડી. યાજ્ઞવલ્ક્ય એ ધનદત્ત તથા વસુદત્તનો મિત્ર છે, એટલે પોતાના મિત્ર ધનદત્તની સાથે છેતરપીંડી રમાય તે એનાથી ખમાયું નહિ. તરત જ તે યાજ્ઞવલ્ક્યે ધનદત્ત અને વસુદત્તની પાસે જઈને વાત કરી કે 'ગુણવતી છૂપી રીતે શ્રીકાન્ત શ્રેષ્ઠીને વાગ્દાનથી દેવાઈ છે.' યાજ્ઞવલ્ક્ય પાસેથી આ વાતની જાણ થતાં, ધનદત્તનો નાનો ભાઈ વસુદત્ત કષાયાધીન બની ગયો. રાતો-રાત તે શ્રીકાન્તના ઘરમાં ગયો અને શ્રીકાન્તને તેણે હણી નાખ્યો. એ વખતે શ્રીકાન્ત શ્રેષ્ઠીએ પણ તલવારનો ઘા કરીને વસુદત્તને મારી નાખ્યો.

### વિષય-કષાયોની આધીનતા જ સઘળા અનર્થોનું મૂળ છે

વિચારવા જેવી વાત છે કે, વિષય અને કષાયની આધીનતા, એ કેટલી બધી ભયંકર વસ્તુ છે ? શ્રીકાન્તે ગુણવતીને વાગ્દાનથી મેળવીને અને વસુદત્તે શ્રીકાન્તની હત્યા કરીને લ્હાણ શી કાઢી ? વિષય-કષાયની આધીનતાએ જગતમાં શા શા અનર્થો જન્માવ્યા નથી? વિષય-કષાયની આધીનતાએ ભાઈ-ભાઈ વચ્ચે, બાપ-બેટા

વચ્ચે, પતિ-પત્ની વચ્ચે કેટકેટલા ઝઘડાઓ પેદા કર્યા છે ? જગતમાં વિષય-કષાયની આધીનતાનું અસ્તિત્વ ન હોય, તો ઝગડાઓનું અસ્તિત્વ હોય ?

**સભા** : નહિ જ.

**પૂજ્યશ્રી** : આમ છતાં આજે જગતમાં શાંતિના પ્રચારના નામે કઈ જાતિનો પ્રચાર ચાલી રહ્યો છે, એ જાણો છો ? જગતમાં શાંતિ સ્થાપવાની વાતો કરનારા આજના કેટલાકોને, વિષય-કષાયની આધીનતાથી નિપજેલા અને નિપજી રહેલા અનર્થોનો વિચાર કરવાની ફુરસદ નથી. આજના કેટલાકો એમ માને છે કે, 'જ્યાં સુધી જગતમાં ધર્મનું અસ્તિત્વ છે, ત્યાં સુધી જગતની શાંતિ જોખમમાં છે. ધર્મનું અસ્તિત્વ ન હોય તો ઘણા-ખરા ઝઘડા-રઘડાઓનું અસ્તિત્વ હોય જ નહિ.' પોતાની આ માન્યતાને તેઓ આવા સ્પષ્ટ રૂપમાં જાહેર કરી શકતા નથી; કારણકે, ગમે તેવો પણ આ આર્યદેશ છે. આ દેશનું વાતાવરણ એવું છે કે, કોઈ સીધેસીધા રૂપમાં ધર્મનાશની વાત કરે, તો એને એ વાત ભારે પડી ગયા વિના રહે નહિ. આથી જ ધર્મના અસ્તિત્વને મિટાવવાની ભાવનાવાળાઓ પણ, પોતાની વાત સીફતથી દંભપૂર્ણ રીતે રજૂ કરે છે. જેમકે, આજે કેટલાકો તરફથી એ જાતનો પ્રચાર થઈ રહ્યો છે કે, 'જગતમાં ધર્મના નામે જેટલા ઝઘડાઓ જામ્યા છે, તેટલા ઝઘડાઓ બીજી કોઈપણ વસ્તુના નિમિત્તે આ જગતમાં જામ્યા નથી.'

### શું ઝઘડાઓ ધર્મના નામે થાય છે ?

આ જાતનો પ્રચાર, એ શું વ્યાજબી પ્રચાર છે ? આ પ્રમાણે બોલવું, એ શું સાચું છે ? જરાક ઉંડા ઉતરીને વિચાર કરવામાં આવે, તો એ વાતમાં રહેલું જૂઠાપણું ખ્યાલમાં આવ્યા વિના રહે નહિ. જગતમાં અર્થ અને કામની લોલુપતાથી અથવા તો વિષય અને કષાયની આધીનતાથી કેટલા ઝઘડાઓ જામ્યા છે ? અને કેટલાં યુદ્ધો ખેલાયાં છે ? એનો વિચાર તો કરો ! કોઈ કુટુંબ એવું બતાવશો, કે જે

કુટુંબમાં કોઈક્વાર પણ અર્થ-કામની રસિકતાથી કે વિષય-કષાયની આધીનતાથી ઝઘડો જામ્યો ન હોય કે યુદ્ધ ખેલાયું ન હોય ? બાપ-બેટા, ભાઈ-ભાઈ કે પતિ-પત્ની વચ્ચે કદિ જ એવું ન બન્યું હોય. એવાં કુટુંબો કેટલા ?

**સભા** : એવું કુટુંબ તો ભાગ્યે જ મળે.

**પૂજ્યશ્રી** : ત્યારે જે પ્રકારના ઝઘડા લગભગ ઘેર ઘેર છે અને જે પ્રકારના ઝઘડાઓથી એક કુટુંબના આદમીઓ પણ ભાગ્યે જ બચી શકે છે, તે પ્રકારના ઝઘડા શું ઘરની બહાર પણ ઓછા થાય છે, એમ? આમ છતાં તે તરફ લક્ષ્ય જતું નથી, તે ઝઘડાઓના મૂળનો નાશ કરવાની ભાવના થતી નથી અને 'ધર્મના નામે જ ઝઘડાઓ ઉત્પન્ન થાય છે.' એવો પ્રચાર કરવાનું મન થાય છે, એ શું સૂચવે છે ? ધર્મ તરફની તીવ્ર અરૂચિ અથવા તો ધર્મનાશની ભાવનાનું એમાંથી સૂચન થાય છે ને ?



## અદાલતોમાં ચાલતા કેસોમાં ધર્મના નામે જન્મેલા ઝઘડા કેટલા ?

અદાલતોમાં ચાલતા કેસો તપાસવામાં આવે, તો પણ 'ધર્મના નામે જ ઝઘડાઓ છે' એ વાતમાં કેટલું બધું અસત્ય ભરેલું છે. તે માલુમ પડી જાય. અદાલતોમાં ચાલતા કેસોમાં ધર્મના નામે ઉત્પન્ન થવા પામેલા ઝઘડાઓ કેટલા અને જેમાં ધર્મનું નામ સરખું ય ન હોય એવા ઝઘડાઓ કેટલા ?

**સભા** : ધર્મના નામે ઉત્પન્ન થવા પામેલા ઝઘડાઓ આટામાં લૂણ જેટલાં પણ નહીં

**પૂજ્યશ્રી** : ધર્મના નામે ઉત્પન્ન થવા પામેલા ઝઘડાઓ અદાલતોમાં રોજ હોય કે કોઈ કોઈ વાર હોય ?

**સભા** : કોઈ કોઈવાર.

**પૂજ્યશ્રી** : કોઈ કોઈવાર પણ આખો દિવસ એવા ને એવા જ ઝઘડા આવ્યા કરે, એમ ખરૂં ?

**સભા** : ના જી.

**પૂજ્યશ્રી** : આટલું પ્રત્યક્ષ હોવા છતાંપણ એમ બોલવું કે જગતમાં ધર્મના નામે જેટલા ઝઘડાઓ જામ્યા છે, તેટલા ઝઘડાઓ બીજી કોઈપણ વસ્તુના નામે કે નિમિત્તે આ જગતમાં જામ્યા નથી.' એ શું વ્યાજબી ગણાય ? હંમેશને માટે સેંકડો અદાલતો ઝઘડાઓનો નિકાલ કરવામાં રોકાયેલી રહે છે, અને તેમ છતાં ધર્મના નામે ઉત્પન્ન થવા પામેલા ઝઘડાઓ તો, તમે પણ કબૂલ કરો છો કે, કોઈ કોઈવાર આવે છે, ત્યારે તે સિવાયના જેટલા ઝઘડા, તે બધા તો અર્થ-કામની લોલુપતા કે વિષય કષાયની આધીનતામાંથી જ ઉત્પન્ન થયેલા, એ વાત તો સાચી જ ને ?

**સભા** : એમાં ના નહિ.

**પૂજ્યશ્રી** : તો પછી, એમ કેમ કહેવાય કે, આ જગતમાં ધર્મના નામે જેટલા ઝગડાઓ જામ્યા છે, તેટલા ઝગડાઓ બીજી કોઈપણ વસ્તુના નિમિત્તે જામ્યા નથી ? હજુ આગળ, જે માણસો અર્થ અને કામના અતિ રસિક હોય તેમજ વિષય અને કષાયને ખૂબ ખૂબ આધીન બનેલા હોય, એવા માણસો ધર્મના નામે ઝઘડતા હોય તો પણ તેમાં નામ માત્ર ધર્મનું હોય અને મૂળભૂત કારણ અર્થ-કામની રસિકતા અગર તો વિષય-કષાયની આધીનતા હોય, એમ નથી લાગતું ?

**સભા** : તદ્દન સાચી વાત.

**પૂજ્યશ્રી** : સાચો ધર્મી કોઈની સાથે ઝઘડતો માલૂમ પડે,તો પણ સમજી જ લેવું જોઈએ કે, અર્થ અને કામના રસિક એવા કોઈને પાપે જ એને ઝઘડામાં ઉતરવાની ફરજ પડી છે. ધર્મને લાગે-વળગે છે ત્યાં સુધી એ ઝઘડાને ઉત્પન્ન થવા દેતો જ નથી. ધર્મ પ્રેરે છે માત્ર આવી પડેલા ઝઘડાથી ધર્મ અને ધર્મી-ઉભયનું રક્ષણ કરવાને ! સાચો

ધર્મી પોતે થઈને ઝઘડો ઉત્પન્ન કરાવે, એ બને જ નહિ. ઝઘડો ઉત્પન્ન થાય છે કેવળ અર્થ-કામની રસિકતાથી કે વિષય-કષાયની આધીનતાથી ! આથી તો અર્થ-કામની રસિક દુનિયામાં પણ એ કહેતી પ્રચલિત બની છે કે 'જર, જમીન ને જોરૂ, કજીયાનાં ત્રણ છોરૂ !' આવી આવી વાતોને વિચારવી નહિ અને આ 'જગતમાં ધર્મના નામે જેટલા ઝઘડાઓ ઉત્પન્ન થવા પામ્યા છે, તેટલા ઝઘડાઓ બીજી કોઈપણ વસ્તુના નિમિત્તે ઉત્પન્ન થવા પામ્યા નથી' એવી એવી વાતો ઉચ્ચારવી, એ શું ડાહ્યા માણસોનું લક્ષણ છે ? અને તમને એમ નથી લાગતું કે, હૈયામાં રહેલો ધર્મદ્વેષ અથવા તો ઘોર અજ્ઞાન જ એવા માણસોને એવું એવું બોલવાને પ્રેરે છે ? કેટલાકો તો એવી વાતો સમજપૂર્વક બોલે છે અને તે એમ ઠસાવવાને માટે જ કે, જગતના ઝઘડાઓનું મૂળ ધર્મમાં છે. આવાઓને કહેવું પણ શું ?



# ધર્મદેશના અને પૂર્વભવોની વાતો

## ૮

શ્રી લક્ષ્મણજીએ સમયસર આપેલી હિતશિક્ષાથી સજાગ બનેલા શ્રી રામચન્દ્રજી શ્રીજયભૂષણ કેવળીનો કેવલોત્સવ કરવા અને "મારી પ્રિયા સીતાએ દીક્ષા લીધી તે સારું કર્યું" એમ કહેવાપૂર્વક સીતાજીનો દીક્ષોત્સવ કરવા શ્રી જયભૂષણ કેવળીની પર્ષદામાં પહોંચે છે.

શ્રી કેવલજ્ઞાનીની ધર્મદેશના શ્રવણ કરીને શ્રી રામચન્દ્રજીએ કરેલા પ્રશ્નના સંદર્ભમાં આ પ્રવચનોના પ્રવચનકારશ્રીએ જૈનશાસનની ધર્મદેશના અને ધર્મદેશકનું મહિમાગાન કર્યું છે જે અદ્દભૂત છે.

શ્રી રામચન્દ્રજીએ ભવ્ય-અભવ્યના વિષયમાં કરેલો રસપ્રદ પ્રશ્ન, તદ્દભવ મુક્તિગામીતા શ્રી લક્ષ્મણજી ઉપરનો રાગ જશે તેની આહ્લાદ વાત અને શ્રી બિભીષણે કરેલા સીતા અપહરણ, રાવણહત્યા, અને સુગ્રીવ હનુમાન, અને લવકુશ તથા પોતાના શ્રી રામચન્દ્રજી પ્રત્યેના રાગનું કારણ વિષયક પ્રશ્નમાંથી પૂર્વભવોથી વાતોમાં અનેક વાતો વર્ણવાઈ છે. જે તેઓશ્રીના શબ્દોમાં જ માણીએ.

-શ્રી

# ધર્મદેશના અને પૂર્વભવોની વાતો

- ધર્મના પ્રતાપે જ જગતમાં શાંતિ છે
- અધર્મને ધર્મ માની કજીયા થતા હોય તો શું કરવું જોઈએ?
- વસુદત્ત અને શ્રીકાંત વિંધ્યાટવીમાં મૃગ થયા
- સુસાધુઓની પાસે ધનદત્તે કરેલી યાચના અને આજના કેટલાકોની યાચના
- ધનદત્તને મુનિવરનો સદુપદેશ
- શ્રાવકધર્મની આરાધના કરીને ધનદત્ત દેવપણે ઉત્પન્ન થયો
- શ્રી રામચન્દ્રજીના જીવે સુગ્રીવના જીવ-બળદ ઉપર કરેલો ઉપકાર
- શ્રી નવકારમંત્રનો મહિમા પાર વિનાનો છે
- અંતિમ અવસ્થાવાળા પ્રત્યે તો અવશ્ય કૃપાભાવવાળા બનવું જોઈએ
- વૃષભધ્વજ રાજકુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું
- વૃષભધ્વજની યોગ્યતા
- ઉપકારીને શોધવા પ્રયત્ન
- શ્રી નવકાર મહામંત્ર ફળે કોને ?
- પદ્મરુચિનો મિલાપ
- કૃતઘ્નતાને ટાળીને કૃતજ્ઞ બનો
- આપણે એ સ્થિતિમાં મુકાઈએ તો શું કરીએ ?
- પદ્મરુચિ અને વૃષભધ્વજ રામ અને સુગ્રીવ
- સુંદર સામગ્રીઓનો પૂરેપૂરો લાભ લેવો જોઈએ
- કિંમતી હીરા કરતાં પણ કિંમતી ક્ષણ
- એકવાર ગાડું ચીલે ચઢી જવું જોઈએ

# ૮

# ધર્મદેશના અને પૂર્વભવોની વાતો

## ધર્મના પ્રતાપે જ જગતમાં શાંતિ છે

પણ સમજવા માગતા હોય તેઓને તો હું કહું છું કે, જગતના ઝઘડાઓનું મૂળ ધર્મમાં નથી, પણ અર્થ-કામની રસિકતા કે વિષય-કષાયની આધીનતામાં છે. ધર્મ તો શાંતિને અને આબાદીને પ્રગટ કરનારો છે. ધર્મી કજીયાને પસંદ કરે એ બને જ નહિ. પણ એ વાત સાચી કે, અવસર આવી લાગે અને શક્તિ હોય તો સામી પડેલા કજીયાને વેઠી લઈને પણ ધર્મને આંચ આવવા દે નહિ. જગતની શાંતિનું મૂળ ધર્મમાં છે. એટલે ધર્મશીલ આત્માઓ દુન્યવી સઘળી જ આપત્તિઓને સહન કરી લઈને પણ ધર્મના રક્ષણમાં તત્પર બને એ સ્વાભાવિક છે. આવી મનોવૃત્તિવાળા ધર્મશીલોને કજીયાખોર કોણ કહે ?

ખરી વાત તો એ છે કે, લગભગ આખુંય જગત કજીયાખોર છે. કજીયાખોરીમાં જીવતા જગતમાં જે કાંઈ શાંતિ દેખાય છે, તેમાં મુખ્યત્વે ધર્મનો જ પ્રતાપ છે. રાજશાસનથી કજીયો કરનારાઓ અમુક અંશે દબાય એ શક્ય છે, પણ એ માણસોને જો તેવી કોઈ તક મળી જાય તો તેઓ કજીયો કર્યા વિના રહે નહિ. કેટલીકવાર તો આદમી કષાયાધીન બનીને રાજસત્તાના ડરને પણ ભૂલી જાય છે અને કારમું

અકૃત્ય આચરી બેસે છે. ધર્મનો એ પ્રતાપ છે કે, જેના હૈયામાં ધર્મનુ સામ્રાજ્ય હોય છે, તેના હૈયામાં કજીયાખોર વૃતિ ટકી શકતી જ નથી. જગતમાં કજીયાખોર વૃત્તિને નાબૂદ કરવાનો અને શાંતિની સુવાસ પ્રસરાવવાનો એક માત્ર ઉપાય ધર્મ છે. ધર્મના નામે અધર્મની ઉપાસનામાં ફસી ન જવાય એની કાળજી રાખવી જરૂરી છે, પરંતુ ધર્મ પ્રત્યે દુર્ભાવ તો નહિ જ હોવો જોઈએ ને ? ધર્મહીનતાના યોગે કજીયાખોર વૃત્તિમાં સપડાયેલા કેટલાકો તો એવા પણ હોય છે. કે જેઓને ધર્મ પ્રત્યે જ દુર્ભાવ હોય ! એવાઓ તક મેળવીને ધર્મની સામે આક્રમણ કરે છે. એ આક્રમણને નિષ્ફળ બનાવવાનો ધર્મશીલ આત્માઓ જ્યારે પ્રયત્ન કરે છે. ત્યારે એના એ કજીયાખોરો એવા પ્રચાર પ્રારંભી દે છે કે, 'જૂઓ, ધર્મના નામે આ કેવો કજીયો ચાલી રહ્યો છે ?' આવો પ્રચાર કરવા પાછળ પણ તેઓનો હેતુ એ જ હોય છે કે, જગતના જે જીવો ધર્મસન્મુખ બન્યા હોય, તે ધર્મવિમુખ બની જાય. એવાં આક્રમણોથી ધર્મવૃત્તિવાળાઓએ સદાને માટે સાવધ જ બન્યા રહેવું જોઈએ.

### અધર્મને ધર્મ માની કજીયા થતા હોય તો શું કરવું જોઈએ ?

**સભા** : કેટલીકવાર અજ્ઞાન માણસો અધર્મને ધર્મ માનીને પણ ધર્મના નામે કજીયો કરે છે ને ?

**પૂજ્યશ્રી** : એવા પણ અજ્ઞાન માણસો દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલા કજીયાઓના પ્રસંગોમાં જો તમે વધારે ઉંડા ઉતરશો, તો તમને સમજાશે કે, અર્થકામની રસિકતા અને વિષય-કષાયની આધીનતા જ એમાં પણ ઉંડે ઉંડે કામ કરી રહી છે. અર્થ-કામની રસિકતાનો અભાવ હોય, વિષય-કષાયની આધીનતાનો અભાવ હોય તો એવા પ્રસંગો ઉત્પન્ન થવા પામે એ વસ્તુતઃ શક્ય જ નથી. વળી એવા પ્રકારના કજીયાઓના નામે ધર્મ પ્રત્યે લોકહૃદયમાં અરૂચિ પેદા થાય, એવું તો કેમજ બોલી શકાય ?

**સભા** : એ વાત સાચી છે, પણ અધર્મને ધર્મ માન્યો એ વાત જતી કરીએ તો કજીયા ધર્મના નામે થયા, એમ તો ગણાય ને ?

**પૂજ્યશ્રી** : અધર્મને ધર્મ માન્યો એ વાતને જતી કેમ કરાય ? વળી જ્યારે અધર્મને ધર્મ માનીને ધર્મના નામે કજીયા કરાય છે એ વાત માન્ય છે, તો તો એવી જ પ્રવૃત્તિ કરવી જોઈએ કે જેથી દુનિયાના જીવોને ધર્મ કે અધર્મનો સાચો ખ્યાલ આવે. એવી પ્રવૃત્તિનો વિરોધ કરવો અને સાથે સાથે એમ બોલવું કે - 'જગતમાં ધર્મના નામે જેટલાં યુદ્ધો ખેલાયાં છે, તેટલાં બીજી કોઈપણ વસ્તુના નિમિત્તે ખેલાયાં નથી' એ શું સૂચવે છે ? અધર્મને ધર્મ માનીને ધર્મના નામે અમુક માણસો કજીયા કરે છે, એથી ધર્મ વગોવાય છે, સાચા ધર્મ પ્રત્યે લોકરુચિ જન્મવામાં બાધા ઉપજે છે. અને એ કારણે અનેક આત્માઓ ધર્મથી વંચિત રહી જવાથી કલ્યાણ સાધનાથી વંચિત રહી જાય છે એ ઠીક નહિ, આવું જેને લાગ્યું હોય, તેની પ્રવૃત્તિ કેવી હોય? એવી વાતો કરનારાઓ આજે અહિંસાના નામે પણ હિંસાનું સમર્થન અને સત્યના નામે પણ અસત્યનું સમર્થન કરી રહ્યા છે, એ શું કહેવાય છે? આવી બધી બાબતોમાં ઉંડા ઉતરીને વિચાર કરો અને ધર્મદ્વેષ કે ઘોર અજ્ઞાનના પ્રતાપે જે જે વાતોનો પ્રચાર થઈ રહ્યો હોય, તે વાતોને યોગ્ય આત્માઓ તેના યથાર્થ રૂપમાં પિછાની શકે એવો પ્રયત્ન કરો ! એને કોઈ કજીયો કહે તો પણ એટલા માત્રથી મૂંઝાવાનું હોય નહિ !

### વસુદત્ત અને શ્રીકાંત વિંધ્યાટવીમાં મૃગ થયા

હવે આપણે જોઈએ કે, આગળ શું બને છે ? આપણે જોઈ ગયા કે, કષાયાધીન બનેલા વસુદત્તે શ્રીકાન્ત શ્રેષ્ઠીને માર્યો અને શ્રીકાન્તે પણ વસુદત્તને માર્યો. એ બન્ને ત્યાંથી મરીને વિંધ્યાટવીમાં મૃગ તરીકે ઉત્પન્ન થયા. બીજી તરફ સાગરદત્તની પુત્રી ગુણવતી, કે જેના કારણે વસુદત્તે શ્રીકાન્તનો જીવ લીધો અને શ્રીકાન્તે વસુદત્તનો જીવ લીધો, એ ગુણવતી પણ પરણ્યા વિના જ મૃત્યુ પામી અને ભવિતવ્યતાના યોગે તે જ વિંધ્યાટવીમાં મૃગલી તરીકે ઉત્પન્ન થઈ.

અહીં પણ આ આત્માઓની પૂર્વભવના જેવી જ હાલત થાય છે. વસુદત્ત અને શ્રીકાન્ત, કે જે મૃગપણાને પામેલા છે, તેઓ બન્ને ય ગુણવતી કે જે મૃગલી બનેલી છે, તેના તરફ અનુરાગવાળા બન્યા. મૃગ બે અને મૃગલી એક, એટલે એ બન્ને ય મૃગો એ મૃગલીને માટે પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. કેવળજ્ઞાની પરમર્ષિ ફરમાવે છે કે મૃગલી બનેલી ગુણવતીને માટે યુદ્ધ કરતાં કરતાં, મૃગ બનેલા વસુદત્ત અને શ્રીકાન્ત બન્ને ય મૃત્યુને પામ્યા.

વસુદત્ત અને શ્રીકાન્તના જીવ વચ્ચે આ રીતે જે વૈર ઉત્પન્ન થયું, તે પરસ્પરના વૈરથી તે બન્ને ય આત્માઓએ ચિરકાળ પર્યન્ત આ સંસારમાં પરિભ્રમણ કર્યું.

વૈર, એ કેટલું ભયંકર છે ? કોઈની પણ સાથે તેવા પ્રકારનો રાગ બંધાઈ જાય છે કે તેવા પ્રકારનું વૈર બંધાઈ જાય છે, તો એ રાગ અગર એ વૈર અનેક ભવો સુધી આત્માને કનડે છે.

### સુસાધુઓની પાસે ધનદત્તે કરેલી યાચના અને આજના કેટલાકોની યાચના

આ રીતે વસુદત્ત, શ્રીકાન્ત અને ગુણવતી સંબંધી અધિકાર ફરમાવ્યા બાદ, શ્રીજયભૂષણ નામના તે કેવળજ્ઞાની પરમર્ષિ ધનદત્તના વૃત્તાન્તનું આગળ વર્ણન કરે છે. તમને યાદ તો હશે કે, ધનદત્ત એ વસુદત્તનો વડિલ ભાઈ હતો અને સાગરદત્તે પોતાની પુત્રી ગુણવતીનું વેવિશાળ આ ધનદત્તની સાથે કર્યું હતું. કારણકે, તે અનુરૂપ ગુણવાળો હતો. ધ્યાનમાં રાખજો કે, આ ધનદત્તનો જીવ એ જ શ્રીરામચંદ્રજીનો જીવ છે. ધનદત્તની ભવિતવ્યતા સુંદર છે, એટલે એને ઉત્તરોત્તર ઉત્તમ સંયોગોની પ્રાપ્તિ થઈ છે. અહીં કેવળજ્ઞાની ફરમાવે છે કે, તે ધનદત્ત પોતાના ભાઈ વસુદત્તનો વધ થવાથી પીડાવા લાગ્યો અને ધર્મહીન બનીને જ્યાં ત્યાં ભટકવા લાગ્યો. એકવાર એવું બન્યું કે, ધનદત્ત ક્ષુધાતુર થઈને રાતના ભટકી રહ્યો છે, તે ધનદત્તે

સાધુઓને જોયા. સાધુઓને જોતાંની સાથે જ, ભૂખ્યા એવા ધનદત્તે, સાધુઓની પાસે ભોજનની યાચના કરી.

**સભા** : સાધુઓ પાસે ભોજનની માંગણી અને તે પણ રાતે ?

**પૂજ્યશ્રી** : એમાં તમને બહુ આશ્ચર્ય થાય છે એમ? ધનદત્ત ધર્મહીન બનીને ભટકી રહ્યો છે, ભૂખ્યો છે અને તે સુસાધુઓના આચાર-વિચારોથી અપરિચિત હોય એ પણ સુસંભવિત છે, સાધુઓને જોતાં એને એમ થઈ ગયું હોય કે, 'સાધુઓ દયાળુ હોય એ સ્વાભાવિક છે, એટલે એમની પાસે ખાવાનું હશે તો મારા જેવા ભૂખ્યા માણસની યાચનાનો તિરસ્કાર નહિ કરે' અને એમ માનીને ધનદત્તે સાધુઓની પાસે ભોજનની યાચના કરી હોય, એ બનવાજોગ છે પણ આજે તો નિર્ગ્રન્થ સાધુઓની પાસે કેટલાકો કેવી કેવી યાચનાઓ કરે છે, એ જાણો છો ? બજારના ભાવ કાઢી આપવા કે ફીચરના આંકડા શોધી આપવા, એ સાધુનું કામ છે ?

**સભા** : નહીં જ.

**પૂજ્યશ્રી** : છતાં આજે સાધુના આચાર-વિચારોથી સર્વથા અનભિજ્ઞ નહિ, એવા પણ માણસો સાધુઓ પાસેથી એવું કાંઈક મેળવવાની આશા રાખે છે કે નહિ ? 'સાધુઓ ધર્મ જ દે અને ધર્મને માટે જ સાધુઓની સેવા આદિ હોઈ શકે' આ વસ્તુને સમજી, એનો અમલ નહિ કરી શકવા છતાં પણ, છેવટે એથી વિપરીતપણે તો નહિ જ વર્તવાની ભાવનાવાળા કેટલા ? અવસરે સાધુઓ પાસેથી પૈસા કમાવાનો કીમીયો મેળવવાનું ધર્મસ્થાનોમાં આવનારા કોઈને ય મન ન થાય ? શું એવી ઈચ્છા રાખનારને સાધુઓના આચાર-વિચાર કેવા હોવા જોઈએ એની કશી જ ગમ નથી ? ઊલટું, વૃત્તિ તો એ હોવી જોઈએ કે, આ (સાધુ) વેષમાં રહેલો કોઈ ભાનભૂલો બનીને ભાવતાલ કાઢી આપવા આદિની વાત કરે, તો કહી દેવું જોઈએ કે, 'મહારાજ ! આપ ભૂલ્યા. આ આપનું કામ નહિ. આપે તો અમારી અર્થ-કામની લોલુપતા ટળે એવું જ કહેવાનું હોય.'

**સભા** : એવા વેષધારીઓ પણ મળી જ રહે છે ને ?

**પૂજ્યશ્રી** : માટે તો કેવળ વેષ એ જ પૂજાનું કારણ છે એમ કોઈ કહેતું નથી. જેમ ચોટ્ટાઓ શાહુકારનો અને ગુન્હેગારો પોલીસનો વેષ સજીને પણ ચોરી આદિ કરે, એ બને ને ?

**સભા** : એવું તો બની જાય.

ત્યારે સમજો કે આ વેષમાં પણ એવા હોય. આ વેષ એવો છે કે, પહેલી તકે આ વેષમાં રહેલો ઉત્તમ લાગે, ઉત્તમ પુરૂષોનો વેષ છે માટે એનું ઔચિત્ય પણ જાળવવું જોઈએ, પણ તે પછી એ જોવું જ જોઈએ એનું વર્તન વેષને અનુરૂપ છે કે વિપરીત છે ? આપણે વેષપૂજક છીએ કે ગુણપૂજક છીએ ? વેષપૂજક ખરા, પણ આપણી એ વેષપૂજકતા ય ગુણપૂજકતાને આભારી છે. વેષ અને ગુણ-બન્ને ય તરફ આપણી નજર હોવી જોઈએ. કુશળ દંભીઓ જેમ વેષપરિવર્તનનો દંભ કરી શકે છે, તેમ ગુણદર્શનનો દંભ પણ કરી શકે છે. આથી ધર્મના અર્થી આત્માઓએ તો જેમ બને તેમ વધુ ને વધુ ચક્ષેર બનવું જોઈએ. કહેવાની વાત તો એ હતી કે, ધનદત્તની માંગણી ગેરવ્યાજબી હોવા છતાંપણ, આજના કહેવાતા સુધારકો અને બીજા પણ કેટલાકો સુસાધુઓની પાસે જે માંગણી કરે છે, તેના જેટલી ધનદત્તની માંગણી ભયંકર નથી. ધનદત્તે સમજવા છતાં પાપયાચના કરી છે એમ નથી. જ્યારે આજના કેટલાકો તો સમજવા છતાં પણ પાપયાચના કરે છે અને તે પણ કેવી રીતે ? ઊલટું કહે કે સાચા સાધુઓએ તો આવી યાચનાનો સ્વીકાર કરવો જોઈએ. આ કેવી વિપરીત મનોદશા ! 'સાચો સાધુ જ તે, કે જે આવી યાચનાનો સ્વીકાર કરે, એમ બોલીને!'

### ધનદત્તને મુનિવરનો સદુપદેશ

અહીં તો સાધુઓની પાસે ધનદત્તે ભોજનની યાચના કરી. એટલે તે સાધુઓ પૈકીના એક મુનિવરે કહ્યું કે,

*''दिवापि न हि साधूनां, भक्तपानादिसंग्रहः ।''*

"સાધુઓની પાસે અન્ન-પાનાદિનો સંગ્રહ દિવસના વખતે પણ હોતો નથી.' દિવસના વખતે પણ જે સાધુઓ અન્નપાનાદિનો સંગ્રહ કરી રાખે નહિ, તે સાધુઓ પાસે રાત્રિના તો અન્ન-પાનાદિનો સંગ્રહ હોય જ શાનો ?"

આ રીતે પોતાના સાધુ આચારનો ખ્યાલ આપ્યા બાદ, તે મુનીશ્વર, ધનદત્તને પણ રાત્રિભોજનના ત્યાગનો ઉપદેશ આપતાં ફરમાવે છે કે,

*''तवापि नोचितं रात्रौ, भोक्तुं, पातुं च भद्रक ! ।*
*को वेत्ति जीवसंसक्ति-मन्नादौ तमसीदृशे ? ।।१।।''*

"હે ભદ્રક ! રાત્રિના વખતે ખાવું અને પીવું, એ તારે માટે પણ ઉચિત નથી. અન્ન આદિમાંની જીવસંસક્તિને આવા અન્ધકારમાં કોણ જાણે છે ?' તે મુનીશ્વરે ધનદત્તને માત્ર આટલો જ બોધ આપ્યો છે એમ નથી, પણ બીજી ય કેટલીક વાતો સંભળાવી છે."

આજ તો કહેશે કે, 'ભૂખ્યાને ઉપદેશ હોય ? ભૂખ્યાને ભૂખ ભાંગવાની સગવડ કરી આપવી નહિ અને ત્યાગની વાતો કરવી, એ ન ચાલે.' અહીં મુનીશ્વરે શું કર્યું ? ધનદત્ત ભૂખ્યો છે, છતાં સલાહ કેવી આપી ? તારે પણ રાતના ભોજન-પાન કરવું એ ઉચિત નથી ! સાધુઓની સલાહ આવી જ હોય. સાધુઓ સલાહ આપે યોગ્ય આત્માઓને, પણ સલાહ આપે તો તે આવી જ આપે. ભૂખ્યાને પણ રાત્રિભોજન કરવાની સલાહ સાધુઓ તો ન જ આપે. આજે પોતે સ્થાપેલી જૈન સંસ્થામાં વિદ્યાર્થીઓને રાતના દૂધ પાવાની સલાહ છૂપી રીતે પણ અપાય છે કે નહિ ?

**સભા** : ઉપદેશ કે સલાહની વાત નથી, પણ રિપોર્ટમાં વિદ્યાર્થીઓને રાતનાં દૂધ અપાય છે એટલી વાત છે.

**પૂજ્યશ્રી** : સંસ્થાના સ્થાપકને શિરે એની કોઈ જવાબદારી ખરી કે નહીં ? પૈસા આપનારાઓએ પૈસા કઈ બુદ્ધિથી આપેલા ? સંસ્થામાં પણ રાતના દૂધ અપાય, તો સંસ્કાર કેવા પડે. સાંભળવા

મુજબ તો સ્થાપક રાતના દૂધ પીવાને આવતા વહીવટદારોનો અને રાતના દૂધ પીતા વિદ્યાર્થીઓનો બચાવ કરે છે. કહે છે કે - 'આ દેશમાં એ વિના ચાલે નહીં.' આ વાત સાચી હોય, તો શું કહેવાય ? સલાહ કરતાંય શું આ વધારે ભયંકર નથી ?

**પૂજ્યશ્રી** : સાધુના વેષમાં હોવા છતાં પણ, ધર્મબુદ્ધિથી સ્થાપવામાં આવેલી સંસ્થાના વિદ્યાર્થીઓને રાતના દૂધ આપવામાં આવે તેનો અને વિદ્યાર્થીઓ રાતના દૂધ પીએ તેનો બચાવ કરવો, એ શું યોગ્ય છે ? ખરેખર, સાચા સાધુથી તો એમ થઈ શકે જ નહિ.

### શ્રાવકધર્મની આરાધના કરીને ધનદત્ત દેવપણે ઉત્પન્ન થયો

સાચા સાધુ ભૂખ્યાને પણ રાત્રિભોજન કરવાની સલાહ તો ન જ આપે. તેવા પ્રસંગે રાત્રિભોજન નહિ કરવાનો ઉપદેશ આપવો કે નહિ આપવો, એ ઉપદેશક સાધુઓએ વિચારી લેવાનું છે; કારણકે, યોગ્યતા ન ભાળે તો ઉપદેશ ન પણ આપે. પણ ઉપદેશ આપે તો એવો જ આપે, કે જેવો ભૂખ્યા અને ભોજનની યાચના કરતા ધનદત્તને આ મુનિરાજે આપ્યો.

રાત્રિના સમયે જીવજંતુની ઉત્પત્તિ પણ ઘણી હોય છે. સૂર્યના તાપને એવાં જંતુઓ જીરવી શકતાં નથી, એટલે મરી જાય છે. જેમ ચોમાસામાં અળસિયાં આદિ જીવોની ઘણી ઉત્પત્તિ થાય છે ને ? તેમ રાત્રિમાં પણ જીવોત્પત્તિ ઘણી અને એથી જીવસંસક્તિ ઘણી હોય તે સ્વાભાવિક છે. રાત્રિના એવા એવા જીવોની ખાનપાનાદિના અમુક અમુક પદાર્થોમાં ઉત્પત્તિ થાય છે, કે જે જીવોને ઇલેક્ટ્રીકના પ્રકાશમાં પણ જોઈ શકાય નહિ. આવાં આવાં અનેક કારણો હોઈને, ઉપકારીઓ ફરમાવે છે કે, ગૃહસ્થોએ પણ રાત્રિના ખાન-પાનનો ત્યાગ કરવો જોઈએ.'

પેલા મુનીશ્વરે ધનદત્તને યોગ્ય જાણીને આ જાતિનો ઉપદેશ આપ્યો અને ધનદત્તના હૃદય પર પણ તેની ઘણી જ સુંદર અસર થઈ. જેમ મુનીશ્વર ઉપદેશનાં વચનો સંભળાવતા ગયા, તેમ તેમ ધનદત્તને એમ જ લાગતું ગયું કે, મારું અંતર અમૃતથી સીંચાઈ રહ્યું છે. જેનું અંતર અમૃતથી સીંચાય, એ ભૂખને ભૂલી જાય ને ? એનો સંતાપ ભાગી જાય ને ? ધનદત્તમાં અપૂર્વ પરિવર્તન આવ્યું. એણે શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. શ્રાવકધર્મની આરાધના કરીને મૃત્યુ પામીને એ ધનદત્ત સૌધર્મ દેવલોકમાં દેવતા થયો.

ધનદત્તને વાગ્દાનથી દેવાએલી ગુણવતી, તેની માતા દ્વારા લોભના કારણે શ્રીકાન્તને પણ છૂપી રીતે દેવાઈ, એથી ગુસ્સે થઈને શ્રીકાન્તને હણવા જનાર ધનદત્તનો ભાઈ વસુદત્ત કઈ દશાને પામ્યો ? *પહેલાં તિર્યંચપણાને પામ્યો અને તે પછી પણ એ દુર્ગતિમાં ભટકનારો બન્યો !* જ્યારે ધનદત્તની ભવિતવ્યતા સુંદર હોવાથી એને મુનીશ્વરનો યોગ થઈ ગયો અને શ્રાવકધર્મની આરાધનાથી એ દેવપણાને પામ્યો ! એક જ પિતા અને એક જ માતાના બે પુત્રો, છતાં ફેર કેટલો બધો ? ભાઈના હિત માટે પાપ કર્યું, એ કાંઈ દલીલ છે ? કારમાં પાપ આચરો અને નરકે જવું પડે ત્યારે કહો કે - 'એ તો મા-બાપ માટે આચર્યા હતાં' - તો એવો બચાવ પરમાધામીઓ પાસે ચાલે ? નહિ જ. કોઈની સેવાના નામે પણ કોઈનો ઘાત કરવાને તૈયાર થવાય નહિ. ભાઈ, પત્ની, છોકરાં કે બીજા ગમે તેને માટે પાપ કરો પણ પરિણામ તો તમારે જ ભોગવવું પડશે ને ? માટે સમજો.

### શ્રી રામચંદ્રજીના જીવે સુગ્રીવના જીવ-બળદ ઉપર કરેલો ઉપકાર

શ્રીજયભૂષણ નામના કેવળજ્ઞાની પરમર્ષિ, હવે આગળ ફરમાવે છે કે, તે ધનદત્તનો જીવ સૌધર્મ દેવલોકના આયુષ્યને પૂર્ણ કરીને, ત્યાંથી ચ્યવ્યો અને મહાપુર નામના નગરમાં, મેરૂશેઠને ઘેર તેમની ધારિણી નામની પત્નીની કુક્ષિથી પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું

નામ પદ્મરુચિ રાખવામાં આવ્યું. પદ્મરુચિ નામનો તે શ્રેષ્ઠી પરમ શ્રાવકપણાને પામ્યો. એકવાર પરમશ્રાવક એવો તે પદ્મરુચિ શ્રેષ્ઠી ઘોડા ઉપર સવાર થઈને ગોકુળ તરફ જઈ રહ્યો છે. જે રસ્તે થઈને પદ્મરુચિ ગોકુળ તરફ જઈ રહ્યો છે, તે રસ્તામાં એક ઘરડો બળદ પડયો છે. એ બળદ મરવાની અણી ઉપર છે. ભાગ્યયોગે પદ્મરુચિની નજર તે બળદ ઉપર પડે છે.

મૃત્યુ પામવાની તૈયારીવાળા તે વૃદ્ધ બળદને રસ્તે પડેલો જોતાંની સાથે જ, પદ્મરૂચિના અન્તઃકરણમાં રહેલી કૃપાળુતા ઉછાળો મારે છે. શ્રાવકમાં કૃપાળુતા હોય ને ? અને જેનામાં કૃપાળુતા હોય, તે અવસરે ઝળક્યા વિના પણ ન રહે ને ? કૃપાળુ એવો તે પદ્મરુચિ તરત જ ઘોડા ઉપરથી નીચે ઉતર્યો, મરવા પડેલા ઘરડા બળદની નિકટમાં ગયો અને તે બળદના કાન પાસે પોતાનું મોઢું લઈ જઈને તેણે શ્રી નવકાર મંત્રનું શ્રવણ કરાવ્યું.

પછી બળદ મર્યો, પણ બળદની ગતિ સુધરી ગઈ. યાદ રાખજો કે, આ બળદનો જીવ એ જ સુગ્રીવનો જીવ છે. આપણે જોઈ આવ્યા છીએ કે, સુગ્રીવને જ્યારથી શ્રીરામચંદ્રજી મળ્યા, ત્યારથી તે તેમની સેવામાં સદાને માટે તત્પર બની રહ્યો છે. શ્રીરામચંદ્રજી ઉપર સુગ્રીવ રાગવાળો છે અને એ રાગનું મૂળ આ જગ્યાએ નંખાએલું છે. અહીં કહે છે કે, શ્રી નવકાર મંત્રનું શ્રવણ થવાના પ્રતાપે, તે બળદ, મરીને તે જ નગરમાં રાજપુત્ર તરીકે ઉત્પન્ન થયો. તે નગરના રાજા છત્રચ્છાયની શ્રીદત્તા નામની રાણીની કુક્ષિથી, એ બળદ રાજપુત્ર તરીકે ઉત્પન્ન થયો અને તેનું વૃષભધ્વજ એવું નામ રાખવામાં આવ્યું.

### શ્રી નવકાર મંત્રનો મહિમા પાર વિનાનો છે

**સભા** : નવકારના સ્મરણ માત્રનો આટલો બધો પ્રભાવ ?

**પૂજ્યશ્રી** : હા, શ્રી નવકાર મંત્રના શ્રવણ માત્રનો આટલો બધો પ્રભાવ ! શ્રી નવકાર મંત્રનો મહિમા પાર વિનાનો છે. પૂર્વે આયુષ્યનો બંધ ન કર્યો હોય, ને શ્રી નવકાર મંત્ર પ્રત્યે વિરોધભાવ ન

હોય અને શ્રી નવકાર મંત્ર સાંભળતાં સાંભળતાં આયુષ્યનો બંધ પડે, તો નિયમા સારી ગતિ થાય. શ્રી નવકાર મંત્ર માત્ર છેલ્લી ઘડીએ જ સાંભળવાનો કે સંભળાવવાનો છે, એમ નથી. જીવનમાં એનું વધારેમાં વધારે રટણ, મનન અને ચિન્તન હોવું જોઈએ. જે અવસ્થામાં શરણ આપવાની કોઈની પણ તાકાત નથી, તે અવસ્થામાં પણ જે શરણભૂત બની શકે છે, એવા મંત્રનું સ્મરણ આદિ કેટલું હોવું જોઈએ ? એમાં કોને કોને નમસ્કાર છે એ જાણ્યું હોય અને શ્રી અરિહન્તાદિક જે પાંચને એમાં નમસ્કાર છે તે પાંચ પરમેષ્ઠીઓના સ્વરૂપનો ખ્યાલ હોય, તો તો વળી શ્રી નવકાર મંત્રનું સ્મરણ અને શ્રવણ અપૂર્વ લાભનું કારણ બને.

**સભા** : તિર્યંચને પણ સંભળાવાય ?

**પૂજ્યશ્રી** : જરૂર, તિર્યંચો તો દેશવિરતિ ધર્મ પણ પામી શકે છે. દેવતાઓ દેશવિરતિધર ન બની શકે, પણ તિર્યંચો દેશવિરતિધર બની શકે.

**સભા** : સર્વવિરતિધર ન બની શકે ?

**પૂજ્યશ્રી** : તિર્યંચો વધુમાં વધુ દેશવિરતિપણાને જ પામી શકે

**સભા** : એનું કારણ શું ?

**પૂજ્યશ્રી** : જેમ દેવગતિ એવી છે કે, ત્યાં ઉત્તમમાં ઉત્તમ એવા પણ આત્મામાં દેશવિરતિ કે સર્વવિરતિના પરિણામ પ્રગટી શકે જ નહિ. એ ગતિઓ જ એવી છે કે, ત્યાં તેવા પ્રકારનો ક્ષયોપશમાદિ થઈ શકે જ નહિ.

### અંતિમ અવસ્થાવાળા પ્રત્યે તો અવશ્ય કૃપાભાવવાળા બનવું જોઈએ

મરવા પડેલા બળદને જોતાં પદ્મરુચિ શેઠ ઘોડા ઉપરથી નીચે ઉતર્યા અને તેના કાનમાં તે શેઠે શ્રી નવકાર મંત્રનું સ્મરણ કરાવ્યું, એ વાત પણ વિચારવા જેવી છે ને ? આજના શેઠીયાઓ પાસેથી એવી

આશા રાખી શકાય ? જે શેઠિયાઓ માણસને પણ ન જોઈ શકતા હોય, તે જાનવરને તો શાના જ જોઈ શકે ? અંતિમ અવસ્થા ભોગવી રહેલો આદમી રસ્તે પડ્યો હોય અને તમારા જોવામાં આવે, તો મોટરમાંથી નીચે ઉતરી તેને શ્રી નવકાર મંત્ર સંભળાવવાનું તમને મન થાય ખરૂં ?

**સભા** : લોક બેવકુફ કહે.

**પૂજ્યશ્રી** : લોક બેવકુફ કહે, માટે કૃપાનો ત્યાગ કરનારા બેવકુફ ગણાય કે લોક બેવકુફ કહે તે છતાંપણ કૃપાપરાયપણ બની રહેનારા બેવકુફ ગણાય ? અહીં લોકથી ડરીને ચાલશો અને લોકના ડરે ધર્મનો ત્યાગ કરશો, તો પરલોકમાં લોક મદદ કરવા આવશે, એમ?

**સભા** : લોકની વાત તો ઠીક, પણ એવા કૃપાભાવની જ ખામી છે.

**પૂજ્યશ્રી** : આ એકરાર સાચો છે. કૃપાભાવથી ભરપૂર હૃદય હોય, તો આદમીને અવસરે લોકડરને ફગાવી દેતાં પણ વાર લાગતી નથી. કૃપાભાવની ખામી ટાળવા જેવી છે કે નહિ ? કૃપાભાવમાં માત્ર આ લોકના જ સામાના હિતનો વિચાર હોય કે પરલોકના પણ સામાના હિતનો વિચાર હોય ? બળદને શ્રી નવકાર મંત્ર સંભળાવવામાં, તેના પરલોકના હિતનો જ વિચાર હતો ને ? તમારે ઘેર કોઈ માંદુ પડ્યું હોય, મરવાની ઘડીઓ ગણાતી હોય,તો શાની ધમાલ હોય?

**સભા** : કાંઈ કે ય આશા હોય ત્યાં સુધી તો ડોઝ અને ઈન્જેકશનની ધમાલ હોય.

**પૂજ્યશ્રી** : ત્યારે મરનાર સમાધિપૂર્વક મરી શકે અને મરનારની ગતિ સુધરે, એવો પ્રયત્ન ક્યારે કરવાનો ? મરનાર જ્યારે લગભગ છેડે પહોંચી જાય ત્યારે ? માંદાની દવા કરવા છતાંપણ એને સમાધિભાવમાં સ્થિર બનાવવાનો ખૂબ ખૂબ પ્રયત્ન કરવો જોઈએ. દવા ન જ આપવી એમ નહિ, પણ સમાધિભાવ પેદા કરવાની અને

ટકાવવાની ખૂબ ખૂબ કાળજી રાખવી જોઈએ. મરવા પડેલો વેદનાને શાંતિથી ભોગવી શકે અને શ્રી અરિહંતાદિકનું સ્મરણ કરતો જ મરે એવો પ્રયત્ન કરવો જોઈએ. કેવળ ડોઝ અને ઈન્જેકશન પાછળ મંડયા રહેવું અને મરનારના પરલોકના હિતનો વિચાર નહિ કરવો, એ વસ્તુતઃ કૃપાળુતા નથી.

**સભા** : બધે એવું નથી.

**પૂજ્યશ્રી** : બધે જ એવું છે એમ હું કહેતો પણ નથી. એવાં કુટુંબો પણ છે, કે જ્યાં મરવા પડેલાઓને સમાધિભાવમાં જ મગ્ન બનાવી રાખવાના ઘણા ઘણા પ્રયત્નો થાય છે. આ તો સૂચવવાનું એટલું જ કે, તમારે ત્યાં એ સ્થિતિ ન હોય તો તે પેદા કરવી જોઈએ. એમ થવું જોઈએ કે, પદ્મરુચિ શ્રેષ્ઠીના જેવી કૃપાલુતા આપણા હૈયામાં ક્યારે પ્રગટે ? કોઈપણ જીવને અંતિમ અવસ્થા ભોગવતો જોતાંની સાથે જ, એને શ્રી નવકાર મહામંત્ર સંભળાવવાનું આપણને મન થવું જોઈએ. અન્ય જીવ ઉપર અંતિમ અવસ્થા વખતે કરેલો ઉપકાર, કેટલીક વાર તો, એ આત્માના અને ઉપકાર કરનારના આત્માના પણ પારંપરિક મહાલાભને માટે થાય છે. આથી જ્યારે જ્યારે સંયોગ મળે, ત્યારે ત્યારે અંતિમ અવસ્થાના સમયે ઉપકાર કરવામાં તો ખૂબ જ સાવધ રહેવું જોઈએ.

### વૃષભધ્વજ રાજકુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું

ધનદત્તના જીવે પદ્મરુચિ તરીકેના ભવમાં, મરવા પડેલા ઘરડા બળદ ઉપર ઉપકાર કર્યો, એના કાનમાં શ્રી નવકાર મંત્ર સંભળાવ્યો અને આપણે જોયું કે શ્રી નવકાર મંત્રના શ્રવણના પ્રભાવથી તે બળદનો જીવ તે જ નગરમાં રાજપુત્ર તરીકે ઉત્પન્ન થયો. તે રાજપુત્ર વૃષભધ્વજ એક વાર યથેચ્છપણે ભમતો ભમતો તે જગ્યાએ પહોંચી ગયો, કે જે જગ્યાએ પૂર્વભવમાં પોતે ઘરડા બળદ તરીકે શ્રી નવકાર

મહામંત્રનું શ્રવણ કરતાં કરતાં મૃત્યુ પામ્યો હતો. પોતાના પૂર્વજન્મના સ્થાનના દર્શનથી તે રાજપુત્ર વૃષભધ્વજ જાતિસ્મરણ જ્ઞાનને પામ્યો. તેને પોતાના પૂર્વજન્મનો ખ્યાલ આવ્યો.

### વૃષભધ્વજની યોગ્યતા

જાતિસ્મરણ જ્ઞાનના બળે એણે પોતાની અંતિમ અવસ્થાનો સઘળો જ ચિતાર નજરોનજર જોતો હોય તેમ જોયો. એને યાદ આવ્યું કે, હું ઘરડો બળદ હતો, રસ્તે મરવા પડયો હતો, ત્યાં એક પરમ ઉપકારી પુરૂષ ઘોડેસવાર થઈને આવ્યો, મને મરણ સન્મુખ બનેલો જોઈ તે ઘોડા ઉપરથી નીચે ઉતર્યો, મારી નિકટમાં આવ્યો, મને તે ઉપકારીએ શ્રી નવકાર મંત્ર સંભળાવ્યો અને એના પ્રતાપે જ અત્યારે હું રાજપુત્ર તરીકે જન્મીને રાજસુખ ભોગવી રહ્યો છું, મારા ઉપર એનો કેટલા બધો ઉપકાર ? પોતાના કાનમાં શ્રી નવકાર મંત્ર સંભળાવનાર પરમ ઉપકારીને શોધી એની ભક્તિ કરવાનો ઉમળકો તે રાજપુત્ર વૃષભધ્વજના અંતરમાં પ્રગટયો. ઉપકારીના દર્શનની તેને તીવ ઉત્કંઠા થઈ. કેટલી યોગ્યતા ? આવી યોગ્યતા વિના કામ થાય ? તમે જોશો કે, રાજપાટ આપવા માટે પણ એ તૈયાર થશે. અંતિમ અવસ્થામાં, બળદ તરીકે હોવા છતાંપણ, રસ્તે મરવા પડેલો તે વખતે શ્રી નવકાર મંત્ર સંભળાવ્યો, એ ઓછો ઉપકાર છે ? એ ઉપકાર પાસે રાજ્યાદિકની શી કિંમત છે ? એને એમ ન થયું કે, મારું ભાગ્ય હતું માટે આમ બન્યું ! એની ભવિતવ્યતા સારી ન હોય તો આવો ઉપકારી મળત નહિ - એ વાત સાચી, પણ સારી ભવિતવ્યતાને ફળવામાં જે નિમિત્ત થયો, તેને કેમ ભૂલાય ? પેલાની ભાવના કેટલી ઉત્તમ? હું બળદ છતાં મારી શુભ ગતિની ચિન્તા એને થઈ અને મારી મલિનતાદિનો ખ્યાલ કર્યા વિના મને શ્રી નવકાર મંત્ર સંભળાવી દુર્ગતિથી બચાવ્યો. એ કેટલો બધો ઉત્તમ?

### ઉપકારીને શોધવા પ્રયત્ન

વૃષભધ્વજ વિચાર કરે છે કે, એ ઉપકારી મળે શી રીતે ? એને

શોધવો ક્યાં ? 'ભાગ્ય હશે તો મળશે' - એમ વિચારીને તે બેસી રહેતો નથી. ગમે તે ભોગે શ્રી નવકાર મહામંત્ર સંભળાવનાર ઉપકારીને શોધી કાઢવાનો એણે નિર્ણય કર્યો. એ માટે એ વૃષભધ્વજે એ જ જગ્યાએ એક ચૈત્ય બનાવ્યું.

મંદિર કરાવીને એક ભીંત ઉપર તેણે મરવા પડેલા ઘરડા બળદને ચિતરાવ્યો. તેના કાનમાં શ્રી નવકાર મહામંત્રને સંભળાવનાર તે પુરૂષને તેવા જ આકારમાં ચિતરાવ્યો અને પાસે ઉભેલા પલાણવાળા ઘોડાને પણ તેવી જ રીતે ચિતરાવ્યો. ચિત્ર એવું આબેહૂબ બનાવ્યું કે, એ ચિત્ર સાથે સંબંધ ધરાવનારને એ વિચારમુગ્ધ બનાવ્યા વિના ન રહે.

આ પછી ત્યાં ચોકીદારોને મૂક્યા. ચોકીદારોને કહી રાખ્યું કે, આ ચિત્રને જોનારાઓ તરફ તમારે પૂરતી નજર રાખવી અને જે કોઈ આદમી આ ચિત્રના પરમાર્થને પામી જઈને જોતો જણાય, તે આદમીના સંબંધમાં તમારે તરત જ મને ખબર આપવી.

ઉપકારીઓને શોધી કાઢવા માટે કેટલા અને કેવો પ્રયત્ન ? વિચારવા જેવી વાત છે ને ? ઉપકાર કેટલા ? શ્રી નવકાર મંત્ર સંભળાવ્યો એટલો જ ને ? એક નવકારદાતાને શોધવાનો આટલો પ્રયત્ન હોય ? જરૂર હોય, આથી અધિક પ્રયત્ન પણ શક્ય હોય તો હોય, પણ તે ક્યારે ? શ્રી નવકાર મંત્ર તરફ સદ્ભાવ પેદા થાય ત્યારે. વિચાર કરો કે, 'આપણને નવકારદાતા તરફ સદ્ભાવ છે !' જ્યાં સુધી વસ્તુ પ્રત્યે સદ્ભાવ ન જાગે, ત્યાં સુધી તે વસ્તુ દેનાર તરફ સદ્ભાવ ન પ્રગટે એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ જ નથી.

### શ્રી નવકાર મહામંત્ર ફળે કોને ?

શ્રી નવકાર મહામંત્ર, એ શું છે ? શ્રી અરિહંતાદિક પાંચ પરમેષ્ઠીઓને નમસ્કાર અને તેના ફળનું વર્ણન પાંચને નમસ્કાર પછી શું આવે છે ?

'एसो पंचनमुक्कारो, सव्व पावप्पणासणो ।'

શ્રી અરિહંતાદિક પાંચને કરેલો નમસ્કાર કેવો છે ? સર્વ પાપોનો નાશ કરનારો છે. અને એ નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનારો છે. માટે જ સર્વ મંગલોમાં પ્રથમ મંગલ તરીકેની એની ગણના છે. આવો મંત્ર ફળે કોને ? પાપરસિકને જેવો ફળવો જોઈએ તેવો ન ફળે. આવા મંત્ર તરફ જેવો સદ્‌ભાવ જાગવો જોઈએ તેવો સદ્‌ભાવ તેના જ અંતરમાં જાગે, કે જેના અંતરમાં પાપનો ડર હોય. પાપનો કંપ હોય. પાપભીરૂ આત્માને ખ્યાલ આવી જાય તો આ મંત્ર એને સંસારસાગરથી નિસ્તાર પમાડયા વિના ન રહે. એજ રીતે પાપરસિક બનીને જે કોઈ આની આશાતના કરે તેનો ભયંકર રીતે દુર્ગતિઓમાં ભટકતાં ભટકતાં ક્યારે પાર આવે તે કહી શકાય નહિ. પાપનાશક વસ્તુની પાપબુદ્ધિએ આરાધના કરવી, એ પણ એક પ્રકારની એની આશાતના છે. આજે કેટલાકો કહે છે કે, 'નવકાર ઘણા ગણ્યા, પણ ફળ કાંઈ જ ન મળે !' એવાઓને કહેવું પડે કે, ભાઈ એ તો વિચાર કે. તેં ગણીને આરાધના કરી કે આશાતના ? કઈ બુદ્ધિએ ગણતો હતો ?' ખરેખર, જે આત્માઓ પાપબુદ્ધિનો ત્યાગ કરવાની ભાવનાવાળા છે પાપથી ડરનારા છે, પાપથી બચવાની ભાવનાવાળા છે, તેમને જ શ્રી નવકાર મહામંત્ર, જેવી રીતે ફળવો જોઈએ તેવી રીતે ફળે છે.

## પદ્મરુચિનો મિલાપ

વૃષભધ્વજ તો ચૈત્ય બનાવરાવીને, ચિત્ર ચિતરાવીને અને ચોકીદારોને રોકીને પોતાના સ્થાને ચાલ્યો ગયો. એ પછી કોઈ એક વેળાએ શ્રેષ્ઠીપુંગવ પદ્મરુચિ ત્યા ચૈત્યના દર્શન-વંદન માટે આવી પહોંચે છે. શ્રી અરિહંત પરમાત્માના બિમ્બને નમસ્કાર કર્યા બાદ, પરમ શ્રાવક એવા તે પદ્મરુચિએ પેલા ચિત્રને જોયું. ચિત્રને જોતાંની સાથે જ તે વિસ્મય સાથે બોલી ઉઠે છે કે, 'આ સર્વ મને જ લાગુ પડે છે !'

વૃષભધ્વજ રાજકુમારના ચોકીદારો એ સાંભળે છે અને તરત જ એ વાતની વૃષભધ્વજને ખબર પહોંચાડે છે. વૃષભધ્વજ પણ વિના વિલંબે ત્યાં આવી પહોંચે છે અને પદ્મરુચિને પૂછે છે કે, 'શું તમે આ ચિત્રમાં આલેખવામાં આવેલા વૃતાન્તને જાણો છો ?'

પદ્મરુચિ કહે છે કે, 'કેટલાક સમય પહેલાં, મરતાં એવા આ બળદને મેં શ્રી નવકાર મહામંત્રનું દાન કરેલું એ વાતને જાણતા એવા કોઈએ આ ચિત્રમાં મને આલેખ્યો છે.'

પદ્મરુચિના મુખેથી આટલો ખુલાસો સાંભળતાંની સાથે જ વૃષભધ્વજ રાજકુમાર તેને નમસ્કાર કરે છે અને કહે છે કે, 'જે આ ઘરડો બળદ છે, તે જ હું શ્રી નવકાર મહામંત્રના શ્રવણના પ્રભાવથી રાજપુત્ર બન્યો છું. તો પણ હું તે વખતે તિર્યંચ યોનિમાં હતો અને જો કૃપાળુ એવા તમે મને શ્રી નવકાર મહામંત્ર ન આપ્યો હોત તો હું કઈ યોનિમાં જાત ? આથી સર્વ પ્રકારે કરીને તમે જ મારા ગુરૂ છો, તમે જ મારા સ્વામી છો અને તમે જ મારૂ દૈવત છો, તો તમે આ વિશાળ રાજ્યને ભોગવો. આ રાજ્ય મારું હોવા છતાંપણ તમારું જ દીધેલું છે'

આ બધું રાજ્યનો માલિક બોલે છે, પદ્મરુચિ તો એનો પ્રજાજન ગણાય ને ? પણ અત્યારે વૃષભધ્વજ પદ્મરુચિને પ્રજાજન તરીકે નથી જોતો. એ તો એને મહા ઉપકારી તરીકે જ જૂએ છે.

### કૃતઘ્નતાને ટાળીને કૃતજ્ઞ બનો

વૃષભધ્વજની આ જાતની વૃત્તિ અને પ્રવૃત્તિ પ્રશંસા જ માગી લે છે ને ? કોઈપણ ગુણાનુરાગી વૃષભધ્વજની આવી ઉત્તમદશાની અનુમોદના અને પ્રશંસા કર્યા વિના રહી શકે નહિ. આવા પ્રસંગોને તો એવા યાદ રાખી લેવા જોઈએ, કે જેથી કૃતઘ્નતા આપણા હૈયાને ય સ્પર્શી શકે નહિ. કૃતઘ્નતા હૈયાને ય સ્પર્શે નહિ, પછી કૃતઘ્નપણાની પ્રવૃત્તિ હોય જ શાની ? કૃતઘ્નતા જાય અને કૃતજ્ઞતા આવે, તે માટે આવાં આવાં ઉદાહરણોનો વાંરવાર વિચાર કરવો. પહેલાં તો ઉપકારી

પ્રત્યે સદ્ભાવ જાગવો મુશ્કેલ. ઉપકારી પ્રત્યે સદ્ભાવ જાગ્યા પછી પણ ઉપકારીના દર્શનાદિની ઇચ્છા થવી મુશ્કેલ. ઉપકારીના દર્શનાદિની ઇચ્છા થયા પછી પણ ઉપકારીને શોધી કાઢવાનો પ્રયત્ન થવો એ મુશ્કેલ અને એ પ્રયત્ન થાય તથા ઉપકારીનો ભેટો પણ થાય. તો ય એ ઉપકારીનો નિખાલસપણે ઉપકાર માની એના ઉપકારથી મળેલું ફળ એને સમર્પી દેવાને તૈયાર થવું એ મુશ્કેલ. કૃતઘ્ન મનોવૃત્તિ જાય નહિ અને કૃતજ્ઞ મનોવૃત્તિ પ્રગટે નહિ, ત્યાં સુધી મહાઉપકારીના પણ ઉપકારને સમજી શકાય અને એ ઉપકારના બદલા રૂપે કાંઈક ને કાંઈક, પોતાની શક્યતા મુજબ કરી છૂટવાની ભાવના જાગે એ શક્ય નથી. અહીં તો, ઉપકારીના ચરણે સર્વસ્વનું સમર્પણ કરી દેવાને વૃષભધ્વજ તૈયાર થયો અને પદ્મરુચિ પણ તેના આગ્રહને સર્વ પ્રકારે ઠેલી શક્યો નહિ.

**સભા** : રાજ્ય લઈ લીધું ?

**પૂજ્યશ્રી** : પદ્મરુચિ શ્રાવક કાંઈ રાજ્યનો લોભી નહિ હતો કે પોતે કરેલી કૃપાનો આવો બદલો મેળવવાની ભાવનાવાળો પણ નહિ હતો. આ તો વૃષભધ્વજનો અતિશય આગ્રહ હતો. એટલે પદ્મરુચિ તેની સાથે રહેવા લાગ્યો. વૃષભધ્વજ એવી રીતે વર્તવા લાગ્યો કે, એ બન્ને વચ્ચે કોઈપણ પ્રકારની ભિન્નતા ન હોય. આ રીતે પરમશ્રાવક પદ્મરુચિની સાથે એકમેકપણે રહેતો તે વૃષભધ્વજ. શ્રાવકનાં વ્રતોનું પાલન કરતાં કરતાં જીવન વ્યતીત કરવા લાગ્યો. શ્રાવકની સાથે વસનાર કેવો બને ? પેલો શ્રાવક બને કે શ્રાવકપણાને તજે ? શ્રાવકે તો એવી રીતે વર્તવાને પ્રયત્નશીલ બનવું જોઈએ. કે જેથી જે કોઈ લાયક આત્મા એના પરિચયમાં આવે. તે ધર્મસન્મુખ અને ધર્મનો આરાધક બન્યા વિના રહે નહિ. શ્રાવકના આચાર-વિચાર એવા હોય કે, એના સમાગમમાં આવતાં યોગ્ય તિર્યંચો પણ માર્ગને પામી જાય.

### આપણે એ સ્થિતિમાં મુકાઈએ તો શું કરીએ ?

આમા તમારે તમારી જાતનો પણ વિચાર કરવા જેવો છે. તમે વૃષભધ્વજના જેવી સ્થિતિમાં મુકાયા હો તો શું કરો ? અને

પદ્મરુચિના જેવી સ્થિતિમાં મુકાયા હો તો શું કરો ? વૃષભધ્વજના જેવી સ્થિતિમાં આપણે મુકાયા હોઈએ,તો આપણને ઉપકારીનો ઉપકાર યાદ આવે ? ઉપકારીના દર્શનનું મન થાય ? ઉપકારીને ઓળખતા ન હોઈએ તો બનતા પ્રયત્ને ઉપકારીને શોધી કાઢવાની ભાવના થાય, એવી ભાવના થાય તો ય એનો અમલ થાય, અને જ્યારે ઉપકારી મળી જાય તે વખતે, નમસ્કાર કરીને વૃષભધ્વજે જે કહ્યું તેવું કહેવાને તથા તે મુજબ વર્તવાને આપણે તૈયાર થઈએ ખરા? એ જ રીતે પદ્મરુચિના જેવી સ્થિતિમાં આપણે મુકાયા હોઈએ, પદ્મરુચિ જેટલા શ્રીમંત હોઈએ, તો રસ્તે ચાલતાં જનાવરને મરવા પડેલું જોઈને, વાહનનો ત્યાગ કરી તેની પાસે જઈ તેના કાનમાં શ્રી નવકાર મહામંત્ર સંભળાવવાનું આપણને મન થાય ? જેના ઉપર આપણે ઉપકાર કર્યો હોય, તે પોતાનું રાજ્ય આપવાને તત્પર બની જાય તો આપણને લેવાનું મન થઈ જાય કે નહિ ? તેમજ રાજાની સાથે વસતાં આપણને ભોગસુખો ભોગવવાનું મન થાય કે આપણે જાતે શ્રાવકધર્મના પાલનમાં સ્થિર રહીને સામાને શ્રાવકધર્મના પાલનમાં ઉદ્યમશીલ બનાવીએ ? આવી આવી રીતે આપણે આપણી દશાનો વિચાર કરવો જોઈએ. આ શ્રવણ શા માટે છે ? દોષ કાઢવા માટે અને ગુણ પ્રગટાવવા માટે ને ? અવસરે અવસરે આપણે આપણી દશાનું વિવેકપૂર્વક નિરીક્ષણ ન કરીએ તો, આપણા દોષ જાય શી રીતે અને આપણામાં ગુણો પ્રગટે શી રીતે ? આપણે આપણી દશાનો તો હરવખત વિચાર કરવો જ જોઈએ.

### પદ્મરુચિ અને વૃષભધ્વજ રામઅને સુગ્રીવ

હવે આગળ શું બન્યું, તેનું વર્ણન કરતાં કેવળજ્ઞાની શ્રી જયભૂષણ મહર્ષિ ફરમાવે છે કે, પદ્મરુચિ અને વૃષભધ્વજ એ બન્નેય પુણ્યાત્માઓ લાંબા કાળ સુધી શ્રાવકપણાને સારી રીતે પાળીને મરણ પામ્યા અને મરણ પામેલા તે બન્ને ઈશાન કલ્પમાં પરમર્દ્ધિક દેવો તરીકે ઉત્પન્ન થયા. ઈશાન કલ્પમાં પરમર્દ્ધિકદેવ તરીકેની સંપદાઓ ભોગવ્યા બાદ, પદ્મરુચિનો જીવ ત્યાંથી ચ્યવીને નંદાવર્ત નામના

નગરમાં ઉત્પન્ન થયો. મેરૂપર્વતની પશ્ચિમબાજુએ આવેલા વૈતાઢ્યગિરિ ઉપર એ નગર હતું અને ત્યાં તે વખતે નંદીશ્વર નામનો રાજા રાજ્ય કરતો હતો. એ નંદીશ્વર રાજાની કનકપ્રભા નામની રાણી હતી. તેની કુક્ષિથી તે પદ્મરુચિનો જીવ ઉત્પન્ન થયો અને તેનું નયનાનંદ એવું નામ રાખવામાં આવ્યું. તે નયનાનંદે કેટલાક કાળ રાજ્ય ભોગવ્યા પછીથી પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને જીવનના અંતકાલ પર્યન્ત પ્રવ્રજ્યાનું પાલન કરીને નયનાનંદનો જીવ માહેન્દ્ર નમના દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

ધનદત્તમાંથી દેવતા બન્યા બાદ પદ્મરુચિ બનેલો અને પદ્મરુચિમાંથી દેવતા બન્યા બાદ નયનાનંદ બનેલો તે જીવ, માહેન્દ્ર દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને ચ્યવ્યો અને પૂર્વવિદેહમાં આવેલી ક્ષેમાપુરી નામની નગરીમાં તે નગરીના રાજા વિપુલવાહનને ઘેર, વિપુલવાહનની પદ્માવતી નામની રાણીની કુક્ષિથી જન્મ્યો. શ્રીચંદ્ર એવું તેનું નામ રાખવામાં આવ્યું. અહીં પણ કેટલાક વખત રાજ્ય ભોગવીને, તે શ્રી ચન્દ્રે સમાધિગુપ્ત નામના એક મુનિવરની પાસે દીક્ષા ગ્રહણ કરી. દીક્ષાનું પાલન કરીને આયુષ્યને પૂર્ણ કરીને તે બ્રહ્મલોક નામના દેવલોકમાં ઇન્દ્ર તરીકે ઉત્પન્ન થયો.

ત્યાંથી ચ્યવીને પદ્મરુચિનો જીવ, મહાબલવાન બલભદ્ર એવા આ શ્રીરામચંદ્રજી તરીકે ઉત્પન્ન થયો છે અને વૃષભધ્વજનો જીવ પણ ક્રમે કરીને આ સુગ્રીવ બન્યો છે.

**સભા** : વૃષભધ્વજના પછીના ભવોનું વર્ણન ન કર્યું ?

**પૂજ્યશ્રી** : ઇશાનકલ્પ પછી એ બંનેનો મેળાપ ન થયો અને એથી તેનું વર્ણન કરવાની જરૂર ન લાગી હોય તે શક્ય છે. પૂર્વભવોના વર્ણનમાં, મોટે ભાગે ટૂંકમાં જરૂર પૂરતી હકીકત કહેવાય. વળી શ્રી બિભીષણનો પ્રશ્ન અત્યંત રાગના કારણને લગતો હતો અને એ વાત તો બળદ તથા વૃષભધ્વજ તરીકેના ભવના સંબંધથી કહેવાઈ જ છે.

## સુંદર સામગ્રીઓનો પુરેપુરો લાભ લેવો જોઈએ

આપણે અહીં એ વિચારવું જોઈએ કે, એક વાર અચાનક પણ સુસાધુઓનો યોગ થઈ જવાથી ધનદત્તના આત્માને કેટલો બધો લાભ થયો ? ધનદત્તની શરૂઆત કેવી ? ભૂખ્યે પેટે ભટકતો હતો, એમાં રાત્રિના વખતે સાધુઓને જોયા, સાધુઓને જોતાં તેમની પાસે ભોજનની યાચના કરી, સાધુઓએ તેને ધર્મનો ઉપદેશ આપ્યો, એ ઉપદેશ ધનદત્તના હૈયામાં અમૃતના સિંચન જેવો નિવડ્યો, એ શ્રાવક બન્યો અને તે પછી તો તે કેવી કેવી ઉચ્ચ દશાને પામ્યો, એ આપણે જોયું.

એકવાર યોગ્ય આત્માને જો ઉત્તમ આલંબન મળી જાય અને સારી રીતે ફળી જાય, તો પ્રાયઃ આવી ઉન્નત પરંપરા પ્રાપ્ત થવી એ સ્વાભાવિક છે. કોઈ તેવી ભવિતવ્યતા હોય અને તેવાં કોઈ નિમિત્તો મળતા પતન થઈ જાય એ જુદી વાત છે, પરંતુ મોટાભાગે તો સારી ભવિતવ્યતા હોય તો આત્મા જેમ જેમ કાળ જતો જાય તેમ તેમ ઉન્નત ઉન્નત દશાને પામતો જાય. આપણે આવી પરંપરાના અર્થી ખરા કે નહિ ?

આપણને આવી પરંપરા મેળવવાની ઇચ્છા ખરી ? આવી પરંપરા મેળવવા માટે અત્યારે આપણને ઘણી જ ઉત્તમ સામગ્રી મળી છે. મનુષ્યભવ તો મળ્યો છે, પણ તે આર્યદેશમાં, આર્યજાતિમાં અને પાછો જૈન કુળમાં મળ્યો છે, આપણા પરમ સદ્‌ભાગ્યે આપણને શુદ્ધદેવ, શુદ્ધગુરૂ અને શુદ્ધધર્મની સુંદર સામગ્રી પ્રાપ્ત થઈ છે. આટલી બધી એકએકથી ચઢિયાતી અને પરમપુણ્યોદય વિના ન મળે એવી સામગ્રી આપણને પ્રાપ્ત થઈ ગઈ છે. હવે તો આપણે આપણું ભવિષ્ય કેવું સર્જવા માગીએ છીએ, એનો વિચાર કરવાનો છે. ધનદત્તે પોતાનું ભવિષ્ય જેવું સર્જ્યું, એથી પણ વધારે સુંદર ભવિષ્ય સર્જવાની આપણી ભાવના હોવી જોઈએ. આ સામગ્રીનો પૂરેપૂરો લાભ ઉઠાવી લેવાની આપણી તીવ્ર આકાંક્ષા હોવી જોઈએ.

**સભા** : એટલું સદ્ભાગ્ય ક્યાંથી લાવવું ?

**પૂજ્યશ્રી** : ધનદત્ત કરતાં તમારું ભાગ્ય ઉતરતું છે એમ તમે માનો છો ? એના ભાગ્યે તો એને ભૂખ્યે પેટે ભટકતો બનાવ્યો હતો. એ હાલતમાં પણ એને સુસાધુઓનો યોગ ફળ્યો, તો તમને શા માટે ન ફળે ? આપણી ભવિવ્યતા સારી નથી, એમ આપણે શા માટે માની લેવું જોઈએ ? આપણે પ્રયત્નશીલ બનીએ, તો આપણે આપણી ભવપરંપરાને ઉન્નત બનાવી શકીએ અને અલ્પકાળમાં જ મુક્તિ પામીએ એમ માનીને જેમ બને તેમ વધારે ઉદ્યમશીલ બનવું જોઈએ. આવી ઉત્તમ તકો જીવ ને ઘડીએ ઘડીએ મળે છે, એમ? ઉત્તમ તક મળ્યા પછી સદુપયોગ ન થાય અને દુરૂપયોગ થાય, તો ફરી કેટલા કાળે ઉત્તમ તક મળે એ કહી શકાય નહિ. બજારમાં કમાવાની અને તે પણ દરિદ્રીમાંથી મોટા શ્રીમંત બની જવાની તક રોજ મળે છે ? કોઈકવાર એવી તક મળે છે. એવી તક મળી અને એનો જેવો ઉપયોગ કરવો જોઈએ તેવો ઉપયોગ કરતાં ન આવડયું તો ?

**સભા** : દરિદ્રતા રહે અને રોજ સંતાપ થાય.

**પૂજ્યશ્રી** : તેમ અહીં પણ સમજવું જોઈએ. આર્યદેશાદિ સામગ્રીથી સહિત મનુષ્યભવ મળ્યો છે. એ જેવી-તેવી ઉત્તમ તક નથી. આ જીવનની એક ક્ષણને પણ એળે ગુમાવી શકાય નહિ, એવું કિંમતી જીવન છે. કિંમતી હીરાના દાગીનાઓમાંથી એક હીરો પડી જાય તો ય કેટલું દુઃખ થાય ?

**સભા** : ઘણું જ.

**પૂજ્યશ્રી** : માણસ એને શોધવાનો કેટલો પ્રયત્ન કરે ? ક્યાં ક્યાં પડયો હશે એની કલ્પના કરે અને જ્યાં જ્યાં પડયો હોવાની સંભાવના લાગે ત્યાં ત્યાં શોધ ચલાવે. ધૂળને પણ ઉથામે અને

કાદવમાં પણ હાથ નાખે. એ કિંમતીમાં કિંમતી હીરા કરતાં પણ મનુષ્યજીવનની એક ક્ષણ વધારે કિંમતી છે. આત્માને એક ક્ષણનો પણ પ્રમાદ સાલવો જોઈએ. એ દશા પેદા થઈ જાય, તો ઉન્નત પરંપરાવાળું ભવિષ્ય સર્જાવું, એ કાંઈ બહુ મોટી વાત નથી. આપણી તથાપ્રકારની રુચિ અને તૈયારી હોવી જોઈએ.

### એકવાર ગાડું ચીલે ચઢી જવું જોઈએ

આપણે એક તરફ વસુદત્ત, શ્રીકાન્ત અને ગુણવતી એ ત્રણેયની ભવપરંપરા જોઈ અને બીજી તરફ ધનદત્ત તથા ઘરડા બળદના જીવની ભવપરંપરા પણ જોઈ. વસુદત્ત, શ્રીકાન્ત અને ગુણવતી તિર્યંચપણાને પામ્યાં અને તે પછી પણ સંસારમાં દુર્ગતિઓમાં ભટકવા લાગ્યાં, જ્યારે ધનદત્ત અને વૃષભધ્વજ દેવલોકને પામ્યા અને સારી ગતિઓમાં સુખ ભોગવતા ભોગવતાં વિશેષ વિશેષ આરાધના કરવા લાગ્યા.

આ બન્ને ય બાબતોનો વિચાર કરવામાં આવે, તો આપણને એમ થઈ જાય કે, અત્યારે આપણને તક મળી છે, તેનો લાભ લેવામાં ચૂકવા જેવું નથી. આ જીવનથી આપણા આત્માનું ગાડું ચીલે ચઢી જાય, એવું આપણે કરવું જોઈએ. ગાડું ચીલે ચઢ્યા પછી ધ્યાન તો રાખવું જ પડે, પણ એકવાર ગાડું ચીલે ચઢે એટલે સાવચેત આત્માની ગતિ સીધે સીધી થયા કરે. એમ કરવા છતાં ભવિતવ્યતાના યોગે બીજું કાંઈ બનશે તો તેની વાત તે વખતે, પણ અત્યારે તો આપણે ચીલે ચઢી જવું જોઈએ ને ? આત્મા એકવાર ચીલે ચઢી ગયો, પછી કદાચ આડો-અવળો ફસી જાય તોય તેને ફરી ચીલો મળ્યા વિના રહે નહિ. આ ભવમાં તો આપણે ધનદત્તની માફક ચીલે ચઢી જવાનો જ ઉદ્યમ કરવો જોઈએ. ભૂખ્યે પેટે ભટકતાં ભટકતાં ભોજનની યાચના કરવા આવેલો તે, સુસાધુઓના ઉપદેશમાં રુચિવન્ત બન્યો અને મુક્તિસાધક ધર્મના ચીલે ચઢ્યો, તો પરિણામ એ આવ્યું કે, છેલ્લે

છેલ્લે તે શ્રીરામચંદ્રજી તરીકે જન્મ્યો અને આપણે આગળ ચાલતાં જોઈશું કે, તે જીવની આ ભવમાં જ મુક્તિ થશે. એવું સાંભળતાં આપણને જો આપણી ભવપરંપરાને સુધારવાનું મન ન થાય, તો આપણે કેટલા બધા અયોગ્ય છીએ અને આપણી ભવિતવ્યતા કેટલી બધી વિષમ છે, એનો વિચાર કરવો રહ્યો.

હવે શ્રી જયભૂષણ નામના તે કેવળજ્ઞાની મહર્ષિ, દુર્ગતિઓમાં ભ્રમણ કરવામાં પડેલા શ્રીકાંત,વસુદત્ત અને ગુણવતીના જે જીવો, તેમનું છેવટ શું થયું ? એ દર્શાવતા ફરમાવે છે કે, શ્રીકાન્તનો જીવ દીર્ઘકાળ પર્યન્ત ભવભ્રમણ કર્યા પછીથી, મૃણાલકન્દ નામના નગરમાં, શંભુ નામના રાજાની હેમવતી નામની રાણીની કુક્ષીથી પુત્રપણે ઉત્પન્ન થયો અને તેનું વજ્રકંઠ એવું નામ સ્થાપવામાં આવ્યું. વસુદત્તનો જીવ પણ દીર્ઘકાળ પર્યંત ભવભ્રમણ કર્યા પછીથી, મૃણાલકન્દ નામના તે જ નગરમાં શંભુ રાજાના વિજય નામના પુરોહિતને ઘેર રત્નચૂડા નામની તે પુરોહિતની પત્નીની કુક્ષિથી પુત્રપણે ઉત્પન્ન થયો અને તેનું શ્રીભૂતિ એવું નામ સ્થાપિત કરવામાં આવ્યું.

હવે ત્રીજો જે ગુણવતીનો જીવ, તે પણ દીર્ઘકાળ પર્યન્ત ભવભ્રમણ કર્યા પછીથી, મૃણાલકન્દ નામના તે જ નગરમાં વસુદત્તનો જીવ જે શ્રીભૂતિ નામના પુરોહિતપુત્ર તરીકે જન્મ્યો છે, તે શ્રીભૂતિની સરસ્વતી નામની ભાર્યાની કુક્ષિથી પુત્રીપણે ઉત્પન્ન થયો અને તેનું વેગવતી એવું નામ રાખવામાં આવ્યું. આ તો સંસાર છે. કોઈ ભવમાં ભાભી હોય, તો કોઈ ભવમાં પુત્રી પણ હોય !



# મુનિને વેગવતીનું કલંકદાન

## ૮

શ્રી જયભૂષણ કેવળીએ વર્ણવેલી પૂર્વભવકથાઓમાં દુર્ગતિમાં ભ્રમણ કરી રહેલા શ્રીકાંત-વસુદત્ત અને ગુણવતીના જીવોનું શું થયું ? તે વર્ણવતાં ક્રમસર વજ્રકંઠ-શંભુરાજા અને વેગવતી તરીકેના અવતાર વર્ણવાયા છે.

જેમાં વેગવતીએ ઉપહાસમાં એક મહાસંયમી મુનિવર ઉપર કલંક ચઢાવ્યું, શંભુરાજાએ તેના ઉપર બળાત્કાર કર્યો, તેણે તે રાજાને શ્રાપ આપ્યો, ભવાંતરમાં શંભુરાજા જ રાવણ અને વેગવતી સીતાદેવી થઈ વિગેરે વર્ણનમાં સાચી પણ કોઈની વાત કરવામાં નિન્દાનો રસ ન પોષાય તેની કાળજી લેવા સાથે કોઈની પણ વાતની બરાબર તપાસ કર્યા વિના બોલવાથી થતા દોષનું વિસ્તૃત વર્ણન કરાયું છે.

શ્રી લક્ષ્મણજી, શ્રી બિભીષણ, લવણ-અંકુશ, સિદ્ધપુત્ર આદિનો પરિચય અપાયો છે. શ્રી કૃતાન્તવદનની દીક્ષાના સ્વીકાર સુધીની વિસ્તૃત વાર્તા આ પ્રકરણમાં સમાવાઈ છે. જે પ્રવચનકારશ્રીના શબ્દોમાં માણવા જેવી છે.

-શ્રી

# મુનિને વેગવતીનું કલંકદાન

- દોષિતનો પણ ઢેડ ફજેતો કરવાથી ઘણી ઘણી હાનીઓ થાય છે
- પાપી આત્માઓ પ્રત્યે દયાભાવ હોવો જોઈએ
- ધર્મ પામવાને લાયક આત્મા પણ દેવ-ગુરુ-ધર્મની નિન્દા ન સાંભળી શકે
- ગુણ-દુર્ગુણની વાત કેવી રીતે ઝીલાય છે?
- સજ્જનોની નિન્દામાં લોકોને વધારે રસ હોય છે
- વેગવતીની જૂઠ્ઠી પણ વાતથી લોકોએ નિર્દોષ મુનિવરને રંજાડ્યા
- નિર્દોષ શ્રી સુદર્શન મુનિવરે કરેલો અભિગ્રહ
- ધર્મી ગણાતા જીવોની જોખમદારી ઘણી છે
- વેગવતીએ પોતાના અપરાધની ક્ષમા માંગી
- વેગવતી માટે મિથ્યાદૃષ્ટિ રાજાની માંગણી અને સમ્યગ્દૃષ્ટિ શ્રીભૂતિનો ઈન્કાર
- સમ્યગ્ધર્મ પ્રત્યે આદરવાળા માતા-પિતાની ફરજ શી?
- શ્રીભૂતિની હત્યા, વેગવતી ઉપર બળાત્કાર અને વેગવતીનો શ્રાપ
- વેગવતીએ દીક્ષા ગ્રહણ કરી
- વેગવતીનો જીવ શ્રીમતી સીતા તરીકે
- શંભુ રાજા શ્રી રાવણ તરીકે
- શ્રીકાન્તના જીવસંબંધી મતભેદ અને સ્પષ્ટતા
- બિભીષણ કોણ ?
- શ્રી લક્ષ્મણજી કોણ ?
- અનંગસુંદરી વિશલ્યા તરીકે
- ગુણધર ભામંડલ તરીકે
- લવણ, અંકુશ અને સિદ્ધપુત્ર સિદ્ધાર્થના પૂર્વભવોનો સંબંધ
- કૃતાન્તવદને દીક્ષા ગ્રહણ કરી
- આપણી દશાનો વિચાર અવશ્ય કરવો જોઈએ.
- સુંદર ભાવજીવન પામવાની તાલાવેલી જોઈએ

૯

# મુનિને વેગવતીનું કલંકદાન

અહીં યાદ રાખવાનું છે કે, ગુણવતીનો જીવ જે વેગવતી તરીકે જન્મ્યો છે, તે જ શ્રીમતી સીતાજીનો જીવ છે. નિર્દોષ એવાં પણ શ્રીમતી સીતાજી કયા કારણે કલંકના અતિથિ બન્યાં, તે વાત હવે કહે છે, કે તે વેગવતી જ્યારે યૌવનવયને પામી, તે વખતે કોઈ એક વેળાએ શ્રી સુદર્શન નામના એક મુનિવરને તેણે જોયા. એ મુનિવર પ્રતિમામાં સ્થિત હતા અને લોકો તે મુનિવરને ઘણા ભાવથી વંદન કરતા હતા. એ જોઈને વેગવતીને ઉપહાસ કરવાનું મન થઈ ગયું. તે ઉપહાસપૂર્વક બોલી કે, 'અહો, આ સાધુને તો મેં પૂર્વે એક સ્ત્રીની સાથે ક્રીડા કરતા જોયો છે અત્યારે તેણે પેલી સ્ત્રીને અન્યત્ર મોકલી દીધી છે : તો હે લોક ! તમે આવા વેષધારીને કેમ વંદન કરો છો ?'

**દોષિતનો પણ ઢેડ ફજેતો કરવાથી ઘણી ઘણી હાનિઓ થાય છે**

વેગવતીએ ઉપહાસ કરતાં કેવી ભયંકર વાત કહી નાંખી ? મુનિવર નિર્દોષ છે, મોક્ષસાધનામાં લીન છે, વેગવતીનું એમણે કશું જ બગાડ્યું નથી, છતાં વેગવતીએ એ મુનિવરને શિરે કારમું કલંક મઢી દીધું !

**સભા** : આમ કરવું જ ભયંકર કહેવાય.

**પૂજ્યશ્રી** : આમ કરવું, એ ઘણું જ ભયંકર કહેવાય એની ના નથી, પણ આજે કહેવાતા સુધારકો અગર ધર્મદ્વેષીઓ જે જાતિનો પ્રચાર કરી રહ્યા છે, તે જોતાં એમાં આશ્ચર્ય પામવા જેવું પણ કાંઈ નથી.

**સભા** : વેગવતીને આવી કલ્પના કરવાને કોઈ નિમિત્ત મળ્યું હશે ?

**પૂજ્યશ્રી** : નહિ જ, કારણકે, ગ્રંથકાર પરમર્ષિ જ, ઉપહાસ કરવાનું તેને મન થયું, એમ ફરમાવે છે. આજના લોકોની વાતમાં આપણે તેવી કલ્પના કરીને પણ વિચાર કરીએ, તો ય આવું આળ મૂકી શકાય, એમ કોઈ જ ડાહ્યો માણસ નહિ કહે. આવી કલ્પના કરવાને આપણને નિમિત્ત મળી જાય, તો ય તપાસ તો કરવી જોઈએ ને ? પૂરતી તપાસ કરીને વાતમાં શું તથ્ય છે એની ખાત્રી તો કરી લેવી જોઈએ ને ? એથી પણ આગળ વધીને આપણે વિચાર કરીએ કે, પૂરતી તપાસ કરી અને એના પરિણામે મુદ્દા સાથે હકીકત જાણવામાં આવી, પણ તેથી આવો ઢેડફજેતો કરાય ? મુનિવરની નિન્દા સાથે શાસનની નિન્દા થાય કે નહિ ? શાસનની નિન્દા થવા સાથે દોષિત મુનિના આત્માનું કારમું અહિત પણ થઈ જાય ને ?

**સભા** : એય બનવાજોગ છે, પણ મુનિવેષમાં એવું પાપ આચરે તે કેમ સહી શકાય ?

**પૂજ્યશ્રી** : તો એ કહો કે ઢેડ ફજેતો કરવાથી શો ફાયદો થાય ?

**સભા** : એવા પાપીઓના સંસર્ગથી અનેક આત્માઓ બચી તો શકે ને ?

**પૂજ્યશ્રી** : પણ શાસનની નિન્દા થાય, એથી અનેક બાળજીવોના માર્ગમાં અન્તરાય પડે કે નહિ ? માર્ગસન્મુખ બનેલા આત્માઓમાંના કેટલાક માર્ગવિમુખ દશા પામે એમ બને કે નહિ ?

પરમતારક મુનિમાર્ગ પ્રત્યે લોકમાં સદ્‌ભાવને બદલે દુર્ભાવ પ્રગટે એમ બને કે નહિ ? તેમજ દોષિત આત્મા પણ દોષમુક્ત બનવાને બદલે ઘોર અધ:પતનને પામે એમ પણ બને કે નહિ ? ઢેડ ફજેતામાં લાભ વધારે કે હાનિ વધારે ?

**સભા** : આમ તો હાનિ વધારે.

**પૂજ્યશ્રી** : ઢેડ ફજેતાથી લાભ થવાનો સંભવ હોય તો ય નહિ જેવો છે અને કારમો ગેરલાભ નિશ્ચિત છે.

## પાપી આત્માઓ પ્રત્યે દયાભાવ હોવો જોઈએ

**સભા** : ત્યારે એવા વખતે કરવું શું ?

**પૂજ્યશ્રી** : એવા ઉપાયો યોજી શકાય છે, કે જેથી શાસનની નિન્દા થાય નહિ, દોષિતમાં પણ લાયકાત હોય તો તે સુધર્યા વિના પણ રહે નહિ અને એ કદાચ ન પણ સુધરે તો ય અનેક ધર્મશીલ આત્માઓ એના સંસર્ગથી બચી જાય એવી પરિસ્થિતિ તો જરૂર ઉપસ્થિત થઈ જાય. વાત એ છે કે, એવા ઉપાયો તે જ આત્માઓને સૂઝે છે અને તે જ આત્માઓ એવા ઉપાયોનો વિવેકપૂર્વક અમલ કરી શકે છે. કે જેઓનું હૈયું શાસનરાગથી પૂર્ણ હોય છે અને મૈત્રી આદિ ભાવનાઓથી ઓતપ્રોત હોય છે. પણ ધર્મદ્વેષથી કલુષિત અને નિર્દય હોતું નથી.

પાપ પ્રત્યે જેમ ઉત્કટમાં ઉત્કટ કોટિનો તિરસ્કાર હોવો જોઈએ, તેમ પાપી આત્માઓ પ્રત્યે તેટલો જ દયાભાવ હોવો જોઈએ. જગતના જીવ માત્રના કલ્યાણની કામના હોવી જોઈએ અને જગતના કલ્યાણ માટેના એકના એક સાધનરૂપ શાસન પ્રત્યે અવિહડ રાગ હોવો જોઈએ. યોગ્ય ઉપાયો નહિ યોજતાં ઢેડ ફજેતો કરનાર કે કરાવનાર તો પવિત્ર શાસનની નિન્દા કરાવનારો અને અનેક આત્માઓને કલ્યાણમાર્ગથી વિમુખ આદિ બનાવનારો બને છે. સદાને માટે ધર્મ સૂક્ષ્મબુદ્ધિથી જાણવા યોગ્ય છે, એમ જ ઉપકારીઓએ

ફરમાવ્યું છે, તે વિના કારણ ફરમાવ્યું હશે ? એનું રહસ્ય સમજવું જોઈએ. અને ધર્મબુદ્ધિએ પણ અધર્મના ઉપાસક ન બની જવાય તેની કાળજી રાખવી જોઈએ.

**ધર્મ પામવાને લાયક આત્મા પણ દેવ-ગુરૂ-ધર્મની નિન્દા ન સાંભળી શકે.**

આ તો બધી ખરેખરા દોષિતના પ્રસંગે લગતી વાતો થઈ, પણ આજે તો ધર્મદ્વેષીઓ તરફથી તદ્દન જુઠ્ઠાં અને તે છતાં મહાકારમાં એવા પણ કલંકો સુસાધુઓને શિરે મઢી દેવાનો પ્રયત્ન ક્યાં નથી થતો ?

**સભા** : એમની વાતોમાં કશું જ સત્ય નહિ હોય ?

**પૂજ્યશ્રી** : કોઈ કોઈ કિસ્સાઓમાં આંશિક તથ્ય હોય તો તે સંભવિત છે, પણ તેમાં ય અતિશયોક્તિ તો ખરી જ અને કેટલાક કિસ્સા તો સાવ કલ્પિત ! નિર્દોષ મુનિવરોને શિરે કારમાં કલંકો અને તે પણ કાલ્પનિક કલંકો મઢી દેવાને તત્પર બનવું, એમાં કઇ માણસાઈ છે? એમાં નથી પોતાના ઉપર ઉપકાર થતો કે નથી અન્ય ઉપર ઉપકાર થતો. એથી કેવળ ગેરલાભ થાય છે અને તે પણ જેવો-તેવો નહિ.

**સભા** : એવાઓ પણ દયાપાત્ર તો ખરા ને ?

**પૂજ્યશ્રી** : જરૂર, આપણે એમજ ઇચ્છીએ કે, એ બિચારાઓનું કલ્યાણ થાય; એ બિચારાઓ પાપથી બચે અને કલ્યાણની સાધનામાં જોડાય, એવી જ આપણી ભાવના હોય, પણ એમના પાપે બીજા અનેક આત્માઓને હાનિ ન થાય, એની ય આપણને કાળજી હોય ને ? કેવળ એવાઓના કલ્યાણની ભાવના અને બીજા જીવોના કલ્યાણની ભાવના નહિ, એમ તો નહિ ને ? ધર્મને નહિ પામેલા પણ ધર્મને પામવા માટે લાયક એવા આત્મામાં પણ એ ગુણ હોય છે કે, તે ધર્મની નિન્દાને સાંભળી શકતો નથી. શક્તિ હોય તો એ ધર્મનિન્દકને ધર્મનિન્દા કરતો અટકાવે, ન અટકે તો ખસેડે અને તેવી શક્તિ ન હોય તો પોતે ખસી જાય. ધર્મને પામવાને

લાયક બનેલા આત્મામાં પણ આટલી ઉત્તમતા હોય, તો ધર્મી આત્મામાં કેટલી જોઈએ ? માતાને કોઈ ખોટી રીતે વ્યભિચારિણી કહે, તો હૈયું ચીરાય કે નહિ ?

**સભા** : માતા વ્યભિચારિણી હોય એવું કોઈ કહે તો હૈયું ચીરાય.

**પૂજ્યશ્રી** : તો પછી દેવ-ગુરૂ-ધર્મની નિન્દા કાને પડે તો ? એ વખતે હૈયામાં ચીરો પડે ખરો ? હૈયું ધર્મને લાયક કે ધર્મી હોય તો જરૂર કારમો ચીરો પડે જ.



### ગુણ દુર્ગુણની વાત કેવી ઝીલાય છે.?

**સભા** : એવા માણસોની વાતને ધ્યાનમાં જ કોણ લે છે ?

પોદળો પડે તો કંઈકને કાંઈક ધૂળ લીધા વિના ન જાય, એ શું નથી જાણતાં ? અત્યારના યુગમાં તો ધર્મ-વિરોધને લગતી વાત મઠારીને કહેતા આવડે, તો એમાં ન સપડાય એવા વિરલા જ ! પરની નિન્દામાં રસિકતા ઓછી છે ? અને તેમાં પણ કોઈક સારા ગણાતા આદમી માટેની ખરાબ વાત કાને પડી જાય તો ? એકને કાને પડેલી વાત અનેકોને કાને ગયા વિના રહે, એવું તો ભાગ્યે જ બને. લોકસ્વભાવ જ એવો હોય છે કે ગુણની વાત થોડાપણ પ્રમાણમાં ઘણી મુશ્કેલીએ ઝીલી શકે છે, જ્યારે દુર્ગુણની વાત તે મોટા પ્રમાણમાં પણ ઘણી જ સહેલાઈથી ઝીલી શકે છે. લોકના આવા સ્વભાવને સમજીને પણ, કોઈને કલંકિત આદિ તરીકે જાહેર કરતાં અટકી જવું જોઈએ અને બીજાઓને પણ તેમ કરતાં અટકાવવાના તેમજ ન અટકે તો તેમના પાપની અસર ફેલાવા ન પામે તેવા પ્રયાસો કરવા જોઈએ.

### સજ્જનોની નિન્દામાં લોકોને વધારે રસ હોય છે

**સભા** : કોઈપણ પ્રકારના નિમિત્ત વિના સાધુઓને કલંકિત તરીકે જાહેર કરનારા ઓછા.

**પૂજ્યશ્રી** : એ વાત સાચી છે કે, કોઈપણ પ્રકારના નિમિત્ત

વિના સાધુઓને કે ઉત્તમ આત્માઓને કલંકિત તરીકે જાહેર કરનારા ઓછા હોય છે. પણ એ ય વાત સાચી જ છે કે, નિમિત્ત સાચુ છે કે ખોટું એની લેશ પણ દરકાર કર્યા વિના સાધુઓને અગર ઉત્તમ આત્માઓને કલંકિત માનનારા અને કહેનારા ઘણા હોય છે. બીજી વાત એ પણ છે કે, અતિશય દુષ્ટ માણસો સજ્જનોને કલંકિત તરીકે જાહેર કરવાને માટે તદ્દન જુઠ્ઠા પણ નિમિત્તો ખડા કરી દે છે.

જેમ શ્રીમતી સીતાજીના પ્રસંગમાં આપણે જોયું હતું કે, શ્રીમતી સીતાજીની સપત્નીઓએ તેમની પાસે કૌતુકના નામે શ્રી રાવણના ચરણોનું ચિત્રણ કરાવી લીધું અને તે પછી તે શ્રીરામચંદ્રજીને બતાવ્યું તેમજ શ્રીરામચંદ્રજીએ વાતને ગણકારી નહિં એટલે શ્રીમતી સીતાજીના કલ્પિત અસતીપણાની વાત જાહરેમાં વહેતી મૂકી. એ વાત એવી ચાલી પડી કે, નગરના મૂખીઓને પણ એમાં કાંઈક તથ્ય હશે એમ લાગ્યું. એકે બીજાને કહી, બીજાએ ત્રીજાને કહી અને એમ વાત વધી પડી. ઉપકારીઓ ફરમાવે છે કે, પર માત્રની નિન્દાથી બચવું જોઈએ અને તેમાં ય ગુણસમૃદ્ધ આત્માઓની નિન્દાથી તો ખાસ કરીને બચવું જોઈએ, જ્યારે દુનિયામાં મોટેભાગે ગુણસમૃદ્ધોની નિન્દાનો વધારે રસ જોવાય છે. સામાન્ય માણસની ખરાબ વાત સાંભળી હોય તો કદાચ એ તરફ ઉપેક્ષા સેવાય, પણ સજ્જન તરીકે પંકાતા કે પૂજાતા આત્માની ખરાબ વાત કાને પડતાંની સાથે જ જીભને એટલો બધો સળવળાટ થાય કે, ક્યારે આ વાત હું અમુકને કહું ને તમુકને કહું ? દુનિયામાં બધા જ આવા નથી હોતા, પણ આવા ઘણા હોય છે. જોકે, એમાં સજ્જનોનો અશુભોદય કામ કરતો હોય છે, પણ એટલા માત્રથી જે આત્માઓ ગુણસમૃદ્ધ આત્માઓની નિન્દા કરવામાં પ્રવૃત્ત થાય છે, તેઓ ગુણસમૃદ્ધ આત્માઓની નિન્દાના તે પાપથી લેપાયા વિના રહેતા નથી. એ વાત જરા પણ ભૂલવા જેવી નથી.

### વેગવતીની જુઠી પણ વાતથી લોકોએ નિર્દોષ મુનિવરને રંજાડયા

આપણા ચાલુ પ્રસંગમાં પણ એવું બને છે કે, 'આ સાધુને તો સ્ત્રીની સાથે ક્રીડા કરતો મેં જોયો છે અને અત્યારે તેણે તે સ્ત્રીને અન્યત્ર મોકલી દીધી છે, માટે આવા સાધુને તમે કેમ નમસ્કારાદિ કરો છો?' એવું જ્યાં વેગવતીએ ઉપહાસ સાથે કહ્યું, ત્યાં તો લોકોએ એની વાતને સાચી માની લીધી. વેગવતીનાં વચનોથી સર્વ લોક એ મુનિવર પ્રત્યે તરત જ દુર્ભાવવાળો બની ગયો. સર્વ લોકો દુર્ભાવવાળા બની ગયા એટલું જ નહિ, પણ વેગવતીએ કહેલા કલંકનો ઉદ્ઘોષ કરવાપૂર્વક તેઓ તે મુનિવરને રંજાડવા લાગ્યા.

છે કાંઈ કમીના ? વેગવતીને કોઈ એટલું પણ પુછતું નથી કે, 'તે આ મુનિવરને સ્ત્રીની સાથે ક્રીડા કરતા કરતા જોયા ક્યારે ?' વળી મુનિવરને પૂછીને ખુલાસો મેળવવાને માટે પણ કોઈ થોભતું નથી. વેગવતી નજરે જોયાની વાત કરે છે અને લોક એ વાતને માની લે ! આજે જૈન ગણાતાઓમાં પણ, આ વેગવતીની જેમ નજરે જોયાની વાત કરનારાઓ જીવે છે. અહીં મુંબઈમાં એવા ય માણસો વસે છે, કે જેઓ 'ફલાણા સાધુ આવા અને ફલાણા સાધુ તેવા; ફલાણા સાધુએ અમુક ઠેકાણે આમ કર્યું અને ફલાણા સાધુએ અમુક ઠેકાણે તેમ કર્યું!' એવી એવી વાતો કરતા ફરે છે અને તે પણ એવી રીતે કે, જાણે પોતે જે વાત કરી રહ્યો છે, તે પૂરતી ખાત્રી કર્યા પછી જ કરી રહ્યો છે. આવી રીતે એ વાત કરે, છતાં કદાચ કોઈ પૂછે કે, 'પણ ભાઈ! તમે જાતે જોયું છે ?' તો વેગવતીની જેમ જાતે જોયાની જુઠ્ઠી વાત કરતાં પણ એ અચકાય નહિ.

**સભા** : એમ કરવામાં એને લાભ શો ?

**પૂજ્યશ્રી** : દુનિયામાં ચ્હા, બીડી, દારૂ આદિનાં જેમ વ્યસનો હોય છે, તેમ પરનિન્દા કરવાનું પણ વ્યસન હોય છે. સાધુતા પ્રત્યે ખૂબ દ્વેષ હોય અને પરનિન્દાનો કારમો ચડસ હોય, એથી એમ પણ

કરે. લાભની વાતમાં આવા ધર્મદ્વેષીઓમાં હોંશીયાર ગણાય, અને શાબાશી મળે, એવા ચાર આદમીમાં એ પુછાય પણ ખરો અને ધર્મદ્વેષીઓ પાસેથી આર્થિક લાભ પણ એવાઓ તક મળે તો મેળવી લે.

**સભા** : પણ ભવિષ્યનું શું ?

**પૂજ્યશ્રી** : એવા આત્માઓ પ્રાય: પરભવની ચિન્તાથી પરવારેલા હોય છે. પાપ અને પરભવ આદિમાં એવાઓને પ્રાય: વિશ્વાસ જ હોતો નથી. અનેક તવંગરોને એ મોટર આદિમાં મહાલતા જુએ છે અને પોતે દરિદ્રીની જેમ ભટકે છે, છતાં એને પુણ્ય-પાપનો ખ્યાલ આવતો નથી. એ પુણ્ય, પાપ પરભવ આદિને માને કે ન માને, પણ એવા આત્માઓ પોતાના કારમા ભવિષ્યને જ સર્જી રહ્યા છે, એ શંકા વિનાની વાત છે. એવાઓ પોતાનું તો બગાડી રહ્યા છે, પરંતુ બીજા ય અનેક આત્માઓનાં હિતનું નિકંદન કાઢી રહ્યા છે.

**સભા** : લોક સમજે નહીં ?

**પૂજ્યશ્રી** : વેગવતીના પ્રસંગમાં જુઓ ને ? વેગવતીએ નજરે જોયાની વાત કરી, એટલે સર્વ લોકોએ માની લીધું કે 'સુદર્શન મુનિ ભ્રષ્ટાચારી છે' અને કલંકના ઉદ્‌ઘોષ સાથે ઉપદ્રવ પણ કરવા માંડયાં.

### નિર્દોષ શ્રી સુદર્શન મુનિવરે કરેલો અભિગ્રહ

આ વખતે શ્રી સુદર્શન નામના મુનિવર પણ એવા અભિગ્રહને ગ્રહણ કરે છે કે, મારું આ કલંક જ્યાં સુધી પરિપૂર્ણ રીતે ઉતરશે નહિ, ત્યાં સુધી હું મારા આ કાર્યોત્સર્ગને પાળીશ નહિ.

**સભા** : એવા પણ મુનિવર્યને પોતાના કલંકની આટલી બધી ચિન્તા ? ઉપદ્રવને તેમણે કર્મ-નિર્જરાનું કારણ નહિ માન્યો હોય ?

**પૂજ્યશ્રી** : સુદર્શન મુનિવરને પોતાના કલંકની આટલી બધી ચિન્તા થઈ, તેમાં તેમનો હેતુ પોતાની જાતને આપત્તિમુક્ત બનાવવાનો કે પોતાની માનદશાને પ્રાપ્ત કરવાનો નહિ હતો. તેમને તો

શાસનની નિન્દા ચાલતી હતી. એમને એમ લાગ્યું કે, મારા નિમિત્તે જૈન શાસનની આટલી બધી અપભ્રાજના થાય, એ હું કેમ સહી શકું? મારે મારા નિમિત્તે થતી આ અપભ્રાજનાને અટકાવવી જ જોઈએ.

**સભા** : લોકો ઉદ્‌ઘોષ તો તેમના કલંકનો કરતા હતા અને ઉપદ્રવ પણ તેમની સામે જ હતો.

**પૂજ્યશ્રી** : બરાબર છે, પણ મુનિ એ શું જૈનશાસનની બહારની વ્યક્તિ છે ? મુનિની નિન્દામાં મુનિમાર્ગની નિન્દા છે અને મુનિમાર્ગની નિન્દામાં મુનિની નિન્દા છે. વળી દેખીતી રીતે એ નિન્દા સુદર્શન મુનિવરની હતી, પરંતુ એ નિન્દાના યોગે જૈન મુનિમાર્ગ પ્રત્યે દુર્ભાવ પેદા થાય કે નહિ ? 'જૈન મુનિઓ આવા ભ્રષ્ટાચારી હોય છે.' એવો લોકવાદ પ્રવર્તે કે નહિ ? અને એવો લોકવાદ પ્રવર્તે, એ શું સામાન્ય કોટિની શ્રી જૈનશાસનની અપભ્રાજના છે ?

## ધર્મી ગણાતા જીવોની જોખમદારી ઘણી છે

ધર્મી તરીકે ઓળખાતા આદમીના સારા-નરસા વર્તનની અસર રૂપે શાસનની પ્રભાવના આશાતના થાય તે સ્વાભાવિક જ છે. જગતમાં ઘણા જીવો એવા હોય છે, કે જેઓ ધર્મના અનુયાયી તરીકે પંકાતા આદમીઓના વર્તન ઉપરથી તે તે અનુયાયીઓ જે જે ધર્મને માનનારા હોય છે, તે તે ધર્મના સારા-નરસાપણાનો વિચાર કરે છે. ધર્મીના સારા વર્તનને જોઈને એવા આત્માઓ સહજ રીતે બોલી ઉઠે છે કે, 'આ જે ધર્મનો અનુયાયી છે, તે ધર્મ કેવો સરસ છે ? આ જે ધર્મને માને છે તે ધર્મ જરૂર સારો હોવો જોઈએ કારણકે, એ વિના આ માણસનું વર્તન આટલું ઉમદા હોઈ શકે નહિ.' એ જ રીતે ધર્મી તરીકે ઓળખાતા આદમીના ખરાબ વર્તનને જોઈને એવા આત્માઓ સહજ રીતે એ બોલી ઉઠે છે કે, 'આ માણસ જે ધર્મને માને છે, તે ધર્મમાં કાંઈ માલ જેવું દેખાતું નથી નહિતર આ માણસ એના ધર્મનો ચુસ્ત

અનુયાયી હોવા છતાં પણ આવા દુષ્ટ વર્તનવાળો કેમ જ હોઈ શકે ?' આ રીતે ધર્મી ગણાતા આદમીઓ, પોતે જે જે ધર્મના અનુયાયી હોય, તે તે ધર્મની પ્રશંસા અગર તો નિન્દામાં નિમિત્તભૂત બને છે.

આથી જ કહેવામાં આવે છે કે, ધર્મી તરીકે પંકાતા આદમીની જોખમદારી ઘણી વધી જાય છે. આપણા ખરાબ કૃત્યથી ધર્મ વગોવાય, એ આપણાથી કેમ જ સહેવાય ? ખરાબ આપણે અને નિન્દા થાય ધર્મની, એ ધર્મ પ્રત્યે બહુમાનભાવ હોય તો ડંખ્યા વિના ન જ રહે. સાધુ કે શ્રાવક બન્નેએ આ દૃષ્ટિએ વિચાર કરીને પણ પોતપોતાને નહિ છાજતાં કૃત્યોથી બચતા રહેવાની તકેદારી રાખવી જોઈએ. આપણા નિમિત્તે પરમતારક શ્રી જૈનશાસનની પ્રશંસા થાય, તો તે ઘણી જ ઉત્તમ બિના છે પરંતુ કમસે કમ આપણા નિમિત્તે પરમતારક શાસનની નિન્દા ન થાય, એની તો આપણને ખૂબ જ કાળજી હોવી જોઈએ. પરમતારક શાસનની નિન્દા થાય એવું કૃત્ય આચરનારાઓ દુર્લભબોધિ અને બહુલસંસારી બની જાય, તો એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ છે જ નહિ. ઉચિત પ્રવૃત્તિઓથી બેદરકાર બનેલા અને અનુચિત પ્રવૃત્તિઓને આચરતા જે કોઈ હોય, તે સાધુ કે શ્રાવકે આ દૃષ્ટિએ પણ જરૂર વિચાર કરવો જોઈએ.

### વેગવતીએ પોતાના અપરાધની ક્ષમા માંગી

અહીં તો બન્યું એવું કે, શ્રી સુદર્શન મુનિવરના અભિગ્રહના પ્રતાપે દેવતાનું આકર્ષણ થયું. દેવતાએ પોતાના અવધિજ્ઞાનના બળથી જાણી લીધું કે, વેગવતીએ જ તદ્દન જૂઠ્ઠો આરોપ મૂકીને, આ નિર્દોષ અને સ્વ-પર કલ્યાણમાં રત એવા મુનિવરને ઉપદ્રવના સ્થાનભૂત બનાવ્યા છે, આથી તે દેવતા વેગવતી ઉપર રોષે ભરાયો અને રૂપવતી વેગવતીના મુખને એકદમ તેણે શ્યામ બનાવી દીધું. બીજી તરફ વેગવતીના પિતા શ્રીભૂતિને પણ ખબર પડી ગઈ કે, 'શ્રી સુદર્શન મહાત્માને કલંકિત ઠરાવીને તેમને શિરે આપત્તિ ઉભી કરનાર તેમજ

સાધુધર્મની નિન્દા કરાવનાર આ મારી દિકરી વેગવતી જ છે' એટલે તે શ્રીભૂતિએ પણ તેનો ખૂબ ખૂબ તિરસ્કાર કર્યો. વેગવતીને શિરે આમ બેવડી આફત આવી. મુખ એકદમ શ્યામ પડી જવાથી તેને રોગનો ભય લાગ્યો અને પિતાએ કારમો તિરસ્કાર કર્યો એટલે તેને પિતાનો પણ ડર લાગ્યો.

આમ બન્ને પ્રકારના ભયથી ભયભીત બનેલી તે વેગવતી તરત જ શ્રી સુદર્શન નામના તે મુનિવરની પાસે પહોંચી ગઈ. રૂપવતી વેગવતીનું મુખ એકદમ શ્યામ બની ગયું, એટલે લોક પણ કૌતુક જાણવાને કે જોવાને આતુર બને તે સ્વાભાવિક છે. વેગવતી મુનિવરની પાસે આવી, એટલે સર્વ લોક પણ મુનિવર પાસે આવ્યો. તે સર્વ લોકની સમક્ષ, શ્રી સુદર્શન મુનિવરને ઉદ્દેશીને વેગવતી ઉચ્ચ સ્વરથી બોલી કે,

*''નિર્દોષઃ સર્વથાસિ ત્વં, દોષોઽલિકોઽયમેવ તે ।*
*મયૈવારોપિતઃ સ્વામિં-સ્તિતિક્ષસ્વ ક્ષમાનિધે ! ।।૧।।''*

''હે સ્વામિન્ ! આપ સર્વથા નિર્દોષ છો; આપના ઉપર તદ્દન જુઠ્ઠા એવા આ દોષનું મેં જ આરોપણ કરેલું છે; તો હે ક્ષમાના સાગર આપ મારા આ અપરાધને માફ કરો !'

વેગવતી જ્યાં આ પ્રકારે બોલી કે તરત જ, એ સાંભળીને લોકો પુનઃ પણ એ મુનિવરને પૂજવા લાગ્યા અને વેગવતીનું મુખ જે શ્યામ બની ગયું હતું તે પણ પાછું પૂર્વવત્ નિર્મળ બની ગયું. ત્યારથી આરંભીને વેગવતી સુશ્રાવિકા બની ગઈ.

### વેગવતી માટે મિથ્યાદૃષ્ટિ રાજાની માંગણી અને સમ્યગ્દૃષ્ટિ શ્રીભૂતિનો ઈન્કાર

જે નગરમાં આવો બનાવ બની જાય, તે નગરના રાજાના કાને એ બનાવની વાત ન પહોંચે એ અશક્ય પ્રાયઃ છે, અને જ્યારે એ વાત રાજાના કાને પહોંચે ત્યારે એ બનાવ જેને આભારી હતો તે વેગવતીને

જોવા જાણવાની રાજાને ઈચ્છા થાય તે પણ સ્વાભાવિક છે. અહીં તો એટલી જ વાતનો ઉલ્લેખ છે કે મૃણાલકંદ નામના તે નગરના શંભુ નામના રાજાએ તે વેગવતીને જોઈ અને તેના રૂપવતીપણાથી આકર્ષાઈને શંભુરાજાએ તેની શ્રીભૂતિ પાસે માંગણી કરી.

શ્રીભૂતિ સમ્યગ્ધર્મ એટલે શ્રી જિનધર્મનો ઉપાસક છે અને શંભુરાજા મિથ્યાધર્મનો ઉપાસક છે. એથી શ્રીભૂતિ તેને પોતાની કન્યા આપવાને તૈયાર થતો નથી. ખુદ રાજા તરફથી માંગણી થતી હોવા છતાં પણ, લલચાયા વિના કે ડરમાં ફસાયા વિના શ્રીભૂતિ સાફ સાફ શબ્દોમાં જવાબ દઈ દે છે કે, 'હું મારી કન્યા મિથ્યાદૃષ્ટિને નહિ આપું !' અર્થાત્ આપ મિથ્યાદૃષ્ટિ છો અને એથી આપને હું મારી કન્યા આપું એ બની શકે તેમ નથી.

### સમ્યગ્ધર્મ પ્રત્યે આદરવાળા માતા-પિતાની ફરજ શી ?

તમે જોયું ને કે, આ છેલ્લા સર્ગમાં કેટલી કેટલી સુંદર અને વિચારવા યોગ્ય વાતો આવે છે, થોડા જ દિવસોમાં વિહાર કરવાની ભાવના છે, એટલે એમ લાગે છે કે હવે ટૂંકે ટૂંકે પણ આ ચરિત્ર પુરું કરી લેવું પડશે અન્યથા, આ એક જ સર્ગના વર્ણનમાં મહિનાઓના મહિનાઓ પસાર થઈ જાય તેમ છે. રાજા માંગણી કરે છે, છતાં શ્રીભૂતિ તેને પોતાની કન્યા આપવાને તૈયાર થતો નથી અને તે પણ એક જ કારણકે, તે મિથ્યાદૃષ્ટિ છે, આ સામાન્ય વાત છે ? એને પોતાની દીકરીને રાજરાણી બનાવવાની ભાવના ન થાય ? રાજાને પોતાની કન્યા પરણાવીને તે આજના કેટલાકોની જેમ એવો બચાવ ન કરી શકત કે 'શ્રાવકધર્મમાં રક્ત એવી મારી કન્યા મિથ્યાદૃષ્ટિ રાજાને પણ શ્રાવક બનાવી દેશે ?'

આજે આવી પણ વાતો કરનારા પાક્યા છે ને ? એક તો કન્યાને મિથ્યાદૃષ્ટિને ઘેર દેવી અને પછી પાછો આ જાતિનો બચાવ કરવાને તત્પર બનવું, એ શું ઉચિત છે ? વાત એ છે કે, જૈન જેવું ઉત્તમકુળ પ્રાપ્ત થયા છતાં પણ, જૈનધર્મ પ્રત્યે જેવો આદરભાવ પ્રગટવો

જોઈએ. તેવો આદરભાવ ન પ્રગટ્યો હોય તો સંતાનના પરલોકના હિતની જેવી ભાવના આવવી જોઈએ એવી ભાવના આવે જ શાની ? સમ્યગ્ધર્મ પ્રત્યેના સાચા આદરભાવને પામેલાં માતા-પિતાને પહેલી ઈચ્છા તો એ જ હોય કે અમારાં સંતાનો સંયમમાર્ગે જાય તો સારું, એ માતા-પિતા સંતાનોને સંયમમાર્ગની પ્રેરણા કર્યા વિના રહે જ નહિ !

**સભા** : માતા-પિતા સંસારમાં મોજ કરે અને સંતાનને સંયમની પ્રેરણા કરે, તો એમનું સાંભળે જ કોણ ?

**પૂજ્યશ્રી** : આ વાત છે સમ્યગ્ધર્મ પ્રત્યે સાચા આદરભાવને *પામેલાં માતા-પિતાની. એ ન ભૂલો. 'સંસારમાં મોજ છે'* એમ જે માતા-પિતા માનતાં હોય અને એ કારણે સંસારમાં રહીને મોજ ઉડાવતાં હોય, તે માતાપિતા સમ્યગ્ધર્મ પ્રત્યે સાચા આદરભાવને પામેલાં છે એમ કહી શકાય જ નહિ. સમ્યગ્ધર્મ પ્રત્યે સાચા આદરભાવને પામેલાં માતાપિતા પોતાને માટે સંયમની આરાધના અશક્ય લાગવાથી સંસારમાં રહ્યાં હોય અને તેવાં માતા-પિતા સંતાનને સંયમમાર્ગની પ્રેરણા કરવામાંથી પણ જાય, એ બનવાજોગ નથી. હવે પોતે પ્રેરણા તો કરી, પણ સંતાનનું મન ન ભાળે, સંતાનનો ઉલ્લાસ ન ભાળે, તો એનું વધારે અહિત ન થાય એ વગેરે દૃષ્ટિએ એનું લગ્નાદિ કરે. આ રીતે સંતાનનું લગ્ન કરનાર માતાપિતા પોતાની દીકરી મિથ્યાદૃષ્ટિને આપવાને કેમ જ તૈયાર થાય ?

**સભા** : જૈનકુળમાં જન્મેલાઓ પણ મિથ્યાદૃષ્ટિ ક્યાં હોતા નથી?

**પૂજ્યશ્રી** : જૈનકુળમાં જન્મેલા બધા જ સમ્યગ્દૃષ્ટિ હોય અને કોઈ જ મિથ્યાદૃષ્ટિ ન હોય એવો નિયમ નથી. સંતાનના વાસ્તવિક કલ્યાણની કામનાવાળા માત-પિતાએ, પોતાની કન્યાને જૈનકુળમાં દેતાં પણ એ જોવું જોઈએ કે, જે કુળમાં અમે અમારી કન્યાને આપીએ છીએ. તે કુળમાં શાસન પ્રત્યે આદરભાવ છે કે નહિ અને જેને કન્યા દેવાય છે તે પણ શાસન પ્રત્યે આદરભાવવાળો છે કે નહિ ? સમાન શીલ આદિને જોવાની વાત માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોમાં આવે છે,

એ શું નથી જાણતા ? વળી કુળની દૃષ્ટિએ વિચાર કરો, તો જૈનકુળમાં ધર્મપ્રાપ્તિ માટેની અને ધર્મની આરાધના માટેની જેટલી સામગ્રી હોય, તેટલી અન્ય કુળોમાં હોય એ શું સંભવિત છે ?

**સભા** : આટલું બધું ઝીણવટથી કોણ જૂએ ?

**પૂજ્યશ્રી** : જેને પોતાની ફરજનું ભાન હોય તે ! જેને પોતાના અને પોતાના સંતાનોના ભાવિની સાચી ચિન્તા હોય તે !!

**સભા** : અત્યારે તો ડીગ્રી કે પૈસા જોવાય છે.

**પૂજ્યશ્રી** : જેને ડીગ્રી કે પૈસા જોવાનું મન થાય પણ ધર્મ જોવાનું મન ન થાય, તે જૈનકુળમાં જન્મેલો હોવા છતાં પણ હજુ જૈનપણાથી છેટો છે એમ કહેવું પડે. આપણી મૂળ વાત તો એ છે કે, શ્રાવક પૈસા કે સત્તા આદિથી લોભાઈ જઈને પોતાની કન્યા મિથ્યાદૃષ્ટિને આપવાને તૈયાર ન થાય આપણે જોયું કે, શ્રીભૂતિએ રાજાને પણ ચોખ્ખો જવાબ દઈ દીધો કે 'હું મારી કન્યા મિથ્યાદૃષ્ટિને નહિ આપું !'

### શ્રીભૂતિની હત્યા, વેગવતી ઉપર બળાત્કાર અને વેગવતીનો શ્રાપ

**સભા** : રાજાની સામે આવું બોલવામાં ઘણી હિંમત જોઈએ. દિકરીના હિતની ચિન્તા હોય અને દીકરીને મિથ્યાદૃષ્ટિને ઘેર રાણી બનાવવાની લાલસા ન હોય, પણ રાજા રોષે ભરાય અને ગરદન મારે તો શું થાય ?

**પૂજ્યશ્રી** : અહીં એમ જ બન્યું છે. પણ સત્ત્વશીલ ધર્માત્માઓને એની પરવા હોતી નથી. ધર્મમાં સ્થિર રહેવું હોય તો સામર્થ્ય કેળવવું પડે અને જે કોઈ આફતો આવી લાગે તેને સહી લેવાની તૈયારી કેળવવી પડે. ઈતિહાસમાં પણ કેટલાંક એવાં ઉદાહરણો આવે છે કે, વિધર્મી રાજા આદિએ કન્યાની માંગણી કરી હોય અને રાજપૂતે પોતાની કન્યા તે વિધર્મીને ન પરણાવી હોય. એવા

સમયે કેટલાકોને ગામ છોડી જંગલમાં રખડવું પડયું છે અને અર્ધભૂખ્યા પેટે દિવસો વ્યતીત કરવા પડયા છે.

અહીં બને છે એવું કે 'મિથ્યાદૃષ્ટિને હું મારી કન્યા નહિ આપું' એવો શ્રીભૂતિએ જવાબ દીધો, તેથી શંભુરાજા ઉશ્કેરાઈ ગયો અને વિષય તથા કષાયને આધીન બનેલા તે શંભુરાજાએ શ્રીભૂતિને હણી નાંખીને, તેની પુત્રી વેગવતીને રાજાએ બળાત્કારે ભોગવી. વેગવતી ઉપર શંભુરાજાએ બળાત્કાર કર્યો તે છતાં પણ વેગવતી શંભુરાજાની રાણી બનવાને તૈયાર થઈ નહિ. તેણે તો તે શંભુરાજાને એવો શ્રાપ દીધો કે,

*'ભવાન્તરે તે વધાય ભૂયાસમ્ ।'*

'ભવાન્તરમાં હું તારા વધને માટે થાઉં.' એ એમ સૂચવે છે કે, આજ તો ભલે તું રાજા છો અને હું નિરાધાર છું, પણ ભવાન્તરમાં હું તારા વધનું કારણ બન્યા વિના નહિ જ રહું એ નિશ્ચિત વાત છે.

### વેગવતીએ દીક્ષા ગ્રહણ કરી

આ પછી તે શંભુરાજાએ પણ તે વેગવતીને છોડી દીધી. વેગવતી હવે શું કરે ? રાજાએ પિતાને હણી નાંખ્યો છે અને પોતાને બળાત્કારે પણ શીલથી ભ્રષ્ટ કરી છે. હવે કરવું શું ?

**સભા** : કોઈ પરણે નહિ ?

**પૂજ્યશ્રી** : પણ વેગવતી પરણવાને તૈયાર થાય ? આવો પ્રશ્ન પણ તેના જ હૈયામાં જન્મે, કે જેને સતી સ્ત્રીઓના હૈયામાં શીલની કેટલી કિંમત હોય છે એની ગમ ન હોય. આવી વાતો કેવા શબ્દોમાં કહેવી એ ય વિચારણીય છે. સતી સ્ત્રીઓ કદિપણ એકથી બળાત્કારનો ભોગ બન્યા પછી અન્યની સાથે સંસારમાં જોડાવાનું પસંદ કરે નહિ. અન્યની સાથે જોડાવવાનો પ્રસંગ જો આવી લાગે, તો છેવટે મરે તે હા, પણ પ્રાયઃ બીજાને આધીન બને નહિ. વેગવતી કોઈપણ રીતે શંભુરાજાને, તે મિથ્યાદૃષ્ટિ હતો એ કારણે જ, પરણવાને

તૈયાર નહિ હતી અને હવે તો અન્યને પરણવા લાયક પોતે રહી નથી એમ માનતી હતી. વેગવતીએ નિર્ણય કર્યો કે, હવે શેષ જીવન સંયમધર્મની આરાધનામાં પસાર કરવું. આ વિચારથી તેણીએ હરિકાન્તા નામની આર્યિકાની પાસે દીક્ષા ગ્રહણ કરી.

**સભા** : ઘણું સરસ.

**પૂજ્યશ્રી** : સતી સ્ત્રીઓ શક્ય હોય તો આવો જ માર્ગ લે. વેગવતી આયુષ્યના અન્ત પર્યન્ત સંયમનું પાલન કરીને બ્રહ્મ નામના દેવલોકમાં ઉત્પન્ન થઈ.

### વેગવતીનો જીવ શ્રીમતી સીતા તરીકે

આ રીતે વેગવતીના વૃત્તાન્તનું વર્ણન કર્યા બાદ, શ્રી જયભૂષણ નામના કેવળજ્ઞાની પરમર્ષિ ફરમાવે છે કે, શંભુરાજાનો જીવ કે જે રાક્ષસપતિ રાવણ તરીકે ઉત્પન્ન થયો હતો, તેના મૃત્યુને માટે વેગવતીએ નિદાન કરેલું હોવાથી, તે નિદાનને વશ થઈને વેગવતીનો જીવ બ્રહ્મલોકમાંથી આવીને, જનકરાજાની આ શ્રીમતી સીતા નામની પુત્રી તરીકે ઉત્પન્ન થયો. વેગવતીના ભવમાં તેણે શ્રી સુદર્શન મુનિ ઉપર અસત્ય દોષ આરોપ્યો હતો, તે કારણથી આ ભવમાં લોકો દ્વારા શ્રીમતી સીતાના ઉપર અસત્ય એવા આ કલંકનું આરોપણ કરાયું.

### શંભુ રાજા શ્રી રાવણ તરીકે

આ પછી, શંભુરાજાનો જીવ કેવી રીતે શ્રી રાવણ તરીકે ઉત્પન્ન થયો ? એનુ વર્ણન કરતાં કેવળજ્ઞાની શ્રી જયભૂષણ મહર્ષિ ફરમાવે છે કે, શંભુરાજાનો જીવ ત્યાંથી મરીને કેટલાક કાળ સંસારમાં પરિભ્રમણ કર્યા બાદ, કુશધ્વજ નામના એક બ્રાહ્મણને ઘેર, તેની સાવિત્રી નામની પત્નીની કુક્ષિથી પુત્રપણે ઉત્પન્ન થયો અને પ્રભાસ એવુ તેનું નામ રાખવામાં આવ્યું. તે પ્રભાસે શ્રી વિજયસેન નામના એક મહર્ષિની પાસે દીક્ષા ગ્રહણ કરી અને પરિષહોને સહવા સાથે તેણે ઉગ્ર તપ આચરવા માંડ્યું. કોઈ એક વેળાએ, તે પ્રભાસમુનિએ

કનકપ્રભ નામના એક વિદ્યાધરોના રાજાને જોયો. તે કનકપ્રભ રાજા શ્રી સમેતશિખરજી તીર્થની યાત્રાએ જઈ રહ્યો હતો. ઈન્દ્રના જેવી પરમ ઋદ્ધિવાળા કનકપ્રભ રાજાને જોતા, વિવિધ પરીષહોને સહવાપૂર્વક ઉત્કૃષ્ટ તપને આચરી રહેલા પ્રભાસમુનિએ એવું નિયાણું કર્યું કે, 'આ તપના પ્રભાવથી હું આ વિદ્યાધર નરેશ કનકપ્રભના જેવી ઋદ્ધિવાળો થાઉં !'

દુન્યવી સુખની સામગ્રી આંખે ચઢે અને આત્મા સાવધ ન હોય તો આમ પણ બની જાય. સામાન્ય પણ નિમિત્તો કેટલીકવાર આત્માને ઉપયોગ શૂન્ય બનાવીને એકદમ પટકી નાંખે છે. ચૌદપૂર્વી આત્માઓ પણ નિગોદમાં ગયા, તે શાથી ? ભૂલ્યા માટે ને ? જો ચૌદપૂર્વી જેવાને પણ ભૂલવાનો અને પડવાનો સંભવ, તો આપણે માટે ? આપણે તો વધારે કાળજી રાખવાની હોય.

**નિયાણું, એ ઘણી જ ભયંકર વસ્તુ છે. તપ-સંયમને વેચી પરિણામે દુર્ગતિગામી બનવાનો એ ધંધો છે. ધર્મ આચરતાં પહેલાં પણ સંસારસુખનો હેતુ નહિ રાખવો જોઈએ અને ધર્મના ફળરૂપે પણ સંસારસુખની કામના નહિ કરવી જોઈએ. નિયાણું કરનારને તપ આદિના યોગે ઇચ્છિતની પ્રાપ્તિ તો થઈ જાય, પણ તે પછી એવા આત્માઓ પ્રાયઃ દુર્ગતિગામી જ બને છે.**

**સભા** : શ્રીમતી સીતાજીના જીવે નિયાણું કર્યું હતું ને ?

**પૂજ્યશ્રી** : સંયમના ફળરૂપે હું શંભુરાજાના વધનું કારણ બનું, એવું શ્રીમતી સીતાજીના જીવનું નિયાણું હતું ?

**સભા** : ના જી.

**પૂજ્યશ્રી : અનંત ઉપકારીઓના શાસનમાં ધર્મ સંસારસુખના હેતુથી આચરવાનો જેમ નિષેધ છે, તેમ ધર્મના ફળરૂપે સંસારસુખની કામના કરવાનો પણ નિષેધ છે. મુગ્ધાત્માઓ, કે જેઓ આ વસ્તુને સમજતા નથી. તેઓને માર્ગે**

લાવવાને માટે ગીતાર્થ મહાત્માઓ સૌભાગ્યાદિના તપ કરાવે, પણ જ્યાં તે મુગ્ધાત્માઓ સમજુ બને એટલે સંસારસુખનો હેતુ તજવાનું કહ્યા વિના રહે જ નહિ.

આથી ધર્મના અર્થી આત્માઓને ઉપદેશ તો એવો જ દેવાય કે, વિષાનુષ્ઠાનો અને ગરાનુષ્ઠાનો એ વિચિત્ર અનર્થોને જ દેનારાં છે. માર્ગ પમાડવા માટે અમુક મુગ્ધ આત્માઓને તપ આદિ દેવાય એ જુદી વાત છે અને ધર્મના અર્થી આત્માઓને ધર્મના હેતુ આદિનો ઉપદેશ અપાય એ જૂદી વાત છે. પણ સંસારસુખના હેતુથી અનુષ્ઠાનોને આચરવાનો ઉપદેશ આપી શકાય નહિ. ધર્મનો મહિમા વર્ણવતા એમ જરૂર કહી શકાય કે, ઉત્તમ કોટિનું સંસારસુખ પણ ધર્મ વિના સાધ્ય નથી. સંસારસુખના અર્થીઓને પણ ધર્મ વિના ચાલે તેમ નથી. આમ કહેવા સાથે સંસારસુખની કામના કેટલી ભયંકર છે ? અને મોક્ષ માટે પ્રયત્નશીલ બનાવાની કેટલી જરૂર છે ? એ વિગેરે પણ સમજાવવું જોઈએ.

ઈન્દ્રના જેવી પરમઋદ્ધિવાળા કનકપ્રભ નામના વિદ્યાધરનરેશને જોઈને, પ્રભાસમુનિને તેવી ઋદ્ધિના સ્વામી બનવાની તીવ્ર ઉત્કંઠા થઈ. એના પ્રતાપે, તેમણે પરીષહોને સહવાપૂર્વક જે પરમ તપ આચર્યો હતો, તેના આધારે એવું નિયાણું કર્યું કે, મારા આ તપથી હું આવી ઋદ્ધિવાળો થાઉં ! 'તે પછી, આયુષ્ય પૂર્ણ થયે મૃત્યુ પામીને પ્રભાસમુનિનો જીવ ત્રીજા કલ્પમાં દેવ તરીકે ઉત્પન્ન થયો અને ત્યાંથી ચ્યવીને તે, તારા (બિભીષણના) મોટાભાઈ ખેચરેન્દ્ર રાવણ તરીકે ઉત્પન્ન થયો કારણકે તેણે પ્રભાસમુનિના ભવમાં વિદ્યાધરનરેશ કનકપ્રભના જેવી ઋદ્ધિ મેળવવાનું નિયાણું કર્યું હતું.

## શ્રીકાન્તના જીવ સંબંધી મતભેદ અને સ્પષ્ટતા

અહીં એક વાતનો ખૂલાસો કરી દેવો જરૂરી લાગે છે. શ્રીરામચંદ્રજી આદિના પૂર્વભવોના વૃત્તાન્તોની શરૂઆતમાં ધનદત્ત અને વસુદત્ત નામના બે ભાઈઓ, યાજ્ઞવલ્ક્ય નામનો તે બન્નેનો મિત્ર, ગુણવતી અને શ્રીકાન્ત શ્રેષ્ઠી એ પાંચનો મુખ્ય સંબંધ છે, એમ આપણે જોયું છે. વસુદત્ત, શ્રીકાન્ત અને ગુણવતી તિર્યંચ યોનિમાં ગયાં, એ વિગેરે પણ આપણે જોયું છે. તે પછી પરમઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ રચેલા આ ચરિત્રમાં એમ ફરમાવ્યું છે કે,

*"भ्रांत्वा श्रीकांतजीवोऽभून्-मृणालकन्दपत्तने ।*
*राजसूनुर्वज्रकंठो, शंभुहेमवतीभवः ॥१॥"*

"શ્રીકાન્તનો જીવ સંસારમાં ભમીને વજ્રકંઠ થયો, જે શંભુરાજા અને હેમવતીનો પુત્ર હતો."

જ્યારે આ વાત શ્રી 'પઉમચરિયં' ગ્રંથમાં એવી રીતે રજૂ કરવામાં આવી છે કે,

*"नयरे मिणालकुण्डे, परिवसइ नराहिवो विजयसेणो ।*
*नामेण रयणचूला, तस्स गुणालंकिया भज्जा ॥१॥*
*"पुत्तो य वज्जकंठा, तस्स वि महिला पिया उ हेमवई ।*
*तिए सो सिरिकन्तो, जाओ पुत्तो अह सयंभू ॥२॥"*

શંભુરાજાનો જીવ જ સંસારમાં કેટલાક કાળ પરિભ્રમણ કર્યા બાદ રાવણ તરીકે ઉત્પન્ન થયો, એ વાતમાં બન્નેય ચરિત્રોનો એકસરખો અભિપ્રાય છે. શ્રીકાન્તનો જીવ શંભુરાજા કે શંભુરાજાનો પુત્ર, એ વિષે અભિપ્રાયભેદ છે. આપણે જે ચરિત્ર વાંચી રહા છીએ, તે ચરિત્ર એમ સૂચવે છે કે, શ્રીકાન્તનો જીવ શંભુરાજાના પુત્ર પણે ઉત્પન્ન થયો અને શ્રી 'પઉમચરિયં'માં એવો ઉલ્લેખ છે કે, શ્રીકાન્તનો જીવ ખુદ શંભુરાજા તરીકે ઉત્પન્ન થયો. શંભુરાજાનું વેગવતી તરફનું આકર્ષણ અને શ્રીભૂતિનો નિષેધ જોતા, શ્રીકાન્તનો જીવ શંભુરાજાના પુત્ર તરીકે ઉત્પન્ન થયાની વાત કરતાં શંભુરાજા તરીકે ઉત્પન્ન થયાની વાત, સંબંધને બરાબર સૂચવનારી લાગે છે.

ગુણવતી નિમિત્તે વસુદત્તે શ્રીકાન્તને અને શ્રીકાન્તે વસુદત્તને હણ્યો; તે પછી એ બન્ને મૃગ થયા અને ગુણવતી મૃગલી બની. તો ત્યાં પણ એ મૃગલી માટે એ બન્ને લડયા અને મર્યા અને તે પછી પણ કેટલાય ભવો સુધી એ ગુણવતીના જીવના નિમિત્તે, વસુદત્ત અને શ્રીકાન્તના જીવ વચ્ચે યુદ્ધ થયું છે અને તે બન્ને મર્યા છે. આ પછી તે ગુણવતીના જીવ વેગવતી તરીકે ઉત્પન્ન થયો. વેગવતીનો પિતા શ્રીભૂતિ તે વસુદત્તનો જીવ છે અને શંભુરાજાએ વેગવતીને કારણે શ્રીભૂતિનો જીવ લીધો એ જોતાં એમ લાગે છે. શ્રીકાન્તનો જીવ જ શંભુરાજા તરીકે અને તે પછી કેટલાક કાળે શ્રી રાવણ તરીકે ઉત્પન્ન થયો હોય.

બીજી વાત એ પણ છે કે. વસુદત્તનો જીવ શ્રીલક્ષ્મણજી તરીકે ઉત્પન્ન થયાની વાત આગળ આવવાની છે અને શ્રીલક્ષ્મણજીએ જ શ્રી રાવણનો વધ કર્યો, એ આપણે જોઈ ગયા છીએ. અર્થાત્ તે વખતે પણ એ ગુણવતીના જીવ નિમિત્તે જ યુદ્ધ થયું છે. કારણકે. ગુણવતીનો જીવ જ શ્રીમતી સીતાજી તરીકે ઉત્પન્ન થયાની વાત આવી ગઈ છે. આથી પણ એમ માનવાને કારણ મળે છે કે. શ્રીકાન્તનો જીવ શંભુરાજા તરીકે ઉત્પન્ન થયો હશે. આમ છતાં આ વિષયમાં આપણે કોઈપણ વાત નિર્ણયાત્મક રૂપે કહી શકીએ તેમ નથી. કારણકે આપણને તેવા પ્રકારનું જ્ઞાન હજુ ઉત્પન્ન થયું નથી. હવે આપણે પાછા આપણા ચાલુ પ્રસંગ ઉપર આવી જઈએ

### બિભીષણ કોણ ?

હવે કેવળજ્ઞાની પરમર્ષિ શ્રી જયભૂષણ મહાત્મા ફરમાવે છે કે, ધનદત્ત અને વસુદત્ત નામના બે વણિક ભાઈઓનો યાજ્ઞવલ્ક્ય નામનો જે બ્રાહ્મણમિત્ર હતો, તે સંસારમાં પરિભ્રમણ કરીને આ શ્રી બિભીષણ તરીકે ઉત્પન્ન થયો છે.

### શ્રી લક્ષ્મણજી કોણ ?

વસુદત્તનો જીવ, કે જે શ્રીભૂતિ તરીકે ઉત્પન્ન થયો હતો અને જેણે પોતાની કન્યા વેગવતી મિથ્યાદૃષ્ટિ શંભુરાજાને આપવાની ના પાડી હતી તથા એ કારણે જ જેને શંભુરાજાએ હણી નાખ્યો હતો, તે સ્વર્ગમાં ઉત્પન્ન થયા બાદ, ત્યાંથી ચ્યવીને સુપ્રતિષ્ઠ નામના નગરમાં પુનર્વસુ નામના વિદ્યાધર તરીકે જન્મ્યો. તે વિદ્યાધરે, એકવાર કામાતુર બનીને, ત્રિભુવનાનંદ નામના ચક્રવર્તિની અનંગસુંદરી નામની કન્યાનું પુંડરીક વિજયમાંથી અપહરણ કર્યું. પોતાની પુત્રીને પુનર્વસુ વિદ્યાધર હરી ગયો એ જાણીને, ત્રિભુવનાનંદ ચક્રવર્તીએ કેટલાક વિદ્યાધરોને તેની પાછળ મોકલ્યા. ચક્રવર્તીએ મોકલેલા વિદ્યાધરોની સાથે પુનર્વસુ વિદ્યાધર વિમાનમાં રહીને યુદ્ધ કરવા લાગ્યો.

ત્રિભુવનાનંદ ચક્રવર્તીની પુત્રી અનંગસુંદરી પણ પુનર્વસુ વિદ્યાધરના તે જ વિમાનમાં હતી, પણ જે વખતે પુનર્વસુ વિદ્યાધર ત્રિભુવનાનંદ ચક્રવર્તીએ મોકલેલા વિદ્યાધરોની સાથે યુદ્ધ કરવામાં આકુળ બન્યો હતો, તે વખતે તે અનંગસુંદરી પુનર્વસુના વિમાનમાંથી નીચે એક લતાકુંજ ઉપર જઈ પડી. આ રીતે અનંગસુંદરી ગઈ, એટલે પુનર્વસુ વિદ્યાધરને યુદ્ધ કરવાનું કોઈ પ્રયોજન રહ્યું નહિ પણ તેના હૈયામાં અનંગસુંદરીને પ્રાપ્ત કરવાની તીવ્ર અભિલાષા હતી. આથી અનંગસુંદરીની ભવિષ્યમાં પ્રાપ્તિ થાય એ માટેનું નિયાણું કરીને પુનર્વસુએ દીક્ષા લીધી. દીક્ષિત અવસ્થામાં પોતાના શેષ આયુષ્યને પૂર્ણ કરીને, મૃત્યુ પામી તે પુનર્વસુનો જીવ સ્વર્ગમાં ઉત્પન્ન થયો અને ત્યાંથી ચ્યવીને આ લક્ષ્મણ તરીકે ઉત્પન્ન થયો છે.

### અનંગસુંદરી વિશલ્યા તરીકે

આ બાજુ પુનર્વસુ વિદ્યાધરના વિમાનમાંથી જે અનંગસુંદરી લતાકુંજ ઉપર પડી ગઈ હતી, તે અનંગસુંદરીએ વનમાં રહીને પણ

ઉગ્ર તપને આચર્યો. ઉગ્ર તપને આચરી રહેલી તે બાલબ્રહ્મચારિણી અનંગસુંદરીએ જીવનના અન્ત ભાગમાં અનશન આદર્યું અને તે દશામાં તેને કોઈ એક અજગર ગળી ગયો. અજગર તેને ગળી રહ્યો હતો તે છતાં પણ તેણે પોતાના સમાધિભાવને સુંદર પ્રકારે ટકાવી રાખ્યો અને એથી સમાધિપૂર્વકનું મૃત્યુ પામીને તે અનંગસુંદરી બીજા કલ્પમાં દેવી તરીકે ઉત્પન્ન થઈ. તે ભવનું આયુષ્ય પૂર્ણ કરીને, તે અનંગસુંદરીનો જીવ ત્યાંથી ચ્યવીને વિશલ્યા તરીકે ઉત્પન્ન થયો અને તે વિશલ્યા શ્રી લક્ષ્મણની પત્ની બની.

## ગુણધર ભામંડલ તરીકે

શ્રી લક્ષ્મણજીના જીવની ઓળખાણ આપ્યા બાદ ભામંડલના જીવની ઓળખાણ આપવામાં આવી છે. આપણે જોઈ ગયા છીએ કે, જે ક્ષેમપુર નામના નગરમાં ધનદત્ત અને વસુદત્તનો પિતા નયદત્ત વસતો હતો, તે જ ક્ષેમપુરમાં સાગરદત્ત નામનો એક વણિક પણ વસતો હતો અને તે સાગરદત્તને જે બે સંતાનો હતાં તેમાં એક ગુણદત્ત નામે પુત્ર હતો અને બીજુ સંતાન તે ગુણવતી નામે પુત્રી હતી. ગુણવતીના સંબંધમાં તો આપણે જોઈ આવ્યા કે, તેનો જીવ સંસારમાં પરિભ્રમણ કરતાં શ્રીમતી સીતા તરીકે ઉત્પન્ન થયો. એ ગુણવતીનો ભાઈ જે ગુણધર હતો, તે ત્યાંથી મૃત્યુ પામીને અને ઘણા કાળ પર્યન્ત સંસારમાં પરિભ્રમણ કરીને કુલમંડિત નામના રાજપુત્ર તરીકે ઉત્પન્ન થયો, ત્યાં ચિરકાળ શ્રાવકપણાનું પાલન કર્યું અને ત્યાંથી મરીને તે આ શ્રીમતી સીતાના સહોદર ભાઈ ભામંડલ નરેશ્વર તરીકે ઉત્પન્ન થયો.

## લવણ, અંકુશ અને સિદ્ધપુત્ર સિદ્ધાર્થના પૂર્વભવોનો સંબંધ

હવે લવણ, અંકુશ અને સિદ્ધાર્થ નામનો સિદ્ધપુત્ર, આ ત્રણના પૂર્વભવોનો વૃત્તાન્ત સામાન્યપણે જણાવતાં, શ્રી જયભૂષણ

નામના કેવળજ્ઞાની પરમર્ષિ ફરમાવે છે કે, કાકંદી નામની એક નગરી હતી. એ નગરીમાં વામદેવ નામનો એક બ્રાહ્મણ વસતો હતો. એ વામદેવને શ્યામલા નામની પત્ની હતી. વામદેવને તે શ્યામલાની કુક્ષિથી ઉત્પન્ન થયેલા બે પુત્રો હતા. એ બે પુત્રોમાં એકનું નામ હતું, વસુનન્દ અને બીજાનું નામ હતું સુનન્દ. એક વાર જ્યારે વસુનન્દ અને સુનન્દ ઘેર હતા, તેવા સમયે તેમને ઘેર એક મહિનાના ઉપવાસવાળા મુનિવર ભિક્ષાર્થે પધાર્યા. મુનિવરને ભિક્ષાર્થે પધારેલા જોઈને વસુનન્દ તથા સુનન્દને ઘણો જ આનંદ થયો તે બન્નેએ ભક્તિથી મુનિવરને વહોરાવ્યું.

તે મુનિવરને ભક્તિથી દાન કર્યાના પ્રભાવે, તે વસુનન્દ અને સુનન્દ આયુષ્ય પૂર્ણ થયે મૃત્યુ પામીને ઉત્તરકુરૂમાં જુગલીયા તરીકે ઉત્પન્ન થયા. ત્યાંથી મૃત્યુ પામીને તે બન્ને સૌધર્મ દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયાં. ત્યાંથી ચ્યવીને તે બન્ને પુનઃ પણ કાકંદી નામની તે જ નગરીમાં ઉત્પન્ન થયા. તે વખતે કાકંદીમાં રાજા રતિવર્ધનનું રાજ્ય હતું. એ રાજાની સુદર્શના નામની રાણીથી પેલા બે પુત્રપણે જન્મ્યા અને તેમનાં અનુક્રમે પ્રિયંકર અને શુભંકર એવાં નામ રાખવામાં આવ્યાં.

તે પ્રિયંકરે અને શુભંકરે ચિરકાળપર્યંત રાજ્યનું પાલન કર્યું, તે પછી દીક્ષા ગ્રહણ કરી અને દીક્ષાનું પાલન કરતા તે બન્ને કાળધર્મ પામીને ગ્રૈવેયકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને તે બન્ને અહીં લવણ અને અંકુશ તરીકે શ્રીરામચંદ્રજીના પુત્રરૂપે ઉત્પન્ન થયા છે.

પ્રિયંકર અને શુભંકર તરીકેના ભવમાં આ લવણ અને અંકુશની જે સુદર્શના નામની માતા હતી, તેનો જીવ ચિરકાળ પર્યન્ત ભવમાં ભ્રમણ કરીને સિદ્ધાર્થ તરીકે ઉત્પન્ન થયો. એ જ સિદ્ધપુત્ર સિદ્ધાર્થ લવણ અને અંકુશ નામના આ બે રામપુત્રોનો અધ્યાપક બન્યો છે.

### કૃતાન્તવદને દીક્ષા ગ્રહણ કરી

પરમ ઉપકારી કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-

*"एवं मुनिवचः श्रुत्वा संवेगं बहवो ययुः ।*
*तद्वैव रामसेनानीः, कृतांतः प्राव्रजत् पुनः ॥१॥"*

શ્રી બિભીષણે કરેલા પ્રશ્નના ઉત્તરરૂપે, શ્રી જયભૂષણ નામના કેવળજ્ઞાની પરમર્ષિએ શ્રી રામચંદ્રજી આદિના પૂર્વભવોના વૃત્તાન્તોનું આ રીતે જે કથન કર્યું, તે સાંભળીને ઘણાઓ સંવેગને પામ્યા અને શ્રીરામચંદ્રજીના સેનાપતિ કૃતાન્તવદને ત્યાં ને ત્યાં જ તત્કાળ શ્રી ભાગવતી દીક્ષાને ગ્રહણ કરી.

### આપણી દશાનો વિચાર અવશ્ય કરવો જોઈએ

અહીં આપણે પણ આપણી આત્મદશાનું અવલોકન કરવું જોઈએ. પૂર્વભવોના વૃત્તાન્તો સંબંધી કેવળજ્ઞાની પરમર્ષિના વચનોનું શ્રવણ કરવાથી ઘણા આત્માઓ સંવેગમાં ઝીલનારા બન્યા. એ સાંભળીને આપણે વિચાર કરવો જોઈએ કે 'આપણાં હૈયા ઉપર એની કાંઈ અસર થઈ કે નહિ ? અને આપણા હૈયા ઉપર અસર થઈ તો તે કેવી અને કેટલી થઈ ?

**સભા** : એ કહેનાર કેવળજ્ઞાની હતા ને ?

**પૂજ્યશ્રી** : બરાબર છે, પણ કેવળજ્ઞાની પરમર્ષિએ જેવું કહ્યું તેવું આપણને સાંભળવા મળ્યું તેનું કેમ? કેવળજ્ઞાની પરમર્ષિએ જેવું કહેલું તેવું જ આપણને વાંચવા-સાંભળવા મળ્યું છે. એ વાતમાં જેમને શ્રદ્ધા ન હોય એવા આત્માઓને માટે તો આ ઉપદેશ નિરર્થક પ્રાયઃ છે.

**સભા** : પણ એ તો બધી એમને પોતાને લગતી વાતો હતી ને ?

**પૂજ્યશ્રી** : કેવળજ્ઞાની પરમર્ષિએ જેમના પૂર્વભવોના વૃત્તાન્તો કહ્યા હતા તેઓ જ માત્ર સંવેગને પામ્યા અને બીજા કોઈ સંવેગને ન પામ્યા, એવું તમે સમજ્યા છો ?

**સભા** : નાજી પણ....

**પૂજ્યશ્રી** : આવા પ્રશ્નો ઉઠે છે એ સૂચવે છે કે આ સાંભળવાના પરિણામે જેવી અસર થવી જોઈએ તેવી થઈ નથી. વળી જેવી થવી જોઈએ તેવી અસર નહિ થવા બદલ દુ:ખ થવાને બદલે, આઘાત લાગવાને બદલે, આવી વાતો કરવાનું મન થાય તો એ આપણી કારમી અયોગ્યતા છે એમ સમજવું જોઈએ. પૂર્વભવના વૃત્તાન્તોને શ્રદ્ધાપૂર્વક સાંભળવા સાથે વિવેકપૂર્વક વિચારવામાં આવે, તો એના બળે આત્મામાં સંવેગ આદિ ભાવો પેદા થવા, એ બહુ મોટી વાત નથી એ જ કારણ છે કે, કેવળજ્ઞાની પરમર્ષિનાં વચનોનું શ્રવણ કરવાથી ઘણા આત્માઓ સંવેગભાવને પામ્યા.

## સુંદર ભાવજીવન પામવાની તાલાવેલી જોઈએ

કોઈપણ આત્મા પ્રત્યે થઈ ગયેલો રાગ અગર તો દ્વેષ પરભવોમાં પણ કેવી રીતે સંગાથી બને છે, તેમજ એક ભવમાં શુદ્ધ ભાવપૂર્વક આચરેલું સુકૃત્ય કેવી રીતે ભવપરંપરાને સુધારી દે છે,એ વગેરે વાતનો સૌ કોઈએ વિચાર કરવો જોઈએ. લવણ અને અંકુશ મુનિવરને એકવાર ભક્તિપૂર્વક વહોરાવવાના પ્રતાપે કેવી કેવી સુંદર દશાને પામ્યા ? વસુદત્ત અને શ્રીકાન્તના જીવ વચ્ચે એકવાર ગુણવંતીના કારણે વેર ઉત્પન્ન થઈ ગયું, તો તે કેટલા ભવો સુધી પહોંચ્યું ? ધનદત્તને એકવાર મુનિવર મળી ગયા અને તે ધર્મનો ઉપાસક બની ગયો, તો ક્રમશઃ તેની કેવી સુંદર અવસ્થા થઈ ? બાલબ્રહ્મચારિણી બની રહીને અનંગસુંદરીએ ઉગ્ર તપ આચર્યો તો તેના એ તપ:તેજના પ્રભાવને વિશલ્યાના ભવમાં પણ પ્રજ્ઞપ્તિ વિદ્યાની બેન સહન કરી શકી નહિ. આ બધાના યોગે આત્મા શાશ્વત છે એ વાત બરાબર ધ્યાનમાં આવી જાય અને એક ભવની કરણીની અસર

કેવી રીતે ભવોના ભવો સુધી પણ પહોંચે છે, એ વાત સમજાઈ જાય, તો આપણા જીવનમાં નવીન રંગત પેદા થઈ ગયા વિના રહે નહિ. પછી તો આપણને સુંદર ભાવજીવન પામવાની તાલાવેલી લાગે. આજે સુંદર ભાવજીવનની દરકાર કેટલી ? દ્રવ્યજીવનમાં ઓતપ્રોતપણું અને સુંદર ભાવજીવનની દરકાર નહિ, એવી દશાવાળા જીવોની વચ્ચે વસવા છતાંપણ આપણે સુંદર ભાવજીવનને પેદા કરવામાં જ આ જીવનની સઘળી ક્ષણોનો ઉપયોગ કરવાના પ્રયત્નમાં લાગી જવું જોઈએ. સુંદર ભાવજીવનની સાધનામાં આ જીવનનો જેટલો કાળ જાય તેટલો જ સફળ છે, એમ આપણને લાગે તો જ આપણે આપણા જીવનને સદાચારપૂર્ણ બનાવી શકીએ.



# સાધ્વી સીતાજીનું દર્શન, વન્દન અને ચિન્તા

# ૧૦

શ્રી જયભૂષણ કેવળીની દેશના પછી શ્રમણી પરિવારમાં શ્વેતવસ્ત્રોથી સજ્જ સાધ્વી શ્રી સીતાના દર્શન કરતાં શ્રી રામચન્દ્રજી આદિ ભાવવિભોર બની જાય છે, તેઓને નતમસ્તકે વંદના કરે છે, શ્રી રામચન્દ્રજીને ક્ષણવાર તો શિરીષ પુષ્પ જેવા કોમળ અંગવાળા સીતાજી કઠિન સાધુ જીવન કેમ પાળશે તેની ચિંતા થાય છે. પણ ક્ષણવારમાં જ રાવણ જેવો પણ જેના સતીવ્રતનો ભંગ નથી કરી શક્યો તે જરુર સંયમની પ્રતિજ્ઞાનો નિર્વાહ કરશે એવા વિશ્વાસપૂર્વક વંદના કરીને જાય છે.


ક્રમશઃ કૃતાન્તવદનમુનિ દેવલોકમાં જાય છે ને સીતા સાધ્વી અચ્યુતેન્દ્ર તરીકે ઉત્પન્ન થાય છે, પછી તો લક્ષ્મણજીના અઢીસો પુત્રોની દીક્ષા, ભામંડલનું મૃત્યુ, હનુમાનજીની દીક્ષા, તે વખતે શ્રીરામનું હાસ્ય, શ્રી ઈન્દ્રમહારાજાની ટીકા આદિ ઘટનાઓ બને છે,

જે આ પ્રકરણમાં પ્રસ્તુત છે.

-શ્રી

# સાધ્વી સીતાજીનું દર્શન, વન્દન અને ચિન્તા

- શ્રીરામને શંકા અને સમાધાન
- કૃતાન્તવદન દેવલોકમાં અને શ્રીમતી સીતાજી અચ્યુતેન્દ્ર તરીકે
- શ્રી લક્ષ્મણજીના પુત્રોનો સંયમ સ્વીકાર
- ભામંડલની સુંદર ભાવના અને તેનું મૃત્યુ
- શ્રી હનુમાને દીક્ષા લીધી, અને સિદ્ધિપદને પામ્યા.
- મૃત્યુ ક્યાં? અને ક્યારે આવે ? તે નિશ્ચિત નથી
- મૃત્યુ મોં ફાડીને બેઠું છે, માટે ધર્મ કરી લઉં એવો વિચાર કેટલાને આવે છે ?
- શાશ્વત ઉદયની સાધના માટે દીક્ષા પરમ સાધન છે
- શ્રી રામચન્દ્રજીને હાસ્ય અને ઈન્દ્રોનો ઉચ્ચાર
- દેવો સ્નેહની પરીક્ષા કરવા આવે છે
- દેવોને થયેલો પશ્ચાત્તાપ



# ૧૦

## સાધ્વી સીતાજીનું દર્શન, વન્દન અને ચિન્તા

### શ્રીરામને શંકા અને સમાધાન

શ્રી જયભૂષણ નામના કેવળજ્ઞાની પરમર્ષિનાં, શ્રીરામચંદ્રજી આદિના પૂર્વભવોના વૃત્તાન્તો વિષેનાં વચનોનું શ્રવણ કરીને ઘણાઓ સંવેગને પામ્યા અને શ્રીરામચંદ્રજીના સેનાપતિ કૃતાન્તવદને તો તત્કાળ દીક્ષા ગ્રહણ કરી. આ પછી, શ્રીરામચંદ્રજી આદિ ત્યાંથી ઉભા થયા અને શ્રી જયભૂષણ પરમર્ષિને નમસ્કાર કરીને શ્રીમતી સીતાજીની પાસે ગયા.

દીક્ષિતાવસ્થાને પામેલાં શ્રી શ્રીમતી સીતાજીને જોતાંની સાથે જ, શ્રીરામચંદ્રજી પોતાના મનમાં એ પ્રમાણે વિચારવા લાગ્યા.

*"असौ शिरीषमृद्धंगी, राजपुत्री मम प्रिया ।*
*सीता शीतातप क्लेशं, कथं नाम सहिष्यते ? ॥१॥*
*"इमं संयमभारं च, सर्वभारातिशायिनम् ।*
*उद्वक्ष्यति कथं नाम, हृदयेनापि दुर्वहम् ? ॥२॥*
*"यद्वा सतीव्रतं, यस्या, न भंक्तुं रावणोऽप्यलम् ।*
*सा निर्व्यूढप्रतिज्ञैवं, भाविनी संयमेऽपि हि ॥३॥"*

શ્રીરામચંદ્રજી સંયમશીલ મહાત્માઓને સહવાં પડતાં ટાઢ-

તડકા આદિનાં કષ્ટોનો વિચાર કરવા સાથે શ્રીમતી સીતાજીની કોમળતાનો વિચાર કરે છે. તેમને એમ થાય છે કે, 'મારી પ્રિયા શ્રીમતી સીતા, કે જે શિરીષના પુષ્પની માફક કોમળ અંગોવાળી રાજપુત્રી છે. તે શીત અને આ તપના ક્લેશને શી રીતે સહન કરી શકશે ?

**સભા** : કલંક નિમિત્તે ત્યાગ કરતી વખતે તો તેમણે આવો વિચાર કર્યો ન હતો ?

**પૂજ્યશ્રી** : માણસ જ્યારે કોઈપણ પ્રકારના આવેશને વિશેષપણે આધીન બની જાય છે, ત્યારે તે કરવાલાયક વિચારોને પણ ન કરી શકે અને નહિ કરવા લાયક વિચારોને કરનારો બને, એ સ્વાભાવિક છે. આવેશને આધીન દશામાં માણસ પ્રાયઃ પોતાના પોતાપણાને ગુમાવી બેસે છે. એ વખતે શ્રીરામચંદ્રજી લોકૈષણાના આવેશને આધીન બની ગયા હતા એથી તે શ્રીમતી સીતાજીની કોમળતાનો વિચાર તો શું પણ શ્રીમતી સીતાજીનું અને શ્રીમતી સીતાજીના ઉદરમાં રહેલા જીવોનું શું થશે ? એ વિગેરે ઘણી બાબતોનો વિચાર સરખો પણ કરી શકતા ન હતા. અત્યારે વિચાર આવે છે, કારણકે, હૈયામાં રહેલો શ્રીમતી સીતાજી પ્રત્યેનો રાગ કામ કરી રહ્યો છે.

શ્રીરામચંદ્રજીને એમ પણ થાય છે કે 'દુનિયામાં જે ભારો ગણાય છે, તે સર્વ ભારોમાં આ સંયમનો ભાર અતિશાયી છે; આ સંયમભાર તો એવો છે, કે જે હૃદયથી પણ દુર્વહ છે આવા સંયમભારને કોમળાંગી શ્રીમતી સીતા શી રીતે વહન કરી શકશે ?'

રાગના યોગે, શ્રીરામચંદ્રજીને આવો વિચાર તો આવી જાય છે, પણ પાછા તરત જ પોતે પોતાની શંકાનું સમાધાન કરી લે છે ! કોમલાંગી શ્રીમતી સીતા શીત તથા આ તપના ક્લેશને કેમ કરીને સહન કરી શકશે અને સર્વથી ભારે સંયમભારને શી રીતે વહી શકશે ? આ જાતિનો વિચાર કર્યા પછીથી, શ્રીરામચંદ્રજી તરત જ એ વાતનો નિર્ણય કરી લેતાં હોય તેમ વિચારે છે કે

'જે શ્રીમતી સીતાના સતીવ્રતનો ભંગ કરવાને રાવણ જેવો પણ સમર્થ બની શક્યો નહિ, તે શ્રીમતી સીતા સંયમમાં પણ પોતાની પ્રતિજ્ઞાનો તેવી જ રીતે નિર્વાહ કરનારી જ બનશે.'

આ પ્રમાણેનો વિચાર કરીને, શ્રીરામચંદ્રજીએ સાધ્વી શ્રીમતી સીતાદેવીને વન્દન કર્યું. આ સાથે શ્રી લક્ષ્મણજીએ અને શ્રદ્ધાથી પવિત્ર અન્તઃકરણવાળા બનેલા અન્ય રાજાઓએ પણ સાધ્વી શ્રીમતી સીતાદેવીને વંદન કર્યું.

## કૃતાન્તવદન દેવલોકમાં અને શ્રીમતી સીતાજી અચ્યુતેન્દ્ર તરીકે

આ પછી, શ્રીરામચંદ્રજી પરિવાર સાથે અયોધ્યામાં પાછા ફર્યા અને શ્રીમતી સીતાજી તથા કૃતાન્તવદન ઉગ્ર તપને તપવામાં લીન બન્યાં. કૃતાન્તવદન આયુષ્યના અન્ત પર્યન્ત તપને તપીને બ્રહ્મદેવલોકમાં પહોંચ્યા. શ્રીમતી સીતાજીએ પણ સાઈઠ વર્ષો સુધી વિવિધ તપોને આચર્યા અને અંતે તેત્રીશ અહોરાત્રિ જેટલા કાળનું અનશન કર્યું. ત્યાથી મૃત્યુ પામીને શ્રીમતી સીતાજીનો જીવ બાવીસ સાગરોપમના આયુષ્યવાળા *અચ્યુતેન્દ્ર તરીકે ઉત્પન્ન થયો.*

## શ્રીલક્ષ્મણજીના પુત્રોનો સંયમ સ્વીકાર

*શ્રીલક્ષ્મણજીના શ્રીધર વગેરે અઢીસો પુત્રોએ કેવા નિમિત્તે* વૈરાગ્ય પામીને દીક્ષા લીધી, તેનું વર્ણન કરતાં પરમઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

વૈતાઢ્યગિરિ ઉપર આવેલા કાંચનપુર નામના નગરમાં, તે વખતે, કનકરથ નામનો વિદ્યાધરપતિ હતો. તે વિદ્યાધરપતિ કનકરથને મન્દાકિની અને ચંદ્રમુખી નામની બે કન્યાઓ હતી. એ બે કન્યાઓને સ્વયંવર દ્વારા પરણાવવાને માટે વિદ્યાધરપતિ કનકરથે, શ્રીરામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજી આદિ રાજાઓને તેમના પુત્રો સાથે કાંચનપુરમાં

બોલાવ્યા. સ્વયંવર-મંડપમાં જેમ સર્વ રાજાઓ બેઠા હતા, તેમ શ્રીરામચંદ્રજીના બે પુત્રો લવણ તથા અંકુશ અને શ્રીલક્ષ્મણજીના શ્રીધર આદિ અઢીસો પુત્રો પણ બેઠા હતા. આ બધાની વચ્ચેથી પોતાના સ્વામીને પસંદ કરવાને ઇચ્છતી મન્દાકિની પોતાની ઇચ્છાથી અનંગલવણને વરી અને ચંદ્રમુખી પણ એ જ રીતે અનંગલવણના ભાઈ લવણાંકુશને વરી.

શ્રીલક્ષ્મણજીના શ્રીધર આદિ અઢીસો પુત્રો આ વાતને કોઈપણ રીતે સહી શક્યા નહિ. ગુસ્સામાં આવી ગયેલા તે સર્વ. લવણ અને અંકુશની સાથે યુદ્ધ કરવાને માટે તત્પર બની ગયા.

**સભા** : એમાં લવણ અને અંકુશનો ગુનો શો ?

**પૂજ્યશ્રી** : લવણ અને અંકુશનો આ પ્રસંગે કશો જ ગુનો નથી, કારણકે, મન્દાકિની અને ચંદ્રમુખી પોતાની ઇચ્છાથી જ અનુક્રમે લવણ-અંકુશને વરી છે; પરંતુ કર્મને વશ આત્માઓ દુન્યવી સુખસામગ્રીના અર્થી બનીને કે અજ્ઞાનવશ પોતાની માનહાનિ આદિને માનીને કષાયને આધીન બને તેમજ વિષય-કષાયની આધીનતાથી કોઈના કારણે કોઈની સાથે યુદ્ધ કરવાને તત્પર બની જાય, એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ છે જ નહિ. વિષય-કષાયને આધીન બનેલા જીવોની બુદ્ધિ કુતરાની બુદ્ધિ જેવી હોય છે, જ્યારે વિવેકશીલ આત્માઓની બુદ્ધિ સિંહની બુદ્ધિ જેવી હોય છે. કુતરાને કોઈ પથરો આદિ મારે તો કુતરું પ્રાયઃ તે મારનાર તરફ ધસી જતું નથી, પણ મારવામાં આવેલા પથરા આદિ તરફ ધસી જાય છે; જ્યારે સિંહોને જે કાંઈ મારવામાં આવે છે તો તે મારવામાં આવેલી વસ્તુ તરફ લક્ષ્ય નહિ આપતાં, પ્રાયઃ મારનાર ઉપર ધસી જાય છે. એ જ રીતે વિષય-કષાયને આધીન આત્માઓ,ઇચ્છિતના વિયોગ વખતે કે અનિચ્છિત પ્રાપ્તિ વખતે, પોતાના અશુભકર્માદિનો વિચાર નહિ કરતાં આડા-અવળા વિચારો કરે છે. અને પોતાના દોષનો ખ્યાલ નહિ કરતાં વચ્ચે નિમિત્તભૂત બનેલા આત્માઓ ઉપર રોષાદિ કરે છે.

વિવેકશીલ આત્માઓની દશા એથી ઉલટી જ હોય છે. વિવેકશીલ આત્માઓ તેવા પ્રસંગે પોતાના અશુભકર્માદિનો વિચાર કરીને કોઈના પણ પ્રત્યે દુર્ભાવવાળા બનતા નથી. પોતાના આત્માની સુવિશુદ્ધ દશાને પ્રાપ્ત કરવાનો વિચાર કરે છે. આ બધી વાતો તમારા અનુભવ બહારની છે એમ નથી એથી તમને તો શ્રીલક્ષ્મણજીના શ્રીધર અઢીસો પુત્રોના વર્તાવથી લેશ પણ આશ્ચર્ય થવું જોઈએ નહિ.

શ્રીધર આદિને યુદ્ધ કરવાને તૈયાર થયેલા સાંભળીને, લવણ અને અંકુશ કહે છે કે 'એમની સાથે યુદ્ધ કરે કોણ ? કારણકે, ભાઈઓ તો અવધ્ય જ હોય છે. જેમ તેમના અને અમારા તાતમાં મોટા-નાના એવો કોઈપણ પ્રકારનો ભેદ નથી, તેમ તેમના પુત્રો એવા અમો અને તેઓમાં પણ એ ભેદ ન હો'

વિચારો કરો કે, કેટલા સરસ જવાબ છે ? આ જવાબનું પરિણામ પણ ઘણું જ સુંદર આવ્યું છે. આવો જવાબ દેવાને બદલે જો લવણ અને અંકુશે એમ કહ્યું હોત કે 'અમેય તૈયાર છીએ એ બધાને ખબર પડી જશે કે આ લવણ અને અંકુશ સાથે યુદ્ધમાં ઉતરવું એ બચ્ચાના ખેલ નથી.' તો જે સુંદર પરિણામ આવ્યું તે આવવા પામત નહિ અને કુટુંબીજનોનો કદાચ સંહાર પણ થઈ જાત. આમાંથી પણ તમારે બોધ લેવા જેવો છે ને ? તમારો ભાઈ તમારી વિરુદ્ધમાં કાંઈક બોલ્યો છે, એમ સાંભળો તો તમે શું બોલો ? અને શું કરો ? એ વિચારી લેવા જેવું છે. લવણ-અંકુશે જેવું ડહાપણ વાપર્યું, તેવું ડહાપણ વાપરતાં તમને આવડી જાય તો બે ભાઈઓની વચ્ચે ઝઘડા કરાવનારાઓને નિરાશ જ થવું પડે. જ્યાં સુધી ડહાપણ નહિ આવે, ત્યાં સુધી તમારા ઘરમાં હોળી સળગાવીને સ્વાર્થ સાધવાની વૃત્તિ ધરાવનારાઓ ફાવવાના, એ નક્કી વાત છે.

અહીં તો લવણ-અંકુશ જે કાંઈ બોલ્યા, તેની શ્રીધર આદિને ખબર પડતાં, શ્રીધર આદિ વિસ્મય પામ્યા અને પોતે જે ખરાબ કર્મના

આરંભ સંમુખ બન્યા હતા, તે બદલ પોતાના આત્માને નિન્દવા લાગ્યા. ખરાબ કર્મનો આરંભ કરવાને માટે તત્પર બનેલા પોતાના આત્માને નિન્દતા થકા તે શ્રીધર આદિ શ્રીલક્ષ્મણજીના અઢીસો પુત્રો સંવેગને પામ્યા. એટલું જ નહિ, પણ સંવેગને પામેલા તે સર્વેએ શ્રીરામચંદ્રજી તથા શ્રીલક્ષ્મણજીની અનુજ્ઞા મેળવીને તરત જ શ્રી મહાબલ નામના મુનિવરની પાસે દીક્ષા ગ્રહણ કરી.

શ્રીધર આદિએ આ રીતે દીક્ષા લીધા બાદ, મન્દાકિની અને ચંદ્રમુખીને પરણીને લવણ-અંકુશ પોતાના પિતા તથા કાકા સાથે અયોધ્યાપુરીમાં પાછા ફર્યા.

## ભામંડલની સુંદર ભાવના અને તેનું મૃત્યુ

આ પછી ભામંડલના મૃત્યુ પ્રસંગને વર્ણવતા, પરમઉપકારી, કલિકાળસર્વજ્ઞ, આચાર્યભગવાન્ શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે

એક વખતે રાજા ભામંડલ પોતાના નગરમાં પોતાના આવાસની ઉપરના ભાગમાં બેઠાં બેઠાં વિચાર કરવા લાગ્યા કે, 'વૈતાઢ્યની બન્ને શ્રેણીઓને તાબે કરી, અને સવત્ર અસ્ખલિતપણે લીલાપૂર્વક વિહાર કર્યો, હવે તો અન્તકાળ આવ્યો છે એટલે હું દીક્ષાને ગ્રહણ કરું અને દીક્ષાને ગ્રહણ કરવા દ્વારા હું મારી વાંછાને પૂર્ણ કરનારો બનું' એટલે કે, 'અત્યાર સુધી સંસારમાં મેદાને પડીને મેં દુન્યવી વિજયો તો પ્રાપ્ત કર્યા, પણ હવે તો હું કર્મની સામે મેદાને પડું અને તો જ મારી વાંછા પૂર્ણ બને દુન્યવી વિજયો માત્રથી હું પૂર્ણવાંછાવાળો બની શકું નહિ ?'

જે વખતે રાજા ભામંડલ આ પ્રકારની ભાવનામાં લીન બન્યા હતા, તે જ વખતે તેમના માથા ઉપર વીજળી પડી અને એથી મૃત્યુ પામીને યુગલિકરૂપે દેવકુરૂમાં ઉત્પન્ન થયા.

### શ્રીહનુમાને દીક્ષા લીધી, અને સિદ્ધિપદને પામ્યા

આ પછી શ્રીહનુમાનની મોક્ષપ્રાપ્તિના વૃત્તાન્તને વર્ણવતાં, પરમઉપકારી, કલિકાળસર્વજ્ઞ, આચાર્યભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે

એકવાર શ્રીહનુમાન, ચૈત્ર મહિનામાં શ્રી મેરૂગિરિવર ઉપર આવેલા ચૈત્યોના વન્દન માટે તે ગિરિવર ઉપર ગયા હતા. તે વખતે તેમણે અસ્ત થતા સૂર્યને જોયો. સૂર્યના અસ્તને જોઈને શ્રી હનુમાન વિચાર કરે છે કે, 'આ સંસારમાં જેનો ઉદય છે, તેનો અસ્ત પણ નિશ્ચિત જ છે અને આ વાતમાં આ સૂર્ય દૃષ્ટાન્ત રૂપે છે ! ધિક્, ધિક્, સર્વ અશાશ્વત છે.'

આવો વિચાર કરીને શ્રીહનુમાન પોતાના નગરમાં ગયા, પોતાના નગરમાં જઈને પુત્રને રાજ્ય સુપ્રત કરી દીધું અને પોતે શ્રી ધર્મરત્ન નામના આચાર્ય ભગવાનની પાસે દીક્ષા ગ્રહણ કરી. તેમની પાછળ બીજા સાતસો ને પચાસ રાજાઓએ પણ તે આચાર્ય ભગવાન પાસે દીક્ષા લીધી અને તેમની પત્નીઓએ પણ લક્ષ્મીવતી નામની આર્યાની પાસે દીક્ષા ગ્રહણ કરી.

શ્રીહનુમાને દીક્ષા લઈને શુદ્ધ ધ્યાનરૂપ અગ્નિ દ્વારા પોતાનાં સર્વ કર્મોને ક્રમશઃ મૂળમાંથી ભસ્મસાત્ કરી નાખ્યાં અને શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરીને તેઓ અવ્યય એવા મોક્ષપદને પામ્યા.

### મૃત્યુ ક્યાં ? અને ક્યારે આવે ? તે નિશ્ચિત નથી

ભામંડલની ભાવના મનમાં ને મનમાં રહી ગઈ અને શ્રીહનુમાન શ્રી સિદ્ધિપદના ભોક્તા બન્યા. ભામંડલની દીક્ષા લેવાની ભાવના હતી અને તે માનતા હતા કે, દીક્ષા લીધા વિના હું પૂર્ણવાંછાવાળો બની શકું તેમ નથી. મોક્ષની આકાંક્ષા વિના આવો વિચાર આવે ખરો ? સંસારસુખને ઉપાદેય માની એની સાધના આદિમાં લીન બનેલાઓને આવો વિચાર આવે જ નહિ. આવો વિચાર

તેઓને જ આવે, કે જેઓ સંસારસુખને ભોગવતા હોવા છતાંપણ સંસારસુખને ઉપાદેય ન માનતા હોય. ભામંડલે દુન્યવી વિજયો તો મેળવ્યા હતા, પણ તે છતાં તેમની વાંછા પૂરી થઈ નહોતી. તેમની વાંછા દીક્ષા લઈને મુક્તિમાર્ગની સાધના કરવા દ્વારા જ પૂર્ણ થઈ શકે તેમ હતી; પણ ભવિતવ્યતા એવી કે, એ જ્યારે દીક્ષાના વિચારમાં હતા, તે જ વખતે માથે વીજળી પડી અને તેમનું મૃત્યુ થયું. વીજળી પડી તે વખતે ભામંડલ સંસારસુખની સાધના આદિના કોઈ વિચારમાં હોત, તો શું થાત ?

**સભા** : દુર્ગતિ જ થાય ને ?

**પૂજ્યશ્રી** : આટલું સમજનાર પોતાના આત્માને દુર્ધ્યાનથી પર અને શુભ ધ્યાનમાં સ્થિત રાખવાનો પ્રયત્ન કરે કે નહિ ? મૃત્યુ ક્યાં અને ક્યારે આવશે, એ નિશ્ચિત છે ? રસ્તે ચાલતાં મૃત્યુ થાય કે નહિ? પેઢીમાં રૂપીયા ગણતાં મૃત્યુ થાય કે નહિ ? સોદાની નોંધ કરતાં મૃત્યુ થાય કે નહિ ? પલંગમાં પોઢ્યા હો ને મૃત્યુ થાય કે નહિ ? તમારે માટે કયું એવું સ્થળ છે, કે જ્યાં મૃત્યુ અસંભવિત હોય ? જ્યારે આપણે માટે અહીં કોઈ જ એવું સ્થળ નથી કે જ્યાં મૃત્યુ અસંભવિત હોય, તો આપણે દરેક સ્થળે અને દરેક સમયે આપણા આત્માને કેવો સાવધ રાખવો જોઈએ ? સંસારની ક્રિયા કરતાં પણ આત્મા બેભાન ન બને, એવી વિવેકદશા પ્રાપ્ત કરવી જોઈએ ને ? જે આત્મામાં એવી વિવેકદશા પ્રગટે, તેને અવસરે અવસરે સંસારત્યાગની ભાવના પણ આવે ને ? જિંદગીમાં તમને દીક્ષા લેવાની ભાવના આવી છે ? 'ક્યારે હું દીક્ષા લઉં અને ક્યારે હું મોક્ષસાધનામાં અપ્રમત્ત બનું' એવો વિચાર કદી સ્ફૂર્યો છે ખરો ?



### મૃત્યુ મોં ફાડીને બેઠું છે, માટે ધર્મ કરી લઉં એવો વિચાર કેટલાને આવે છે ?

ભામંડલના પ્રસંગ ઉપરથી એ બોધ પણ લેવા જેવો છે કે, દાન, શીલ આદિ સંબંધી જે કોઈ કરણીઓ કરવાની ભાવના હોય, તેમાં

વિલંબ કરવો નહિ. દાન કરવાની ભાવના હોય, પણ 'થાય છે' 'થાય છે' એમ કરતાં કરતાં એક દિ' અચાનક પુરા થઈ જવાય અને દાન કરવાનું રહી જાય, એમ બને ને ? મરનાર કહીને મર્યો હોય કે, આ લક્ષ્મી અમુક કામમાં વાપરવી, પણ પાછળનાઓ એ મુજબ વાપરે જ એવો નિયમ ખરો ? સગા-વહાલાં એ લક્ષ્મી સારાં કાર્યોમાં વાપરે નહિ અગર મરનારને જે સારાં સ્થાનોએ ખર્ચવી હોય તે સ્થાનોમાં તે લક્ષ્મી ખર્ચાય નહિ, એમ પણ બને ને ? એને બદલે જીવતાં જીવતાં પોતાની રૂચિ મુજબનાં સારાં સ્થાનોએ લક્ષ્મીનો વ્યય કરી લીધો હોય તો પાછળ કોણ કેમ કરશે તેની ચિંતા ય ન રહે અને પોતાને અનુમોદનાદિ કરવાનો પણ વિશેષ પ્રસંગ પ્રાપ્ત થાય. એ જ રીતે કેટલાક 'વ્રત-નિયમાદિ ઘરડા થઈશું ત્યારે કરીશું.' એમ બોલે છે, પણ ઘરડા ન થાય તો ? વ્રત નિયમાદિ શરૂ કરતાં પહેલાં આવતા ભવના આયુષ્યનો બંધ પડી ગયો તો ? ધર્મના આચરણ માટે તો એક નીતિશાસ્ત્રકારે પણ કહ્યું છે કે, 'મૃત્યુ આપણી ચોટલી પકડીને બેઠું છે એમ માનીને ધર્મને આચરવો.' મૃત્યુ ચોટલી પકડીને બેઠું છે એનો અર્થ શો ? એજ કે આજે અને તે પણ હમણાં જ મૃત્યુ થવાનું છે એમ માનવું એટલે મૃત્યુ મોં ફાડીને બેઠું છે. એમ માનીને ધર્મનું આચરણ *કરવામાં અપ્રમત્ત બનવું. આપણને લાગે છે કે, મૃત્યુ આપણી ચોટલી* પકડીને બેઠું છે ? પૈસા કમાવા આદિમાં જાગૃત દશા છે, પણ ધર્મમાં એ દશા નથી ને ? પરભવનો સાથીદાર અને મદદગાર પૈસા કે ધર્મ ? પૈસો પરભવમાં સાથે નથી જતો એ તો પ્રત્યક્ષ વાત છે, પણ ધર્મ પરભવનો સાથીદાર અને મદદગાર હોવાનો વિશ્વાસ છે ખરો ? 'પૈસો *તો આજ નહિ કે કાલે કમાઈશું, પણ ધર્મ તો કરી જ લેવો કારણકે* મૃત્યુ ચોટલી પકડીને બેઠું છે.' આવો વિચાર કેટલાને અને 'ધર્મ તો બે વર્ષ મોડો ય થશે, પણ પૈસા કમાવાની આવી તક ફરી-ફરી નહિ મળે' આવો વિચાર કેટલાને ? માણસ પૈસા કમાવા માટે જેટલો આતુર બન્યો રહે છે તેટલો જો ધર્મના આચરણ માટે આતુર બની જાય, તો એને ધર્મની આરાધનાને ખોરંભે નાખવાનું મન થાય જ નહિ. એને તો

એમ જ થાય કે આ લોક અને પરલોકનો સાચો મદદગાર એક ધર્મ જ છે અને મૃત્યુ ક્યારે તથા ક્યાં આવે એ નક્કી નથી. માટે બાળ-યુવાન અને વૃદ્ધ-સર્વ અવસ્થામાં જ્યારે જ્યારે ધર્માચરણની તક મળે, ત્યારે ત્યારે ધર્માચરણ કરી જ લેવું.

**શાશ્વત ઉદયની સાધના માટે દીક્ષા પરમ સાધન છે**

સૂર્યાસ્ત જોઈને શ્રીહનુમાને જે વિચાર કર્યો, તે પણ સુંદર પ્રેરણા આપે એવો છે. દુનિયામાં જેનો ઉદય, તેનો અસ્ત-એ વાત નિશ્ચિત જ છે ને ? જન્મે તે મરે અને ખીલે તે કરમાય એમાં ફેરફાર છે ? કોઈનો પણ દુન્યવી ઉદય શાશ્વત કાળ ટકયો રહ્યો હોય એવું બન્યું ય નથી અને બનવાનું પણ નથી. છ ખંડના ચક્રવર્તીઓ પણ ગયા અને ઈન્દ્રોને પણ ચ્યવવું પડ્યું તેવા પ્રકારનું પુણ્ય હોય તો દુન્યવી ઋદ્ધિસિદ્ધિ જીન્દગીના અન્ત સુધી ટકી રહે એ બને. પણ મૃત્યુ પછી શું ? જન્મેલા માટે મૃત્યુ નિયત જ અને મૃત્યુ થાય ત્યારે દુનિયાની ઋદ્ધિસિદ્ધિમાંથી એક તણખલું પણ સાથે લઈ જઈ શકાય નહિ. આત્મા શાશ્વત છે, પણ દુનિયામાં ચક્રવર્તી આદિ તરીકેની કોઈપણ એક અવસ્થામાં આત્માનું અવસ્થાન શાશ્વત નથી. જ્યારે આત્માનું તે પ્રકારનું અવસ્થાન શાશ્વત નથી. તો એ પ્રકારના ઉદયમાં લીન બનીને કરવાનું શું ? ઉપકારીઓ ફરમાવે છે કે, આત્માનું શાશ્વત અવસ્થાન નિજ સ્વભાવમાં જ શક્ય છે. આત્મા પોતાના સ્વભાવને પરિપૂર્ણ રીતે પ્રગટાવે, તો એનો એ ઉદય શાશ્વતકાળ પર્યન્ત ટક્યો રહે છે. આત્મસ્વરૂપના ઉદય સિવાયનો બીજો કોઈપણ ઉદય શાશ્વત નથી. આથી નાશવંત ઉદયનો મોહ ત્યજીને શાશ્વત ઉદય સાધવાના પ્રયત્નમાં જ શાણાઓએ દત્તચિત બનવું જોઈએ. શાશ્વત ઉદયની સાધના માટે દીક્ષા એ પરમ સાધન છે અને એ જ કારણે શ્રીહનુમાને, તેમની પાછળ સાડા સાતસો રાજાઓએ અને શ્રીહનુમાનની પત્નીઓએ પણ દીક્ષાગ્રહણ કરી. આ બધા ઉપરથી શ્રી રામાયણ એ રજોહરણની ખાણ છે, એ વાત પૂરવાર થઈ જાય છે ને ?

## શ્રીરામચંદ્રજીને હાસ્ય અને ઈન્દ્રોનો ઉચ્ચાર

પરમઉપકારી, કલિકાળસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા, શ્રીલક્ષ્મણજીના મૃત્યુના વૃત્તાન્તને વર્ણવવાનું શરૂ કરે છે. તેઓશ્રી ફરમાવે છે કે શ્રીહનુમાને દીક્ષા લીધાના સમાચાર જાણીને, શ્રીરામચંદ્રજીને એવો વિચાર આવ્યો કે,

*''हित्वा भोगसुखं कष्टां, दीक्षां किमयमाददे ?''*

અર્થાત્ "શ્રીહનુમાને ભોગસુખનો ત્યાગ કરીને, આ કષ્ટકારી દીક્ષાને કેમ ગ્રહણ કરી ?"

**સભા** : શ્રીરામચંદ્રજી જેવાને પણ આવો વિચાર આવે છે ?

**પૂજ્યશ્રી** : રામચંદ્રજી જેવાને આવો વિચાર આવે, એ ખરેખર જ ખેદ ઉપજાવનારી બીના ગણાય, પણ કર્મની ગતિ વિચિત્ર છે. તેવા પ્રકારના કર્મની આધીનતાના યોગે શ્રીરામચંદ્રજી જેવા પણ ભૂલ્યા.

**સભા** : ભૂલ્યા એમ નિશ્ચિતપણે કહી શકાય ?

**પૂજ્યશ્રી** : જે બોલાયું હોય તેનો તથા આજુબાજુના સંબંધ આદિનો વિચાર કરીને અમુક વાત બોલવામાં ભૂલ થઈ છે કે નહિ એ નિશ્ચિતપણે જાણી શકાય તો નિશ્ચિતપણે કહી પણ શકાય. આ પ્રસંગમાં અવધિજ્ઞાનના સ્વામિ સુધર્મા ઈન્દ્રનાં વચનો સાક્ષીભૂત છે, એટલે તમારા પ્રશ્નને અવકાશ જ રહેતો નથી.

'શ્રીહનુમાને ભોગસુખનો ત્યાગ કરીને કષ્ટકારી દીક્ષાને કેમ ગ્રહણ કરી?' એવા પ્રકારના શ્રીરામચંદ્રજીના વિચારને અવધિજ્ઞાનથી જાણીને, સુધર્મા ઈન્દ્ર પોતાની સભામાં બોલ્યા છે કે, 'અહો કર્મની ગતિ વિષમ છે, કે જેથી ચરમદેહી રામ પણ ધર્મને હસે છે; એટલું જ નહિ પણ ઉલટું શબ્દાદિ વિષયોથી ઉત્પન્ન થતા સુખની પ્રશંસા કરે છે! અથવા જાણ્યું, આ રામ-લક્ષ્મણને પરસ્પર કોઈક ગાઢતર સ્નેહ છે અને એ જ કારણે રામને ભવનિર્વેદ થતો નથી.'

શ્રીરામચંદ્રજીનાં વચનો સાથે સુધર્મા ઈન્દ્રનાં આ વચનો જરૂર યાદ રાખી લેવાં જોઈએ, નહિંતર શ્રીરામચંદ્રજીના નામે પાપબુદ્ધિને

પોષણ મળી જવાનો ઘણો જ મોટો સંભવ છે. ધર્મને હસવો અને વિષયસુખની પ્રશંસા કરવી, એ વિવેકશીલતાને છાજતું કાર્ય નથી. કાંઈક ને કાંઈક વિવેકભ્રષ્ટતા, અને આત્મામાં કાંઈક ને કાંઈક મલિનતા આવ્યા વિના ધર્મને હસવાનું અને વિષયસુખની પ્રશંસા કરવાનું મન થાય એ શક્ય નથી. શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી વચ્ચે પરસ્પર ગાઢતર સ્નેહ છે અને એ સ્નેહ શ્રીરામચંદ્રજીમાં ભવનિર્વેદને પ્રગટ થવા દેતો નથી. તેઓ વચ્ચેના એ ગાઢતર સ્નેહે તો કારમા અનર્થો ઉત્પન્ન કર્યા છે. આપણે હમણાં જ જોઈશું કે, એ ગાઢતર સ્નેહના યોગે શ્રી લક્ષ્મણજીએ પ્રાણ ગુમાવ્યા છે અને શ્રીરામચંદ્રજીને પણ ઘણા ઘણા હેરાન કર્યા છે.

### દેવો સ્નેહની પરીક્ષા કરવા આવે છે

સુધર્મા ઈન્દ્રે સભામાં વાત કરી કે, રામ અને લક્ષ્મણ વચ્ચે ગાઢતર સ્નેહ છે, એટલે બે દેવતાઓને કૌતુક જાગ્યું કે, 'આપણે તે બન્નેના સ્નેહની પરીક્ષા કરીએ.' સ્નેહ પરીક્ષાના કૌતુકથી તે બે દેવતાઓ અયોધ્યામાં આવેલા શ્રીલક્ષ્મણજીના આવાસમાં આવી પહોંચ્યા. તરતજ તે બે દેવતાઓએ માયા રચીને, સારૂંયે અન્ત:પુર જાણે કરૂણ સ્વરે આક્રન્દ કરી રહ્યું હોય-એવું દૃશ્ય શ્રીલક્ષ્મણજીને બતાવ્યું. કૌતુકથી પણ કેટલીકવાર કેવું ભયંકર પરિણામ આવે છે, એ વિચારવા જેવું છે. કૌતુકના શોખીન આત્માઓએ આ પ્રસંગ તરફ વિશેષ લક્ષ્ય આપવા જેવું છે. દેવોને મન કૌતુક છે, પણ આ નિમિત્તે શ્રીલક્ષ્મણજી આઘાત પામીને મૃત્યુ પામવાના છે. કાગડાને હસવાનું થાય અને દેડકાંનો જીવ જાય, એના જેવી આ વાત છે. જેઓ વચ્ચે ગાઢતર સ્નેહ હોય, તેઓના સ્નેહની પરીક્ષા આ રીતે કરવાની હોય જ નહિ. પણ બનવાકાળને કોણ મિથ્યા કરી શકે છે?

શ્રીલક્ષ્મણજીએ જોયું અને સાંભળ્યું કે, અન્ત:પુરની સર્વ સ્ત્રીઓ કરુણ સ્વરે એવું આક્રન્દન કરી રહી છે કે "હા, પદ્મ ! હા પદ્મ નયન ! હા, બન્ધુરૂપ પદ્મોને માટે સૂર્ય સમાન ! વિશ્વને પણ ભયંકર એવું આ તમારું કેવું અકાંડમૃત્યુ થયું ?" આ રીતે રડતી અને માથાના

વાળોને છૂટા મૂકીને છાતીઓને કૂટતી અન્તઃપુરની સ્ત્રીઓને જોઈને શ્રીલક્ષ્મણજી ખેદ પામ્યા, અને બોલ્યા કે, 'મારા તે ભ્રાતા શ્રીરામચંદ્રજી કે જે મારા જીવિતના પણ જીવિતરૂપ હતા, તે શું મૃત્યુ પામ્યા ? છળથી ઘાત કરનારા દુષ્ટ યમે આ કર્યું શું ?'

આટલું બોલતાં બોલતાંમાં તો શ્રીલક્ષ્મણજીની જીભ ખેંચાઈ ગઈ અને તેમનું શરીર જીવિતશૂન્ય બની ગયું. આ પ્રસંગે આ ચરિત્રકાર પરમર્ષિ ટૂંકમાં જ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં ફરમાવે છે કે,

''*કર્મવિપાકો દુરતિક્રમઃ ।*''

ખરેખર કર્મનો વિપાક દુરતિક્રમ છે; કર્મનો વિપાક દુર્લંઘ્ય છે. વાત પણ સાચી છે કે, કર્મના વિપાકનું ઉલ્લંઘન પ્રાયઃ કેમે કરીને થઈ શકતું નથી. શ્રીલક્ષ્મણજીના શરીરમાંથી પ્રાણો ચાલ્યા ગયા. એટલે સિંહાસન ઉપર રહેલું પણ તેમનું શરીર સ્વર્ણસ્તંભના ટેકાથી ત્યાં પડયું રહ્યું. તેમનું મોઢું ફાટી ગયું હતું અને તેમનું શરીર લેપ્યમૂર્તિની જેમ નિષ્ક્રિય બની ગયું હતું.

વિચાર કરો કે, ગાઢતર સ્નેહના પ્રતાપે કેવું ભયંકર પરિણામ નિપજ્યું ? શ્રીરામચંદ્રજી મર્યા છે કે નહિ ? અને મર્યા છે તો શાથી મર્યા છે ? અને ક્યારે મર્યા છે ? એ વગેરેની તપાસ કરવા જોગી પણ ધીરતા તેમનામાં રહી નહિ. જ્યાં આવા ગાઢતર સ્નેહનું આવરણ હોય ત્યાં ભવનિર્વેદ પ્રગટે શી રીતે ?

### દેવોને થયેલો પશ્ચાત્તાપ

આ રીતે શ્રીલક્ષ્મણજીનું મૃત્યુ નિપજેલું જોઈને, કૌતુકથી સ્નેહપરીક્ષા કરવાને માટે આવેલા પેલા બે દેવોને પણ હવે ખૂબ જ પશ્ચાત્તાપ થવા લાગ્યો. તેમને તેમની ભૂલ તો સમજાઈ, પણ હવે કરે શું ?

**સભા** : દેવતાઓ જીવિતદાન ન કરી શકે ?

**પૂજ્યશ્રી** : દેવોમાં કે દેવોના સ્વામી ઈન્દ્રોમાં પણ એ તાકાત નથી કે, પરલોકગમન કરી ગયેલ અન્યના આત્માને તેઓ પાછો

લાવીને પુનઃ તે જ શરીરમાં સ્થાપના કરી શકે. દેવોમાં કે દેવોના સ્વામી ઈન્દ્રોમાં જો પુનર્જીવન પમાડવાની તાકાત હોય, તો તેઓ શ્રી તીર્થંકરદેવોને નિર્વાણ પામવા દેત ખરા ? ખુદ શ્રી તીર્થંકરદેવો પણ પોતાના આયુષ્યની એક ક્ષણને પણ વધારી શકતા નથી. આયુષ્યકર્મમાં વધારો થઈ શકતો નથી, માટે તો કેટલીકવાર કેવળજ્ઞાની ભગવંતોને સમુદ્દ્ઘાત કરવો પડે છે. તમે દેવતાઓની વાત કરો છો, પણ દેવતાઓ કે ઇન્દ્રો ય પોતાના આયુષ્યને ય વધારી શકતા નથી. જે દેવો પોતાના આયુષ્યને પણ વધારી શકવાને સમર્થ નથી, તે દેવો અન્યના આયુષ્યને વધારી શકે એ શક્ય છે ?

**સભા** : ના જી. જાણવા પૂરતું જ પૂછ્યું હતું.

**પૂજ્યશ્રી** : એ શક્ય છે કે, અમુક રોગાદિના કારણે બેહોશી આવી ગઈ હોય, તો તે રોગાદિના નિવારણ દ્વારા એ બેહોશીને દૂર કરી શકાય; બાકી આયુષ્યમાં વધારો કરવાની કોઈમાં તાકાત છે જ નહિ.

પેલા બે દેવો, શ્રીલક્ષ્મણજીનું પોતાના નિમિત્તે મૃત્યુ નિપજવાથી ખેદ પામ્યા, અને તેઓ અંદર-અંદર વાત કરે છે કે, 'અહો, આપણે આ શું કર્યું? અરે રે ! વિશ્વના આધાર સમો આ પુરૂષ આપણાથી કેમ હણાયો ?' આ રીતે પોતાના આત્માની ખૂબ ખૂબ નિન્દા કરતા તે બન્ને ય દેવો પાછા પોતાના કલ્પમાં ચાલ્યા ગયાં.

કૌતુક આદિના કારણે અનર્થ થઈ જવા છતાંપણ, જે આત્માઓમાં કાંઈક પણ લાયકાત હોય છે તેઓને જ પશ્ચાત્તાપ આદિ થાય છે. નાલાયક આત્માઓને તો અન્યના મૃત્યુથી પણ આનંદ જ થાય છે, અથવા તો સામાને તેઓએ પોતાની કૌતુક વિવશતાથી કેટલું બધું નુકશાન કર્યું તેનો તેઓને વિચાર જ હોતો નથી.



# શ્રી લક્ષ્મણજીનું મૃત્યુ રામનો ઉન્માદ અને પ્રતિબોધ

## ૧૧


ઈન્દ્ર મહારાજા શ્રી રામ-લક્ષ્મણના સ્નેહનું વર્ણન ઈન્દ્ર સભામાં કરે છે. બે દેવો તેની પરીક્ષા માટે શ્રી લક્ષ્મણજીના મહેલે આવ્યાં ને શ્રી રામચન્દ્રજીના મૃત્યુના સમાચારથી આઘાત લાગતાં જ શ્રી લક્ષ્મણજીનું મૃત્યુ થયું.

હવે દેવોને પશ્ચાત્તાપ થાય છે પણ તેથી શું વળે ? શ્રી રામચન્દ્રજીને આ વાતની જાણ થતાં સ્નેહથી ઉન્માદ થયો છે, જેથી અકલ્પ્ય વાતાવરણ સર્જાયું. લવ-કુશ આ પ્રસંગથી ઉદ્વિગ્ન બની આત્મસાધનાના નિર્ણયપૂર્વક દીક્ષિત બન્યાં. જટાયુદેવે શ્રી રામચન્દ્રજીને સજાગ કરવા ખૂબ પ્રયત્નો કર્યા, પણ નિષ્ફળતા મળી, છેવટે કૃતાન્તવદન દેવના પ્રયાસોથી શ્રી રામચન્દ્રજી પ્રતિબોધ પામ્યા. પછી શ્રી લક્ષ્મણજીનું મૃત કાર્ય કર્યું ને શ્રી રામચન્દ્રજી સ્વસ્થચિત્તે વૈરાગ્યવાસિત બન્યા..

-શ્રી

## શ્રી લક્ષ્મણજીનું મૃત્યુ રામનો ઉન્માદ અને પ્રતિબોધ

- અયોધ્યામાં છવાયેલું શોકનું સામ્રાજ્ય
- લવણ અંકુશે અતિ ભયભીત બનીને દીક્ષાની અનુમતિ માંગી
- લવણ-અંકુશે દીક્ષા લીધીને મુક્તિપદ પામ્યા
- શ્રી રામચન્દ્રજીની સ્નેહોન્મત્તતા
- ઈન્દ્રજિતના પુત્રોએ દીક્ષા લીધી
- જટાયુદેવે કરેલી મહેનત અને અને તેમાં પ્રાપ્ત થયેલી નિષ્ફળતા
- સેનાપતિ કૃતાન્તવદન પ્રતિબોધ કરે છે



# ૧૧

## શ્રી લક્ષ્મણજીનું મૃત્યુ રામનો ઉન્માદ અને પ્રતિબોધ

### અયોધ્યામાં છવાયેલું શોકનું સામ્રાજ્ય

શ્રીલક્ષ્મણજી મૃત્યુ પામ્યા બાદ પેલા બે દેવતાઓ તરત ચાલ્યા ગયા અને શ્રીલક્ષ્મણજીનો મૃતદેહ સિંહાસન ઉપર સ્વર્ણસ્તંભના ટેકાથી પડી રહ્યો. આથી શ્રીલક્ષ્મણજીના મૃત્યુની અન્તઃપુરને જાણ થતાં વાર લાગી નહિ. શ્રીલક્ષ્મણજીને મૃત્યુ પામેલા જોઈને અન્તઃપુરની સ્ત્રીઓ પરિવાર સહિત છાતીફાટ રુદન કરવા લાગી. રુદન કરતી તે સ્ત્રીઓએ પોતાના કેશોને પણ છૂટા કરી નાખ્યા હતા. તેમના આક્રન્દને સાંભળીને શ્રીરામચંદ્રજી ત્યાં આવ્યા અને કહેવા લાગ્યા કે, "વગર જાણ્યે જ આ અમંગળ કેમ આરંભી દીધું છે ? આ હું જીવતો જ ઉભો છું અને મારો આ નાનો ભાઈ પણ જીવે જ છે. આને કોઈક વ્યાધિ બાધા ઉપજાવી રહ્યો છે અને ઔષધ એ તેની પ્રતિક્રિયા છે."

આ પ્રમાણે બોલીને શ્રીરામચંદ્રજીએ વૈદ્યોને તેમજ જોષીઓને પણ બોલાવ્યા અને મંત્ર - તંત્રોનો પ્રયોગ પણ અનેકવાર કરાવ્યો. જ્યારે મંત્ર-તંત્રોથી કોઈપણ પ્રકારની સફળતા મળી નહિ, ત્યારે

શ્રીરામચંદ્રજી મૂર્ચ્છાને પામ્યા અને તે પછી થોડીક સંજ્ઞાને પામેલા તે ઊંચા સ્વરે વિલાપ કરવા લાગ્યા. હમણાં તો આપણે શ્રીલક્ષ્મણજી પ્રત્યેના ગાઢતર સ્નેહના યોગે શ્રીરામચંદ્રજીની કેવી દુર્દશા થાય છે, એ જ જોવાનું છે. અત્યારે શ્રીરામચંદ્રજી જે કાંઈ કરી રહ્યા છે, તે શ્રીલક્ષ્મણજી પ્રત્યેના ગાઢતર સ્નેહના આવેશની આધીનતાથી જ કરી રહ્યા છે. હજુ તો ઘણી ઘણી ઘેલછા આવવાની બાકી છે.

શ્રીલક્ષ્મણજીના મૃત્યુથી શ્રી બિભીષણ, સુગ્રીવ અને શત્રુઘ્ન આદિ પણ આંખમાંથી અશ્રુઓ સારી રહ્યા છે અને "અમે માર્યા ગયા" એમ બોલતા - બોલતાં મુક્તકંઠે રુદન કરી રહ્યા છે. વળી કૌશલ્યા આદિ માતાઓ પણ પોતાની પુત્રવધુઓની સાથે અશ્રુપાત કરતી વારંવાર મૂર્ચ્છા પામી રહી છે અને કરુણ સ્વરે આક્રન્દ કરી રહી છે. પ્રત્યેક માર્ગે પ્રત્યેક ઘરોમાં અને પ્રત્યેક દુકાને રુદન ચાલી રહ્યું છે અને એથી અન્ય સર્વે રસોને મલિન કરનાર શોક જાણે કે અદ્વૈતપણાને પામ્યો છે. તે વખતનું વાતાવરણ એવું બની ગયું છે કે, જાણે ત્યાં શોક સિવાય અન્ય કોઈ રસ વિદ્યમાન હોય જ નહિ.

## લવણ-અંકુશે અતિ ભયભીત બનીને દીક્ષાની અનુમતિ માંગી

જ્યારે અયોધ્યામાં સર્વત્ર આવું શોકનું સામ્રાજ્ય વ્યાપી ગયું છે, તે વખતે લવણ અને અંકુશ શ્રીરામચંદ્રજીની પાસે આવીને નમસ્કાર કરીને કહે છે કે,

*"भवाद्‍भ्यातिभीतौ स्वः कनीयस्तातमृत्युना ।"*

"અમારા લઘુપિતાનું મૃત્યુ થવાથી, આજ અમે આ સંસારથી ખૂબ જ ભયભીત બની ગયા છીએ !"

વધુમાં તે બન્ને કહે છે કે,

*"अकस्माद्वापतत्येष, मृत्युः सर्वस्य तन्नरैः ।*
*तत्परैः परलोकाय, स्थातव्यं मूलतोऽपि हि ॥१॥*

"આ મૃત્યુ એવું છે. કે જે સર્વને અકસ્માત્ પ્રાપ્ત થાય છે. આથી મનુષ્યોએ પહેલેથી પરલોકને માટે તત્પર બન્યા રહેવું જોઈએ."

વિચાર કરો કે, કોઈનું કે નિકટમાં નિકટના સંબંધીનું મૃત્યુ થાય, ત્યારે આપણને આવો વિચાર આવે ખરો ? એવા વખતે આપણામાં ભવની ભીતિ પ્રગટે કે આપણામાં ભવની ભીતિ હોય તો તે જોર કરે, એમ બને કે નહિ ? આપણને કોઈ વેળાએ પણ એમ થાય છે કે, આપણે મૃત્યુને માટે તૈયાર બન્યા રહેવું જોઈએ ? તમે તમારી જિન્દગીમાં કેટલાને બાળી આવ્યા ? સગા બાપને, સગી માને, સગા છોકરાને કે સગા ભાઈ વગેરેને બાળી આવનારાઓમાં પણ અહીં કોઈ કોઈનો હશે ને ? એમને બાંધી, ખભે લઈને બાળી આવ્યા, તે વખતે એમ ન થયું કે એક દિવસે આ શરીરની પણ એજ હાલત થવાની છે ? તમે પરલોકને માનો છો કે નહિ ? અને જો પરલોકને માનો છો, અહીંથી મરીને અન્યત્ર ક્યાંક જવાનું છે એમ માનો છો, તો એ માટે તૈયારી કરી છે ? બે-ચાર દિવસ પરગામ જવું હોય તો ય તમે કાંઈક ને કાંઈક સગવડ કરો છો, તો પરભવને માનનારા તમે પરભવની શી સગવડ કરી છે ? આત્મા છે, પરભવ છે, એ વિગેરે મોઢેથી બોલવું એ જુદી વાત છે અને એની વાસ્તવિક માન્યતા હોવી એ બીજી વાત છે. આ જીવનમાં જો કોઈપણ વસ્તુને માટે વધારેમાં વધારે તત્પર રહેવા જેવું હોય, તો તે એક પરલોક જ છે અને તે તત્પરતા પણ પહેલેથી જ રાખવી જોઈએ. કારણકે, મૃત્યુ એ કોઈ આપણી ધારણાને અનુસરનારી વસ્તુ નથી અથવા મૃત્યુ અમુક ઉંમરે જ આવે એવો કોઈ નિયમ નથી.

પરલોકને માટે તત્પર બન્યા રહેવાને માટે શું કરવું જોઈએ ? એ વાત પણ લવણ - અંકુશે સૂચવી છે કારણકે ભવભીતિ અને મૃત્યુના આકસ્મિક આગમનને લગતી વાત ઉચ્ચાર્યા બાદ, લવણ - અંકુશે શ્રીરામચંદ્રજીને કહ્યું કે.

"દીક્ષા લેવાની અમારી ઈચ્છા છે, તો આપ તે માટેની અમને અનુમતિ આપો ! લઘુતાતથી મુકાયેલા અમારે હવે થોડોપણ કાળ ઘરમાં રહેવું એ યોગ્ય નથી."

આ ઉપરથી સમજી શકાય તેમ છે કે, પાપાચારોથી નિવૃત્ત બનીને સંયમાચારોમાં પ્રવૃત્ત બનવું, એ જ પરલોકને માટે તત્પર બન્યા રહેવાનો એક માત્ર વાસ્તવિક ઉપાય છે. પાપોની નિવૃત્તિ અને સંયમાચારોની પ્રવૃત્તિ, એ જ પરલોકને સુધારવાનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉપાય છે. અને મૃત્યુ અકસ્માત્ આવી પડે છે માટે તો જ્યારથી સમજ આવે ત્યારથી તો જરૂર પાપનિવૃત્તિ અને સંયમ પ્રવૃત્તિમાં આદરવાળા બની જવું જોઈએ. વળી આ ઉપરથી એ વાત પણ સમજી શકાય તેમ છે કે, જેનામાં સાચી ભવભીતિ પ્રગટે છે, તેનામાં સાચી સંયમપ્રીતિ પ્રગટયા વિના પણ રહેતી નથી.

### લવણ - અંકુશે દીક્ષા લીધીને મુક્તિપદ પામ્યા

ભવની અતિ ભીતિના યોગે સંયમની પ્રીતિવાળા લવણ અંકુશ તો એ પ્રમાણે બોલીને અને શ્રીરામચંદ્રજીને નમસ્કાર કરીને ત્યાંથી નીકળી ગયા અને શ્રી અમૃતઘોષ નામના મુનિવરની પાસે જઈને તેમણે દીક્ષા પણ લઈ લીધી.

લવણ - અંકુશનું આ વલણ એકાન્તે અનુમોદનીય છે. પણ આજના કેટલાકોને લવણ - અંકુશનું આ પ્રકારનું વર્તન ખટકે, એ બનવાજોગ છે. કહેશે કે, જ્યારે આખી અયોધ્યાનગરી શોકમાં ડૂબી ગઈ હોય, પિતા આદિ શોકથી આકુળવ્યાકુળ બની ગયા હોય, સર્વત્ર આક્રન્દન ચાલી રહ્યું હોય, ત્યારે દીક્ષાની વાત બોલાય જ કેમ?' આવી વાત કરનારાઓને પૂછવું પડે કે, 'ત્યારે શું વિરાગ પામેલા આત્માઓ પણ બધાની સાથે પોક મૂકવા બેસે ?' વિચાર કરવો જોઈએ કે, પોક મૂક્યે મરનાર જીવતો થવાનો છે ? પોક મૂક્યે આપણા આત્માનું હિત સધાવાનું છે ? મરનારના અને પોતાના હિતને સમજનારાઓએ તો,

એવા પ્રસંગને પોતાના અને અનેકોના આત્મિક ઉત્કર્ષનું કારણ બનાવી દેવો જોઈએ.

**સભા** : હજુ તો મૃતદેહ મહેલમાં પડયો છે ને ?

**પૂજ્યશ્રી** : હા, પણ તેમા લવણ - અંકુશ શું કરે ? એ મૃતદેહનું મૃતકાર્ય તો મહિનાઓ બાદ થવાનું છે. કારણકે શ્રીરામચંદ્રજી ગાઢતર સ્નેહમાંથી જન્મેલી ઉન્મત્તતાના પ્રતાપે એ દેહને સજીવન માની, ખભે નાખી, અનેક સ્થળોએ ફરવાના છે. બીજી વાત એ પણ છે કે, લવણ અને અંકુશ વિના શ્રીલક્ષ્મણજીના મૃતદેહને લગતું કોઈપણ કાર્ય અટકી જવાનું નથી. આમ હોઈને, અકસ્માત્ મૃત્યુ આવી પડે તે પહેલાં જ શક્ય એટલી સંયમ સાધના કરવાને તત્પર બની જવું, એમાં ખોટું શું છે ?

લવણ - અંકુશે તો શ્રી અમૃતઘોષ નામના મુનિવરની પાસે દીક્ષા ગ્રહણ કરીને, એવી ઉત્કટ કોટિની આરાધના કરી કે જેના પ્રતાપે તે બન્ને ક્રમે કરીને મુક્તિને પામ્યા.

### શ્રીરામચંદ્રજીની સ્નેહોન્મત્તતા

આ બાજુ શ્રીલક્ષ્મણજી પ્રત્યેના ગાઢતર સ્નેહથી શ્રીરામચંદ્રજીની થયેલી દુર્દશાનું વર્ણન ત્રિષષ્ઠિમાં આવે છે.

ભાઈના ઉપર આવી પડેલી અગર ભાઈ સંબંધી ઉપસ્થિત થયેલી વિપત્તિથી તથા લવણ અને અંકુશ એ બે પુત્રોના વિયોગથી, શ્રીરામચંદ્રજી વારંવાર મૂર્ચ્છા પામવા લાગ્યા. વારંવાર મૂર્ચ્છા પામતા તે મોહથી એમ બોલ્યા કે, "હે બાન્ધવ ! શું મેં આજ તારું કાંઈપણ ક્વચિત્ અપમાન કર્યું છે ? તેં આજ અકસ્માત્ આવું મૌન શાથી ધારણ કર્યું છે ? હે ભાઈ ! તુ આવો મૌનધારી બની ગયો, એથી મારા બે પુત્રો પણ મને ત્યજીને ચાલ્યા ગયા. ખરેખર, સો છિદ્રોમાંથી માણસોમાં સેંકડો ભૂતો પેસી જાય છે !"

આ પ્રમાણે ઉન્મત્તપણે બોલતા શ્રીરામચંદ્રજીની કાંઈક નજદિકમાં આવીને, શ્રી બિભીષણ આદિ એકઠા મળીને ગદ્દગદ્ સ્વરે બોલ્યા કે, "હે સ્વામિન્ ! આપ તો જેમ વીરોમાં પણ વીર છો, તેમ ધીરોમાં પણ ધીર છો. આથી, આપ લજ્જાકારી એવી આ અધીરતાને હવે ત્યજી દો. અત્યારે તો લોકપ્રસિદ્ધ રીતે અંગસંસ્કારપૂર્વક શ્રીલક્ષ્મણજીના ઔર્ધ્વદૈહિકને કરવું, એ જ સમયોચિત કર્તવ્ય છે." શ્રી બિભીષણ આદિએ એકઠા મળીને ઉચ્ચારેલાં આવાં વચનો કાને પડતાંની સાથે જ, શ્રીરામચંદ્રજી ગુસ્સે થઈને પોતાના હોઠને ફફડાવતાં - ફફડાવતાં તેઓને કહેવા લાગ્યા કે, "લુચ્ચાઓ ! તમે આ શું બોલો છો ? મારો આ ભાઈ જીવતો જ છે. તમારા બધાયનું જ તમારા બંધુઓની સાથે અગ્નિદાહપૂર્વકનું મૃતકાર્ય કરવું જોઈએ. મારો નાનો ભાઈ તો દીર્ઘાયુષી છે."

આ પ્રમાણે શ્રી બિભીષણ આદિને ઉદ્દેશીને કહ્યા બાદ, શ્રીલક્ષ્મણજીના મૃતદેહને ઉદ્દેશીને શ્રીરામચંદ્રજી બોલે છે કે, "ભાઈ ! ભાઈ ! તું જલ્દી બોલ ! વત્સ શ્રીલક્ષ્મણ ! ખરેખર, આ દુર્જનોનો જ પ્રદેશ છે. તું શા માટે વધારે વખતને માટે મને ખેદ ઉપજાવે છે ? અથવા તો વત્સ ! હું સમજ્યો, તારો કોપ દુષ્ટજનોની સમક્ષ ઉચિત નથી." આમ બોલીને અને શ્રીલક્ષ્મણજીના મૃતદેહને ખભે નાખીને શ્રીરામચંદ્રજી અન્યત્ર ચાલ્યા ગયા. આ પછી શ્રીલક્ષ્મણજીના મૃતદેહને શ્રીરામચંદ્રજી કોઈવાર સ્નાનગૃહમાં લઈને જાતે સ્નાન કરાવતા અને તે પછી પોતાના હાથથી જ તે દેહ ઉપર વિલેપન કરતા, કોઈવાર વળી દિવ્ય ભોજનો લાવી, તેનો થાળ ભરી, તે થાળને શ્રીલક્ષ્મણજીના મૃતદેહ પાસે શ્રીરામચંદ્રજી જાતે જ મૂકતા, કોઈવાર તે મૃતદેહને પોતાના ખોળામાં બેસાડીને શ્રીરામચંદ્રજી તેના માથા ઉપર વારંવાર ચુંબનો કરતા, તો કોઈવાર તે મૃતદેહને જાતે પથારીમાં સુવાડીને કપડાથી ઢાંકી દેતા. કોઈવાર શ્રીરામચંદ્રજી તે મૃતદેહને પોતે બોલાવીને

પોતે જ તેનો ઉત્તર દેતા અને કોઈવાર પોતે જાતે જ મર્દન કરનારા બનીને શ્રીલક્ષ્મણજીના મૃતદેહનું મર્દન કરતા. સ્નેહોન્મત્ત બનીને આવી આવી વિકળ ચેષ્ટાઓને કરવામાં અન્ય સર્વ કાર્યોને ભૂલી જઈને શ્રીરામચંદ્રજીએ છ મહિના જેટલો સમય કાઢી નાખ્યો.

## ઇંદ્રજિતના પુત્રોએ દીક્ષા લીધી

શ્રીરામચંદ્રજીને તે પ્રકારના ઉન્મત્ત બનેલા સાંભળીને, ઇન્દ્રજિતના અને સુંદના પુત્રો તેમજ અન્ય પણ ખેચર શત્રુઓ શ્રીરામચંદ્રજીને મારી નાખવાની ઇચ્છાથી ત્યાં આવી પહોંચ્યા. તે સર્વએ, શિકારી જેમ છળ અને બળથી સુતેલા સિંહની ગિરિગુફાને રૂંધી લે તેમ, જેમાં રઘુપુંગવ શ્રીરામચંદ્રજી ઉન્મત્ત બનેલા છે તેવી અયોધ્યાનગરીને પોતાનાં સૈન્યોથી ઘેરી લીધી. આથી શ્રીરામચંદ્રજીએ શ્રીલક્ષ્મણજીના મૃતદેહને પોતાના ખોળામાં સ્થાપન કરીને તે વજ્રાવર્ત ધનુષ્યનું આસ્ફાલન કર્યું, કે જે ધનુષ્ય અકાળે પણ સંવર્તને પ્રવર્તાવનારું હોય છે.

તે વખતે આસન કંપવાથી માહેન્દ્ર દેવલોકમાંથી દેવતાઓની સાથે જટાયુ દેવ શ્રીરામચંદ્રજીની પાસે આવ્યો. કારણકે, તેને શ્રીરામચંદ્રજીની સાથે પૂર્વજન્મનું દૃઢ સૌહાર્દ હતું. આથી, 'હજુ પણ દેવતાઓ રામના તાબામાં છે,' એમ બોલતા ઇન્દ્રજિતના પુત્રો આદિ તે સર્વ રાક્ષસ, ખેચરો ત્યાંથી તરત જ પલાયન થઈ ગયા.

'અહીં તો દેવોનો મિત્ર અને શ્રી બિભીષણ જેની પાસે છે એવો શ્રી રામ અમને હણનારો છે' એમ સમજીને ભય તથા લજ્જાને પામેલાં તે ખેચરો પરમ સંવેગને પામ્યા. અને તેઓએ, ગૃહવાસથી પરાઙ્મુખ બનીને શ્રી અમિતવેગ નામના મુનિવરની પાસે જઈને દીક્ષાને ગ્રહણ કરી.

પૂર્વકાળમાં આવા બનાવો ઘણા બન્યા છે. યુદ્ધમાં વિજય ન મળે એટલે દીન નહિ બનતાં, પોતાના સઘળાં જ સામર્થ્યનો ઉપયોગ

 સિદ્ધિની સાધના કરવાને તત્પર બનનારા ઘણા આત્માઓનાં દૃષ્ટાંતો કથા સાહિત્યમાં મોજુદ છે. એવું નિમિત્ત પણ યોગ્ય આત્માઓને જ સન્માર્ગે વાળી શકે છે.

**જટાયુ દેવે કરેલી મહેનત અને તેમાં પ્રાપ્ત થયેલી નિષ્ફળતા**

શ્રીરામચંદ્રજીની ઉન્મત્ત દશાનો લાભ લેવાને માટે આવેલા, પણ પાછળથી એ જ નિમિત્તે સંવેગ પામીને દીક્ષિત બનેલા ઇન્દ્રજિતના પુત્રો આદિ ખેચરો, અયોધ્યાનગરીની પાસેથી ચાલ્યા ગયા બાદ, જટાયુ દેવે શ્રીરામચંદ્રજીને બોધ પમાડવાનો પ્રયત્ન શરૂ કર્યો. શ્રીરામચંદ્રજીની પાસે રહીને તે જટાયુ દેવે સુક્કા વૃક્ષને વાંરવાર પાણીનું સિંચન કરવા માંડ્યું, પત્થર ઉપર શુષ્ક છાણ આદિ નાખીને પદ્મિનીના છોડને રોપવાનો પ્રયત્ન આરંભ્યો, હળમાં મરેલા બળદને જોડીને તેનાથી અકાળે બીજોને વાવવાનું કાર્ય શરૂ કર્યું અને તેલ મેળવવાને માટે યંત્રમાં રેતી નાંખીને તે રેતી પીલવા માંડી.

સુકાઈને નિશ્ચેતન બની ગયેલ વૃક્ષને ગમે તેટલું પાણી પાવામાં આવે, તો ય તે નવપલ્લવિત બને એ શક્ય નથી; પત્થર ઉપર સારામાં સારૂં ખાતર નાખીને પણ પદ્મિનીના છોડને ઉગાડવાનો પ્રયત્ન કરવામાં આવે, તો એ પ્રયત્ન નિષ્ફળ જ નિવડે અને મહેનત માથે પડે; મરેલા બળદને હળમાં જોડી અકાળે બીજો વાવવા મથનારો કદી સફળ નિવડી શકે જ નહિ અને રેતીને પીલ્યે તેલ મળે એ ત્રિકાળમાં પણ સંભવિત નથી. જટાયુ દેવ આ વાત નહિ સમજતો હોય ? સમજતો હતો, પણ શ્રીરામચંદ્રજીની કુંઠિત થઈ ગયેલી મતિને પુનઃ પૂર્વના જેવી બનાવવાના હેતુથી જ તેણે આ બધું કર્યું હતું. જટાયુ દેવે આવી તો બીજી પણ અનેક અસાધ્ય વસ્તુઓ શ્રીરામચંદ્રજીની પાસે પ્રગટ કરી હતી.

જટાયુ દેવને આ રીતે અસાધક વસ્તુઓ સાધવામાં પ્રયત્નશીલ બનેલો જોઈને, શ્રીરામચંદ્રજી કહે છે કે, "અરે ! મૂઢ બનીને તું આ શુષ્ક વૃક્ષને કેમ સીંચે છે ? ફળ મળવાની વાત તો દૂર રહી, પણ ક્યાંય સાંબેલાને ફૂલ આવ્યાં પણ જાણ્યાં છે ? હે મુગ્ધ ! પદ્મિનીના ખંડને તું

શિલા ઉપર શા માટે આરોપે છે ? અથવા નિર્જળ જમીનમાં તું મરેલા વૃષભોથી બીજને કાં વાવે છે ? વળી હે મૂર્ખ ! રેતીમાંથી તે તેલ નીકળતું હશે, કે જેથી તું એને પીલે છે ? ઉપાયને નહિ જાણનાર એવો તારો આ પ્રયાસો સર્વથા નિષ્ફળ જ છે !" જટાયુ દેવને શ્રીરામચંદ્રજીની પાસે આવું જ બોલાવવું હતું અને જ્યાં શ્રીરામચંદ્રજી આવા ભાવનું બોલ્યા કે તરત જ જટાયુ દેવે સ્મિત કરીને કહ્યું કે, "જો તમે આટલું પણ જાણો છો, તો તમે અજ્ઞાનના ચિહ્‌ન સમા શ્રીલક્ષ્મણજીના મૃતદેહને તમારા ખભા ઉપર શા માટે વહન કરો છો ?"

શ્રીલક્ષ્મણજીના દેહને જ્યાં જટાયુ દેવે મૃતદેહ તરીકે ઓળખાવ્યો, એટલે પાછા શ્રીરામચંદ્રજી હતા તેવા ને તેવાજ ઉન્મત્ત બની ગયા. શ્રીલક્ષ્મણજીના મૃતદેહને આલિંગન દઈને શ્રી રામચંદ્રજીએ જટાયુ દેવને કહ્યું કે, "તું આવું અમંગળ કેમ બોલે છે ? મારા દૃષ્ટિપથમાંથી તું દૂર થઈ જા !"

### સેનાપતિ કૃતાન્તવદન પ્રતિબોધ કરે છે

હવે કૃતાન્તવદન સેનાપતિ, કે જે દીક્ષા લઈ, સંયમ પાળીને દેવલોકમાં ઉત્પન્ન થયો હતો, તેણે પોતાના અવધિજ્ઞાનના બળથી જાણ્યું કે, જટાયુ દેવે મહેનત કરીને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ શ્રીરામચંદ્રજીએ તેને ગણકાર્યો નહિ અને પોતાની નજરથી દૂર થવાનું કહી દીધું. આથી શ્રીરામચંદ્રજીને બોધ પમાડવાને માટે કૃતાન્તવદન દેવ ત્યાં આવ્યો.

તેણે આવીને એક સ્ત્રીના મૃતદેહને પોતાના ખભા ઉપર નાખ્યું અને તે પછી તે શ્રીરામચંદ્રજીની પાસે ચાલ્યો. સ્ત્રીમૃતકને ખભે નાખીને આવતા તેને જોઈને, શ્રીરામચંદ્રજી બોલ્યા કે "શું તું ઉન્મત્ત બની ગયો છે, કે જેથી તું આ સ્ત્રીમૃતકને આ પ્રમાણે વહન કરે છે ?"

શ્રીરામચંદ્રજીને જવાબ દેતાં કૃતાન્તવદન દેવ પણ કહે છે કે, "આવું અમંગળ તમે કેમ બોલો છો ? આ તો મારી પ્રિય સ્ત્રી છે. પણ

 તમે જાતે જ આ શબને કેમ વહો છો ? તમે જ્યારે એમ જાણી શકો છો કે, "હું મારી મૃતભાર્યાનું વહન કરી રહ્યો છું, તો બુદ્ધિમાન ! તમે તમારા સ્કંધ ઉપર રહેલા શબને કેમ જાણી શકતા નથી ?"

આ પ્રકારે તે કૃતાન્તવદન દેવે શ્રીરામચંદ્રજીને ઘણા ઘણા હેતુઓ બતાવ્યા અને એથી શ્રીરામચંદ્રજી વિવેકને પામ્યા. વિવેકને પામેલા શ્રીરામચંદ્રજી વિચાર કરવા લાગ્યા કે "શું આ મારો નાનો ભાઈ જીવતો નથી, એ વાત સાચી છે ?"

આ પછી બોધને પામેલા શ્રીરામચંદ્રજીને જટાયુ દેવે તથા કૃતાન્તવદન દેવે પોતાની ઓળખાણ આપી અને ત્યારબાદ તે બન્ને દેવો પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.





# શ્રી રામચન્દ્રજીનો સંસારત્યાગ સાધના અને નિર્વાણ

## ૧૨

પૂર્વની પ્રબળ આરાધના કરીને આવેલા શ્રી રામચન્દ્રજી પ્રબળ વૈરાગ્યપૂર્વક દીક્ષાનો સ્વીકાર કરે છે. ગામ-નગરમાં ગોચરી જતાં નગર ક્ષોભનું કારણ જાણી તેઓશ્રી તપોમય સંયમની શ્રેષ્ઠ સાધના કરતાં અરણ્યમાં જ નિવાસ કરે છે.

વટેમાર્ગુઓ પાસેથી આહાર-પાણીનો લાભ થાય તો પારણું કરતાં તેઓને અવધિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કોટિશિલાએ જઈને ધ્યાનમાં ઉભા રહે છે. સીતાજીનો આત્મા સીતેન્દ્ર રાગવશ ફરી પણ રામનો યોગ મળે તેવી ઈચ્છાથી અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો કરે છે. આજીજીભરી પ્રાર્થનાઓ કરે છે. પણ નિષ્પ્રકંપ-ધ્યાનના પ્રભાવે ઘાતિકર્મોનો ઘાત કરી શ્રી રામચન્દ્રજી કેવળજ્ઞાની બને છે.

શ્રી સીતેન્દ્ર તેઓશ્રીના શ્રીમુખે શ્રી લક્ષ્મણજી, રાવણ આદિની વિગત જાણી, નરકમાં પહોંચી તેઓને પ્રતિબોધે છે. કેવળજ્ઞાની શ્રી રામચન્દ્રજી સર્વકર્મનો ક્ષય કરી પરિનિર્વાણગતિને પામે છે.

આમ અહીં પરમગુરુવરના શ્રીમુખે વિશદ રીતે વર્ણવાયેલ શ્રી જૈનરામાયણની પૂર્ણતા થાય છે.

-શ્રી

# શ્રી રામચન્દ્રજીનો સંસારત્યાગ સાધના અને નિર્વાણ

- ચોથા પુરુષાર્થ માટે તત્પર શ્રીરામ
- પુણ્યશાળી આત્માના ત્યાગની અસર
- આજ્ઞા મુજબનો એકલવિહાર અને અવધિજ્ઞાન
- અવધિજ્ઞાની રામર્ષિએ કરેલી વિચારણા
- નગરક્ષોભ અને શ્રી રામર્ષિનો અભિગ્રહ
- શ્રી રામચન્દ્ર મહર્ષિએ અરણ્યમાં રહીને કરેલી અનુપમ આરાધના
- સીતેન્દ્રનો ઉપસર્ગ અને રામચન્દ્ર મહર્ષિને કેવળજ્ઞાનની પ્રાપ્તિ
- સમ્યગ્દૃષ્ટિ અને પાપ
- સીતેન્દ્રનો પ્રશ્ન અને શ્રી રામચન્દ્ર મહર્ષિએ કરેલો ખુલાસો
- શ્રી લક્ષ્મણજી અને શ્રી રાવણના ભાવિ ભવો
- સીતેન્દ્ર ચોથી નરકમાં જઈને શું જુવે છે ?
- નરકના અસ્તિત્વને નહિ માનનારાઓને લાભ કશોય નહીં અને નુકશાન પારાવાર
- નરકમાં સીતેન્દ્રે આપેલો ઉપદેશ અને તેનું શુભ પરિણામ
- સીતેન્દ્ર પોતાના કલ્પમાં
- શ્રી રામચન્દ્ર-મહર્ષિ મુક્તિપદ પામ્યા

# ૧૨

## શ્રી રામચન્દ્રજીનો સંસારત્યાગ સાધના અને નિર્વાણ

### ચોથા પુરુષાર્થ માટે તત્પર શ્રીરામ

જટાયુ અને કૃતાન્તવદન એ બન્ને દેવોના ચાલ્યા ગયા બાદ, શ્રીરામચંદ્રજીએ પોતાના નાના ભાઈ શ્રીલક્ષ્મણજીનું મૃતકાર્ય કર્યું અને પોતાને દીક્ષા લેવાની ભાવના હોવાથી શત્રુઘ્નને રાજ્ય લેવાની આજ્ઞા કરી. શત્રુઘ્ન પણ રાજ્ય સ્વીકારવાની ના પાડે છે. સંસારથી પરાઙ્મુખ બનેલ શત્રુઘ્ન કહે છે કે, 'હું પણ આપ પૂજ્યને જ અનુસરવાની ભાવનાવાળો છું.' આથી શ્રીરામચંદ્રજીએ લવણના પુત્ર અનંગદેવને રાજ્ય સોંપ્યુ અને પોતે ચોથા પુરૂષાર્થ રૂપ મોક્ષની સાધનાને માટે તત્પર બન્યા.

મોક્ષ નામના ચોથા પુરૂષાર્થની સાધનાને માટે તત્પર બનેલા શ્રીરામચંદ્રજી, અર્હદ્દાસ નામના શ્રાવકે ઉપદેશેલા અને ભગવાન્ શ્રી મુનિસુવતસ્વામીજીના વંશના સુવ્રત નામના મહામુનિની પાસે ગયા. ત્યાં જઈને શત્રુઘ્ન, સુગ્રીવ, બિભીષણ અને વિરાધ તેમજ અન્ય પણ રાજાઓની સાથે શ્રીરામચંદ્રજીએ ભાગવતી દીક્ષાને ગ્રહણ કરી.

આ રીતે જ્યારે શ્રીરામચંદ્રજીએ સંસારનો ત્યાગ કર્યો, ત્યારે સંસાર પ્રત્યેના વૈરાગ્યને પામેલા સોળ હજાર રાજાઓએ પણ સંસારનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરી.

આ ઉપરાંત, સાડત્રીસ હજાર સ્ત્રીઓએ પણ દીક્ષા લીધી અને તે સર્વે શ્રીમતી નામની શ્રમણીના પરિવારમાં સાધ્વીઓ બની.

## પુણ્યશાળી આત્માના ત્યાગની અસર

શ્રીરામચંદ્રજી જેવા પુણ્યશાળી મહાપુરૂષ સંસારનો ત્યાગ કરીને દીક્ષાનો સ્વીકાર કરે, ત્યારે એ નિમિત્તને પામીને અનેક આત્માઓ ભવવિરાગી બને તે સ્વાભાવિક છે. દુનિયામાં જે આદમી મોટો ગણાતો હોય, તેના સારા નરસા કામની અસર અન્ય જનો ઉપર થયા વિના રહે જ નહિ. આદમી જેમ વધારે મોટાઈવાળો, તેમ તેના કામની અસર વધારે. અત્યારે શ્રીમંત કુટુંબના નબીરાઓ જ્યારે ત્યાગી બને છે, ત્યારે અનેકોના ઉપર સુંદર અસર થાય છે ને ? આવો પૈસાદાર, આટલો સુખી, આવડા મોટા કુટુંબ પરિવારવાળો દીક્ષા લે છે, તો જૈનદીક્ષામાં શું મહત્ત્વ છે ? એવો વિચાર જૈનેતરોને પણ આવે ને ? શ્રીરામચંદ્રજી ગાઢતર સ્નેહના પ્રતાપે જેમ ઉન્મત્ત બન્યા હતા, તેમ હવે મોક્ષને માટેની સાધના પણ ઉત્કટ પ્રકારે કરવાના છે.

હમણાં જ આપણે જોઈશું કે, શ્રીરામચંદ્રજીએ કેવી સુંદર આરાધના કરી છે, આરાધક આત્માઓની આરાધના પણ અનેક આત્માઓના ભવનિસ્તારનું અવલંબન બની શકે છે. એ આત્માઓની આરાધનાને યાદ કરીને અન્ય આરાધક આત્માઓ પોતાના આત્માને આરાધનામાં ઉત્સાહિત બનાવી શકે છે.

હવે આરાધનાના વૃત્તાન્તનું વર્ણન આવે છે. આ બધાં વર્ણનો એવાં છે કે, યોગ્ય આત્માઓને સહજમાં ભવવિરાગી બનાવીને, આરાધનામાં ખૂબ ખૂબ ઉજમાળ બનાવે.

## આજ્ઞા મુજબનો એકલવિહાર અને અવધિજ્ઞાન

શ્રીરામચંદ્રજીએ શ્રમણજીવનનો સ્વીકાર કર્યા બાદ કરેલી આરાધના આદિનું વર્ણન કરતાં, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે, શ્રી રામર્ષિ પોતાના પૂજ્ય ગુરુદેવની પાસે સાઈઠ વર્ષ સુધી રહ્યા. એ દરમ્યાનમાં તેઓ તપની સાથે જ્ઞાનની આરાધના કરતાં રહ્યાં છે. વિવિધ અભિગ્રહોને ધારણ કરવામાં ઉદ્યત બનેલા શ્રીરામર્ષિએ અનેકવિધ તપશ્ચર્યાઓ પણ કરી અને પૂર્વો તથા અંગશ્રુતથી ભાવિત પણ બન્યા.

આ પછી, પોતાના પૂજ્ય ગુરૂદેવની અનુજ્ઞાથી શ્રી રામર્ષિએ પ્રચ્છન્ન એવા એકલવિહારનો સ્વીકાર કર્યો.

**સભા** : પ્રચ્છન્નપણે વિહાર કરવાનું કારણ શું ?

**પૂજ્યશ્રી** : એ વિષે સ્પષ્ટ શબ્દોમાં ગ્રન્થકાર પરમર્ષિએ ખુલાસો કર્યો નથી, પરંતુ આગળ સ્યન્દનસ્થલ નામના નગરમાં ભિક્ષા નિમિત્તે શ્રી રામર્ષિ પધાર્યા એ પ્રસંગ આવવાનો છે અને એ પ્રસંગને વિચારશો તો તમારા પ્રશ્નનો ખુલાસો મળી જશે. પ્રચ્છન્ન એકલવિહારનો સ્વીકાર કરીને શ્રી રામર્ષિ, એકલા જ નિર્ભયપણે કોઈ એક અટવીમાં ચાલ્યા ગયા અને ત્યાં એક ગિરિકન્દરમાં રહ્યા. જે દિવસે મહામુનિ શ્રી રામભદ્ર આ ગિરિકન્દરમાં આવીને રહ્યા, તે જ દિવસની રાત્રિએ ધ્યાનમગ્ન એવા તેમને અવધિજ્ઞાનની પ્રાપ્તિ થઈ. એ અવધિજ્ઞાન પ્રગટવાના પ્રતાપે શ્રી રામર્ષિ, ચૌદ રાજલોક પ્રમાણ વિશ્વને હાથમાં રહેલી વસ્તુની જેમ જોવા લાગ્યા.

### અવધિજ્ઞાની રામર્ષિએ કરેલી વિચારણા

હાથમાં રહેલી વસ્તુની માફક ચૌદ રાજલોક પ્રમાણે વિશ્વને જોતાં રામર્ષિ જાણી શક્યા કે, બે દેવો દ્વારા શ્રીલક્ષ્મણજી હણાયા હતા અને બે દેવો દ્વારા હણાયેલા એ મૃત્યુ પામીને નરકે ગયા છે. આ પ્રમાણે જાણીને શ્રી રામભદ્રમહર્ષિ વિચારવા લાગ્યા કે,

'પૂર્વ જન્મમાં જ્યારે હું ધનદત્ત નામથી ઉત્પન્ન થયો હતો, ત્યારે લક્ષ્મણ મારા નાના ભાઈ તરીકે વસુદત્ત નામથી ઉત્પન્ન થયો હતો અને ત્યાં પણ તે કરવા યોગ્ય કૃત્યને કર્યા વિના જ એમને એમ મૃત્યુ પામ્યો હતો. તે વસુદત્તનો જીવ આ ભવમાં મારા નાના ભાઈ લક્ષ્મણ તરીકે ઉત્પન્ન થયો અને આ ભવમાં પણ તેના પહેલાં સો વર્ષો તો કુમારાવસ્થામાં નિષ્ફળ ચાલ્યાં ગયાં. એ પછી પણ તેનાં ત્રણસો વર્ષ મંડલિક તરીકે ગયાં અને ચાલીશ વર્ષ દિગ્વિજયમાં ગયાં. આ પછીથી એણે અગિયાર હજાર પાંચસો ને સાંઈઠ વર્ષો સુધી રાજ્ય કર્યું આ ક્રમે કરીને બાર હજાર વર્ષોનું તેનું આખું ય આયુષ્ય કેવળ અવિરતિપણામાં જ ગયું અને એથી તે તેને નરકે લઈ જનારૂં બન્યું !

સમજાય છે કાંઈ ? શ્રીરામચંદ્રજીએ શ્રીલક્ષ્મણજીનાં બાર હજાર વર્ષોની તારવણી કાઢી. તારવણીમાં શું નીકળ્યું ? દિગ્વિજયો ગમે તેટલા સાધ્યાં અને રાજ્યસુખ ગમે તેટલાં વર્ષો સુધી ભોગવ્યું,પણ

પરિણામમાં શું ? નરક જ ને ? તમે તમારાં વર્ષોની કોઈવાર તારવણી કાઢી છે ? વેપારમાં તો અઠવાડિયે અઠવાડિયે, મહિને મહિને અને પાછા વર્ષે વર્ષે પણ તારવણી કાઢો છો, પણ આટલાં વર્ષોમાં શું કર્યું અને કેવું ભવિષ્ય સર્જ્યું, એની તારવણી કાઢો છો ? આમને આમ મનુષ્યજન્મને ફોગટ ગુમાવી દેવો છે ? આ મનુષ્યજન્મની તમને કેટલી કિંમત છે ? વેપારમાં ખોટ આવે તેની જેટલી ચિન્તા છે, તેટલી પણ આ મનુષ્ય જન્મ એળે જાય તેની ચિન્તા છે ખરી ? તમારે અહીંથી મરીને જવું છે ક્યાં ?



**સભા** : ઈચ્છા તો સારા સ્થાનની જ હોય ને ?

**પૂજ્યશ્રી** : સારા સ્થાનની ઈચ્છા હોય તો સારું સ્થાન મળે એવી કારવાઈ હોવી જોઈએ ને ? લક્ષ્મી મેળવવાની ઈચ્છા છે, તો બજારમાં વખતસર હાજર થઈ જાવ છો ને ? માંદા શરીરે પણ બજારમાં ગયા વિના રહો છો ? અને બજારમાં નથી જવાતું તો તાલાવેલી કેટલી રહે છે? પથારીમાં પડ્યા પડ્યા પણ ટેલીફોનના ભૂંગળાને હલાવ્યા કરો છો ને ? જ્યારે અહીંથી મર્યા બાદ સારું સ્થાન મળે, એ માટેની ચિન્તા કેટલી અને એ માટેનો પ્રયત્ન કેટલા ?

**સભા** : એમાં તો ઘણી પોલ છે.

**પૂજ્યશ્રી** : અહીંથી મરીને ક્યાંક ઉત્પન્ન થવું પડશે, એ વાત તો માનો છો ને ?

**સભા** : હા જી.

**પૂજ્યશ્રી** : તો પછી અહીંની કાર્યવાહી કયાં લઈ જશે, એનો વિચાર કરો છો ખરા ?

**સભા** : કોઈ કોઈવાર વિચાર થાય.

**પૂજ્યશ્રી** : 'એ વખતે વર્તમાન કાર્યવાહીથી ખરાબ સ્થાન મળશે' એમ લાગે છે ખરૂં ? સંસારની સઘળી જ કારવાઈ મારા ભવિષ્યને બગાડનારી છે એમ લાગે છે ખરું ?

**સભા** : સામાન્યપણે લાગે.

**પૂજ્યશ્રી** : તો પછી આ બધું ક્યારે છૂટે ? અથવા તો આ બધાને મારે છોડવું જોઈએ અને પરલોકમાં સારું સ્થાન મળે એ માટેની કારવાઈ કરવી જોઈએ એમ થાય કે નહિ ?

**સભા** : અહીં પણ સુખ ભોગવાય અને ત્યાં પણ સારું સ્થાન મળે એવો ઉપાય ગમે.

**પૂજ્યશ્રી** : એટલે કે, અહીં પણ વિષયસુખ ભોગવવાની ભાવના છે અને પરલોકમાં પણ વિષયસુખ મેળવવાની ઇચ્છા છે, એમ જ ને ?

**સભા** : લગભગ એવું.

**પૂજ્યશ્રી** : આવી વૃત્તિવાળાઓ અહીં પણ ઘણી સામગ્રી છતાં દુઃખી બને અને પોતાના પરલોકને બગાડે, એમાં નવાઈ પામવા જેવું કાંઈ છે જ નહિ. ધર્મશીલ આત્માઓ કારમી આપત્તિઓ વચ્ચે પણ અનુપમ સુખનો આસ્વાદ લઈ શકે છે, જ્યારે વિષયસુખના લોલુપ આત્માઓ ઘણી સંપત્તિઓ વચ્ચે પણ અનેક પ્રકારનાં દુઃખોને અનુભવતા હોય છે. એ જ રીતે ધર્મશીલ આત્માઓ પોતાના પરલોકને પણ સુધારી શકે છે, જ્યારે વિષયસુખમાં લીન બનેલા આત્માઓ દુર્ગતિને જ સાધે છે. આથી આ લોક અને પરલોક એમ ઉભયલોકમાં સુખનો અનુભવ કરવો હોય, તો તે માટે એક માત્ર ધર્મ જ સાધન છે. અનુકૂળ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ વિના સુખ મળે જ નહિ એ માન્યતા જ ખોટી છે. અનુકૂળ શબ્દાદિના યોગે જે સુખની પ્રાપ્તિ થાય છે, તે ધર્મના યોગે પ્રાપ્ત થતાં સુખને હિસાબે કોઈ ગણતરીમાં જ રહેતું નથી; પણ જેને ધર્મનાં યોગે પ્રાપ્ત થતા અગર અનુભવી શકાતા સુખની ગમ નથી અથવા તો ધર્મના યોગે શબ્દાદિના યોગ વિના જ અનુપમ સુખને અનુભવી શકાય છે એ વાતની જેને શ્રદ્ધા નથી, એવા માણસોને આવી સાચી પણ વાત ન ગમે તો તે બનવાજોગ છે. બાકી ઉભય લોકનાં સુખનું કારણ એક માત્ર ધર્મ જ છે અને એથી અહીંથી સુખસમાધિપૂર્વક મરીને સારા સ્થાનમાં જવાની ભાવનાવાળાઓએ તો આ જીવનને ધર્મમય બનાવવાનો જ પ્રયાસ કરવો જોઈએ. શ્રીલક્ષ્મણજીએ જેવા દિગ્વિજયો સાધ્યા, તેવા તમે સાધી શકવાના છો ?

એમણે જેટલું રાજ્યસુખ ભોગવ્યું તેટલું તમને મળવાનું છે ? ત્યારે તમે આ જીંદગીમાં બહુ બહુ સુખ ભોગવીને પણ કેટલુંક ભોગવવાના ?

**સભા** : નામ માત્રનું !

**પૂજ્યશ્રી** : અને ગતિ કઈ સાધવાના ?

**સભા** : જ્ઞાની જાણે.

**પૂજ્યશ્રી** : જ્ઞાની તો જાણે જ છે, પણ તમે તમારી કાર્યવાહી ઉપરથી માપ કાઢો ને ? શ્રીરામચંદ્રજી પરમર્ષિએ શ્રીલક્ષ્મણજીની આખી ય જીંદગીનું માપ કાઢ્યું. તેમને લાગ્યું કે, વસુદત્તનો ભવ પણ એળે ગુમાવ્યો અને આ ભવમાં પણ આયુષ્ય એવી રીતે ગુમાવ્યું, કે જેથી મરીને તે નરકે ગયા ! આપણે આપણાં વર્ષોની આવી તારવણી કાઢવી જોઈએ. શ્રી રામચંદ્ર મુનિવર શ્રીલક્ષ્મણજીના જીવન સંબંધી વિચારણા કરીને કેવા કાર્યમાં લાગી ગયા છે, એ જાણો છો ? એ વાત હમણાં જ આવશે. શ્રીલક્ષ્મણજીનું આયુષ્ય કયા ક્રમે પસાર થયું એનો વિચાર કર્યા બાદ શ્રી રામર્ષિએ શ્રી લક્ષ્મણજીના મૃત્યુ સંબંધી વિચારણા પણ કરી છે અને તે એટલી જ કે, 'માયાથી વધ કરનારા તે બે દેવોનો કાંઈ દોષ નથી. શરીરધારીનાં કર્મોનો વિપાક આવો જ હોય છે.'

આ પ્રમાણે વિચાર કરતાં શ્રી રામર્ષિ પોતાનાં કર્મોનો છેદ કરવાને માટે અધિક ઉદ્યત બન્યા અને એ માટે વિશેષપણે નિર્મમ બનીને તે, તપ તથા સમાધિમાં નિષ્ઠ બન્યા.

### નગરક્ષોભ અને શ્રી રામર્ષિનો અભિગ્રહ

હવે રામર્ષિએ પ્રચ્છન્ન વિહાર કેમ સ્વીકાર્યો હશે ? તેવા પ્રશ્નનો ખુલાસો જે પ્રસંગમાંથી મળી શકે તેમ છે, તે પ્રસંગનું વર્ણન શરૂ થાય છે. એકવાર છઠ્ઠના પારણા માટે શ્રી રામચંદ્રઋષિએ સ્યન્દનસ્થલ નામના નગરમાં પ્રવેશ કર્યો. રામર્ષિ તે નગરમાં પણ યુગમાત્ર દૃષ્ટિ રાખીને ચાલી રહ્યા છે.

**સભા** : એટલે શું ?

**પૂજ્યશ્રી** : ગાડાના ધૂંસરા પ્રમાણ જમીન ઉપર દૃષ્ટિને સ્થાપન

કરવી તે. રસ્તે ચાલતાં કોઈપણ જીવ પગ નીચે ન આવી જાય, એ માટે સાધુઓએ પોતાની દૃષ્ટિ યુગમાત્ર જમીન ઉપર સ્થાપીને ચાલવું જોઈએ. સાધુ ચાલે તેમ દૃષ્ટિ પણ ચાલે, પરંતુ તે દૃષ્ટિ રહે યુગમાત્ર જમીન ઉપર !

આ રીતે શ્રી રામર્ષિને નગરમાં પધારેલા જોઈને નગરલોકોના હર્ષનો પાર રહ્યો નહિ. અવનિ ઉપર ચંદ્ર ઉતરી આવ્યો હોય અને તે જેમ નયનના ઉત્સવ રૂપે બને, તેમશ્રી રામર્ષિ નગરજનોના નયનોત્સવ રૂપ બન્યા અને એથી પ્રચુર હર્ષને પામેલા નગરજનો તેમની સન્મુખ આવ્યા. નગરની સ્ત્રીઓ પણ તેમને ભિક્ષા આપવાને માટે પોતપોતાના ગૃહદ્વારમાં વિચિત્ર ભોજ્યોથી ભરેલા ભાજનોને સામે રાખીને ઉભી રહી. આમ નગરજનોનો હર્ષથી કોલાહલ વધ્યો અને તે એટલો બધો ગાઢ બન્યો કે, હાથીઓએ સ્તંભોને ભાંગી નાંખ્યા અને ઘોડાઓના કાન ઉંચા થઈ ગયા. રામચંદ્ર મહર્ષિ તો તેવા આહારના અર્થી હતા કે, જે આહાર ઉજ્ઝિત ધર્મવાળો હોય અર્થાત્ જે આહારને વાપરવાની કે રાખી મૂકવાની તેના સ્વામીને ઈચ્છા ન હોય. નગરની સ્ત્રીઓએ આપવા માંડેલો આહાર તેવો નહિ હતો, અને એથી તેવા આહારને ગ્રહણ નહિ કરતાં રામર્ષિ રાજગૃહે પધાર્યા.

પ્રતિનંદી નામના રાજાએ શ્રી રામર્ષિને ઉજ્ઝિત ધર્મવાળા આહારથી પ્રતિલાભ્યા અને તેમણે તે આહારને વિધિપૂર્વક વાપર્યો. દેવતાઓએ ત્યાં વસુધારા આદિના પંચક વૃષ્ટિ કરી અને ભગવાન્ શ્રી રામચંદ્ર મહર્ષિ પણ પેલા અરણ્યમાં પાછા પધાર્યા. અરણ્યમાં પાછા ફર્યા બાદ 'હવે ફરીથી પુરક્ષોભ ન થાઓ તેમજ મારો સંઘટ્ટો પણ ન થાઓ.' આવી બુદ્ધિથી શુદ્ધ બુદ્ધિવાળા તે મહર્ષિએ એવો અભિગ્રહ કર્યો કે

*"अरण्येऽत्रैव चेद्भिक्षाकाले भिक्षोपलभ्यते ।*
*तदानीं पारणं कार्य, - मस्माभिर्नान्यथा पुनः ॥१॥"*

'આ અરણ્યમાં જ જો ભિક્ષાકાલે ભિક્ષા મળી જાય તો તે વખતે પારણું કરવું, પણ અન્ય કોઈ પ્રકારે પારણું કરવું નહિ !'

મહર્ષિ શ્રી રામચંદ્રજીના નગરગમનના પરિણામે જે નગરક્ષોભ

થયો તેમજ સંઘટ્ટો પણ થયો. તેણે મહર્ષિ શ્રી રામચંદ્રજીના અંતરને કેટલું બધું હચમચાવી મૂક્યું હશે. કે જેથી તેમને આવો અભિગ્રહ કરવાની જરૂર પડી, એ વિચારવા જેવી વાત છે. તેમનાં અન્તરમાં કરૂણાનો કેટલો સુંદર વાસ હશે ? નિરતિચાર સંયમનું પાલન કરવામાં તે કેટલા દત્તચિત્ત હશે ? અરણ્યમાં ભિક્ષાકાળે નિર્દોષ આહાર મળી જાય, તો જ પારણું કરવું આવો નિર્ણય કરવા પાછળ રહેલી કરૂણાશીલતા અને સંયમપરતા તરફ ખાસ ધ્યાન આપવા જેવું છે. શરીરના મમત્વમાં રાચતા આત્માઓથી આ શક્ય છે ? શરીરને બંધન માની, એ બંધનને એક માત્ર મુક્તિસાધનાનું જ સાધન બનાવ્યા વિના આવો અભિગ્રહ થવો, એ કોઈપણ રીતે શક્ય નથી. ખરેખર આવા મહર્ષિઓના માટે કશું જ અસાધ્ય હોતું નથી. આવા મહર્ષિઓના ચરણોમાં જગતની સઘળી જ સંપત્તિઓ આળોટતી હોય તો તે સ્વાભાવિક જ છે. આ ચરિત્રના રચયિતા પરમર્ષિ ફરમાવે છે કે. શરીરને વિષે પણ નિરપેક્ષ બનેલા શ્રી રામર્ષિ, એ પ્રકારના અભિગ્રહને કરીને પરમ સમાધિને પામ્યા થકા પ્રતિમાધર બનીને રહ્યા.

### શ્રીરામચંદ્ર મહર્ષિએ અરણ્યમાં રહીને કરેલી અનુપમ આરાધના

આ પછી કોઈ એક સમયે, પેલા સ્યન્દનસ્થલ નગરનો પ્રતિનંદી નામનો રાજા તે અરણ્યમાં આવ્યો. એ રાજા ત્યાં એક એવા અશ્વથી ખેંચાઈને આવ્યો હતો, કે જે અશ્વ વિપરીત શિક્ષાવાળો તથા વેગવાળો હતો. યોગ્ય શિક્ષાને પામેલો અશ્વ લગામ ખેંચ્યે ઉભો રહે અને વિપરીત શિક્ષાને પામેલા અશ્વની જેમ-જેમ જોરથી લગામ ખેંચવામાં આવે, તેમ તેમ તેનો વેગ વધતો જાય. તે અશ્વ તે અરણ્યમાં આવીને નંદનપુણ્ય નામના સરોવરના કાદવમાં ખુંચી ગયો અને તેથી તેની ગતિ અટકી પડી. એ અશ્વને પગલે પગલે પ્રતિનંદી રાજાનું સૈન્ય ત્યાં આવી પહોંચ્યું. પોતાનું સૈન્ય આવી ગયા બાદ પ્રતિનંદી રાજાએ પેલા અશ્વને કાદવમાંથી બહાર કાઢ્યો. તે પછી ત્યાં જ છાવણી નંખાવીને અને સ્નાન કરીને પ્રતિનંદી રાજાએ પરિવાર સહિત ભોજન કર્યું.

પ્રતિનંદી રાજા આદિ સર્વે જ્યારે જમી રહ્યા. ત્યારે ધ્યાનને પાળીને ભગવાન્ શ્રી રામચંદ્ર મહર્ષિ પારણાની ઈચ્છાથી ત્યાં આવી પહોંચ્યા. તેમને ભિક્ષા નિમિત્તે પધારેલા જોઈને પ્રતિનંદી રાજા ઉભો થઈ ગયો અને બધાના ભોજન કર્યા બાદ જે અન્નજળ બાકી રહ્યું હતું, તે અન્નજળથી પ્રતિનંદી રાજાએ શ્રી રામર્ષિને પ્રતિલાભ્યા. શ્રી રામર્ષિએ પારણું કર્યું એટલે આકાશમાંથી રત્નવૃષ્ટિ થઈ.

અરણ્યમાં આવા કોઈ નિમિત્ત વિના ભિક્ષા મળે ક્યાંથી ? અરણ્યમાં ક્વચિત્ કોઈનું આગમન થઈ જાય અને તે આવનાર પાસેથી ભિક્ષા મળી જાય તો મળી જાય, એમ જ ને ? પ્રતિનંદી રાજા અશ્વ દ્વારા ખેંચાઈ આવ્યો અને ભિક્ષા મળી ગઈ, પણ તેવું કાંઈ ન બન્યું હોત તો શ્રી રામચંદ્ર મહર્ષિને આહાર ક્યારે મળત ? પણ શ્રી રામચંદ્ર મહર્ષિને પારણાની તેવી ચિંતા હતી જ નહિ. એ તો ધ્યાનમગ્ન બનીને જ કાળ વ્યતીત કરતાં હતાં, પોતાના આત્માનું પરમાત્મ-સ્વરૂપ પ્રગટાવવું એ જ એક તેમનું ધ્યેય હતું. અને ભિક્ષા મળી જતાં પારણું કરતા, તો પણ તે ધ્યેયની સિદ્ધિના હેતુથી જ. મળે તો સંયમવૃદ્ધિ અને ન મળે તો તપોવૃદ્ધિ એવી અનુપમ દશામાં એ રમતા હતા.

શ્રી રામચંદ્ર મહર્ષિએ પારણું કર્યા બાદ દેશના દીધી અને તેમની દેશનાનું શ્રવણ કરીને રાજા પ્રતિનંદી આદિ સમ્યગ્દર્શનપૂર્વકનાં બાર વ્રતોને ધરનારા શ્રાવકો બન્યા. ત્યારથી આરંભીને શ્રી રામચંદ્ર મહર્ષિ ત્યાં જ વનમાં ચિરકાળ પર્યન્ત રહ્યા. એ મહાતપસ્વી વનમાં રહ્યા તો ત્યાં પણ વનવાસિની દેવીઓ દ્વારા પૂજાતા હતા. એ રીતે વનમાં વસતા શ્રી રામચંદ્ર મહર્ષિ તે ભગસાગરના પારને પામાવાની ઈચ્છાથી કોઈ વાર મહિને, કોઈવાર બે મહિને કોઈવાર ત્રણ મહિને અને કોઈવાર ચાર મહિને પણ પારણું કરતા; કારણકે, ભિક્ષા માટે તે વનની બહાર નહિ જવાનો તેમનો અભિગ્રહ હતો અને વનમાં તો તેવા કોઈ નિમિત્તે કોઈ કોઈવાર કોઈ આવી જાય અને ભિક્ષા મળી જાય તો મળી જાય.

શ્રી રામચંદ્ર મહર્ષિએ કરેલી આ આરાધના યાદ કરી લેવા જેવી છે. જેને ત્યાં ત્રણ ખંડનું સામ્રાજ્ય હતું, તે આ છે. સંખ્યાબંધ ભૂચર રાજાઓ અને ખેચરો-વિદ્યાધર રાજાઓ, જેની સેવામાં સદાને માટે

 હાજર રહેતા હતા, તે આ છે. એક દિ' ધર્મને હસી વિષયસુખની પ્રશંસા કરનારા આ છે.ભાઈ પ્રત્યેના ગાઢતર સ્નેહથી ઉન્મત્ત બની જઈને ભાઈના શબને ખભા ઉપર છ છ મહિનાઓ સુધી લઈને ફરનારા આ છે. તે વખતની દશા જુઓ અને અત્યારની દશા જુઓ ! તે વખતે તેમણે કર્માધીનપણે એ બધું કર્યું, પણ અત્યારે તેઓ શું કરે છે ?

શ્રી રામચંદ્ર મહર્ષિ, મહિને, બે મહિને, ત્રણ મહિને, કે ચાર મહિને, જ્યારે તે અરણ્યમાં નિર્દોષ આહાર-પાણી મળી જતાં ત્યારે પારણું કરતા. એટલો તપ કરવા સાથે તે મહર્ષિ કોઈવાર પર્યંકાસને રહેતા, તો કોઈવાર ભુજાઓને લંબાવીને રહેતા કોઈવાર ઉત્કટિક આસને રહેતા તો કોઈવાર બાહુઓને ઉંચા કરીને રહેતા અને કોઈવાર પગના અંગુઠાના આધારે રહેતા તો કોઈવાર પગની પાનીના આધારે રહેતા. આ રીતે વિવિધ આસનોને અંગીકૃત કરીને ધ્યાનમગ્ન બનેલા તેઓએ દુસ્તપ તપને તપ્યો.

આવા આવા પ્રકારોથી ચિરકાળ પર્યન્ત તે વનમાં દુસ્તપ તપને તપ્યા બાદ, વિહાર કરતાં કરતાં શ્રી રામચંદ્ર મહર્ષિ, એકવાર કોટિશિલા નામની તે શિલાની પાસે આવી પહોંચ્યા, કે જે કોટિશિલાને પૂર્વે શ્રીલક્ષ્મણજીએ ઉપાડી હતી. જાંબવાનના કહેવાથી સુગ્રીવ આદિની પ્રતીતિને માટે શ્રીલક્ષ્મણજીએ કોટિશિલા ઉપાડયાનો પ્રસંગ આપણે આ પર્વના છઠ્ઠા સર્ગમાં જોઈ આવ્યા છીએ. તે કોટિશિલા ઉપર પ્રતિમાધર બનીને રહેલા શ્રી રામચંદ્ર મહર્ષિ, રાત્રિના વખતે ક્ષપકશ્રેણિનો આશ્રય સ્વીકારવા દ્વારા શુકલ ધ્યાનાન્તરને પામ્યા.



## સીતેન્દ્રનો ઉપસર્ગ અને રામચંદ્ર મહર્ષિને કેવળજ્ઞાનની પ્રાપ્તિ

આ વખતે છેલ્લે છેલ્લે શ્રી રામચંદ્ર મહર્ષિને એક અનુકૂળ ઉપસર્ગ સહન કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે અને તે અનુકૂળ ઉપસર્ગ કરનાર કોઈ નથી, પણ ખુદ શ્રીમતી સીતાદેવીનો આત્મા છે. શ્રીમતી સીતાજીનો આત્મા, કે જે અચ્યુતેન્દ્ર બનેલ છે, તે હજુ પણ શ્રીરામચંદ્રજી તરફ રાગવાળો છે. એ રાગનો આવેશ સીતેન્દ્ર જેવા પાસે પણ કેવું અકાર્ય કરાવે છે, એ જુઓ !

રાગી આત્મા, રાગની વિવશતાથી, જેના ઉપર રાગ હોય તેના હિતમાં કેવી રીતે વિક્ષેપ ઉપજાવનારો બને છે, તે સમજવા માટે આ સુંદર ઉદાહરણ છે. ધર્મબુદ્ધિ સિવાયનો જેટલો રાગ, તે સર્વ અનર્થનું કારણ રાગી આત્મા, જેના ઉપર રાગ હોય તે આત્માનું આત્મહિત ભાગ્યે જ સાધી શકે છે. રાગી આત્મા જેના ઉપર રાગ હોય,તેના ધર્મોત્કર્ષને ન સહી શકે એ પણ શક્ય છે.

શ્રી રામચંદ્ર મહર્ષિએ ક્ષપકશ્રેણિ માંડયાનું અવધિજ્ઞાનથી જાણીને સીતેન્દ્રને એવો વિચાર થયો કે, 'આ રામ જો સંસારી બને, તો હું તેમની સાથે પુનઃ જોડાઉ ! ક્ષપકશ્રેણીમાં વર્તતા આ રામને હું અનુકૂળ ઉપસર્ગો દ્વારા ઉપદ્રવ કરું, કે જેથી તે આ ભવમાં કેવળજ્ઞાન પામી મુક્તિને પામતા અટકી જાય અને મારા મિત્રદેવતા બને. આ પ્રકારનો વિચાર કરીને, સીતેન્દ્ર શ્રી રામર્ષિની પાસે આવ્યા. શ્રી રામર્ષિની પાસે આવેલા સીતેન્દ્રે વસન્તઋતુથી વિભૂષિત એવું એક મોટું ઉદ્યાન ત્યાં બનાવ્યું. એ મહાઉદ્યાનમાં કોકિલકૂળના કુંજિતો થવા લાગ્યા. મલયાનિલ વાવા લાગ્યો, કુસુમોની સુંગધીથી પ્રમોદને પામેલા ભ્રમરો ગુંજારવ કરતા ભમવા લાગ્યા અને આમ, ચંપક, કંકિલ, ગુલાબ તથા બકુલ આદિનાં વૃક્ષોએ તરત જ પુષ્પોને ધારણ કર્યા. એ પુષ્પો પણ કેવાં હતાં ? કામદેવનાં નવીન અસ્ત્રો સમાન એ પુષ્પો હતા. આટલું કરીને સીતેન્દ્રે શ્રીમતી સીતાજીનું રૂપ ધારણ કર્યુ અને બીજી પણ સ્ત્રીઓને વિકુર્વી.

હવે શ્રીમતી સીતાના રૂપને ધારણ કરનાર સીતેન્દ્ર શ્રી રામચંદ્ર મહર્ષિને કહે છે કે, 'હે પ્રિય ! આપની પ્રિયા એવી હું શ્રીમતી સીતા આપની સમક્ષ હાજર થઈ છું. તે વખતે પંડિતમાનિની એવી મેં, મારામાં રક્ત એવા આપનો ત્યાગ કરીને દીક્ષા લીધી હતી. પણ તે પછી, હે નાથ મને ઘણો જ પશ્ચાત્તાપ થયો હતો. આ વિદ્યાધર-કુમારિકાઓએ આજે મને પ્રાર્થના કરી કે, 'હે સ્વામિનિ ! પ્રસન્ન થાઓ અને તમારા નાથ રામને અમારા નાથ બનાવો ! તમે દીક્ષાને ત્યજી દઈ રામની પટ્ટરાણી બનો અને તમારા આદેશથી અમે અત્યારે જ તેમની પત્નીઓ થઈશું ! આ પ્રમાણેની મને પ્રાર્થના કરનારી આ વિદ્યાધર વધૂઓને, હે રામ આપ પરણો. હું આપની સાથે પૂર્વની જેમ રમીશ, તો આપ મેં જે આપની અવજ્ઞા કરી હતી, તે બદલ ક્ષમા કરો !'

શ્રીમતી સીતાના રૂપમાં રહેલા સીતેન્દ્ર આ પ્રમાણે શ્રી રામર્ષિને કહે છતે સીતેન્દ્ર જે ખેચર સ્ત્રીઓને વિકુર્વી હતી, તે વિવિધ પ્રકારના સંગીતને કરવા લાગી. એ સંગીત કામદેવને સજીવન કરવાને માટે ઔષધ સમાન હતું. છે કાંઈ કમીના ? શ્રી રામર્ષિને ચળાવવાને માટે સીતેન્દ્રે આ જેવો-તેવો ઉપાય યોજ્યો છે ? આખું ય વાતાવરણ એવું સર્જ્યું છે કે, ભલભલા સંયમીને પણ ટકવું ભારે થઈ પડે. કામોદ્દીપક સામગ્રીનો પાર નથી અને શ્રીમતી સીતા તરીકે પ્રાર્થના પણ કેવી લલચાવનારી છે ? એક રાગના આવેશે સીતેન્દ્ર જેવાને પણ કેટલી હદ સુધીના ભાનભૂલા બનાવી દીધા છે. આ બધુ શા માટે ! શ્રી રામચંદ્રજીની સાથે પોતે પુનઃ જોડાઈ શકે, તે પોતાના મિત્રદેવ બને એટલા માટે ! એ જાણે છે કે, શ્રી રામર્ષિએ ક્ષપકશ્રેણી માંડી છે, છતાં રાગની વિવશતાથી આવો અનુકૂળ ઉપસર્ગ કર્યો ! ધર્મબુદ્ધિ સિવાયનો રાગ કરવા જેવો નથી, એમ લાગે છે ?

**સભા** : ધર્મબુદ્ધિપૂર્વકનો રાગ હોત તો સીતેન્દ્ર આવું ન કરત ?

**પૂજ્યશ્રી** : નહિ જ. ધર્મબુદ્ધિપૂર્વકનો રાગ આત્માને ધર્મથી ચળાવનારો નથી હોતો, પણ ધર્મને પમાડનારો અને પ્રાપ્ત ધર્મમાં સુસ્થિર બનાવનારો હોય છે. શ્રી રામચંદ્રજી પ્રત્યેનો સીતેન્દ્રનો રાગ ધર્મ બુદ્ધિપૂર્વકનો હોત, તો સીતેન્દ્ર શ્રી રામર્ષિને ધ્યાનભ્રષ્ટ બનાવાનો પ્રયત્ન કરત જ નહિ. શ્રી રામર્ષિની સાધનામાં વિક્ષેપ ઉપજાવવાનો વિચાર આવ્યો અને તેનો અમલ પણ થયો, તે એ જ સૂચવે છે કે, શ્રી રામચંદ્રજી પ્રત્યેનો શ્રીમતી સીતાજીનો તે રાગનો આવેશ ધર્મબુદ્ધિપૂર્વકનો હતો નહિ, પણ પૌદ્‌ગલિક હતો.

સીતેન્દ્રના એ અનુકૂળ ઉપસર્ગથી શ્રી રામચંદ્રમહર્ષિ લેશ પણ ચલાયમાન બન્યા નહિ. શ્રીમતી સીતારૂપે સીતેન્દ્રે ઉચ્ચારેલા એ વચનો, ખેચર સ્ત્રીઓનું એ સંગીત અને એ વસન્ત આ ત્રણમાંથી એક પણ વસ્તુ, શ્રી રામચંદ્ર મહર્ષિને ક્ષોભ પમાડી શકી નહિ. એટલું જ નહિ, પણ મહા સુદી બારસની તે રાત્રિના છેલ્લા પહોરે શ્રી રામચંદ્ર મહર્ષિને ઉજ્વળ એવું કેવળજ્ઞાન ઉપજ્યું ! શ્રી રામર્ષિને કેવળજ્ઞાન ઉપજ્યું તેનો ભક્તિવાળા સીતેન્દ્રે તેમજ અન્ય દેવોએ પણ મહિમા કર્યો.

**સભા** : સીતેન્દ્રે વધારે પ્રયત્ન ન કર્યો ?

વધારે પ્રયત્ન કરવાને અવકાશ જ નહિ હતો. જે આત્માઓ કેવળજ્ઞાનના સ્વામી બને છે, તે આત્માઓ તે જ ભવમાં અવશ્યમેવ મુક્તિને પામે છે. આ ભવમાં કેવળજ્ઞાન અને અન્ય ભવમાં મુક્તિ એવું કોઈ કાળે બન્યું નથી અને બનવાનું પણ નથી. સીતેન્દ્રને આ વાતની ખબર હોય, એટલે વધારે પ્રયત્ન કેમ જ કરે ? શ્રી રામર્ષિ કેવળજ્ઞાન પામ્યા, એટલે હવે થોડા કાળમાં તે મુક્તિ પામવાના જ એવી સીતેન્દ્રને ખાત્રી થઈ ગઈ તેમજ પોતાની ભૂલ પણ સમજાઈ. ભૂલ સમજાઈ એટલે રાગે ભક્તિનું રૂપ ધારણ કર્યું. હવે શ્રી રામર્ષિ તરફનો તેમનો રાગ ધર્મબુદ્ધિપૂર્વકનો બની ગયો. ધર્મબુદ્ધિપૂર્વકનો રાગ આવા પ્રસંગે ભક્તિની ભાવનાને પેદા કર્યા વિના રહે નહિ અને આપણે જોયું કે, સીતેન્દ્રે પણ ભક્તિથી વિધિપૂર્વક શ્રી રામર્ષિના કેવળજ્ઞાનના મહિમાને કર્યો.

## સમ્યગ્દૃષ્ટિ અને પાપ

**સભા** : સીતેન્દ્ર સમ્યગ્દૃષ્ટિ હતા, છતાં શ્રીરામચંદ્રજીના કેવળજ્ઞાનને અટકાવવા મથ્યા, એ આશ્ચર્યની વાત નથી ?

**પૂજ્યશ્રી** : લબ્ધિ અને ઉપયોગ વચ્ચેના ભેદનો ખ્યાલ હોય તો સીતેન્દ્રનું આ કૃત્ય આશ્ચર્ય ઉપજાવે નહિ. મોહનો આવેશ હલ્લો કરે તો એના યોગે સમ્યગ્દર્શનવંત આત્મા પણ અકરણીયને આચરનારો બની જાય, એ અશક્ય નથી. પરંતુ જ્યારે એ આત્મા ઉપયોગદશાને પામે ત્યારે એને એની ભૂલ સમજાયા વિના રહે નહિ. તમે જુઓ કે, જે સીતેન્દ્રે સ્વયં શ્રીમતી સીતાનું રૂપ ધારણ કરીને, શ્રીમતી સીતાજી જેવાના મુખમાં ન સંભવે એવી વાતો ઉચ્ચારી, મહાઉદ્યાન વિકુર્વ્યું ખેચર યુવતીઓને વિકુર્વી અને કામોદ્દીપક સંગીત કરાવ્યું, તે સીતેન્દ્રે કેવળજ્ઞાનનો મહિમા કર્યો કે નહિ ? સીતેન્દ્રને પોતાની ભૂલનો ખ્યાલ તરત જ આવી ગયો કે નહિ ?

હજુ તો તમે જોશો કે, સીતેન્દ્ર ક્ષમા યાચશે. સમ્યગ્દર્શન ગુણ જેમ કામ કરે, તેમ બીજા જે દુર્ગુણો હોય તે ય કામ તો કરે ને ? યાદ કરો કે, લક્ષ્મણા સાધ્વીને કેવો વિચાર આવ્યો હતો ? એને એમ થયું હતું કે, અવેદી એવા ભગવાનને વેદની પીડાની શી ખબર પડે ? શું એને

ભગવાનની સર્વજ્ઞતામાં શંકા હતી ? ભગવાનને એ સર્વજ્ઞ નહોતી માનતી ? લક્ષ્મણા સાધ્વી ભગવાનને સર્વજ્ઞ માનતી જ હતી. પણ કામાવેશના પ્રતાપે જ તેને એવો વિચાર આવ્યો. જે રીતે પ્રાયશ્ચિત્તની તેણે અન્યના નામે માગણી કરી, તે શાથી ? માનાવેશના પ્રતાપે જ ને ? નહિતર ભગવાનને એ ન કહે કે, 'મને અમુક વિચાર આવ્યો હતો' એટલા માત્રથી કાંઈ ભગવાન એથી અજાણ્યા રહે એ બનવાનું હતું ? ભગવાન તો જાણતા જ હતા, પણ આવેશના યોગે ઉત્તમ પણ આત્માથી અકૃત્યો થઈ જાય છે. જેવી રીતે લક્ષ્મણા સાધ્વીને પોતાના કામાવેશનું ભાન થયું અને એથી પ્રાયશ્ચિત્ત લેવાનું મન થયું, તેમ જો માનાવેશનું ભાન થયું હોય તો એણે જે રીતે પ્રાયશ્ચિત્તની માગણી કરી તે રીતે તે પ્રાયશ્ચિત્તની માગણી નહિ કરતાં 'મારાથી અમુક દોષ થઈ ગયો છે' એમ કહેવા સાથે જ પ્રાયશ્ચિત્તની માગણી કરત !

આ બધી વસ્તુઓની વિચારણા આપણે એવી જ રીતે કરવી જોઈએ, કે જે વિચારણાના પ્રતાપે આપણામાં રાગદ્વેષના આવેશથી બચતા રહેવાની ભાવના જન્મે. પોતાના પાપનો બચાવ કરવા માટે આવાં દૃષ્ટાન્તોનો ઉપયોગ કરવો, એ બહુ જ ભયંકર છે. 'સીતેન્દ્ર જેવા સમ્યગ્દૃષ્ટિએ પણ આમ કર્યું, તો આપણે અમુક અમુક કાર્યો કરતા હોઈએ એટલા માત્રથી આપણામાં સમ્યગ્દર્શન ગુણ નથી પ્રગટ્યો એમ કેમ મનાય ?' આવો વિચાર જેમના અન્તરમાં સ્ફુરે, તેમણે સમજી જ લેવું જોઈએ કે 'હજુ સમ્યગ્દર્શન ગુણ મારાથી બહુ છેટે છે ?' સમ્યગ્દૃષ્ટિ આત્માને એવો વિચાર આવે જ નહિ. જ્યારે સમ્યગ્દૃષ્ટિ આત્મા પોતાનાં કાર્યોની વિચારણા કરતો હોય, ત્યારે તો એને પોતાના સઘળાં જ પાપ કાર્યો પાપ કાર્યો તરીકે જ ભાસે. પાપ થઈ જવું કે પાપ કરવું પડે ને કરે એ એક વાત છે અને 'અમુક પાપ કાર્યો આપણે કરીએ તેથી આપણામાં સમ્યગ્દર્શન ગુણ નથી એમ કેમ મનાય ?' આવો વિચાર કરીને પાપભીરૂતાને છેહ દેવો એ બીજી વાત છે. સમ્યગ્દૃષ્ટિ આત્મામાં પાપની રુચિ હોય જ નહિ અને જેનામાં પાપની રુચિ ન હોય, તેનામાં પોતાનાં પાપોનો પશ્ચાત્તાપ હોય કે પોતાના પાપોનો બચાવ કરવાની વૃત્તિ હોય ?

સીતેન્દ્રે રાગની વિવશતાથી આચરેલા અકૃત્યનો તમે તમારે માટે હાનિકર ઉપયોગ ન કરી બેસો, એટલા માટે આટલો ખુલાસો કરવો પડ્યો.

## સીતેન્દ્રનો પ્રશ્ન અને શ્રી રામચંદ્ર મહર્ષિએ કરેલો ખુલાસો

શ્રી રામભદ્ર મહર્ષિના કેવળજ્ઞાનના મહિમાનું કાર્ય પત્યું, એટલે તરત જ કેવળજ્ઞાની રામર્ષિએ ધર્મદેશના કરી. ધર્મદેશનાને કરતા શ્રી રામર્ષિ દિવ્ય સુવર્ણકમલ ઉપર બિરાજમાન થયા હતા, તેમની બન્ને બાજુએ દિવ્ય ચામરો વિંઝાઈ રહ્યા હતા અને તેમના ઉપર દિવ્ય છત્ર જાણે છાયા કરી રહ્યું હતું.

શ્રી રામચંદ્રજી દેશના કરીને વિરામ પામ્યા, એટલે સીતેન્દ્રે નમસ્કાર કરવાપૂર્વક પોતાના દોષની ક્ષમા યાચી, અને તે પછીથી શ્રીલક્ષ્મણજીની તથા રાવણની ગતિના સંબંધમાં તેમણે કેવળજ્ઞાની શ્રી રામર્ષિને પ્રશ્ન કર્યો.

સીતેન્દ્રના એ પ્રશ્નના ઉત્તરમાં શ્રી રામર્ષિએ ફરમાવ્યું કે, શંબૂકની સાથે રાવણ અને લક્ષ્મણ હાલ ચોથી નરકમાં છે. ખરેખર દેહધારી આત્માઓની ગતિઓ કર્માધીન જ હોય છે. આત્માઓએ જે પ્રકારના કર્મને ઉપાર્જ્યું હોય, તે પ્રકારની જ તેની ગતિ થાય. શુભ કર્મ ઉપાર્જ્યું હોય તો શુભ ગતિ થાય અને અશુભ કર્મ ઉપાર્જ્યું હોય તો અશુભ ગતિ થાય સારી ગતિ સારા કર્મ વિના મળે નહિ. અને ખરાબ કર્મથી ખરાબ ગતિ થયા વિના રહે નહિ. શંબૂકની સાથે રાવણ તેમજ લક્ષ્મણ હાલમાં ચોથી નરકમાં છે એમ ફરમાવ્યા બાદ, શ્રી રામર્ષિ તે બન્નેના તેમજ સીતેન્દ્રના પણ ભવિષ્યને કહેવાનું શરૂ કરે છે. શ્રી રામર્ષિ ફરમાવે છે કે, નરકના આયુષ્યને અનુભવ્યા બાદ અર્થાત્ નરકના આયુષ્યને પૂર્ણ કરીને, રાવણ અને લક્ષ્મણ, પૂર્વવિદેહના અલંકાર સમી વિજયાવતી નામની નગરીમાં ઉત્પન્ન થશે. સુનંદ અને રોહિણી નામનાં એ બન્નેનાં માતા પિતા હશે અને એ બન્નેનાં પોતાનાં નામ અનુક્રમે જિનદાસ અને સુદર્શન હશે. ત્યાં તેઓ શ્રી અર્હદ્ભાષિત ધર્મનું સતતપણે પાલન કરનારા બનશે.

જિનદાસ અને સુદર્શન તરીકે શ્રી આર્હતધર્મનું સતત પાલન કરીને અને આયુષ્ય પૂર્ણ થયે મૃત્યું પામીને, રાવણ તથા લક્ષ્મણ સૌધર્મ દેવલોકમાં દેવો તરીકે ઉત્પન્ન થશે. એ દેવલોકનું આયુષ્ય પૂર્ણ થશે ત્યાંથી ચ્યવીને, રાવણ અને લક્ષ્મણ ફરીથી પાછા વિજયાપુરીમાં ઉત્પન્ન થશે અને શ્રાવકધર્મનું પાલન કરતાં આયુષ્યને પૂર્ણ કરશે. ત્યાંથી મૃત્યુ પામીને, રાવણ અને લક્ષ્મણ, હરિવર્ષ ક્ષેત્રમાં પુરૂષપણે ઉત્પન્ન થઈ, ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરીને મૃત્યુ પામી, દેવલોકમાં જશે.

એ દેવલોકમાંથી ચ્યવીને, રાવણ અને લક્ષ્મણ, કુમારવર્તી નામના રાજાની લક્ષ્મી નામની રાણીથી પુત્રપણે ઉત્પન્ન થશે. ત્યાં એ બેનાં જયકાન્ત અને જયપ્રભ એવાં નામો હશે. અહીં તે બન્ને ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલાં સંયમનો સ્વીકાર કરશે અને સંયમનું પાલન કરતાં મૃત્યુ પામીને, તે બંને ય, લાન્તક નામના કલ્પમાં દેવપણે ઉત્પન્ન થશે. સીતેન્દ્રે પૂછેલા પ્રશ્નના ઉત્તરરૂપે શ્રી રાવણ અને શ્રી લક્ષ્મણના સંબંધમાં આટલી હકીકતો જણાવ્યા બાદ, કેવળજ્ઞાની શ્રી રામચંદ્ર મહર્ષિ સીતેન્દ્રને કહે છે કે,

રાવણ અને લક્ષ્મણ જ્યારે લાન્તક કલ્પમાં દેવપણે ઉત્પન્ન થશે, તે વખતે તમે અચ્યુત દેવલોકમાંથી ચ્યવીને આ જ ભરતક્ષેત્રને વિષે સર્વરત્નમતિ નામે ચક્રવર્તી થશો. ચક્રવર્તી એવા તમારે ત્યાં, રાવણ અને લક્ષ્મણ, લાન્તક કલ્પમાંથી ચ્યવીને પુત્રપણે ઉત્પન્ન થશે. તમારા તે બે પુત્રોનાં નામો અનુક્રમે ઈન્દ્રાયુધ અને મેઘરથ હશે. ચક્રવર્તી તરીકેના તે ભવમાં તમે દીક્ષાને ગ્રહણ કરશો અને દીક્ષાનું પાલન કરતાં મૃત્યુ પામીને તમે વૈજયંત નામના અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થશો. રાવણનો જીવ એવો તે ઈન્દ્રાયુધ, શુભ એવા ત્રણ ભવોમાં ભમીને, શ્રી તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કરશે. ત્યારબાદ તે રાવણનો જીવ તીર્થંકર થશે અને તમે વૈજયન્તથી ચ્યવીને તે તીર્થનાથના ગણધર થશો. તે પછી તે જ ભવમાં રાવણનો અને તમારો એમ બન્નેના જીવો મોક્ષને પામશે.

હવે લક્ષ્મણજીનો જીવ, કે જે સર્વરત્નમતિ નામના ચક્રવર્તી તરીકેના તમારા ભવમાં તમારા મેઘરથ નામના પુત્રપણે ઉત્પન્ન થશે, તે ત્યાંથી મૃત્યુ પામીને શુભ ગતિઓને પામશે. શુભ ગતિઓને પામ્યા બાદ, તે પૂર્વવિદેહના વિભૂષણ એવા પુષ્કરદ્વીપમાં રત્નચિત્રા નામની નગરીમાં ચક્રવર્તી થશે. ચક્રવર્તી તરીકેની સંપત્તિને ભોગવ્યા બાદ તે દીક્ષિત બનશે, ક્રમે કરીને શ્રી તીર્થનાથ બનશે અને અન્તે નિર્વાણને પ્રાપ્ત કરશે.

## સીતેન્દ્ર ચોથી નરકમાં જઈને શું જુવે છે

કેવળજ્ઞાની શ્રી રામર્ષિના શ્રીમુખે કહેવાએલી આ સર્વ હકીકતોનું શ્રવણ કરીને અને તારકને નમસ્કાર કરીને, સીતેન્દ્ર ત્યાંથી રવાના થયા. ત્યાંથી રવાના થઈને સીતેન્દ્ર ત્યાં ગયા કે જ્યાં શ્રી લક્ષ્મણ દુઃખ ભોગવતા હતા. શ્રી લક્ષ્મણ પ્રત્યે તેમને પૂર્વનો સ્નેહ હોવાથી તે સ્નેહને વશ બનીને સીતેન્દ્ર ચોથી નરકમાં દુઃખ ભોગવી રહેલા શ્રી લક્ષ્મણની પાસે ગયાં. સીતેન્દ્ર ત્યાં જઈને જે દૃશ્ય નિહાળ્યું છે, તેનું વર્ણન પણ આ ચરિત્રના રચયિતા પરમર્ષિએ કર્યુ છે. નરકમાં ગયેલા જીવોને ભોગવવાં પડતાં દુઃખો પૈકીનાં અમુક દુઃખોનું આ ઓછું વર્ણન પણ આત્માને પાપથી કંપતો બનાવવાને સમર્થ છે.

જે વખતે સીતેન્દ્ર તે ચોથી નરકપૃથ્વીને વિષે ગયા, તે વખતે સિંહ આદિનાં રૂપોને વિકુર્વીને શંબૂક અને શ્રી રાવણ, શ્રી લક્ષ્મણની સાથે ક્રોધથી યુદ્ધ કરી રહ્યા હતા. આ પછી, 'આ પ્રકારે યુદ્ધ કરતા તમને દુઃખ નહિ થાય' એમ બોલતા પરમાધાર્મિકોએ ક્રોધે ભરાઈને તેમને અગ્નિકુંડોમાં નાખ્યા. અગ્નિકુંડોમાં બળતા અને ગલિત અંગવાળા બની ગયેલા તે ત્રણેય ઉચ્ચ સ્વરે પોકાર કરવા લાગ્યા, એટલે પરમાધાર્મિકોએ તેમને અગ્નિકુંડોમાંથી ખેંચી કાઢીને, બળાત્કારે તપેલા તેલની કુંભિમાં મૂક્યા. તે તપેલી તેલકુંભિમાં પણ જેમના દેહો વિલીન થઈ ગયા છે એવા એ ત્રણેયને તે પછીથી, પરમાધાર્મિકોએ લાંબા કાળ સુધી ભઠ્ઠીમાં નાખી મૂક્યા. ત્યાં તડ- તડ એવા શબ્દ વડે તેમનાં ગાત્રો ફાટીને દ્રવી જવા લાગ્યા. આ અને આવા બીજા અનેક દુઃખોને ભોગવી રહેલા લક્ષ્મણ આદિને સીતેન્દ્રે જોયા.

## નરકના અસ્તિત્વને નહિ માનનારાઓને લાભ કશોય નહિ અને નુકશાન પારાવાર



તમે જાણતા તો હશો કે, નરક સાત છે. આ તો ચોથી નરકમાં જે દુ:ખ છે, તેની વાત છે પણ પછીની ત્રણ નરકોમાં તો અધિક અધિક દુ:ખ ભોગવવું પડે છે. આજે નરકની વાતોને હસી નાંખનારા ઘણા છે, પણ નરકની વાતને ગમે તેટલા હસી નાંખનારા હોય તેથી જ છે તે કાંઈ નષ્ટ થઈ જાય તેમ નથી. ખૂન આદિના ગુના કરનારાઓ જ્યાં સુધી પકડાતા નથી અને જ્યાં સુધી તેઓ પકડાય તેવા સંયોગો ઉપસ્થિત થતા નથી, ત્યાં સુધી તો મૂછે તાલ દઈને ફરે છે; પણ એના એ માણસો જ્યારે ગુનેગાર તરીકે પકડાય છે અને તેમના ગુનાઓના પૂરાવાઓ પોલીસને મળી રહે છે, ત્યારે કેવા બહાવરા બની જાય છે ? પહેલાં જે માણસો પોલીસને થાપ આપવાનું અને કુશળતાથી કાસળ કાઢવાનું ગુમાન ધરાવતાં હોય છે, તેઓ જ્યારે સપડાઈ જાય છે ત્યારે કેટલા દીન બની જાય છે ? એ જ રીતે પાપરસિક આત્માઓ અત્યારે નરકને હસે એ બનવાજોગ છે, પણ જ્યારે નરકમાં જશે ત્યારે તેમની શી હાલત થશે ? એવા પણ બનાવો બને છે કે, એક કાળે જે માણસો આખી દુનિયાને તુચ્છ માનતા હોય છે અને દુનિયા પણ જેમની તાબેદારી સ્વીકારતી હોય છે, તે જ માણસોને અન્ય કોઈ કાળે દુનિયા ફીટકારતી હોય છે અને પેલાઓને તે નીચી મૂંડીએ સહન કર્યા વિના છૂટકો થતો નથી.

પાપોદયે આવું જ્યારે એક ભવમાં પણ બને, તો આખીય જીંદગી જેણે કેવળ પાપમાં જ ગુજારી હોય તેવાઓને માટે તેમનાં પાપોનો નતીજો ભોગવવાનું કોઈ અન્ય સ્થાન પણ હોય, એમ માનવામાં વાંધો શો આવે છે ?

આપણે તો માનીએ જ છીએ કે, નરક પણ છે, પરંતુ જેઓ નરકનાં અસ્તિત્વની વાતને હસતા હોય તેમને સમજાવવાને માટે આપણે પૂછીએ કે, 'નરક ન હોય તો પણ, નરક છે એમ માનીને જેઓ પાપરહિત જીવન જીવવા મથે તેમને વધારે લાભ કે નરક નથી એમ માનીને જેઓ પાપમય જીવન જીવવામાં તત્પર બને તેમને વધારે લાભ?' આ પ્રશ્નની ઉંડી વિચારણા કરવામાં આવે, તો પણ એ જ પૂરવાર થાય

કે, નરક નથી એમ માનીને પાપમય જીવન જીવવાને તત્પર બનેલાઓને જે લાભ થાય, તેનાં કરતાં નરક છે એમ માનીને જેઓ પાપરહિત જીવન જીવવા મથતા હોય તેમને વધારે જ લાભ થાય.

**સભા** : એ શી રીતે ?

**પૂજ્યશ્રી** : પાપમય જીવન જીવવામાં તત્પર બનેલાને રાજશાસનનો જેટલો ડર હોવો સંભવ છે, તેટલો ડર પાપરહિત જીવન જીવવાને મથી રહેલાને હોવો સંભવે છે ?

**સભા** : ના જી.

**પૂજ્યશ્રી** : પાપમય જીવન જીવવામાં તત્પર બનેલાની અપકીર્તિ થવાનો જે સંભવ છે, તેમજ તેવાઓ પ્રત્યે સંબંધીઓ આદિની ઇતરાજી થવાનો જે સંભવ છે, તેવો સંભવ પાપરહિત જીવન જીવવાને મથી રહેલાઓને માટે ખરો ?

**સભા** : તેટલો તો નહીં જ.

**પૂજ્યશ્રી** : પાપમય જીવન જીવવામાં તત્પર બનેલાઓને જ્યારે ધારણાથી વિપરીત ફળ મળે છે, જ્યારે તેઓ સંપત્તિ આદિને ગુમાવી બેસે છે અગર તો જ્યારે તેઓ કોઈપણ પ્રકારની આફતમાં મુકાય છે, ત્યારે તેમનામાં જે ઉન્મતત્તા દીનતા આદિ જન્મે છે, તેમના હૈયામાં અસંતોષ આદિની જેવી આગ સળગે છે, એમનામાં જે બહાવરાપણું આવે છે, તેમાનું કાંઈ તેવા રૂપમાં પાપરહિત જીવન જીવવાને મથી રહેલાને સંભવે છે ?

**સભા** : ના જી.

**પૂજ્યશ્રી** : આવી આવી રીતે વિચાર કરવામાં આવે તોપણ જરૂર લાગે કે, નરક ન હોય તો પણ જેઓ નરક છે એમ માનીને પાપરહિત જીવન જીવવાને મથી રહ્યા હોય છે, તેઓ જ આ દુનિયામાં પણ વધારે સુખને સુંદર પ્રકારે ભોગવી શકે છે. ભોગમાં જ આનંદ આપવાની તાકાત છે અને ભોગ ત્યાગમાં આનંદ આપવાની તાકાત નથી; એમ માનનારાઓ સદંતર અજ્ઞાન છે. ભોગથી જે ક્ષણિક આનંદ પ્રાપ્ત થાય છે, તે ય દુ:ખરહિત હોતો નથી; જ્યારે ભોગત્યાગથી પ્રાપ્ત થતો આનંદ અનુપમ હોય છે.

**સભા** : ભોગના ત્યાગમાંથી આનંદ મેળવવાની આવડત જોઈએ ને ?

**પૂજ્યશ્રી** : ભોગથી આનંદ મેળવવામાં પણ ક્યાં આવડત જોઈતી નથી ? શહેરીના ખાણામાં ગામડીયાને અને ગામડીયાના ખાણામાં શહેરીને આનંદ ન આવે, એમ બને છે ને ? આ તો બધી આપણે કેવળ આ લોકની અપેક્ષાએ વાત કરી. પણ ખરેખર જ સ્વર્ગ અને નરકાદિ હોય તો શું થાય, એ વાત વિચારવા જેવી છે ને ? અનંતજ્ઞાનીઓ ફરમાવે છે અને આપણે પૂરેપૂરી શ્રદ્ધાપૂર્વક માનીએ છીએ કે, સ્વર્ગ નરક આદિ છે જ; પણ આપણે તો એમ પણ દાવા સાથે કહી શકીએ છીએ કે, સ્વર્ગ અને નરક આદિ ન હોય તો અમને કશું જ નુકશાન નથી, જ્યારે સ્વર્ગ અને નરક આદિ હોવા છતાં તેના અસ્તિત્વનો જેઓ ઈન્કાર કરે છે તેમને તો પારાવાર નુકશાન છે.

તાત્પર્ય એ છે કે, જે કોઈ આત્માઓ આ લોકમાં સાચી શાંતિનો અથવા તો સુંદર પ્રકારના સમાધિસુખનો અનુભવ કરવાને ઈચ્છતા હોય, તેઓએ પોતાના આત્માને જ્ઞાનીઓએ જે જે પ્રવૃત્તિઓને દુર્ગતિની સાધક તરીકે વર્ણવી છે, તે તે પ્રવૃત્તિઓથી દૂર રાખવો જોઈએ અને જ્ઞાનીઓએ જે જે પ્રવૃત્તિઓને સુગતિની અને અન્તે મોક્ષની સાધક તરીકે વર્ણવી છે તે તે પ્રવૃત્તિઓમાં યોજવો જોઈએ.

અનંતજ્ઞાનીઓએ ફરમાવ્યા મુજબ જે આત્માઓ નરક અને સ્વર્ગ આદિનાં અસ્તિત્વને સ્વીકારીને પોતાના જીવનને નિષ્પાપ તથા ધર્મમય બનાવવાને મથે છે, તે આત્માઓ આ લોકમાં જે સાચી શાન્તિના અથવા તો સમાધિ સુખનો અનુભવ કરી શકે છે, તેવો અનુભવ અન્ય કોઈ આત્માઓ કરી શકતા નથી અને તે ઉપરાન્ત પોતાના જીવનને નિષ્પાપ તથા ધર્મમય બનાવવાને મથનારાઓ પોતાના પરલોકને પણ સુન્દર પ્રકારે સુધારી શકે છે. એવા આત્માઓ જ આ વિશ્વમાં સાચા આધારભૂત અને સાચા આશીવાર્દભૂત બની શકે છે. આ બધી વાતો ઘણા જ વિસ્તારથી વિચારવા જેવી છે. પણ અવકાશના અભાવે હાલ તો અહીં જ અટકાવીએ છીએ.

## નરકમાં સીતેન્દ્રે આપેલો ઉપદેશ અને તેનું શુભ પરિણામ

ચોથી નરકપૃથ્વીમાં આવેલા સીતેન્દ્રે, શ્રીલક્ષ્મણજી આદિના કારમા દુઃખો જોયા બાદ, પેલા પરમાધાર્મિકોને કહ્યું કે, 'અરે, અસુરો ! શું તમે એ જાણતા નથી કે, આ પુરૂષપુંગવો હતા ? આ મહાત્માઓને છોડો અને તમે દૂર ખસી જાઓ !'

આ પ્રમાણે અસુરોને નિષેધીને શંબૂક તથા શ્રી રાવણને ઉદ્દેશીને સીતેન્દ્રે કહ્યું કે, 'તમે પૂર્વે એવું કર્મ કર્યું છે, કે જેના પ્રતાપે તમે આ નરકને પામ્યા છો; જેના આવા પરિણામને તમે જોયું છે, તે પૂર્વવૈરને હજુ પણ તમે કેમ છોડતા નથી ?' શંબૂક અને શ્રીરાવણને પણ આ રીતે નિષેધીને કેવળજ્ઞાની શ્રી રામર્ષિએ શ્રીલક્ષ્મણ તથા શ્રીરાવણના સંબંધમાં જે કાંઈ તેમના ભાવિ ભવો કહ્યા હતા, તે સર્વ તેમના બોધને માટે સીતેન્દ્રે કહી સંભાળ્યા. એ સાંભળીને શ્રીલક્ષ્મણ તથા શ્રી રાવણ કહે છે કે, 'હે કૃપાસાગર ! આપે આ સારું કર્યું. આપના શુભ ઉપદેશથી અમને અમારા દુઃખની વિસ્મૃતિ થઈ ગઈ છે.'

**સભા** : કયા દુઃખની વાત છે ?

**પૂજયશ્રી** : સીતેન્દ્રે જે જોયું અને તાજેતરમાં જ જે દુઃખ તેમણે ભોગવ્યું છે, તે દુઃખ તેઓ ભૂલી જાય એ વાત સંભવે છે, કારણકે શ્રીલક્ષ્મણે અને શ્રીરાવણે સાથે ને સાથે જ કહ્યુ છે કે, 'પૂર્વજન્મમાં ઉપાર્જેલાં તે તે ક્રૂર કર્મોએ અમને જે આ નરકાવાસ આપ્યો છે, તેના દુઃખને કોણ દૂર કરશે ?'

શ્રીલક્ષ્મણ અને શ્રીરાવણનાં આવાં વચનોથી સીતેન્દ્રે કરૂણાપૂર્ણ બનીને જવાબ દીધો કે, 'તમને ત્રણેય જણાને હું આ નરકમાંથી દેવલોકમાં લઈ જાઉ છું.' આમ બોલીને સીતેન્દ્રે તે ત્રણેયને પોતાના હાથમાં લીધા તો ખરા, પણ ક્ષણવારમાં જ તે ત્રણ પારાની જેમ કણ કણરૂપે છૂટા બની જઈને હાથમાંથી પડી ગયા નીચે પડયા બાદ તે ત્રણે ય જ્યાં મિલિત અંગવાળા બન્યા, એટલે ફરીથી પણ સીતેન્દ્રે તેમને હાથમાં લીધા, તો ફરીવાર પહેલાંની જેમ કણ કણ રૂપે છૂટા પડી જઈને

તે ત્રણેય સીતેન્દ્રના હાથમાંથી પડી ગયા. જેટલી જેટલીવાર સીતેન્દ્રે તેમને હાથમાં લીધા, તેટલી તેટલીવાર આમ જ બન્યા કર્યું. આથી તેઓએ જ સીતેન્દ્રને કહ્યું કે, 'આપ આ નરકનાં દુ:ખોમાંથી અમારો ઉદ્ધાર કરવા તૈયાર થયા છો પણ તેથી અમને ઉલ્ટું અધિક દુ:ખ થાય છે. માટે અમને આપ છોડો અને આપ સ્વર્ગે પધારો !' ખરેખર, ઈન્દ્રો પણ નરકે ગયેલાઓનો નરકના દુ:ખમાંથી ઉદ્ધાર કરી શકતા નથી.

## સીતેન્દ્ર પોતાના કલ્પમાં

આ પછી સીતેન્દ્ર તે ત્રણેયને ત્યાં જ મૂકીને ત્યાંથી નીકળ્યા અને શ્રી રામર્ષિની પાસે આવ્યા. શ્રી રામર્ષિને વંદન કર્યા બાદ સીતેન્દ્ર, ત્યાંથી નીકળીને, શાશ્વત એવાં શ્રી અર્હત્તીર્થોની યાત્રા કરવાને માટે શ્રી નંદીશ્વર આદિ સ્થાનોમાં ગયા. ત્યાથી પાછા ફરતાં, ભામંડલનો જીવ કે જે દેવકુરૂ પ્રદેશમાં ઉત્પન્ન થયો હતો, તેને પૂર્વના સ્નેહયોગે સીતેન્દ્રે સારી રીતે પ્રતિબોધ પમાડયો, અને તે પછી સીતેન્દ્ર પોતાના કલ્પ બારમાં દેવલોકમાં પાછા ગયા.


## શ્રી રામચંદ્ર-મહર્ષિ મુક્તિપદ પામ્યા

આ રીતે શ્રી રામચંદ્રજી આદિના વૃત્તાન્તોનું વર્ણન કર્યા બાદ, છેલ્લે છેલ્લે પરમ ઉપકારી, કલિકાળસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

*''उत्पन्ने सति केवले स शरदां पंचाधिकां विंशतिं,*
*मेदिन्यां भविकान् प्रबोध्य भगवाञ्छ्रीरामभट्टारकः ।*
*आयुश्च व्यतिलंघ्य पंचदशधाब्दानां सहस्रान् कृती,*
*शैलेशीं प्रतिपद्य शाश्वतसुखानंदं प्रपेदे पदम् ॥१॥*

"કેવળજ્ઞાન ઉત્પન્ન થયા બાદ પચીસ વર્ષ સુધી પૃથ્વી ઉપર ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડીને અને પંદર હજાર વર્ષના આયુષ્યને પૂર્ણ કરીને કૃતાર્થ બનેલા ભગવાન શ્રી રામચંદ્ર મહર્ષિ, શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરીને તે પદને પામ્યા, કે જે શાશ્વત સુખના આનંદવાળું છે."

**॥ ઈતિશ્રી સપ્તમ ભાગ સમાપ્ત ॥**





**સૂરિમંત્ર સમારાધન સંસ્કૃત-પ્રાકૃત ગ્રન્થમાળા**

- *गौतमपृच्छा सटीक*
- *रूपसेन चरित्र*
- *कुर्मापुत्र चरित्रम् सटीक*
- *अर्हदभिषेक पूजन*
- *श्रृंगार वैराग्य तरंगिणी*
- *उत्तराध्ययन कथासंग्रह*
- *जीतकल्पसूत्रम् कल्प व्यवहार-निशिथसूत्राणि च*
- *उपदेश प्रदीप (पद्य)*
- *नवतत्व संवेदन प्रकरण सटीक*
- *समवसरण साहित्य संग्रह*
- *रत्नपाल नृपचरित्रम्*
- *गौतम कुलकम्*
- *पंचस्तोत्राणि*
- *सुसढ चरित्रम्*
- *श्राद्धगुण विवरण - सटीक - भाषांतर*
- *प्रश्नपद्धति- सानुवाद*

**વ્યાખ્યાન વાચસ્પતિ ગ્રન્થમાળા**

૧. ધોધ ધર્મ દેશનાનો
૨. પરમગુરુની જીવન સંધ્યા
(ઢળતી સાંજની દ્વિતિયાવૃત્તિ
૩. બોધદાયક કથાઓ
૪. સાધુવેશનો મહિમા
૫. જગદ્ગુરુ આચાર્ય ભગવાન વિજય હીરસૂરીશ્વરજી મહારાજ
૬. પરિચય પુસ્તિકા
૭. કરાલ કલિકાળ
- *परमगुरु की जीवनसंध्या*

**પ્રકાશિત થનારા પુસ્તકો**


**શ્રી જયાનંદકેવલી ચરિત્ર**

**શ્રી મુક્તિ-મહોદય ગ્રન્થમાળા**

- યોગદષ્ટિ સજ્ઝાય (સાર્થ)
- જીવન જ્યોતના અજવાળા
- સૂરિરામ સજ્ઝાય સરિતા
- સાધના અને સાધક
- સુપાત્રદાન મહિમા વિધિ
- પ્રશ્ન પદ્ધતિ
- પાપમુક્તિ અર્થાત્ ભવ આલોચના-૧-૨
- અબ મોહે સમ્યગ્દર્શન દીજીએ...
- પંચ પ્રતિક્રમણ સૂત્ર
- હું તો માંગુ સમ્યગ્દર્શન
- બાલ રામાયણ
- *बाल रामायण*
- *पापमुक्ति अर्थात् भव आलोचना १-२*
- *पापमुक्ति अर्थात् भव आलोचना १-*
- *क्युं कर भक्ति करुं ?*
- શ્રી હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા
- શ્રી વીશસ્થાનક તપ મહાપૂજા

**મુક્તિકિરણ હિન્દી-ગુજરાતી ગ્રંથમાળા**

૧. ગુણ ગાવે સો ગુણ પાવે
૨. સાગરકાંઠે છબછબીયા
૩. વાણીવર્ષા
૪. કરીએ પાપ પરિહાર
૫. મનના ઝરુખે
૬. પ્રભુવીર અને ઉપસર્ગો
૭. પંચમાંગ શ્રી ભગવતીસૂત્રમ્ ભાગ-૧
૮. પ્રભુવીરના દશ શ્રાવકો
૯. નવપદ શરણ
૧૦. ભગવાન શ્રી વજ્રસ્વામીજી
૧૧. ગાગરમાં સાગર
૧૨. હું આત્માં
૧૩. *मन एक झरोखा*
૧૪. *प्रभुवीर के दश श्रावक*
૧૫. *प्रभुवीर एवं उपसर्ग*
૧૬. *नवपद ही शरण*
૧૭. *दर्द और दवा*



## શ્રી સ્મૃતિમંદિર પ્રકાશનના સદસ્યોની શુભ નામાવલી

**મુખ્ય આધારસ્તંભ :**

★શ્રી દિનેશકુમાર અચલદાસ શાહ, અમદાવાદ

**આધારસ્તંભ :**

★ શાહ ચીમન પોપટલાલ પીલુચાવળા (સુરત)

★ સદૈવ સ્મરણીય સહયોગી :

★ શાહ હસમુખભાઈ અમૃતલાલ, લાડોલ

★ શ્રેષ્ઠિવર્ય શ્રી કેસરીચંદ મોતીચંદજી શાહ, દમણ

**મોભી :**

★ પૂ. મુનિરાજ શ્રી ચારિત્રસુંદર વિજયજી મ. સ્મૃતિ

★ શ્રી સમરથમલજી જીવાજી વિનાકીયા પરિવાર - પૂના

★ શ્રી આશાભાઈ સોમાભાઈ પટેલ, સુભાનપુરા-બરોડા

★ પ્રેમિલાબેન વસંતલાલ સંકલેચા પરિવાર, સેલવાસ-વાપી

**સહાયક :**

★ પરમગુરુ સૂરિત્રય સંયમસુવર્ણોત્સવ સ્મૃતિ

★ પૂ.સા.શ્રી હર્ષપૂર્ણાશ્રીજીની સ્મૃતિ નિમિત્તે હ.કૈલાસબેન

★ પૂ.સા.શ્રી ચારિત્રરત્નાશ્રીજી મ. વર્ધમાન તપ સ્મૃતિ

★ શ્રીમતી શોભનાબેન ચંપકલાલ કોઠારી, મુંબઈ

★શ્રીમતી ગુલાબબેન નવિનચંદ્ર શાહ, મુંબઈ

★ શેઠશ્રી પન્નાલાલ ઝુમખરામ, મુંબઈ

★ શેઠશ્રી ગેનમલજી ચુનીલાલજી બાફના, કોલ્હાપુર

★ શ્રી સંભવનાથ વાંચના સમિતિ, મુંબઈ

★ શેઠશ્રી તરુણભાઈ પોપટલાલ, લાડોલ

★ મીનાક્ષીબેન સાકરચંદ હ. કુંજેશ, મુંબઈ

★ શેઠશ્રી જેસીંગલાલ ચોથાલાલ મેપાણી, મુંબઈ

★ શ્રીમતી વિમલાબેન રતિલાલ વોરા, મુંબઈ

★ શેઠશ્રી પ્રવિણકુમાર વાલચંદ શેઠ, નાસિક

★ શેઠશ્રી બાબુલાલ મંગળજી ઉંબરીવાલા, મુંબઈ

★ શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, આણંદ

★ નૈનાબેન રમેશચંદ્ર કાન્તીલાલ ચોક્સી

★ શ્રી મહેન્દ્રભાઈ મગનલાલ શાહ, અમદાવાદ

★માતુશ્રી લક્ષ્મીબેન કેશવજી છેડા, મુંબઈ (ગામ-ભચાઉ)

★ શ્રીમતી રૂક્ષ્મણીબેન પ્રાણલાલ છગનલાલ શેઠ પરીવાર, મલાડ-મુંબઈ

★ શ્રીમતી કલાવતીબેન કીર્તિકુમાર શાહ, લોદ્રા


આત્મજાગરણનો ઉજાસ અને મુક્તિપથ પર

પ્રકાશ પાથરતું...


**મુક્તિકિરણ**

હિન્દી માસિક/ગુજરાતી પાક્ષિક

આજીવન લવાજમ રૂ. ૭૫૦

**પ્રકાશક** :શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન

અમદાવાદ

# રામાયણ અને સૂરિરામ

**સિદ્ધહસ્તલેખક પૂ.આ.શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

કલિકાલસર્વજ્ઞ **શ્રી હેમચન્દ્રાચાર્ય**-વિરચિત ૧૦ પર્વો/વિભાગોમાં વિસ્તૃત/ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્રનાં સાતમાં પર્વમાં રામાયણ તરીકે પ્રસિદ્ધ કથાવસ્તુ વર્ણિત છે. શલાકા-પુરુષનો અર્થ ઉત્તમ પુરુષ થાય. એથી સાર્થક નામ ધરાવતાં આ ચરિત્રમાં ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, નવનવની સંખ્યા ધરાવતા બળદેવો-વાસુદેવો અને પ્રતિવાસુદેવોનાં જીવન રજૂ થયાં છે. શ્રી મુનિસુવ્રત સ્વામીજી ભગવાનના કાળમાં થઈ ગયેલા આઠમા બળદેવ રામચન્દ્રજી, વાસુદેવ રાવણ અને પ્રતિવાસુદેવ લક્ષ્મણજીની જીવન-કથા એટલે જ રામાયણ !

**રામાયણ એટલે રજોહરણની ખાણ !** આ જાતનો સૌ પ્રથમ પરિચય જૈન જગતને કરાવનારા પૂ. મુનિરાજ શ્રી **રામવિજયજી** મહારાજ હતા. વિ.સં. ૧૯૮૫/૧૯૮૬ની સાલમાં મુંબઈ લાલબાગ ભૂલેશ્વરના આંગણે આ જ પૂજ્યશ્રીએ જૈન રામાયણના આધારે આપેલાં પ્રવચનોના પ્રભાવે જ જૈન જગતને એવો ખ્યાલ આવવા પામ્યો હતો કે, **જૈન રામાયણ એટલે જ રજોહરણની ખાણ ! જેમાં પાને પાને અને પાત્રે પાત્રે જોવા મળે દીક્ષાનું સન્માન !**

રામાયણની રસધારાના સૌ પ્રથમ ઉદ્ગાતા બનવાનું શ્રેય જેમના શિરે અભિષેકી શકાય, એવા આ પૂ. પ્રવચનકારશ્રી જ આગળ જતાં વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા તરીકે રામાયણ એટલે સંસ્કૃતિનો આદર્શ આ રીતની અનોખી ઓળખાણ અજૈનોને પણ આપવાના યશભાગી બનવા સફળ રહ્યા હતા. વિ.સં. ૨૦૦૭માં અમદાવાદમાં પ્રેમાભાઈ હોલમાં પ્રતિ રવિવારે જાહેર પ્રવચનો રુપે પૂ. પ્રવચનકારશ્રીએ રામાયણના માધ્યમે સંસ્કૃતિનો સંદેશ સુણાવ્યો અને અમદાવાદનાં અનેક દૈનિકોએ સ્વયંભૂ પ્રેરણાથી પ્રેરિત બનીને એ સંદેશનો જે રીતે વ્યાપક ફેલાવો કર્યો, એના પ્રતાપે જ અજૈન જગતને પણ એ વાતનો ખ્યાલ આવવા પામ્યો કે, જૈનોનું પણ એક અદ્ભુત રામાયણ છે અને સંસ્કૃતિના અજોડ આદર્શથી એ સમૃદ્ધ છે.

આમ, જૈન-અજૈન જગતમાં રામાયણના પ્રથમ પ્રવક્તા- પ્રવચનકાર તરીકેનાં માન-સન્માનના એકમાત્ર અધિકારી પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાનાં શ્રીમુખે વિવેચિત જૈન રામાયણની પુસ્તક શ્રેણીને વાંચીશું, તો રામાયણ એટલે રજોહરણની ખાણ અને રામાયણ એટલે સંસ્કૃતિનો આદર્શ-આ જાતનો પરિચય કેટલો બધો યથાર્થ છે, એ સમજાઈ ગયા વિના નહીં જ રહે. આ શ્રેણીનું આકર્ષક સંપાદન-સંકલન કરીને પ્રસિદ્ધ પ્રવચનકાર આચાર્ય શ્રી વિજય **શ્રેયાંસપ્રભસૂરિજી**એ તથા પ્રકાશન-લાભ લઈને **પિંડવાડા નિવાસી લાલચંદજી છગનલાલજી પરિવારે** અદ્ભુત ગુરુભક્તિ અદા કર્યાનો અહેસાસ પણ સાથે સાથે થશે જ.



*( જૈન રામાયણ: રજોહરણની ખાણ : ભાગ-૧ પ્રસ્તાવનામાંથી)*